વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી

# વર્તમાન પ્રવાહો


**SEPTEMBER E-COPY**


**01/09/2023 to 30/09/2023**












એક રાષ્ટ્ર એક ચૂંટણી?

ઈન્ડોનેશિયા માસ્ટર્સ–2023માં કિરણ જ્યોર્જ પુરુષ એકલનો ખિતાબ જીત્યો

મધ્યપ્રદેશમાં આદિ શંકરાચાર્યની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું

21 - સપ્ટેમ્બર : વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer's Day)


પેજ નં. 08 — ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L-1' સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું

પેજ નં. 28 — સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'મેઘ મલ્હાર 2023' નું આયોજન થયું

પેજ નં. 66 — ડુરાન્ડ કપ – 2023 નું આયોજન કરવામાં આવ્યું


GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY


(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | કેન્દ્રીય મંત્રીએ વિશ્વની સૌપ્રથમ "ELECTRIFIED FLEX FUEL VEHICLE" કાર લોન્ચ કરી | 06 |
| 2 | ગુજરાતએ પાલિકા – પંચાયતોમાં 27% અનામતને મંજૂરી આપી | 07 |
| 3 | ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L-1' સફળતાપૂર્વક લોનચ કરવામાં આવ્યું | 08 |
| 4 | 20 મું આસિયાન – ભારત અને 18 મું પૂર્વ એશિયા શિખર સંમેલનનું આયોજન થયું | 09 |
| 5 | ભારતના બે સ્થળોને વિશ્વ વિરાસત સ્થળોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો | 10 |
| 6 | એક રાષ્ટ્ર એક ચૂંટણી? | 10 |
| 7 | કેન્દ્ર સરકારે 'એક દેશ – એક મતદાર યાદી' લાગુ કરવાની તૈયારીઓ શરૂ કરી | 11 |
| 8 | નવી દિલ્હી ખાતે 18 મી G-20 સંમેલનનું આયોજન કરવામાં આવ્યું | 12 |
| | **આંતરરાજ્ય** | |
| 9 | બિઝનેસ 20 (B20) ઈન્ડિયા 2023 સમિટનું આયોજન કરવામાં આવ્યું | 17 |
| 10 | સુપ્રીમ કોર્ટે લગ્ન માટે જાહેર જાહેરાતો જરૂરી નથી એવુ જણાવ્યું | 17 |
| 11 | ઉત્તરપ્રદેશમાં G-20 સંસ્કૃતિ મંત્રી સ્તરીય બેઠક યોજાઈ હતી | 18 |
| 12 | માયલારા પંથના અસ્તિત્વ અંગેની પુષ્ટિ થઈ | 18 |
| 13 | કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બાળકોને મદદ કરવા માટે વૈશ્વિક સોફ્ટવેર કંપની એડોબ સાથે કરાર કર્યા | 18 |
| 14 | NCERT ને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો | 19 |
| 15 | બ્રિટનથી શિવાજીનો 'વાઘ નખ' ભારત પરત લાવવામાં આવશે | 19 |
| 16 | G-20 સમિટની સુરક્ષા માટે નેત્ર એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યું | 19 |
| 17 | 'આરોગ્ય મૈત્રી ક્યુબ' વિશ્વની સૌપ્રથમ પોર્ટેબલ ડિઝાસ્ટર હોસ્પિટલ બની | 20 |
| 18 | G-20 સમિટ દરમિયાન વિવિધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું | 20 |
| 19 | ઓડિશાના કોરાપુટ કાલાજીરા ચોખાને GI ટેગ આપવામાં આવ્યો | 21 |
| 20 | જૂનું સંસદ ભવન હવેથી 'સંવિધાન સદન' તરીકે ઓળખાશે | 21 |
| 21 | પશ્ચિમ બંગાળમાં 'પોઈલા બૈસાખ'ને રાજ્ય સ્થાપના દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી | 22 |
| 22 | મરાઠા સમુદાયે ફરીવાર અનામતની માંગ કરી | 22 |
| 23 | વિશાખાપટ્ટનમ બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું | 23 |
| 24 | ભારતની સર્વોચ્ચ ન્યાયાલય NJDG પોર્ટલમાં જોડાઈ | 23 |
| 25 | ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એક્સ્પો સેન્ટરનો શુભારંભ | 23 |
| 26 | કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન ભવનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું | 23 |
| 27 | પશ્ચિમ બંગાળ સરકારે નવી શિક્ષણ નીતિ જાહેર કરી | 24 |
| 28 | વંદે ભારતમ નૃત્ય ઉત્સવ–2024માં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું | 24 |
| 29 | રાષ્ટ્રીય ચિકિત્સા આયોગે WFME તરફથી માન્યતા મેળવી | 24 |
| 30 | મધ્યપ્રદેશમાં આદિ શંકરાચાર્યની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું | 25 |
| 31 | સંસદનું વિશેષ સત્ર અને નવા સંસદ ભવનમાં પ્રથમ બેઠક યોજાઈ | 26 |


Banking Academy

| | | |
|---|---|---|
| | ગુજરાત | |
| 32 | ખેલ મહાકુંભમાં ચાર નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો | 28 |
| 33 | સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'મેઘ મલ્હાર 2023' નું આયોજન થયું | 28 |
| 34 | ગુજરાતને 'ભૂમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ' એવોર્ડ એનાયત થયો | 28 |
| 35 | દીન – દયાળ બંદર પર કન્ટેનર ટર્મિનલ પ્રોજેક્ટ માટે કરાર થયા | 29 |
| 36 | કાકરાપાર એટોમિક પાવર પ્રોજેક્ટનું યુનિટ – 3 સંપૂર્ણક્ષમતા સાથે શરૂ કરવામાં આવ્યું | 29 |
| 37 | બનાસ ડેરી, NDDB અને સુઝુકી સૌપ્રથમ છાણથી સંચાલિત બાયોગેસ પ્લાન્ટ સ્થાપશે | 30 |
| 38 | ગુજરાત સરકાર દ્વારા GSOS ના માળખામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા | 30 |
| 39 | ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે ડો.કૌશલ્ય જયેન્દ્ર ઠાકરની નિમણૂક થઈ | 31 |
| 40 | ગતિશકિત વિશ્વવિદ્યાલય અને એરબસ વચ્ચે MOU કરવામાં આવ્યા | 31 |
| 41 | ગુજરાતમાં WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ – 2023 નું આયોજન થયું | 32 |
| 42 | ભાવનગર જિલ્લામાં નકળંગ મેળાનું આયોજન થયું | 32 |
| 43 | નરસિંહ મહેતા પુરસ્કાર વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી | 33 |
| 44 | ગુજરાતના ગાંધીનગર ખાતે પ્રથમ વનપાલ સ્મારકનું લોકાપર્ણ કરવામાં આવ્યું | 33 |
| 45 | ગુજરાતના છ શહેરોમાં નવા મેયરોની નિમણૂક | 33 |
| 46 | ભારત – સાઉદી અરેબિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલની પ્રથમ બેઠક યોજાઈ | 34 |
| 47 | ગુજરાતમાં ખંભાતના અખાતમાંથી વેનેડિયમ જેવી દુર્લભ ધાતુ મળી આવી | 34 |
| 48 | તરણેતરના મેળામાં 18 મી ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું | 35 |
| 49 | નર્મદા નદીનું જળસ્તર માપવા 'ઈ–રેવા' પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવશે | 35 |
| 50 | રાષ્ટ્રપતિએ  ગુજરાત ઈ– વિધાનસભાનું ઉદ્ઘાટન કર્યુ | 36 |
| 51 | ગુજરાત સરકારે તાર ફેન્સિંગ યોજનામાં મર્યાદા ઘટાડી | 36 |
| 52 | ગુજરાતની પ્રથમ પોપ્યુલેશન ક્લોક વડોદરામાં લગાવવામાં આવી | 36 |
| 53 | ગુજરાતમાં પર્વત પવિત્રતા અભિયાન શરૂ કરવામાં આવ્યું | 37 |
| 54 | દક્ષિણ ગુજરાતમાં પૂરની સ્થિતિ સર્જાઈ | 37 |
| 55 | સૌરાષ્ટ્રની પ્રથમ વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી | 37 |
| | આંતરરાષ્ટ્રીય | |
| 56 | વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા BRICS ના રાષ્ટ્ર અધ્યક્ષોને વિવિધ ભેટ આપવામાં આવી | 39 |
| 57 | જળવાયુ પરિવર્તન પર કંપાલા ઘોષણા અપનાવવામાં આવી | 39 |
| 58 | ભારત મધ્યપૂર્વ યુરોપ આર્થિક કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી | 39 |
| 59 | અમેરિકન રાજય જ્યોર્જિયાએ ઓકટોબરને 'હિન્દુ હેરિટેજ મહિનો' જાહેર કર્યો | 40 |
| 60 | આસિયાન – 2026 માટે મ્યાનમારની અધ્યક્ષતાનો અસ્વીકાર કર્યો | 40 |
| 61 | ભારત અને કેનેડાના રાજદ્વારી સંબધોમાં તણાવ સર્જાયો | 40 |
| 62 | ભારત અને ફ્રાન્સની નૌસેના વચ્ચે વરુણ યુધ્ધાભ્યાસનું આયોજન થયું | 41 |
| 63 | વડાપ્રધાનએ G-20 સંમેલનના મહેમાનોને વિવિધ ભેટ આપી | 41 |
| 64 | ભારતીય અર્થશાસ્ત્રી થર્મન શણમુગારત્નમ સિંગાપોરના નવા પ્રમુખ બન્યા | 42 |
| 65 | ડેમ સલામતી અંગે આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન | 42 |
| 66 | SIMBEX યુદ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું | 42 |
| 67 | ભારત–મલેશિયા સંરક્ષણ સહયોગ સમિતિની બેઠક યોજાઈ | 43 |
| 68 | I2U2 જૂથ દ્વારા "Joint Space Venture" પહેલની જાહેરાત કરી | 43 |

| | | |
|---|---|---|
| | **અર્થવ્યવસ્થા** | |
| 69 | બેંકિંગ અને નાણાકીય છેતરપિંડી પર સલાહકાર બોર્ડની પુનઃરચના કરવામાં આવી | 45 |
| 70 | દેશના પ્રથમ UPI –ATM નું અનાવરણ કરવામાં આવ્યું | 45 |
| 71 | રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝરને ‘નવરત્ન’ નો દરજ્જો આપવામાં આવ્યો | 45 |
| 72 | SBI એ ‘eRupee by SBI’ એપ લોન્ચ કરી | 46 |
| 73 | NPCI દ્વારા UPI પર નવા 5 પેમેન્ટ વિકલ્પો લોન્ચ કર્યા | 46 |
| 74 | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા નવી પહેલોની શરૂઆત કરવામાં આવી | 47 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 75 | AMBER પ્રોજેક્ટ હેઠળ કૌશલ્યની તાલીમ આપવામાં આવશે | 48 |
| 76 | પ્રોજેક્ટ નમન શરૂ કરવામાં આવ્યો | 48 |
| 77 | છઠ્ઠા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી | 48 |
| 78 | ASI દ્વારા “એડોપ્ટ અ હેરિટેજ – 2.0” પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો | 49 |
| 79 | UGC દ્વારા માલવિયા મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો | 49 |
| 80 | સ્કિલ ઈન્ડિયા ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું | 50 |
| 81 | પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 75 લાખ ગેસ જોડાણ આપવામાં આવશે | 50 |
| 82 | સ્વચ્છતા હી સેવા – 2023 અભિયાન શરૂ કરવામાં આવ્યું | 51 |
| 83 | શ્રેયસ યોજનાએ વિદ્યાર્થીઓને સશકત કરવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી | 51 |
| 84 | રેલ અકસ્માતમાં મૃતકોના પરિવારને આપવામાં આવતી રકમમાં વધારો | 52 |
| 85 | પી.એમ વિશ્વકર્મા યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો | 52 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 86 | શકિતદાંત દાસને વિશ્વના શ્રેષ્ઠ કેન્દ્રીય બેંકના વડા જાહેર કરવામાં આવ્યા | 54 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 87 | ગગનયાનમાં મહિલા રોબોટ વ્યોમમિત્રાને અવકાશમાં મોકલવામાં આવશે | 55 |
| 88 | ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર વિવિધ ખનીજ તત્વની શોધ થઈ | 55 |
| 89 | ભારત BRIGHT STAR -23 યુધ્ધાભ્યાસમાં જોડાયું | 56 |
| 90 | ડાઈવિંગ સપોર્ટ ક્રાફ્ટ ‘DSC -A20’ નું જલાવરણ કરવામાં આવ્યું | 56 |
| 91 | સુપર બ્લુ મૂન | 56 |
| 92 | ભારતના સૌપ્રથમ AI આધારિત ‘ઈન્દ્રજાલ’ એન્ટિ ડ્રોન પ્રણાલીનો શુભારંભ કરવામાં આવ્યો | 57 |
| 93 | ભારતીય વાયુ સેનાને પ્રથમ C-295 ટ્રાન્સપોર્ટ પ્લેન મળ્યું | 57 |
| 94 | સોનાલી ઘોષ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનના સૌપ્રથમ મહિલા ક્ષેત્ર નિર્દેશક બન્યા | 58 |
| 95 | નાસાએ K-2-18B બાહ્ય ગ્રહની શોધ કરી | 58 |
| 96 | કેરળ રાજ્યમાં નિપાહ વાઈરસના કેસ નોંધાયા | 58 |
| 97 | ઉત્તરી આફ્રિકાના મોરોક્કોમાં 6.8ની તીવ્રતાનો ભૂકંપ સર્જાયો | 59 |
| 98 | લદ્દાખના ન્યોમામાં વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ બનાવવામાં આવશે | 59 |
| 99 | 450 વર્ષ બાદ નીશીમુરા નામનો ધૂમકેતુ પૃથ્વીની નજીક દેખાયો | 60 |
| 100 | મેકિસકોની સાંસદમાં એલિયનના 1000 વર્ષ જૂના મૃતદેહ પ્રદર્શિત કરવામાં આવ્યા | 60 |
| 101 | ભારતીય સેનામાં વિભવ એન્ટિટેન્ક માઈનનો સમાવેશ કરવામાં આવ્યો | 60 |
| 102 | ભારતીય સેના દ્વારા MULE નું અનાવરણ કરવામાં આવ્યું | 61 |
| 103 | ભારતીય વાયુસેના 100 LCA માર્ક 1A ફાઈટર જેટ ખરીદશે | 61 |
| 104 | NASA ના MOXIE ઉપકરણે મંગળગ્રહ પર ઓકિસજનનું નિર્માણ કર્યુ | 61 |
| 105 | XPoSat મિશન લોન્ચ કરવામાં આવશે | 62 |
| 106 | મધ્યપ્રદેશમાં નવા વીરાંગના દુર્ગાવતી વાઘ આરક્ષિત ક્ષેત્ર બનાવવાની જાહેરાત થઈ | 62 |
| 107 | મિનિટમેન – 3 મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ થયું | 63 |

| | | |
|---|---|---|
| | **રમત–જગત** | |
| 108 | રાજયમાં મહિલા અને પુરુષ ખેલાડીઓને સમાન પુરસ્કાર આપવામાં આવશે | 65 |
| 109 | નીરજ ચોપડા વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં સુવર્ણ પદક જીતનાર સૌપ્રથમ ભારતીય બન્યા | 65 |
| 110 | મહિલા હોકી 5S એશિયા કપમાં ભારતની ટીમ વિજેતા બની | 66 |
| 111 | IBSA વિશ્વ રમત – 2023 નું આયોજન કરવામાં આવ્યું | 66 |
| 112 | UWW દ્વારા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાનું સભ્યપદ સસ્પેન્ડ કરવામાં આવ્યું | 66 |
| 113 | ડુરાન્ડ કપ – 2023 નું આયોજન કરવામાં આવ્યું | 66 |
| 114 | જર્મની FIBA વર્લ્ડ કપ–2023ની ફાઈનલ જીત્યું | 67 |
| 115 | ભારત SAFF U-16 ચેમ્પિયનશિપ–2023નું વિજેતા બન્યું | 67 |
| 116 | યુ.એસ. ઓપન–2023માં નોવાક જોકોવિચ તેનું 24મું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યો | 67 |
| 117 | ઈન્ડોનેશિયા માસ્ટર્સ–2023માં કિરણ જ્યોર્જ પુરુષ એકલનો ખિતાબ જીત્યો | 68 |
| 118 | એશિયન રમતમાં હવે વિડીયો ગેમ અને બ્રેક ડાન્સમાં પણ પદક આપવામાં આવશે | 68 |
| 119 | ICC વર્લ્ડ કપનું ઓફિશિયલ થીમ સોંગ લોન્ચ કરવામાં આવ્યું | 68 |
| 120 | ભારતીય ટીમ 16મો એશિયા કપ – 2023 જીતી | 69 |
| 121 | નીરજ ચોપડા ડાયમંડ લીગ–2023માં રજત પદક જીત્યો | 69 |
| 122 | આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કરવામાં આવ્યો | 69 |
| 123 | ઈલાવેનિલ વાલારિવાન ISSF વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતી | 70 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 124 | આર. માધવનની FTII ના પ્રમુખ તરીકે નિયુક્તિ કરવામાં આવી | 71 |
| 125 | ISROના વૈજ્ઞાનિક એન. વાલમર્થીનું નિધન થયું | 71 |
| 126 | રાહુલ નવીનની EDના નિદેશક તરીકે નિમણૂક કરવામાં આવી | 71 |
| 127 | દેવ આનંદની 100મી જન્મ જયંતિ | 72 |
| 128 | વિઠલભાઈ પટેલની 150મી જન્મજયંતિ | 72 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 129 | વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગ્રીસના બીજા સર્વોચ્ચ પુરસ્કારથી સન્માનિત કરાયા | 74 |
| 130 | વર્ષ 2022ના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર વિજેતાની યાદી જાહેર કરવામાં આવી | 74 |
| 131 | સંગીત નાટક અકાદમી અમૃતપુરસ્કાર એનાયત કરવામાં આવ્યા | 74 |
| 132 | પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળપુરસ્કારનું વિતરણ કરવામાં આવ્યું | 75 |
| 133 | ભારત સરકારે રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર જાહેર કર્યા | 75 |
| 134 | રેમન મેગ્સેસે એવોર્ડ–2023 જાહેર કરવામાં આવ્યા | 76 |
| 135 | ભારતીય વૈજ્ઞાનિકને પ્રતિષ્ઠિત નોર્મન બોર્લોગ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો | 77 |
| | **મહત્વના દિવસો** | |
| 136 | 1 to 7 – સપ્ટેમ્બર : રાષ્ટ્રીય પોષણ સપ્તાહ (National Nutrition Week) | 78 |
| 137 | 2 – સપ્ટેમ્બર : વિશ્વ નાળિયેર દિવસ (World Coconut Day) | 78 |
| 138 | Google નો 25 મો સ્થાપના દિવસ | 78 |
| 139 | 5 – સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય દાન દિવસ (International Day of Charity) | 79 |
| 140 | 5 – સપ્ટેમ્બર : રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day) | 79 |
| 141 | 7 – સપ્ટેમ્બર : વાદળી આકાશ માટે સ્વચ્છ હવાનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Clean air for Blue Sky) | 79 |
| 142 | 8 – સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ (International Literacy Day) | 80 |
| 143 | 14 - સપ્ટેમ્બર : રાષ્ટ્રીય હિન્દી દિવસ (National Hindi Day) | 80 |
| 144 | 15 - સપ્ટેમ્બર : રાષ્ટ્રીય ઈજનેર દિવસ (National Engineer's Day) | 80 |


Banking Academy

| | | |
|---|---|---|
| 145 | 15 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy) | 81 |
| 146 | 16 - સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિવસ (World Ozone Day) | 81 |
| 147 | 17 - સપ્ટેમ્બર : વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day) | 81 |
| 148 | 18 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ (International Equal Pay Day) | 82 |
| 149 | 18 - સપ્ટેમ્બર : વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day) | 82 |
| 150 | 21 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ (International Day of Peace) | 82 |
| 151 | 21 - સપ્ટેમ્બર : વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer's Day) | 82 |
| 152 | 22 - સપ્ટેમ્બર : વિશ્વ ગેંડા દિવસ (World Rhino Day) | 83 |
| 153 | 23 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Sign Language Day) | 83 |
| 154 | 26 - સપ્ટેમ્બર : પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for the The total Elimination of Nuclear Weapon) | 84 |
| Current Affairs Booster | | 85 |
| Facts.... Inshort | | 101 |


Banking Academy

## 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

### કેન્દ્રીય મંત્રીએ વિશ્વની સૌપ્રથમ "ELECTRIFIED FLEX FUEL VEHICLE" કાર લોન્ચ કરી

- કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરી દ્વારા વિશ્વની સૌપ્રથમ EFFV (Electrified Flex Fuel Vehicle) કાર લોન્ચ કરવામાં આવી છે.




- તેને ટોયોટો કિર્લોસ્કર (Toyoto Kirloskar) મોટર દ્વારા વિકસિત કરવામાં આવી છે.
- તે વિશ્વનું પ્રથમ BS-6 (ભારત સ્ટેજ) સ્ટેજ– II, EFFV છે.
- આ વાહન 85% સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી પણ ચલાવી શકાય છે તથા તેમાં ઈલેક્ટ્રિક પાવરટ્રેનની સુવિધા છે.

❖ **EFFV (Electrified Flex Fuel Vehicle) એટલે શું?**

- EFFV એ Flex – Fuel એન્જિન અને ઈલેક્ટ્રિક પાવર – ટ્રેન બંનેને એકીકૃત કરે છે.જે ઈથેનોલનો ઉચ્ચ ઉપયોગ અને ઈંધણ કાર્યક્ષમતામાં સુધારો કરવાનો લાભ આપે છે.
- Flex Fuel – Strong Hybrid Electric Vehicle (FF-SHEV) : જયારે FFV (Flex Fuel Vehicle ) ને મજબૂત હાઈબ્રિડ ઈલેક્ટ્રિક ટેકનોલોજી સાથે સંકલિત કરવામાં આવે છે.
- Strong Hybrid : આ વાહનો સંપૂર્ણ રીતે ઈલેક્ટ્રિક અથવા પેટ્રોલ પર ચાલવાની ક્ષમતા ધરાવે છે.
- ફ્લેક્સ ફ્યુઅલ (Flex Fuel) :- જયારે પેટ્રોલમાં ઈથેનોલ અથવા મિથેનોલનું મિશ્રણ કરીને નવુ ઈંધણ બનાવવામાં આવે છે, ત્યારે તેને ફ્લેક્સ ફ્યુઅલ કહેવામાં આવે છે.
- FF એન્જિન બ્રાઝિલ, અમેરિકા, યુરોપિયનસંઘ અને ચીનમાં પહેલેથી જ કાર્યરત છે.

❖ **BS-6 (Bharat Stage – 6) :**

- ભારત સરકાર દ્વારા મોટર વાહનોમાંથી થતા વાયુ પ્રદૂષકોના ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે સ્થાપવામાં આવેલ ઉત્સર્જન ધોરણ છે.
- તે યુરોપિયન ઉત્સર્જન ધોરણો પર આધારીત છે.
- કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ આ ધોરણોને લાગુ કરે છે.
- BS-6 (સ્ટેજ – II) માં શરૂઆતની BS – 6 ધોરણોની સરખામણીમાં વધુ કડક ઉત્સર્જનની મર્યાદાઓ કરવામાં આવી છે.

❖ **ઈથેનોલ :**

- તે એક પ્રકારનો આલ્કોહોલ છે, જે શેરડીના રસ અને મકાઈ, સડેલા બટાટા અને સડેલા શાકભાજીમાંથી તૈયાર કરી શકાય છે.
- સ્ટાર્ચ અને ખાંડના આથામાંથી બનાવેલ ઈથેનોલને પેટ્રોલમાં ભેળવીને જૈવઈંધણ (Biofuel) તરીકે ઉપયોગમાં લેવાય છે.

❖ **ઈથેનોલની ઉત્પાદન શ્રેણીઓ :**

- 1G ઈથેનોલ : જેમાં ઈથેનોલ શેરડીના રસ, બીટ, સડેલા બટાટા, જુવાર અને મકાઈમાંથી બનાવવામાં આવે છે.
- 2G ઈથેનોલ : સેલયુલોઝ અને લિગ્નોસેલ્યુલોસિક સામગ્રીઓમાંથી બનાવવામાં આવે છે જેમ કે ચોખાનું ભુંસુ, ઘંઉનું ભૂંસુ, વાંસમાંથી બનાવવામાં આવે છે.
- 3G ઈથેનોલ : શેવાળ (આલ્ગી) માંથી બનાવવામાં આવે છે.


❖ **ઈથેનોલ ઈંધણના ફાયદાઓ ?**

- તે ઓછુ ખર્ચાળ છે, ઈથેનોલ ઈંધણની કિંમત 60/- પ્રતિ લિટર છે તે 20 Kmpl ની માઈલેજ આપે છે.
- તેનાં ઉપયોગ કરીને વાહનો 35% ઓછા કાર્બન મોનોકસાઈડનું ઉત્સર્જન કરે છે.
- ઈથેનોલ સલ્ફર ડાયોકસાઈડ અને હાઈડ્રોકાર્બનના ઉત્સર્જનને પણ ઘટાડે છે. આ ઈંધણમાં હાજર 35% ઓક્સિજનને કારણે નાઈટ્રોજન ઓકસાઈડના ઉત્સર્જનને પણ ઘટાડે છે.
- તેમાં આલ્કોહોલ ઝડપથી બાષ્પીભવન થાય છે, જેના કારણે એન્જિન ઝડપથી ગરમ થતું નથી. જેનાથી એન્જિનનું આયુષ્ય વધે છે.
- ભારત સરકારએ પેટ્રોલમાં ઈંધણના રૂપમાં ઈથેનોલને વર્ષ 2022 સુધીમાં 10% 2026 સુધીમાં 15% અને વર્ષ 2030 સુધીમાં 20% મિશ્રણનું લક્ષ્યાંક રાખ્યું છે.

Banking Academy

## ગુજરાતએ પાલિકા – પંચાયતોમાં 27% અનામતને મંજૂરી આપી

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષપદે મળેલી મંત્રી પરિષદની બેઠકમાં નિવૃત મુખ્ય ન્યાયધીશ કલ્પેશ ઝવેરી કમિશનની ભલામણોની સરકારે સ્વીકાર કર્યો હતો.




- ઝવેરી કમિશનની રચના વર્ષ 2022 માં કરવામાં આવી હતી. આ કમિશનમાં કે.એસ. ઝવેરીની અધ્યક્ષતા હેઠળ અન્ય ચાર સભ્યો પણ હતા.
- સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી કરતાં પહેલા 'ટ્રીપલ ટેસ્ટ' ની કાર્યવાહી કરવા કરાયેલ નિર્દેશોનો સરકારે સ્વીકાર કર્યો છે.
- આ ટ્રિપલ ટેસ્ટના નિર્દેશ પ્રમાણે સરકારે સમર્પિત આયોગની રચના કરીને વોર્ડ પ્રમાણે અનામતનું પ્રમાણ જાળવી અને મહત્તમ મર્યાદા નક્કી કરી છે.
- જે મુજબ હવેથી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ (પાલિકા પંચાયત)માં અન્ય પછાત વર્ગો (OBC) ને 27% આરક્ષણ આપવા નિર્ણય કર્યો છે.
- કોઈ પણ સંજોગોમાં SC/ST/OBC માટે સંસ્થાવાર અનામત રાખવામાં આવનાર બેઠકો કુલ બેઠકોના 50% થી વધે નહી તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષ 2010 માં વસતિના ધોરણે પરંતુ, અનુસૂચિત જાતિ – SC અને અનુસૂચિત જનજાતિ – ST સહિત કુલ 50% ની મર્યાદામાં OBC સમૂહને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં આપવા ચૂકાદો આપ્યો હતો.

### ❖ કેબિનેટ સબકમિટીની ભલામણો

- ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં PESA (Panchayats Extension to scheduled Area Act) વિસ્તાર સિવાય 27% OBC ને બેઠકો / હોદ્દા માટે ST/SC/OBC ની 50% ની મર્યાદામાં અનામત રહેશે.
- સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં OBC ને બેઠકો / હોદ્દો (પ્રમુખ, મેયર, સરપંચ) માટે 27% બેઠકો અનામત કરાયેલ છે.
- ST/SC ની હાલની બેઠકો / હોદ્દાઓ માટે જે પ્રતિનિધિત્વ છે તેમાં ફેરફાર થશે નહી. નોન PESA / બિન અનુસૂચિત વિસ્તારોમાં ST નું પ્રતિનિધિત્વ યથાવત રહેશે.
- PESA (Panchayats Extension to Scheduled Areas) અને નોન PESA વિસ્તારમાં જયા ST અને SC ની વધુ જનસંખ્યા છે તેના કારણે અમુક વિસ્તારોમાં OBC ને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં બેઠકો રદ્ થાય છે ત્યાં OBC ના પ્રતિનિધિત્વ મળે તે માટે 10% બેઠકો અનામત છે.
- શહેરી વિસ્તારોની સંસ્થાઓમાં વોર્ડ બેઠક અને હોદ્દાઓ માટેની OBC – 27% અનામત 50% ની મર્યાદામાં રહેશે.
- બિન અનુસૂચિત વિસ્તારોની સંસથાઓમાં ST ને અનુસૂચિત વિસ્તાર – PESA એકટની જોગવાઈઓ પ્રમાણે બેઠકો ફાળવવામાં આવે છે, જેમાં હાલની સ્થિતિએ ST માટે જે પ્રતિનિધિત્વ છે. તે યથાવત રાખવામાં આવ્યું છે.

### ❖ ટ્રિપલ ટેસ્ટ ફોર્મ્યુલા

- વર્ષ 2010 માં સુપ્રિમ કોર્ટ દરેક રાજયો માટે ટ્રીપલ ટેસ્ટ ફોર્મ્યુલા જાહેર કર્યુ જે મુજબ :
  - કમિશનની નિમર્ણૂક કરવી.
  - સમુદાયનો પરિમાણીય (Quantifiable) ડેટા એકત્રિત કરવું.
  - સ્થાનિક સંસ્થાઓમાં તેમને અનામત એવી રીતે ફાળવવું કે દરેક બેઠકમાં કુલ અનામત 50% થી વધુ ન હોય.

### ❖ સુપ્રીમ કોર્ટનો ચુકાદો


- સુપ્રમી કોર્ટની પાંચ જજોની બેન્ચે કિષ્ણામૂર્તિ VS યુનિયન ઓફ ઈન્ડિયા (2010) માં કહયું હતું કે રાજકીય ભાગીદારી માટેના અવરોધો શિક્ષણ અને રોજગારી મેળવવામાં આવતા અવરોધો કરતા અલગ છે.
- જેમાં સુપ્રીમ કોર્ટે અનુચ્છેદ 243 D (6) અને અનુચ્છેદ 243 T (6) નું અનુવાદન કર્યુ હતું. જે અનુક્રમે પંચાયત અને મ્યુનિસિપલ સંસ્થાઓમાં પછાત વર્ગો માટે અનામતની મંજૂરી આપે છે.
- વર્ષ 2022 માં સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં OBC ને અનામત આપવાની મંજૂરી આપી હતી.

### ❖ દિલીપસિંહ ભૂરિયા સમિતિ

- 22 સભ્યોની બનેલી આ સમિતિની રચના કેન્દ્ર સરકાર દ્વારા 10 જૂન, 1994 ના રોજ કરવામાં આવી હતી.
- સમિતિએ 17 જાન્યુઆરી 1995 ના રોજ અહેવાલ કેન્દ્રસરકારને સોંપ્યો હતો.
- આ સમિતિની ભલામણોને આધારે "Panchayat Extention to the Scheduled Area – Act - 1996" અધિનિયમ પસાર કરવામાં આવ્યો છે.
- PESA અધિનિયમને "બંધારણની અંદર બંધારણ" તરીકે ઓળખવામાં આવે છે.
- વર્તમાનમાં આ અધિનિયમને આંધ્રપ્રદેશ, ગુજરાત, હિમાચલપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલગાંણા રાજયએ અમલમાં મૂકેલો છે.

Banking Academy

## ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L-1' સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું




- ભારતનું પ્રથમ સોલાર મિશન આદિત્ય L-1 નું 2 સપ્ટેમ્બરના રોજ સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યુ હતું.
- આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આદિત્ય L-1 મિશનને PSLV – C57 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- તે સૂર્ય – પૃથ્વી પ્રણાલીના લેગ્રેન્જિયન / લાગ્રેન્જિયન પોઈન્ટ - L1 થી સૂર્યનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ અવકાશ આધારિત મિશન છે.
- જે પૃથ્વીની આશરે 1.5 મિલિયન કિલોમીટર દૂર છે. આ મિશનને L-1 પોઈન્ટ પર પહોંચાડવામાં લગભગ 125 દિવસ લાગશે.
- આ પ્રોજેકટ શરૂઆતમાં આદિત્યા – 1 તરીકે પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.
- જો કે તેનું નામ બદલીને આદિત્ય L1 મિશન રાખવામાં આવ્યું છે.
- Aditya L1 એ Astrosat (2015) પછી ISRO નું બીજુ અવકાશીય સ્ત્રોતોનું અવલોકન કરતું મિશન છે.
- આ મિશનનો હેતુ સૌર કોરોના, ફોટોસ્ફિયર,ક્રોમોસ્ફિયર અને સૌર પવન વિશે મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરવાનો છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય સૂર્યના વિકિરણ, ગરમી, કણોનો પ્રવાહ અને ચુંબકીય ક્ષેત્રો વિશે સમજ કેળવવી અને તેની પૃથ્વી પર અસરોને સમજવાનો છે.

### ❖ આદિત્ય L-1ના સાત પેલોડ નીચે મુજબ છે :

- તેના સાત પેલોડમાંથી ચાર સૂર્યના રિમોટ સેન્સિગ માટે અને ત્રણ In-Sita અવલોકન માટે છે.
- ચાર સૂર્યના રિમોટ સેન્સિંગ પેલોડ :
  (1) Visible Emission Line Coronagraph –તે સૌર કોરોનાનો અભ્યાસ તેમજ કોરોનલ માસ ઈજેકશનની ગતિશીલતાનું અવલોકન કરશે.
  (2) Solar Ultra Violet Imaging Telescope : (SUIT) તેની આસપાસના પારજાંબલી વિકિરણો સૌર વિકિરણ ભિન્નતાનું માપન કરશે.
  (3) Solar Low Energy X-ray Spectrometer (SoLEXS) : તે સુર્યમાંથી આવતી વિશાળ એકસ રે ઉર્જા શ્રેણીનો અભ્યાસ કરશે.
  (4) High Energy LI Orbiting X – Ray Spectro-Meter : તે સૂર્યમાંથી આવતી વિશાળ એકસ રે ઉર્જા શ્રેણીની તપાસ કરશે.
- ત્રણ In-Sita અવલોકન પેલોડ :
  (1) Aditya Solar Wind Particle Experiment (ASPEX) : તે સૌર પવન અને ઉર્જાસભર આયનોનો અભ્યાસ કરે છે.
  (2) Plasma Analyser Package for Aditya (PAPA) : આંતરગ્રહીય અવકાશમાં પ્લાઝમાની લાક્ષણિકતાઓ અને રચનાઓ અંગે માહિતી એકઠી કરવી અને સૌર પવનની તેના પર્યાવરણ પર તેની ક્રિયા પ્રતિક્રિયા અંગે સમજ આપવી.
  (3) Advance Triaxial High Resolution Digital Magnetometers (MAG) : અવકાશમાં ઓછી તીવ્રતાના આંતરગ્રહીય ચુંબકીયક્ષેત્રને માપશે.

### ❖ Lagrangian Point શું છે?

- Lagrangian Points એ અવકાશમાં ચોક્કસ સ્થાન છે. જયાં પૃથ્વી અને ચંદ્ર અથવા પૃથ્વી અને સૂર્ય જેવા બે મોટા એકમોના ગુરુત્વાકર્ષણ બળ, ઉપગ્રહ જેવા નાના પદાર્થ દ્વારા અનુભવાતા કેન્દ્રત્યાગી બળને સંતુલિત કરે છે.
- ત્રિ – પરિમાણીય અવકાશમાં એકબીજાને ફરતે ભ્રમણકક્ષામાં બે મોટા એકમોની આસપાસ L1, L2, L3, L4 અને L5 લેબલવાળા પાંચ Lagrangian બિંદુઓ છે.
- આ બિંદુઓ પર મૂકવામાં આવેલી કોઈપણ વસ્તુ પૃથ્વી અને સૂર્ય તરફ સમાન રીતે ખેંચાતી અનુભવશે અને પૃથ્વી સાથે સૂર્યની આસપાસ ફરશે.
- L1, L2 અને L3 એ બે એકમ (પદાર્થો) ને જોડતી રેખા પર આવેલ છે.
- પૃથ્વી અને સૂર્ય પ્રણાલીનો L1 બિંદુ પરથી સૂર્યને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. NASA નો SOHO ટેલિસ્કોપ અહીં આવેલો છે.
- L2 એ ખગોળશાસ્ત્ર માટે આદર્શ છે કારણ કે અવકાશયાન પૃથ્વી સાથે માહિતીની આપલે તેમજ સૌરઉર્જાનો ઉપયોગ પણ કરી શકે છે. NASA નું James webb Telescope અહિ આવેલું છે.
- L1, L2 અને L3 બિંદુઓ અસ્થિર છે. L3 એ સૂર્યની પાછળના ભાગે હોવાથી ઓછો ઉપયોગી છે.
- L4 અને L5 બિંદૂઓ અન્ય બે એકમો સાથે સમબાજુ ત્રિકોણ બનાવે છે. તે બંને સ્થિર બિંદુઓ છે.

### ❖ અન્ય દેશોના સૌર મિશન

(1) અમેરિકા : (i) પાર્કર સોલાર પ્રોબ (2018) ડિસેમ્બર 2021 માં સૂર્યના ઉપરી વાતાવરણ, નમૂનારૂપ કણો અને ચુંબકીય ક્ષેત્રોને સ્પર્શ કરે છે.
(ii) સોલાર ઓર્બિટર (2020) : સૂર્યના બદલાતા અવકાશના વાતાવરણની શોધ

Banking Academy

(2) જાપાન :– (i) Hinotoni (ASTRO – A1981) : સૌર જવાળાઓનો અભ્યાસ
(ii) Yohkoh (SOLAR- A 1991) : સૌર પ્રવૃતિઓનો અભ્યાસ
(iii) Hinde (SOLAR – B 2006) : પૃથ્વી પર સૂર્યની અસરનો અભ્યાસ
(3) ચીન :– Advance Space based Solar Observatory (ASO-S, 2022)

## 20 મું આસિયાન – ભારત અને 18 મું પૂર્વ એશિયા શિખર સંમેલનનું આયોજન થયું

➲ ભારતના વડાપ્રધાને ઈન્ડોનેશિયાના જકાર્તામાં યોજાયેલી 20 મી દક્ષિણ – પૂર્વ એશિયાઈ સંઘ (ASEAN) ભારત શિખર સંમેલન અને 18 માં પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.




❖ **20 મી ASEAN – ભારત શિખર સંમેલન :**
- ભારતના વડાપ્રધાને ભારત – આસિયાન સહયોગને મજબૂત કરવા માટે 12 મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેમાં કનેક્ટિવિટી, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, વેપાર અને આર્થિક જોડાણ, સમકાલીન પડકારોને સંબોધિત કરવા, લોકોથી લોકો વચ્ચે સંપર્કો અને વ્યુહાત્મક જોડાણને મજબૂત બનાવવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

❖ **12 મુદ્દાની વિસ્તૃત માહિતી :**
- દક્ષિણ પૂર્વ – એશિયા – ભારત – પશ્ચિમ એશિયા – યુરોપને જોડતા મલ્ટિ મોડલ કનેક્ટિવિટી અને આર્થિક કોરિડોરની સ્થાપના કરવી.
- ભારતના DPI (Digital Public Infrastructure) ને આસિયાન ભાગીદારો સાથે આપ–લે કરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો.
- જોડાણને વધારવા નોલેજ પાર્ટનર તરીકે કામ કરવા માટે "આસિયાન અને પૂર્વ એશિયા માટે આર્થિક અને સંશોધન" સંસ્થાને સમર્થનની જાહેરાત કરવામાં આવી હતી.
- WHO દ્વારા ભારતમાં સ્થપાઈ રહેલા ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનમાં જોડાવા માટે આસિયાન દેશોને આમંત્રણ આપવું.
- મિશન LIFE (પર્યાવરણ માટે જીવનશૈલી) પર સાથે મળીને કામ કરવા માટે આહવાન કરવામાં આવ્યું.
- જન ઔષધિ કેન્દ્રો દ્વારા લોકોને સસ્તુ અને ગુણવત્તાયુક્ત દવાઓ પ્રદાન કરવાના ભારતના અનુભવને પ્રદાન કરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો.
- આસિયાન દેશોને DRI (Disaster Resilient Infrastructure) માટેના ગઠબંધનમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું.
- બહુપક્ષીય મંચોમાં વૈશ્વિક દક્ષિણના મુદ્દાઓને સામુહિક રીતે ઉઠાવવા આહવાન કરવામાં આવ્યું.
- આંતકવાદ અને આંતકીઓને નાણાકીય સહાય અને સાયબર ગૈર પ્રચાર સામે સામુહિક લડાઈ લડવાની હાંકલ કરવામાં આવી.
- દરિયાઈ સુરક્ષા અને સંરક્ષણ પર સહયોગ વધારવા માટે આહવાન કર્યુ.

### Association of South East Asian Nation (ASEAN) વિશે....
- દક્ષિણ – પૂર્વ એશિયાઈ રાષ્ટ્રસંઘ
- સ્થાપન : 8 ઓગસ્ટ 1967 (બેંગકોક ઘોષણા)
- સંસ્થાનું લક્ષ્ય આ દેશોમાં સ્થિરતા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનું છે.
- સભ્ય દેશોના અંગ્રેજી નામોના મૂળાક્ષરોના ક્રમના આધારે તેનું પ્રમુખપદ વાર્ષિક ધોરણે બદલાય છે.
- સભ્ય : 10 દેશોનો સમુહ છે. બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર થાઈલેન્ડ અને વિયેતનામ
- વડુમથક : જકાર્તા, ઈન્ડોનેશિયા

❖ **18 માં પૂર્વ એશિયા શિખર સંમેલનની વિશેષતા :**
- ભારતના વડાપ્રધાને સંમેલનમાં તંત્રના મહત્વ પર ભાર મૂકયો હતો અને તેને વધુ મજબૂત કરવા માટે ભારતના સમર્થનની પુનઃપુષ્ટિ કરી હતી.
- આસિયાનને કેન્દ્રમા રાખવા ભારતે મજબૂત સમર્થન અને મુક્ત, ખુલ્લુ અને નિયમો આધારિત ઈન્ડોપેસિફિક સુનિશ્ચિત કરવા હાંકલ કરી હતી.
- પરિષદમાં આબોહવા પરિવર્તનની અસરોને ઘટાડવા માટે ISA (International Solar Alliance) CDRI (Coalition for Disaster Resilient Infrastructure), Life અને OSOWOG (One Sun One World One Grid) જેવી ભારતની પહેલો પર પ્રકાશ પાડવામાં આવ્યો.
- Quad ના લાંબા ગાળાના લક્ષ્યાકો તેમજ વૈશ્વિક પડકારોની ચર્ચા કરવામાં આવી.

❖ **પૂર્વ એશિયા સંમેલન**
- પૂર્વ એશિયા સમૂહનો વિચાર સૌપ્રથમ 1991 માં તત્કાલીન મલેશિયાના વડાપ્રધાન મહાતિ મોંહમ્મદે પ્રસ્તાવિત કર્યો હતો.
- તેની સ્થાપના વર્ષ 2005 માં થઈ હતી. પ્રથમ સંમેલન 14 ડિસેમ્બર 2005 ના રોજ મલેશિયાના કુઆલાલમ્પુરમાં યોજાઈ હતી.
- ભારત વર્ષ 2005 થી જ તેનો સભ્ય છે.

- કુલ 18 સભ્યો છે. જેમાં 10 સભ્યો ASEAN સમુહના છે જયારે અન્ય આઠમાં – ઓસ્ટ્રેલિયા, ચીન, રશિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, દક્ષિણ કોરિયા, અમેરિકા અને ભારતનો સમાવેશ થાય છે.
- સહયોગ માટે છ પ્રાથમિક ક્ષેત્રો : પર્યાવરણ અને ઉર્જા, શિક્ષણ, નાણા, વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ અને રોગચાળો, કુદરતી આપત્તિ વ્યવસ્થાપન અને ASEAN નું આંતરજોડાણ.
- વડુમથક : કુલાલામ્પુર, મલેશિયા

## ભારતના બે સ્થળોને વિશ્વ વિરાસત સ્થળોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો

- સાઉદી અરેબિયાના રિયાધ ખાતે UNESCO વિશ્વ વિરાસતનું 45 મું સંમેલન યોજાયું હતું.
- તેમાં બંગાળમાં આવેલ શાંતિનિકેતન અને કર્ણાટકમાં આવેલ હોયસાલા મંદિરને વિશ્વ વિરાસત સ્થળનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ સાથે ભારતમાં વિશ્વ વિરાસત સ્થળોની સંખ્યા 42 થઈ છે.

### શાંતિનિકેતન

- શાંતિ નિકેતન ગૃહની સ્થાપના 1863 માં દેવેન્દ્રનાથ ટાગોર દ્વારા કરવામાં આવી હતી.
- વર્ષ 1901 માં તેમના પુત્ર રવિન્દ્રનાથ ટાગોર દ્વારા પાઠભવનની સ્થાપના કરવામાં આવી હતી, જેને વર્ષ 1921 માં વિશ્વભારતી વિશ્વ વિદ્યાલયનો દરજ્જો પ્રદાન કરવામાં આવ્યો હતો.
- રવિન્દ્રનાથ ટાગોરે સ્થાપેલ પાઠભવન બ્રહ્મચારી આશ્રમ મોડેલ પર આધારિત હતી.
- ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ શાંતિનિકેતનું પુન : સંગ્રહ કરી રહયું છે.


### હોયસાલા મંદીર

- કુલ ત્રણ હોયસાલા મંદિરોને UNESCO વિશ્વ વિરાસત સ્થળોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ ત્રણેય મંદિરોની જાળવણી ASI દ્વારા કરવામાં આવી રહી છે.
- તેને વર્ષ 2014 માં UNESCO ના Tentative list માં સમાવેશ કરવામાં આવ્યો હતો.

(1) ચેન્નાકેશવ મંદિર : ચેન્ના – સુંદર અને કેશવ – વિષ્ણુ
- સ્થળ : બેલુર, હાસાન, કર્ણાટક
- વર્ષ : 1117 CE (વિષ્ણુવર્ધન રાજા)
- મૂર્તિ : ભગવાન વિષ્ણું

(2) હોયસાલેશ્વર મંદિર
- સ્થળ : હાલેબિડુ, હાસાન, કર્ણાટક
- વર્ષ : 1121
- મૂર્તિ : ભગવાન શિવ (હોયસાલેશ્વર)
- તેની દિવાલો પર 240 જેટલી મૂર્તિઓ કંડારવામાં આવેલી છે.

(3) કેશવ મંદિર :
- સ્થળ : સોમનાથપુરા, મૈસુર, કર્ણાટક
- વર્ષ : 1268 CE (નરસિંહા – 3)
- મૂર્તિ : ભગવાન ક્રિષ્ના (કેશવ, જનાર્દન અને વેણુગોપાલ)




### હોયસાલા સ્થાપત્ય

- હોયસાલા રાજવંશ દ્વારા 11 થી 14 મી સદીની વચ્ચે આ સ્થાપત્ય વિકસાવવામાં આવ્યું છે.
- તેમાં નાગર અને દ્રવિડ સ્થાપત્યનો અદભુત સમન્વય કરવામાં આવ્યો છે.
- તેમાં કેન્દ્રિય થાંભલાવાળા હોલની આસપાસ બહુવિધ મંદિરોને તારા આકારમાં (Star Shaped Layout) સ્થાપિત કરવામાં આવે છે.

### વિશ્વ વિરાસત સ્થળ

- વિશ્વ વિરાસત સ્થળએ UNESCO વર્લ્ડહેરિટેજ લિસ્ટમાં સૂચિબધ્ધ વિસ્તાર અથવા વસ્તું છે.
- જેનો સમાવેશ વિશ્વ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસાના સંરક્ષણ સંમેલન – 1972 હેઠળ 'ઉત્તમ સાર્વત્રિક મૂલ્ય' માટે કરવામાં આવ્યો છે.
- આ સ્થળોને ત્રણ પ્રકારમાં વિભાજીત કરવામાં આવે છે, જેમાં સાંસ્કૃતિક, કુદરતી અને મિશ્રનો સમાવેશ થાય છે.
- ભારતમાં કુલ 42 વિશ્વ વિરાસત સ્થળો આવેલ છે. આ પ્રમાણે 34 સાંસ્કૃતિક, 7 કુદરતી, એક મિશ્ર (કાંચનજંગા રાષ્ટ્રીય ઉદ્યાન) છે.

## એક રાષ્ટ્ર એક ચૂંટણી?

- કેન્દ્ર સરકારે **'એક રાષ્ટ્ર એક ચૂંટણી'** (One Nation One Election – ONOE) યોજનાની સંભવિતતાની ખાતરી કરવા માટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં એક સમિતીની રચના કરવામાં આવી છે.
- આ સમિતિના અન્ય સભ્યો ગૃહમંત્રી અમિતશાહ અને ન્યાયશાસ્ત્રી હરિશ સાલ્વે છે.
- આ સમિતિનો મુખ્ય ઉદેશ્ય સમગ્ર ભારતમાં લોકસભા, રાજય વિધાન સભાઓ, નગર પાલિકાઓ અને પંચાયતો સહિત સરકારના વિવિધ સ્તરો માટે એક સાથે ચૂંટણીઓ યોજનાની સંભાવનાને તપાસવાનો છે.

Banking Academy

- સમિતિ સંભવિત બંધારણીય સુધારાઓ, રાજયની બહાલી, ત્રિશંકુ ગૃહ જેવી સ્થિતિ, ઈલેકટ્રોનિક વોટિંગ મશીન જેવા લોજિસ્ટિકસ અને એક મતદાર યાદીના ઉપયોગ સહિત કાયદાકીય અને લોજિસ્ટિકલ પાસાઓની તપાસ કરશે.




### ❖ ‘એક રાષ્ટ્ર એક ચૂંટણી’ એટલે શું?

- દેશની વર્તમાન ચૂંટણી પ્રણાલીમાં પાંચ વર્ષના અંતરાલમાં લોકસભા અને રાજય વિધાનસભાઓ માટે અલગ – અલગ ચૂંટણી યોજવામાં આવે છે.
- રાજયની વિધાનસભાઓની મુદત એકબીજા સાથે અથવા લોકસભાની સાથે સુમેળમાં હોય તે જરૂરી નથી આથી, ચૂંટણીઓ યોજવાનું વિશાળકાર્ય આખું વર્ષ ચાલુ રહે છે.
- ONOE નો પ્રસ્તાવ એ છે કે દેશની કેન્દ્રીય સરકાર અને રાજય સરકાર માટે અલગ – અલગ સમયે ચૂંટણી કરવાના બદલે દર પાંચ વર્ષે એક સાથે ચૂંટણી કરવામાં આવે.
- એટલે કે મતદારો લોકસભા અને રાજય વિધાનસભાના સભ્યોને ચૂંટવા માટે એક જ દિવસે એક જ સમયે તેમનો મત આપશે.

### ❖ પૃષ્ઠભૂમિ

- રાજયો અને લોકસભાની એક સાથે ચૂંટણી નવો આજ – કાલનો વિચાર નથી.
- ભારતમાં અગાઉ 1952, 1957, 1962 તેમજ 1967 માં એક સાથે જ ચૂંટણીઓ યોજાઈ હતી.
- વર્ષ 1968 – 69 ની વચ્ચે કેટલીક વિધાનસભાઓના વિસર્જનને પગલે તે પ્રથા વિખેરાઈ.
- ત્યારથી ચૂંટણી આયોગ કેન્દ્રો અને રાજયો માટે અલગ – અલગ ચૂંટણી યોજે છે.
- વર્ષ 1983 માં ચૂંટણી પંચના વાર્ષિક અહેવાલમાં એક સાથે ચૂંટણી કરવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2018 માં કાયદા પંચે એક સાથે ચૂંટણીના અમલીકરણને સમર્થન આપતો ડ્રાફ્ટ રિપોર્ટ સબમીટ કર્યો હતો.
- ચૂંટણીપંચએ જણાવ્યુ કે બંધારણમાં યોગ્ય સુધારા દ્વારા જ એક સાથે ચૂંટણી યોજી શકાય.
- પંચે જણાવ્યુ કે ઓછામાં ઓછા 50% રાજયોએ બંધારણીય સુધારાને બહાલી આપવી જોઈએ.
- બી.પી. જીવન રેડ્ડીની આગેવાની હેઠળના કાયદા પંચ દ્વારા 1999 માં પણ એક સાથે ચૂંટણી કરાવવાનો વિચાર રજૂ કર્યો હતો.

### ❖ ONOE સમક્ષ પડકારો

(1) બંધારણની જોગવાઈઓ :

- અનુચ્છેદ 83(2) અને 172નો બંધારણમાં અનુક્રમે લોકસભા અને રાજયવિધાનસભાનો જીવનકાળ નિશ્ચિત કરેલ છે. આથી ONOE માટે બંધારણમાં સુધારો આવશ્યક છે.

(2) સંઘવાદની વિચારની વિરુધ્ધ :

- ONOE નો વિચાર સંઘવાદની વિભાવના સાથે સુસંગત નથી. કારણ કે તે સમગ્ર રાષ્ટ્ર એક છે તેવુ દર્શાવે છે. જયારે બંધારણનો અનુચ્છેદ – 1 “ઈન્ડિયા, એટલે કે ભારત, રાજયોનું સંઘ” તરીકે ભારતને વર્ણવે છે.

(3) રાજકીય સર્વસંમતિ :

- તમામ રાજકીય પક્ષોને ONOE ને સમર્થન આપવા માટે તૈયાર કરવા એ એક પ્રચંડ પડકાર છે.

(4) સંસાધનોની અછત :

- એક સાથે ચૂંટણી યોજવા માટે ભારતના ચૂંટણી પંચે EVM (Electronic Voting Machine) અને VVPAT (Voter Varified Paper Audit Trail) નો પૂરવઠો બમણો કરવાની જરૂર પડશે.
- એક સાથે ચૂંટણીઓ યોજવા માટે મતદાન સ્ટાફનો મોટો સમૂહ એક સાથે ચૂંટણીના બંને સેટનું સંચાલન કરવા માટે જરૂરી છે, તે ચૂંટણી પંચ માટે તાલીમ પડકાર ઉભો કરે છે.
- એક સાથે ચૂંટણીઓ માટે મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વધારે કેન્દ્રીય પોલીસ દળોની આવશ્યકતા રહે છે.

## કેન્દ્ર સરકારે ‘એક દેશ – એક મતદાર યાદી’ લાગુ કરવાની તૈયારીઓ શરૂ કરી

- કેન્દ્ર સરકારે ‘એક – દેશ – એક ચૂંટણી’ ની ચર્ચાઓ વચ્ચે એક દેશ એક મતદાર યાદી લાગુ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે.
- સરકારે ત્રણેય સ્તરો (લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓ) ની ચૂંટણીઓ માટે એક જ મતદારયાદી માટે રોડમેપ તૈયાર કર્યો છે.
- આ માટે માત્ર ચૂંટણીપંચ દ્વારા મતદાર યાદી તૈયાર કરવાની રીતમાં જ ફેરફાર થશે નહી, પરંતુ રાજયોના ચૂંટણી સંબધિત કાયદાઓમાં પણ ફેરફારની જરૂર પડશે.

### ❖ લો કમિશન અને ચૂંટણીપંચની ભલામણ :


- લો કમિશન અને ચૂંટણીપંચે લાંબા સમયથી ‘એક દેશ એક મતદાર યાદી’ ની ભલામણ કરી છે.
- આ ઉપરાંત ઓગસ્ટમાં સંસદીય સમિતિએ સરકારને બંધારણીય જોગવાઈઓ અને રાજયોના અધિકારોને ધ્યાનમાં રાખીને રાજયો અને પક્ષો સાથે પરામર્શ કરી તેને લાગુ કરવાની યોજના બનાવવા જણાવ્યુ હતું.

### ❖ વર્તમાન સ્થિતિ?

- બંધારણના અનુચ્છેદ 325 અનુસાર દેશમાં મતદાર યાદી લાગુ કરવી એ કેન્દ્ર સરકારની સત્તા બહાર છે.

Banking Academy

- હાલમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓ માટે અલગ – અલગ યાદીઓ છે.
- લોકસભા – વિધાનસભાની ચૂંટણીઓ એ ભારતના ચૂંટણી પંચ (ECI) ની જવાબદારી છે.
- જયારે મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ કાઉન્સિલ અને ગ્રામ પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ રાજય ચૂંટણી પંચના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.




- બંધારણ બંને ચૂંટણી પંચને પોતાની મતદારયાદી તૈયાર કરવાનો અધિકાર આપે છે.

❖ **સુધારાઓ ?**

- નવા પ્રસ્તાવ મુજબ જે રીતે સંસદીય બેઠકની અંદર વિધાનસભા બેઠકોની સીમાઓ એ જ લોકસભા બેઠકની સીમાની અંદર રાખવામાં આવે છે. તેવી જ રીતે વોર્ડ અને પંચાયતોની સીમાઓ પણ વિધાનસભા બેઠકોની અંદર જ રાખવી જોઈએ.
- આ માટે રાજયોના ચૂંટણી કાયદામાં ફેરફાર કરવો ફરજીયાત છે.

❖ **એક મતદાર યાદીમાં આવતી સમસ્યાઓ ?**

- વર્ષ 2002 માં બંધારણમાં સંશોધન કરીને એક પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો કે 2026 પછી વસતિ ગણતરીના ડેટા ન આવે ત્યાં સુધી સીમાંકન થશે નહી. પરંતુ રાજય અધિનિયમમાં નગરપાલિકાઓ અને પંચાયતો માટે આવો કોઈ પ્રતિબંધ નથી.
- હવેથી મતદાર યાદી માટે નગરપાલિકા અને પંચાયત અધિનિયમમાં પણ પ્રતિબંધ લાદવો પડશે.

❖ **રાજયોની અલગ યાદી શા માટે?**

- રાજય ECI ની યાદીનો ઉપયોગ યોગ્ય તારીખોને કારણે કરી શકાતા નથી.
- સામાન્ય રીતે રાજયોની યાદીમાં જોડાવા માટેની પાત્રતા તારીખ 1 જાન્યુઆરી છે. એટલે કે જો કોઈ વ્યકિત 2 જાન્યુઆરીએ અથવા તે પછી 18 વર્ષ પૂર્ણ કરે છે, તો તેણે એક વર્ષ સુધી રાહ જોવી પડશે.
- જયારે કેન્દ્ર સરકારે કાયદામાં સુધારો કરીને પાત્રતા માટે 4 તારીખો (1 જાન્યુઆરી, 1 એપ્રિલ, 1 જુલાઈ અને 1 ઓકટોબર) નક્કી કરી છે.
- Centre For Media Studies ના અહેવાલ અનુસાર લોકસભાથી લઈને વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની તમામ ચૂંટણીઓ એક સાથે યોજાય તો પણ કુલ ખર્ચ 10 લાખ કરોડ રૂપિયા થઈ શકે છે.
- વર્ષ 2024 ની લોકસભા ચૂંટણીમાં 1.20 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.
- જો દેશમાં એક સાથે વિધાનસભાની ચૂંટણી થાય તો કુલ વિધાનસભા બેઠકો 4500 મુજબ 3 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે.
- સ્થાનિક ચૂંટણીઓમાં 5.30 લાખ કરોડનો ખર્ચ થાય છે.
- આ તમામ ખર્ચમાં માત્ર ચૂંટણી ખર્ચ જ નહી પરંતુ રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવતા ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવે છે.
- જો મતદાનનો સમયગાળો એક સપ્તાહનો હોય અને રાજકીય પક્ષો આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરે તો આ ખર્ચ ઘટીને 3 -5 લાખ કરોડ રૂપિયા સુધી આવી શકે છે.

## નવી દિલ્હી ખાતે 18 મી G-20 સંમેલનનું આયોજન કરવામાં આવ્યું

- 18 મી G-20 સમિટ ભારતના નવી દિલ્હીમાં યોજાઈ હતી. ભારતે સૌપ્રથમ વખત G-20 નેતાઓના સંમેલનનું આયોજન કર્યુ હતું.
- તે નવી દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે ભારત મંડપમમાં યોજાઈ હતી.



- વડાપ્રધાન નરેન્દ્રમોદીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈસ ઈનાસિયો લૂલા – દા – સિલ્વિાને પરંપરાગત ગેવલ (એક પ્રકારનો હથોડો) સોંપી G-20 ની અધ્યક્ષતા સોંપી હતી.
- હવે 2024 માં બ્રાઝિલ G-20 ની અધ્યક્ષતા કરશે.
- 1 લી ડિસેમ્બર 2022 ના રોજ ભારતે ઈન્ડોનેશિયા પાસેથી એક વર્ષ માટે G-20 નું અધ્યક્ષ પદ સંભાળ્યુ હતું.
- ભારત 30 નવેમ્બર 2023 સુધી અધ્યક્ષ પદ સંભાળશે.

❖ **G-20ની અધ્યક્ષતાનો લોગો અને થીમ :**

- G-20ના લોગોમાં કમળનું પ્રતીક દર્શાવવામાં આવે છે. તેની સાત પાંખડીઓ સાત ખંડોનું પ્રતિનિધિત્વ કરે છે.
- G-20ના અધ્યક્ષપદની થીમ 'વસુધૈવ કુટુંમ્બકમ – એક પૃથ્વી એક પરિવાર, એક ભવિષ્ય (One Earth, One Family, One Future) છે.
- G-20 લોગોના રંગ ભારતના રાષ્ટ્રધ્વજના રંગોમાંથી પ્રેરણા લે છે.

❖ **G-20 સમિટ 2023 ના મુખ્ય પરિણામ**

**(1) G-20 નવી દિલ્હી ઘોષણાપત્ર**

- સમિટમાં 'G-20 નવી દિલ્હી ઘોષણાપત્ર' (G-20 New Delhi Declaration) સર્વસંમતિનથી પસાર કરવામાં આવ્યું હતું.
- આ ઘોષણાપત્રમાં નવ વાર ભારતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

Banking Academy

- 'G-20 નવી દિલ્હી ઘોષણાપત્ર' વિવિધ વૈશ્વિક મુદ્દાઓને સંબોધિત કરે છે અને G7 દેશો તથા રશિયા – ચીન બ્લોક વચ્ચે સર્વસંમતિ બનાવવાનો પ્રયાસ દર્શાવે છે.
- જો કે મોટાભાગનું ધ્યાન યુક્રેન રશિયા સંઘર્ષ પર કેન્દ્રિત છે.
- આ ઘોષણા ટકાઉ વિકાસ, લિંગ સમાનતા, આતંકવાદ વિરોધી અને અન્ય બાબતો સાથે દસ પ્રકરણોમાં વિષયોની વિશાળ શ્રેણીને આવરી લે છે.
- ઘોષણામાં ભારતના G-20 પ્રેસિડેન્સી દરમિયાન શરૂ કરાયેલ તમામ જોડાણ જૂથો અને પહેલોને પણ માન્યતા આપવામાં આવી છે.
- તે ભાવિ G-20 અધ્યક્ષપદ માટેનો તબક્કો સુયોજિત કરે છે. જેમાં 2024 માં બ્રાઝિલ, 2025 માં દક્ષિણ આફ્રિકા અને 2026 માં અમેરિકાનો સમાવેશ થાય છે.

**(2) આફ્રિકન યુનિયનનો G-20 ના કાયમી સભ્ય તરીકે સમાવેશ.**

- તે G-20 માં આફ્રિકન હિતો અને દષ્ટિકોણને સાંભળવા અને ઓળખવાની મંજૂરી આપે છે.
- તેમાં 55 આફ્રિકન સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- વર્ષ 1963 માં આફ્રિકાના સ્વતંત્ર દેશો દ્વારા સ્થાપના કરવામાં આવી હતી. આ સંઘનો હેતુ આફ્રિકાના દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવાનો છે.

**(3) ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ (Global Biofuel Alliance)**

- સંમેલનમાં GBA ને સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું છે.
- તે ભારતના અધ્યક્ષપદ હેઠળની એક મુખ્ય પહેલ છે.
- તેનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સહયોગ અને ટકાઉ બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ વૈશ્વિક બાયોફ્યુઅલ વેપારને સરળ બનાવવા અને રાષ્ટ્રીય જૈવ ઈંધણ કાર્યક્રમોને તકનીકી સહાય પૂરી પાડવાનો છે.
- ભારત, અમેરિકા, બ્રાઝિલ, આર્જેન્ટિના, બાંગ્લાદેશ, ઈટલી, મોરેશિયસ, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાત સહિત નવ દેશો દ્વારા આ જોડાણની શરૂઆત કરવામાં આવી હતી.
- કુલ મળીને 19 દેશો અને 12 આંતર– રાષ્ટ્રીય સંસ્થાઓ તેમાં જોડાવા સંમત થયા છે.
- GBA ને ટેકો આપતા દેશો જેને G-20 માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા જે આ મુજબ છે: બાંગ્લાદેશ, સિંગાપાર, મોરેશિયસ, સંયુકત આરબ અમીરાત.
- GBA ના બિન–સહાયક દેશો –આઈસલેન્ડ, કેન્યા, ગુયાના, પેરાગ્વે, સેશેલ્સ, શ્રીલંકા, યુગાન્ડા, અને ફિનલેન્ડ છે.

**(4) IMEC (India – Middle East Europe Economic Corridor)**

- તે વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ (PGII) માટે ભાગીદારી તરીકે ઓળખાતી વ્યાપક પહેલનો એક ભાગ છે.
- PGII ને યુ.કે.માં જૂન 2021 માં આયોજિત G-7 સમિટ દરમિયાન રજૂ કરવામાં આવ્યું હતું.
- IMEC નો ઉદ્દેશ્ય રેલવે અને દરિયાઈ માર્ગો સહિત પરિવહન કોરિડોરનું નેટવર્ક સ્થાપિત કરવાનો છે.

**(5) નાણાકીય સમાવેશ દસ્તાવેજ માટે G-20 વૈશ્વિક ભાગીદારી**

- વિશ્વ બેંક દ્વારા તૈયાર કરવામાં આવેલ G-20 Global Partnership for Financial Inclusion અહેવાલે કેન્દ્ર સરકાર હેઠળ છેલ્લા એક દાયકામાં ભારતના DPI (Digital Public Infrastructure) ની પરિવર્તનકારી અસરની પ્રશંસા કરી
- ભારતની મુખ્ય પહેલો :
  - **(a) PM જનધન યોજના :** બેંક ખાતાધારકની સંખ્યા વર્ષ 2015 માં 147.2 મિલિયનથી વધીને વર્ષ 2022 માં 462 મિલિયન થઈ છે.
  - (b) **ઝડપી નાણાકીય સમાવેશ :** જનધન – આધાર – મોબાઈલ (JAM) ટ્રિનિટીની મદદથી નાણાકીય સમાવેશ દર વર્ષ 2008 માં 25% થી વધારીને છ વર્ષમાં 80% થી વધુ કરવામાં આવ્યો હતો.
  - (c) **UPI ના ઉપયોગમાં પ્રગતિશીલ વધારો :** મે 2023 માં 9.41 અબજ થી વધારે UPI વ્યવહારો થયા હતા, જેની કિંમત રૂા. 14.89 ટ્રિલિયન હતી.
  - (d) સરકારથી વ્યકિતની ચૂકવણીઓ (G2P) G2P ના માળખાકીય સુવિધાથી 53 મંત્રાલયોની 312 યોજનાઓ દ્વારા લાભાર્થીઓને 361 બિલિયન અમેરિકન ડોલરની સુવિધા આપી છે.
  - **(e) ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતા :**
    - DPI એ જટીલતા, ખર્ચ અને સમય ઘટાડીને ખાનગી સંસ્થાઓની કામગીરીને સુવ્યવસ્થિત કરી હતી.
  - **(f) KYC અમલીકરણ ખર્ચમાં ઘટાડો :**
    - અનુપાલન ખર્ચ 0.12 અમેરિકન ડોલરથી 0.06 અમેરિકન ડોલર સુધી ઘટાડીને વધુ ઓછી આવક ધરાવતા ગ્રાહકોને આકર્ષે છે.
  - **(g) આંતરરાષ્ટ્રીય ચૂકવણી :**
    - UPI – PayNow લિન્કેજ સિંગાપોર સાથે ઝડપી અને સસ્તી ક્રોસ બોર્ડર પેમેન્ટ સુનિશ્ચિત કરે છે.
  - **(h) Account Agreegator Framework**
    - 1.13 બિલિયન ખાતાધારકો 13.46 મિલિયન સંમતિ સાથે માહિતીનો આપલે કરવા સક્ષમ છે.
  - **(i) DEPA (Data Empowerment And Protection Architectue ) :**
    - DEPA એ વ્યકિતઓને તેમના ડેટા પર નિયંત્રણ પ્રદાન કરે છે તથા નવીનતા અને સ્પર્ધાને પ્રોસ્તાહન આપે છે.

**(6) આબોહવા પરિવર્તન :**

- G-20 દેશોએ વર્ષ 2030 સુધીમાં વૈશ્વિક રિન્યુએબલ એનર્જી ક્ષમતાને ત્રણ ગણી કરવાની દિશામાં કામ કરવાનું વચન આપ્યું છે.
- તે વૈશ્વિક તાપવૃધ્ધિને 1.5° સેલ્સિયસ સુધી મર્યાદિત કરવાના વૈશ્વિક પ્રયાસોને અનુરૂપ છે.

**(7) વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને પોષણ માટે પ્રતિબદ્ધતા**

- G-20 દેશોએ 'બ્લેક સી ગ્રેઈન' પહેલના સમયસર અને સંપૂર્ણ અમલીકરણ માટે હાકલ કરી હતી.
- G-20 પ્રેસીડેન્સી દરમિયાન કૃષિ કાર્યકારી જૂથે બે પાસાઓ પર ઐતિહાસિક સર્વસંમતિ હાંસલ કરી હતી : ખાદ્ય સુરક્ષા અને પોષણ પરના સહસ્ત્રાબ્દી G-20 ઉચ્ચ – સ્તરના સિંધ્ધાતો અને MAHARISHI નામની બાજરી પહેલ.
- તેઓએ નિકાસ પ્રતિબંધ ન લાદવાની, બજારની વિકૃતિઓ ઘટાડવા અને WTO નિયમો સાથે સંરેખિત થવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**(8) નાના હથિયારો અને આંતકવાદીઓના સુરક્ષિત આશ્રય સ્થાનો :**

- G-20 દેશોએ સ્પષ્ટ પણે તેના તમામ સ્વરૂપો અને અભિવ્યકિતઓમાં આતંકવાદની નિંદા કરી છે.

**(9) આરોગ્ય સંભાળ :**

- તે વધુ સ્થિતિ સ્થાપક, સમાન, ટકાઉ અને સમાવિષ્ટ આરોગ્ય પ્રણાલીનું નિર્માણ કરવા માટે વૈશ્વિક આરોગ્ય પ્રણાલીને મજબૂત કરવા પ્રતિબધ્ધ છે.
- આ પ્રયાસમાં WHO ની મુખ્ય ભૂમિકા છે.
- તેનુ લક્ષ્ય પ્રાથમિક આરોગ્ય સંભાળ, આરોગ્યક્ષેત્રના કર્મચારીઓ અને આવશયક આરોગ્ય સેવાઓને આગામી બે થી ત્રણ વર્ષમાં પૂર્વ મહામારી કરતા વધુ સારા સ્તરે વધારવાનો છે.

**(10) જળવાયુ ભંડોળ – પ્રતિબધ્ધતા :**

- ઘોષણાપત્રમાં એક અબજ ડોલરથી એક ટ્રિલિયન ડોલર સુધીના 'કવોન્ટમ જમ્પ' માટે હાકલ કરવામાં આવી છે.

**(11) ફાયનાન્સ ટ્રેક એગ્રીમેન્ટ :**

- ભારતના અધ્યક્ષપદે ક્રિપ્ટોકરન્સી માટે સંકલિત અને વ્યાપક નીતિ અને નિયમનકારી માળખાનો પાયો નાખ્યો છે.
- તેણે ક્રિપ્ટો એસેટ નિયમન માટે વૈશ્વિક સર્વસંમતિ પર ભાર મૂકયો છે.

**(12) ભારત માર્કોસુર પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ :**

- ભારત અને બ્રાઝિલના આર્થિક સંબધોને વેગ આપવા માટે આ સમજૂતિના વિસ્તરણ માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે.
- મર્કોસુર એ લેટિન અમેરિકામાં બ્રાઝિલ, આર્જેન્ટિના, ઉરૂગ્વે અને પેરાગ્વેનો સમાવેશ કરતું વેપારી જૂથ છે.

**(13) G-20 સમિટ 2030 માં ભારત –યુ.એસ સહયોગ:**

- ભારત અને અમેરિકા તેમની ટેકનોલોજી ભાગીદારી મજબૂત કરી રહયા છે, સ્થિતિસ્થાપક સેમિકન્ડકર સપ્લાય ચેઈન અને ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

❖ **G-20 સમિટની અન્ય મુખ્ય વિશેષતા :**

**(1) વિશ્વની સૌથી ઊંચી નટરાજની પ્રતિમા :**

- ભારત મંડપમ ખાતે ભગવાન નટરાજની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્થાપવામાં આવી હતી.
- ભારત મંડપમ ખાતે સ્થાપિત થયેલ આ પ્રતિમાની ઉંચાઈ 18 ફૂટ છે.
- તમિલનાડુના કારીગરો દ્વારા અષ્ટધાતુ (આઠ ધાતું) માંથી કોતરવામાં આવેલી નટરાજની આ નોંધપાત્ર મૂર્તિનું વજન 18 ટન છે.
- આ પ્રતિમાં તમિલનાડુના સ્વામી મલાઈના પ્રસિધ્ધ શિલ્પકાર રાધાકુષ્ણન દ્વારા બનાવવામાં આવી છે.
- આ મૂર્તિની ડિઝાઈન ત્રણ પ્રતિષ્ઠિત નટરાજ શિલ્પોથી પ્રેરિત છે.
  - ચિદમ્બરમ ખાતે થિલાઈ નટરાજ મંદિર
  - કોનેરી રાજાપુરમ ખાતે ઉમા મહેશ્વરા મંદિર
  - બૃહદેશ્વર મંદિર, તંજાવુર
- આ મૂર્તિને લુપ્ત મીણ પધ્ધતિનો (Lost Wax Method) નો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે.

**(2) કોર્ણાક ચક્ર**

- ભારત મંડપમ ખાતે ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને વારસાના પ્રદર્શન તરીકે અન્ય દેશોના સ્વાગત માટે ઓડિશાના સૂર્ય મંદિરના ઐતિહાસિક કોર્ણાક ચક્ર ભીંતચિત્રને દર્શાવતી દિવાલ સ્થાપિત કરવામાં આવી છે.
  - ➢ કોર્ણાક સૂર્યમંદિર
    - તે ઓડિશા રાજયમાં પવિત્ર શહેર પુરીની નજીક આવેલુ છે.
    - તેનું નિર્માણ 13 મી સદીમાં રાજ નરસિંહ દેવ પ્રથમે કરાવ્યુ હતું.
    - તે ગંગવંશની ભવ્યતા, સ્થાપત્ય, શકિત અને સ્થિરતા તેમજ ઐતિહાસિક પર્યાવારણનું પ્રતિનિધિત્વ કરે છે.
    - મંદિર એક વિશાળ રથના આકારમાં બનાવવામાં આવ્યુ છે. જે સૂર્યભગવાનને સમર્પિત છે.
    - કોણાર્કનું સૂર્યમંદિર કાળા ગ્રેનાઈટ પથ્થરમાંથી બન્યુ હોવાથી તે કાળા પૈગોડા તરીકે પણ ઓળખાય છે.
    - વર્ષ 1984 માં UNESCO દ્વારા તેને વિશ્વ વિરાસત સ્થળ જાહેર કરવામાં આવ્યું હતું.

### ❖ G-20 ની અધ્યક્ષતા અને ટ્રોઈકા

- G-20 નું અધ્યક્ષપદ દર વર્ષે સભ્યો વચ્ચે ફરે છે.
- 2023 માં ભારત પાસે અધ્યક્ષપદ હતું જયારે અગાઉ વર્ષ 2022 માં તે ઈન્ડોનેશિયા પાસે હતું.
- અધ્યક્ષતા ધરાવતો દેશ, અગાઉના અને આગામી અધ્યક્ષપદ ધારક સાથે મળીને G-20 ની કાર્યસૂચીની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે Troika (ટ્રોઈકા) ની રચના કરે છે. (ભૂતકાળ + વર્તમાન + ભવિષ્ય અધ્યક્ષ = ટ્રોઈકા)
- ભારતના અધ્યક્ષપદ દરમિયાન ટ્રોઈકામાં ઈન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલનો સમાવેશ થાય છે.
- વર્ષ 2023 ની G-20 સમિટમાં બાંગ્લાદેશ, ઈજિપ્ત, મોરેશિયસ, નેધરલેન્ડ, નાઈજીરીયા, ઓમાન, સિંગાપોર, સ્પેન અને યુએઈ આમંત્રિત દેશો હતા.

### Group of 20 (G-20) વિશે....

- G-20 માં ભારત સહિત વિશ્વના 19 શકિતશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમુહ છે.
- 19 દેશોમાં : ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની ઈન્ડોનેશિયા, ઈટલી જાપાન, મેકિસ્કો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- હવેથી આફ્રિકન યુનિયનનો 21 માં સભ્ય તરીકે સમાવેશ થયો છે.
- G-20 વિશ્વના કુલ GDP માં 90% નું યોગદાન, વ્યાપારમાં 75-80 %, વસતિના $\frac{2}{3}$ ભાગનું અને જમીનમાં 50% હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમુહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999 ના રોજ થઈ હતી.
- સૌ પ્રથમ G-20 સમિટનું આયોજન વર્ષ 2008 માં અમેરિકાના વોશિંગ્ટન DC ખાતે થયુ હતું.

Banking Academy

ગુજરાત સરકારની તમામ ભરતીઓની તૈયારી

# હવે Govt. Jobs ઉધના માં

**Sosyo Circle**

2023-2024 માં સંભવિત 20000 થી વધુ ભરતીઓની થનાર જાહેરાત

- GPSC
- Class-3
- PSI
- કોન્સ્ટેબલ
- તલાટી
- બિન સચિવાલય
- જુ.ક્લાર્ક
- TET/TAT

- નિષ્ણાંત ફેકલ્ટીઓ
- Weekly Test
- Full Day Reading
- સંપૂર્ણ મટીરીયલ્સ
- OMR Mock Test

**ADMISSION OPEN**

તૈયારી માટેના નવા વર્ગો

## ટૂંક સમયમાં શરૂ

## ગુજરાતની જૂની અને સૌથી વિશ્વસનીય સંસ્થા

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

| સુરત (ઉધના) | સુરત (વરાછા) | સુરત (કતારગામ) |
|---|---|---|
| Ph. : 70461 40555 | Ph. : 70464 16555 | Ph. : 70466 31555 |

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## બિઝનેસ 20 (B20) ઈન્ડિયા 2023 સમિટનું આયોજન કરવામાં આવ્યું

- વડાપ્રધાન નરેન્દ્રમોદીએ નવી દિલ્હી ખાતે આયોજિત બિઝનેસ 20(B20) ઈન્ડિયા 2023 ને સંબોધન કર્યુ હતું.
- B-20 સંમેલનની થીમ R.A.I.S.E. હતી. R – Responsible (જવાબદાર), A – Accelerated (ઝડપી) I – Innvoative (નવીન) S- Sustainable (ટકાઉ) અને E- Equitable Bussiness (સમાન વ્યવસાય)




- આ સંમેલનનો ઉદ્દેશ્ય વૈશ્વિક ભાગીદારો સાથે સમાવેશી વૈશ્વિક મૂલ્ય શૃંખલા, ઉર્જા અને આબોહવા પરિવર્તન, ડિજિટલ પરિવર્તન, નાણાકીય સમાવેશ અને ભાવિ રોજગાર જેવા ક્ષેત્રોમાં સહયોગ કરવાનો છે.

❖ **સંમેલનના મુખ્ય મુદ્દાઓ :**

- બજારની નફાકારક સ્થિતિ જાળવવા માટે ઉત્પાદકો અને ગ્રાહકો બંનેના હિતોને સંતુલિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.
- COVID- 19 મહામારીના પગલે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓમાં ઉલટાવી શકાય તેવા વિક્ષેપો તરફ ધ્યાન દોરે છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક વ્યાપાર સાથે સંકળાયેલા દેશોને માત્ર બજારો તરીકે ગણવા અંગેની ચેતવણી આપે છે.
- સંમેલનમાં પરંપરાગત ‘Brand and Sell’ અભિગમના પુનઃપરિચયને સમર્થન આપવામાં આવ્યું હતું.
- તેમાં પાંચ વર્ષમાં 13.5 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં અને નવો ગ્રાહક આધાર બનાવવામાં ભારતની સફળતાને પ્રકાશિત કરવામાં આવી હતી.
- ઉત્પાદકો અને ખરીદદારો વચ્ચે વિશ્વાસ વધારવા માટે વાર્ષિક ‘આંતરરાષ્ટ્રીય ગ્રાહક સેવા દિવસ’ નું સૂચન કરવામાં આવ્યું હતું.

❖ **બિઝનેસ – 20 (B-20)**

- B-20 એ સત્તાવાર G-20 સંવાદ મંચ છે. જેમાં વૈશ્વિક વેપારી સમુદાય સામેલ છે.
- વૈશ્વિક આર્થિક અને વેપાર નિયંત્રણો પર વૈશ્વિક વ્યાપારી નેતાઓના મંત્વયો એકત્ર કરવામાં B-20 અગ્રણી ભૂમિકા ભજવે છે.
- તે સમગ્ર G-20 બિઝનેસ સમુદાયના એકીકૃત અવાજનું પ્રતિનિધિત્વ કરે છે.
- G-20 પ્રેસિડેન્સી દ્વારા દર વર્ષે B-20 અધ્યક્ષની નિમણૂક કરવામાં આવે છે. જેને B20 શેરપા (પ્રતિનિધિ) અને સચિવાલય દ્વારા સમર્થન મળે છે.
- B-20 સર્વસંમતિ – આધારિત નીતિ ભલામણો માટે જવાબદાર ટાસ્ક ફોર્સ અને એકશન કાઉન્સિલ દ્વારા કાર્ય કરે છે.

## સુપ્રીમ કોર્ટે લગ્ન માટે જાહેર જાહેરાતો જરૂરી નથી એવુ જણાવ્યું

- સુપ્રીમ કોર્ટે જાહેર કર્યુ છે કે તમામ લગ્નોને જાહેર ઘોષણા અથવા સમારંભની જરૂર નથી.
- વધુમાં, કોર્ટે તમિલનાડુના કાયદાને મંજૂરી આપી હતી જે ‘સ્વ–સન્માન’ લગ્નોને મંજૂરી આપે છે અને પુષ્ટિ કરી હતી કે વકીલો સંમતિ આપતા પુખ્યવયના લોકો વચ્ચે ‘સ્વ– સન્માન’ લગ્ન કરી શકે છે.



- રાજયમાં વર્ષ 1967 ના સુધારા દ્વારા તમિલનાડુમાં અમલમાં આવેલ હિંદુ વિવાહ અધિનિયમની અનુચ્છેદ 7 – અ, હિન્દુઓમાં સ્વાભિમાન અથવા સુધારેલા લગ્નોને કાનુની માન્યતા આપે છે.
- આ લગ્નો સંબંધીઓ, મિત્રો અથવા અન્ય વ્યકિતઓની હાજરીમાં સંપન્ન થઈ શકે છે અને વરરાજાને ઔપચારિક જાહેર સમારંભ વિના લગ્ન કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે અને વકીલોને આવા લગ્નો વ્યકિતગત રીતે કરવા માટે સત્તા આપવામાં આવી શકે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ – 21 મુજબ કોર્ટનો નિર્ણય કોઈપણ બહારની વ્યકિતનો દખલ વિના જીવનસાથી પસંદ કરવાના અધિકારોને સમર્થન આપે છે.
- વર્ષ 1925 માં ઈ.વી. રામાસ્વામી નાયકર (પેરિયાર) દ્વારા શરૂ કરાયેલ સ્વ–સન્માન ચળવળનો મુખ્ય ઉદ્દેશ્ય બ્રાહ્મણ પૂજારી વિના લગ્ન કરાવવાનો હતો.

Banking Academy

## ઉત્તરપ્રદેશમાં G-20 સંસ્કૃતિ મંત્રી સ્તરીય બેઠક યોજાઈ હતી




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના વારણસીમાં G-20 સંસ્કૃતિ મંત્રી સ્તરની બેઠકનું સમાપન કર્યુ હતું.
- જેમાં સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત કરવા સ્વદેશ પ્રત્યાવર્તન અને મિલકતોના જોખમનું નિરાકરણ જેવા મુખ્ય મુદ્દાઓ પર સહમત થયા હતા.

❖ **G-20 સંસ્કૃતિ સંમેલનની મુખ્ય બાબતો :**

- 'કાશી કલ્ચર પાથવે' દસ્તાવેજમાં સાંસ્કૃતિક વારસા માટેના વિવિધ જોખમોની ઓળખ કરવામાં આવી છે.
- જેમા લૂંટ, સાંસ્કૃતિક સંપતિની ગેરકાયદેસર હેરફેર, સાંસ્કૃતિક સ્થળોનો વિનાશ, અવશેષોની અપવિત્રતા વગેરેનો સમાવેશ થાય છે.
- આ જોખમોથી સાંસ્કૃતિક ગુણધર્મો ઉલટાવી ન શકાય તેવું નુકસાન, સામાજીક – સાંસ્કૃતિક પ્રથાઓમાં વિક્ષેપ અને લોકો તથા સમુદાયોના સાંસ્કૃતિક, માનવ, આર્થિક અને સામાજિક અધિકારોને પ્રભાવિત કરી શકે છે.
- સંમેલનમાં G-20મંત્રીઓએ સાંસ્કૃતિક સંપતિની ગેરકાયદેસર હેરફેરને મદદ કરતા ઓનલાઈન પ્લેટફોર્મ વધવા અંગે ચિંતા વ્યકત કરી હતી. અને આ મુદ્દાને ઉકેલવા માટે નિયમોની જરૂરિયાતો પર ભાર મૂકયો હતો.
- મંત્રીઓએ સાંસ્કૃતિક સંપત્તિના વિનાશ અને હેરફેર તથા સંગઠિત ગુનાઓ જેમ કે મની લોન્ડરીંગ, ભ્રષ્ટ્રાચાર, કરચોરી અને આંતકવાદને ધિરાણ , ખાસ કરીને યુધ્ધની પરિસ્થિતિ વચ્ચેના જોડાણ પર ચર્ચા કરી હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી સ્થિત 'પ્રધાનમંત્રી મ્યુઝિયમ' નો ઉલ્લેખ કર્યો હતો, જે ભારતના લોકશાહી વારસાને દર્શાવે છે.
- તેણે 'યુગ – યુગીન ઈન્ડિયા' રાષ્ટ્રીય વિકાસનો પણ ઉલ્લેખ કર્યો હતો જે ભારતના 5,000 વર્ષથી વધુના ઈતિહાસ અને સંસ્કૃતિને પ્રદર્શિત કરશે.
- બધા જ સહભાગી રાષ્ટ્રોએ સાંસ્કૃતિક વારસાના ઈરાદાપૂર્વક વિનાશ સામે એકતા વ્યકત કરી હતી.

## માયલારા પંથના અસ્તિત્વ અંગેની પુષ્ટિ થઈ



- કર્ણાટક રાજયમાં ઉડુપી જિલ્લાના બસરુર ખાતેથી બે પ્રાચીન મૂર્તિઓની શોધથી દરિયાકાંઠાના પ્રદેશમાં માયલારા સંપ્રદાયની હાજરી હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી.
- એક શિલ્પમાં ઘોડા પર સવાર એક શાહી નાયક તેના હાથમાં તલવાર અને બાઉલ ધરાવે છે. તેમાં ઘોડાની બેસવાની મુદ્રા અસામાન્ય દર્શાવવામાં આવી છે. તે 15 મી સદીનું હોવાથી સંભાવના છે.
- માયલારા અને માયલાલા દેવીને સુશોભિત ઘોડા પર બેઠેલા અને તલવારો પકડીને દર્શાવતી બીજી પત્થરની ગોળી એક ટાંકી – માંથી મળી આવી હતી. તે 17 મી સદીનું હોવાની સંભાવના છે.

❖ **મેલારા સંપ્રદાય**

- મેલારા સંપ્રદાય મધ્યકાલીન ડેક્કન પ્રદેશમાં ધાર્મિક પરંપરા હતી.
- આ સંપ્રદાય મયલારા નામની દેવીની પૂજા પર કેન્દ્રિત છે, જેને ભગવાન શિવનું સ્વરૂપ માનવામાં આવે છે.

## કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બાળકોને મદદ કરવા માટે વૈશ્વિક સોફ્ટવેર કંપની એડોબ સાથે કરાર કર્યા

- કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે એડોબ એક્સપ્રેસ એપ્લિકેશનનો ઉપયોગ કરીને વર્ગખંડોમાં સર્જનાત્મક અભિવ્યકિત વિકસાવવામાં બાળકોને મદદ કરવા માટે વૈશ્વિક સોફ્ટવેર અગ્રણી એડોબ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- આ એડોબ એક્સપ્રેસના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં સર્જનાત્મક અભિવ્યકિત અને ડિજિટલ સાક્ષરતાને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકશે, જે Adobe અનુસાર, જનરેટિવ AI ક્ષમતાઓ સાથે સરળ સામગ્રી બનાવવાની એપ્લિકેશન છે.
- એડોબ એકસપ્રેસ આધારિત અભ્યાસક્રમનો ઉપયોગ કરીને વર્ષ 2027 સુધીમાં લગભગ 20 મિલિયન વિદ્યાર્થીઓ અને 5000 શિક્ષકોને સર્જનાત્મકતા અને ડિજિટલ સાક્ષરતામાં તાલીમ અને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવશે.

Adobe | सत्यमेव जयते | शिक्षा मंत्रालय MINISTRY OF EDUCATION

- એડોબ એક્સપ્રેસ (Adobe Express) એ એક વપરાશકર્તા મૈત્રીપૂર્ણ એપ્લિકેશન છે. જે Adobe Spark પર નિર્માણ કરે છે અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટે એક વ્યાપક પ્લેટફોર્મ પૂરું પાડવા Adobe ના દાયકાઓની ટેકનોલોજી ઈનોવેશનનો ઉપયોગ કરે છે.
- જે વિદ્યાર્થીઓથી લઈને સોશિયલ મીડિયા પ્રભાવકો, નાના વ્યવસાયો, નોલેજ કર્મચારી, અને વ્યવસાયિક ફોટોગ્રાફરો સુધીના વપરાશકર્તાઓની વિશાળશ્રેણી માટે સામગ્રી નિર્માણને સુલભ બનાવવા માટે રચાયેલ છે.
- તેનો મુખ્ય ધ્યેય સામગ્રી બનાવવાની પ્રક્રિયાને સરળ, સાહસિક અને ઝડપી બનાવવા માટે મદદ કરવાનો છે.

## NCERT ને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો




- NCERT (The National Council of Educational Research And Training ) ને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે.
- NCERT ના 63 માં સ્થાપના દિવસે સંબોધન દરમિયાન કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આ જાહેરાત કરી હતી.
- NCERT હવેથી સ્નાતક, અનુસ્નાતક અને ડોકટરેટની પદવી પણ આપી શકશે.
- NCERT રાષ્ટ્રમાં શાળા શિક્ષણને પૂરી પાડતી ટોચની સંસ્થા, શૈક્ષણિક સંશોધન અને નવીનતા, અભ્યાસક્રમ વિકાસ તેમજ અભ્યાસ સામગ્રી અને શિક્ષણ અધ્યયન સમિતિની રચના સહિત વિવિધ સાહસો અને પહેલો હાથ ધરવામાં કેન્દ્રીય સ્થાન ધરાવે છે.
- NCERT ની સ્થાપના વર્ષ 1961 માં સોસાયટી એકટ હેઠળ શાળા શિક્ષણના ક્ષેત્રમાં સરકારને સહાય અને માર્ગદર્શન આપવાના પ્રાથમિક હેતુ સાથે કરવામાં આવી હતી.
- ડીમ્ડ યુનિવર્સિટી એટલે કે ઉચ્ચ પ્રદર્શન કરતી સંસ્થા કે જેને તેની કામગીરી, પ્રવેશ પ્રક્રિયા તેમજ તેના અભ્યાસક્રમ અને ફી માળખું જાતે જ તૈયાર કરવાની સ્વાયત્તતા આપવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા UGC ની સલાહ પર 'ડીમ્ડ યુનિવર્સિટી' તરીકે સંસ્થા જાહેર કરી શકાય છે.

### University Grant Commission (UGC) વિશે....

**વડુમથક** : દિલ્હીમાં
- તેનો પાયો 28 ડિસેમ્બર, 1953 ના રોજ તત્કાલીન શિક્ષણમંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદે નાખ્યો હતો.
- તેને UGC Act 1956 અંતર્ગત બનાવવામાં આવી હતી.
- તે એક વૈદ્યાનિક સંસ્થા છે.
- તેનું મુખ્યકાર્ય ઉચ્ચ શિક્ષણના ધોરણો નક્કી કરવા તેમજ માન્ય યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અનુદાનની વહેચણી કરવાનું છે.

## બ્રિટનથી શિવાજીનો 'વાઘ નખ' ભારત પરત લાવવામાં આવશે

- બ્રિટન સરકારે છત્રપતિ શિવાજી મહારાજના 'વાઘ નખ'ને ભારતને સોંપવાની મંજૂરી આપી છે.
- આ વાઘ નખને બ્રિટનથી ભારતમાં પરત લાવવાની માંગ ઘણા સમયથી કરવામાં આવી રહી હતી.
- જે માટે બ્રિટન સરકાર દ્વારા શિવાજીના વાઘ નખને પાછા આપવા માટેની મંજૂરી મળતા રાજય સરકાર સાથે ટૂંક સમયમાં કરાર કરવામાં આવશે.
- 'વાઘ નખ' એ માત્ર મહારાષ્ટ્ર રાજયનો જ નહી, પરંતુ દેશનો ઐતિહાસિક ખજાનો છે.
- આ ખંજરથી છત્રપતિ શિવાજી મહારાજે અફઝલ ખાનને મારી નાખ્યો હતો.
- ઐતિહાસિક મહત્વ ધરાવતા છત્રપતિ શિવાજી મહારાજના આ વાઘ નખ હાલમાં બ્રિટનના વિકટોરિયા અને આલબર્ટ મ્યુઝિયમમાં સંગ્રહિત છે.

### છત્રપતિ શિવાજી મહારાજ વિશે....

**જન્મ** : 19 ફેબ્રુઆરી, 1960 શિવનેરી કિલ્લો (પૂણે, મહારાષ્ટ્ર)
**અવસાન** : 3 એપ્રિલ, 1680 રાયગઢ કિલ્લો (મહારાષ્ટ્ર)
**પિતા** : શાહજી ભોંસલે
**માતા** : જીજાબાઈ
**ગુરુ** : દાદાજી કોંડદેવ
**આધ્યાત્મિક ગુરુ** : સમર્થ રામદાસ




## G-20 સમિટની સુરક્ષા માટે નેત્ર એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યું

- નવી દિલ્હીના પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ ઈન્ટરનેશનલ એક્ઝિબિશન કન્વેન્શન સેન્ટર (IECC) ખાતે G-20 સંમેલન, 2023 નું આયોજન કરવામાં આવ્યું.
- આ સંમેલનમાં 19 દેશોના પ્રતિનિધિઓ ઉપરાંત અમેરિકા અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ સહિત બ્રિટન અને જાપાનના વડાપ્રધાન પણ ભાગ લેશે.
- આ G-20 સમિટની સુરક્ષા માટે ભારતીય વાયુસેના દ્વારા 'નેત્ર' એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવશે.
- નેત્ર સ્વદેશી સર્વેલન્સ અને મોનિટરીંગ એરક્રાફ્ટ છે.

- આ એરક્રાફટને પાકિસ્તાનમાં બાલાકોટ સર્જિકલ સ્ટ્રાઈક બાદ પાકિસ્તાનની F-16 ફાઈટર પ્લેન પર નજર રાખવા માટે તૈનાત કરવામાં આવ્યું હતું.

❖ **AWACS (Airborne Warning And Control System)**



- આ પ્રણાલી ભારત અને ઈઝરાયલના સંયુક્ત પ્રયાસથી તૈયાર કરવામાં આવેલ છે.
- આ પ્રણાલી એર ફોર્સના વિમાન સાથે જોડાયેલી હોવાથી દેશની સરહદમાં આવતા દુશ્મન દેશોની મિસાઈલ અને વિમાનોને ઓળખી તેને શોધવામાં મદદ કરે છે તેમજ ઘૂસણખોરી અંગેની અગાઉથી ચેતવણી આપે છે.
- AWACS કોઈ પણ હવામાન પરિસ્થિતિમાં આશરે 400 કિમીના અંતર સુધી દેખરેખ રાખી અને એક સાથે 60 લક્ષ્યોને સાધી શકતું હોવાથી તેને 'Eye in the sky' 'ઉડતી આકાશી આંખ' અથવા 'ઉડતા રડાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારત પાસે હાલમાં 5 AWACS ટેકનોલોજીવાળા એરક્રાફ્ટ છે. જેમાંથી 3 ઈઝરાયલના ફાલ્કન અને 2 સ્વદેશી નેત્ર એરક્રાફ્ટ છે.

## 'આરોગ્ય મૈત્રી ક્યુબ' વિશ્વની સૌપ્રથમ પોર્ટેબલ ડિઝાસ્ટર હોસ્પિટલ બની




- ભારતે વિશ્વની સૌપ્રથમ પોર્ટેબલ ડિઝાસ્ટર હોસ્પિટલનું નિર્માણ કર્યુ છે.
- આ હોસ્પિલને 'આરોગ્ય મૈત્રી ક્યુબ' નામ આપવામાં આવ્યું છે.
- તેને પ્રોજેક્ટ BHISHM (Bharat Health Initiative for sahyog Hita and Maitri) હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યું છે.
- આ હોસ્પિટલ પડકારજનક પરિસ્થિતિઓમાં બચી ગયેલા લોકોની વિવિધ જરૂરીયાતોને પૂર્ણ કરવા માટે છે.
- આ નવી આપત્તિ હોસ્પિટલ 72 ક્યુબમાં આવે છે. દરેકમાં આવશ્યક સાધનો અને પૂરવઠાનો સમાવેશ થાય છે.
- તેમાં ઓપરેશન થિયેટર, એક મિનિ–આઈ.સી.યુ. વેન્ટિલેટર, રક્ત પરિક્ષણ સાધનો, એક્સ – રે મશીન, રસોઈ સ્ટેશન, ખોરાક, પાણી, આશ્રયસ્થાન, પાવર જનરેટર છે.
- આ ક્યુબની ડિઝાઈન "રુબિકસ કયુબ" માંથી પ્રેરણા મેળવે છે. જે સુનિશ્ચિત કરે છે કે દરેક 'ક્યુબ' હળવા વજનનો છે જેમાં 20 kg કરતા પણ ઓછુ વજન ધરાવે છે.
- પ્રત્યેક માસ્ટર કયુબ જેમાં 36 મિની – ક્યુબ હોય છે. તેનું કુલ વજન 750 કિગ્રા કરતા ઓછુ હોય છે. જયારે આવા બે સમઘનનું સંયોજન કરવામાં આવે છે, ત્યારે તેઓ જીવન બચાવી શસ્ત્રક્રિયાઓ કરવા અને વ્યાપક તબીબી સંભાળ પૂરી પાડવા સક્ષમ થાય છે.
- આ કયુબ કુદરતી આફતો અને માનવતાવાદી કટોકટીના પગલે જટીલ તબીબી સંભાળ અને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે કુશળ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે.
- ક્યુબ કુદરતી આફતો અથવા કટોકટી દરમિયાન 48 કલાક માટે 200 બચી ગયેલા લોકોને મદદ કરી શકે છે.

## G-20 સમિટ દરમિયાન વિવિધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું

- નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે G-20 સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, બ્રિટનના પી.એમ ઋષિ સુનક અને G-20 જૂથના નેતાઓએ ભાગ દીધો હતો.
- સંમેલન દરમિયાન ભારત મંડપમ પાસે એક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.
- પ્રદર્શનમાં વિશ્વના નેતાઓને ડિજિટલ વિકાસ સાથે ભારતનો ઈતિહાસ, લોકશાહી પરંપરા બતાવવામાં આવશે. જે માટે AI જેવી હોઈ એન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

❖ **પ્રદર્શન ત્રણ ભાગમાં રાખવામાં આવ્યું છે.**

**(a) ભારત મંડપમની એક દિવાલને "India : wall of Democracy " નામ આપવામાં આવ્યું.**

- તેમા ભારતનો 5000 વર્ષનો ઈતિહાસ દર્શાવવામાં આવ્યો હતો.
- આ દિવાલ 25 સ્ક્રીન પેનલની બનેલી હતી. દરેક પેનલ જૂદા – જુદા સમયની કથાઓ દર્શાવતી હતી.
- જેમાં ભારત – Mother of Democracy. સિંધુ ઘાટી સંસ્કૃતિ, વૈદિકકાળ, રામાયણ, મહાભારત, મહાજનપદ અને પ્રજાસત્તાક, જૈન ધર્મ, બૌધ્ધ ધર્મ, કૌટિલ્ય અને અર્થશાસ્ત્ર, મેગાસ્થિની, સમ્રાટ અશોક, ફાહ્યાન, પાલ સામ્રાજ્યનો ખલીમપૂર તામ્રપત્ર, તમિલનાડુનું જુનું શહેર ઉથિરામેરુર, કૃષ્ણદેવ રાય, અકબર, છત્રપતિ શિવાજી, સ્થાનિક સ્વરાજય, ભારતીય બંધારણ તેમજ આધુનિક ભારતમાં ચૂંટણીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- પ્રદર્શનમાં ઉપલબ્ધ માહિતી 16 ભાષાઓમાં સાંભળી શકાશે. વ્યકિત કઈ ભાષા સમજે છે તે જાણવા માટે આ પેનલ ફેસ રિકિગ્નિશન ટેકનોલોજી (Face Recognition Technology)નો ઉપયોગ કરે છે.
- આ પ્રદર્શનની મધ્યમાં સિંધુઘાટી સંસ્કૃતિની સૌથી પ્રસિદ્ધ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ ડાન્સિંગ ગર્લને મૂકવામાં આવી છે.
- આ ડાન્સિગ ગર્લ એ પણ દર્શાવે છે કે જયારે વિશ્વમાં સંસ્કૃતિનો વિકાસ થયો નહોતો. ત્યારે પણ ભારતમાં મહિલાઓનો સમાન દરજ્જો હતો.

**(b) Digital India Experience Zone :**




- આ ઝોનમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે ટેકનોલોજી ક્ષેત્રે શું હાંસલ કર્યુ છે એ વસ્તું પ્રદર્શિત કરવામાં આવશે.
- તેમાં પ્રદર્શનનું ધ્યાન ત્રણ બાબતો– Ease of Living, Ease of Doing Business અને Ease of Governance પર હતું.
- આ પ્રદર્શનમાં ભારત સરકાર દ્વારા વિકસિત 7 સાધનો દર્શાવવામાં આવ્યા છે. જેમાં આધાર, ડિજિલોકર, ઈ–સંજીવની, ભાષિણી, UPI, DIKSHA અને ONDC સામેલ છે.
- તેમાં વર્ષ 2014 પછીના ડિજિટલ ઈન્ડિયા સફરની તસવીર રજૂ કરવામાં આવી હતી. ભારતની ડિજિટલ ટ્રાન્સફોર્મેશન યાત્રા વિદેશી મહેમાનોને વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા બતાવવામાં આવશે.

**(c) ગીતા AI**

- ગીતા AI ને પ્રદર્શનને અંતે કિઓસ્ક પર મૂકવામાં આવ્યું છે. અહિ જીવનની સમસ્યાઓથી સંબંધિત કોઈપણ પ્રશ્ન પૂછી શકાશે.
- ટેગબીન કંપની દ્વારા ગીતા AI ટૂલ વિકસાવવામાં આવ્યું છે.

## ઓડિશાના કોરાપુટ કાલાજીરા ચોખાને GI ટેગ આપવામાં આવ્યો

- કાલાજીરા ચોખા એ એક પ્રકારના સુગંધિત ચોખાની જાત છે તેમજ તેને ચોખાના રાજકુમાર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ સુગંધિત ચોખાની વિવિધતા તેના પોષકમૂલ્યો માટે જાણીતી છે, કોરાપુટ જીલ્લામાં આદિવાસી ખેડૂતો દ્વારા આ ચોખાને પેઢીઓથી ઉગાડવામાં આવે છે. તે તેના કાળા રંગ, સ્વાદિષ્ટ સ્વાદ, તેની સુગંધિતતા માટે પ્રખ્યાત છે.





**❖ તમિલનાડુના સાલેમ સાગોને GI ટેગ આપવામાં આવ્યો.**

- જે તમિલનાડુના સાલેમ જિલ્લામાં સાબુદાણા તરીકે ઓળખાય છે. તે ટેપિયોકાના મૂળમાંથી કાઢવામાં આવેલા ભીના સ્ટાર્ચ પાવડરમાંથી મેળવવામાં આવે છે.
- ભારતીય ટેપીઓકાના મૂળમાં લગભગ 30-35% સ્ટાર્ચ સામગ્રી હોય છે.
- ટેપીઓકાએ કસાવા મૂળમાંથી કાઢવામાં આવેલ સ્ટાર્ચ છે. તે સામાન્ય રીતે મોતી અથવા પાવડરના રૂપમાં ઉત્પાદિત થાય છે.
- ટેપીઓકા મોતીનો ઉપયોગ પ્રવાહી ખોરાક અને પીણામાં થાય છે. જયારે પાઉડર સંસ્કરણ રસોઈ, પકવવા અને બિન ખાદ્ય હેતુઓ માટે થાય છે.

## જૂનું સંસદ ભવન હવેથી 'સંવિધાન સદન' તરીકે ઓળખાશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જૂના સંસદ ભવનનું નામ 'સંવિધાન સદન' જાહેર કરવામાં આવ્યું.



**❖ જૂનું સંસદ ભવન :**


- આકાર : વર્તુળાકાર
- વિસ્તાર : 24281 ચોરસ મીટર
- બાંધકામનો સમયગાળો : વર્ષ 1921 – 27 એમ કુલ 6 વર્ષ
- ખર્ચ : 83 લાખ રૂપિયા
- ઉદ્દઘાટન : 18 જાન્યુઆરી, 1927 (તત્કાલીન વાઈસરોય ઈરવિન દ્વારા)
- આર્કિટેકટ : એડવિન લુટિયન્સ અને હર્બર્ટ બેકર
- બેઠક ક્ષમતા : લોકસભા – 543, રાજ્યસભા – 245, કુલ – 788
- ડિઝાઈનની પ્રેરણા : મધ્યપ્રદેશમાં આવેલ મિતાવલી ગામના ચોસઠ યોગિની મંદિર (એકતારસો મહાદેવ મંદિર)ને મળતી આવે છે. ગોળાકાર આકાર ઐતિહાસિક રોમન સ્મારક કોલોસિયમથી પ્રેરિત છે.
- તેના બાંધકામમાં રાજસ્થાન રાજ્યના મકરાના વિસ્તારનો સફેદ અને રંગીન પથ્થરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- શરૂઆતમાં તેનું નામ 'કાઉન્સિલ હાઉસ' રાખવામાં આવ્યું હતું.

❖ **જૂના સંસદ ભવનના ઐતિહાસિક નિર્ણયો :**
- વર્ષ 1947માં અંગ્રેજ શાસને સત્તાનું હસ્તાંતરણ કર્યું હતું.
- તેમાં ભારતના સંવિધાનનું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1952 બાદ દુનિયાના 41 રાષ્ટ્રઅધ્યક્ષોએ તેના સેન્ટ્રલ હોલમાં સાંસદોને સંબોધન કર્યું છે.
- આ ગૃહમાં 4000 થી વધુ કાયદા બનાવવામાં આવ્યા છે.
- તેમજ અનુચ્છેદ 370ની નાબૂદીનો નિર્ણય પણ અહીં જ લેવાયો છે.

## પશ્ચિમ બંગાળમાં 'પોઈલા બૈસાખ'ને રાજ્ય સ્થાપના દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી

- પશ્ચિમ બંગાળ વિધાનસભાએ બંગાળી કેલેન્ડરના પ્રથમ દિવસ 'પોઈલા બૈસાખ'ને રાજ્ય સ્થાપના દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે.
- તેને 'બાંગલા દિબાસ' અથવા 'પશ્ચિમ બંગાળ સ્થાપના દિવસ' તરીકે પણ ઓળખવામાં આવશે.
- આ સાથે વિધાનસભા ઠરાવમાં રવિન્દ્રનાથ ટાગોરનું 'બાંગ્લાર માટી બાંગ્લાર જોલ'ને રાજ્યગીત તરીકે મનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

❖ **પોઈલા બૈસાખ :**
- તે પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, ઝારખંડ અને આસામમાં બંગાળી સમુદાયો દ્વારા ઉજવવામાં આવતો એક મહત્વપૂર્ણ તહેવાર છે.
- તે બંગાળી નવુ વર્ષ સૂચવે છે.
- 15મી એપ્રિલ 2023ના રોજ તે ઉજવવામાં આવ્યું હતું.
- બાંગ્લાદેશમાં પણ આ તહેવાર ઉજવવામાં આવે છે.




❖ **બાંગ્લાર માટી બાંગ્લાર જોલ :**
- આ ગીતની રચના રવિન્દ્રનાથ ટાગોર દ્વારા વર્ષ 1905માં લોર્ડ કર્ઝન દ્વારા કરવામાં આવેલ બંગાળના પ્રતિભાવમાં કરવામાં આવી હતી.
- આ ગીતમાં બંગાળની સુંદરતા, તેના કુદરતી વાતાવરણ, ભાષા, લોકો અને આત્માની ઉજવણી કરીને બંગાળીઓમાં એકતા માટે હાંકલ કરી હતી.
- આ ગીત વિભાજન સામેની ચળવળનું રાષ્ટ્રગીત બન્યું હતું.

## મરાઠા સમુદાયે ફરીવાર અનામતની માંગ કરી

- મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયે ફરી એકવાર શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નિમણૂકોમાં અનામતની માંગ કરી છે.
- મરાઠાઓ રાજ્યની લગભગ 33% વસતી ધરાવે છે.
- ઐતિહાસિક રીતે તેઓને મોટી જમીન ધરાવતા 'યોદ્ધા' જાતિ તરીકે ઓળખવામાં આવે છે.
- જો કે વર્ષોથી ઘણા મરાઠા લોકોએ જમીનના વિભાજન, કૃષિ સંકટ, બેરોજગારી અને શૈક્ષણિક તકોના અભાવ જેવા પરિબળોને કારણે સામાજિક–આર્થિક પછાતપણાનો સામનો કરવો પડયો છે. આ સમુદાય હજી પણ ગ્રામીણ અર્થતંત્રમાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- તેથી તેઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) શ્રેણી હેઠળ સરકારી નિમણૂકો અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની માંગ કરી રહ્યા છે.




❖ **મરાઠા આરક્ષણ માંગની સ્થિતિ :**
- વર્ષ 2017 : સેવાનિવૃત્ત ન્યાયાધીશ એન.જી.ગાયકવાડની આગેવાની હેઠળના 11 સભ્યોના પંચે મરાઠાઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) હેઠળ અનામત આપવાની ભલામણ કરી હતી.
- વર્ષ 2018 : મહારાષ્ટ્ર વિધાનસભાએ મરાઠા સમુદાય માટે 16% અનામતનો પ્રસ્તાવ મૂકતું બિલ પસાર કર્યું.
- વર્ષ 2018માં બોમ્બે હાઈકોર્ટે આરક્ષણને સમર્થન આપતા કહ્યું કે શિક્ષણમાં 12% અને નોકરીઓમાં 13% આરક્ષણ આપવા કહ્યું.
- વર્ષ 2021માં સર્વોચ્ચ અદાલતે વર્ષ 1992માં નિર્ધારિત કુલ અનામત પર 50% ની મર્યાદાને ટાંકીને વર્ષ 2021માં મરાઠા આરક્ષણને રદ કર્યું હતું.
- વર્ષ 1992માં ઈન્દિરા સાહનીના ચુકાદામા સર્વોચ્ચ ન્યાયાલયે અનામતની મર્યાદા 50% સ્પષ્ટ કરી હતી. માત્ર કેટલાક અસામાન્ય અને અસાધારણ સંજોગોમાં અનામતની 50% મર્યાદામાં છૂટ આપવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે મહારાષ્ટ્રમાં રાજ્ય સરકાર માટે મર્યાદાનું ઉલ્લંઘન કરવા માટે કોઈ 'અસામાન્ય પરિસ્થિતિ' અથવા 'અસાધારણ સંજોગો' નથી.
- સુપ્રીમ કોર્ટે નવેમ્બર 2022માં આર્થિક રીતે નબળા વર્ગો માટેના 10% આરક્ષણને સમર્થન આપ્યા પછી રાજ્ય સરકારને કહ્યું કે જ્યાં સુધી મરાઠા આરક્ષણનો મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી સમુદાયના આર્થિક રીતે નબળા સભ્યોને EWS આરક્ષણનો લાભ મળી શકે છે.

## વિશાખાપટ્ટનમ બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું



- કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે વિશાખાપટ્ટનમ બંદર પર રૂા. 333 કરોડના મૂલ્યોના વિવિધ પરિયોજનાનું ઉદ્‌ઘાટન કર્યુ છે.
- જેમાં વિઝાગ ઈન્ટરનેશનલ ક્રુઝ ટર્મિનલ (VICT) નો પણ સમાવેશ થાય છે. તેમાં અન્ય યોજનાઓમાં સંગ્રહ સુવિધા અને આંતરરાષ્ટ્રીય સ્તરનું ટ્રક પાર્કિંગ સુવિધાઓ છે.
- ક્રુઝ ટર્મિનલ એક સાથે 2000 મુસાફરોને સેવા આપવા સક્ષમ છે, તે વિશાખાપટ્ટનમને ભાવિ ક્રુઝ હબ તરીકે વિકસાવવા તરફ મહત્વપૂર્ણ પગલું છે.
- સંગ્રહ સ્થાન 84,000 ટન જથ્થાબંધ અને બેગવાળા કાર્ગોને હેન્ડલ કરી શકે છે.
- ટ્રક પાર્કિંગ ટર્મિનલ 666 વાહનોને સમાવી શકે છે અને 100 બેડનું શયનગ્રહ, દુકાનો અને અન્ય સુવિધાઓ પૂરી પાડે છે.

## ભારતની સર્વોચ્ચ ન્યાયાલય NJDG પોર્ટલમાં જોડાઈ

- સર્વોચ્ચ ન્યાયાલયના CJI (Chief Justice of India) ડી.વાય. ચંદ્ર ચૂડે જાહેરાત કરી કે સર્વોચ્ચ અદાલત હવે NJDG (National Judicial Data Grid ) પોર્ટલમાં જોડાઈ ગઈ છે.
- NJDG પોર્ટલ દેશભરની અદાલતો દ્વારા સ્વીકારેલ, પડતર અને નિકાલ કરાયેલ કેસો સંબધિત ડેટાનો રાષ્ટ્રીય ભંડાર છે.

❖ **NJDG (National Judicial Data Grid)**




- NJDG એ ભારતમાં e-court પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવેલ ઓનલાઈન પ્લેટફોર્મ છે.
- તે એક વ્યાપક માહિતીસંગ્રહક છે જેમાં સમગ્ર દેશની જિલ્લા અને ગૌણ અદાલતો તેમજ ઉચ્ચ અદાલતોના આદેશ, ચુકાદા અને કેસોની વિગતવાર માહિતીનો સમાવેશ થાય છે.
- e-Court Project એ કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે.
- તેને National Informatics Centre (NIC) દ્વારા કોમ્પ્યુટર સેલ, રજીસ્ટ્રી ઓફ સુપ્રીમ કોર્ટની ઈન હાઉસ સોફ્ટવેર ડેવલપમેન્ટ ટીમના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે.
- તેનાથી ન્યાયતંત્રના ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદારી સ્થાપિત કરશે.

## ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેન્શન એન્ડ એકસ્પો સેન્ટરનો શુભારંભ

- પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી દ્વારા નવી દિલ્હીમાં દ્વારકા ખાતે 'યશોભૂમિ' તરીકે ઓળખાતા India International Convention and Expo Centre (IICC) ના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.




- 'યશોભૂમિ' વિશ્વની સૌથી મોટી MICE (Meeting, Incentive, Conference and Exibition) સુવિધાઓમાં સ્થાન મેળવશે.
- 1.07 લાખ ચોરસ મીટરમાં નિર્માણ પામેલા આ એકિઝબિશન હોલનો ઉપયોગ પ્રદર્શનો, વેપારી મેળાઓ અને વ્યાવસાયિક કાર્યક્રમોના આયોજન માટે કરવામાં આવશે.
- યશોભૂમિ પણ ટકાઉપણા પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. કારણ કે 100% ગંદાપાણીના પુનઃઉપયોગ, વરસાદી પાણીના સંગ્રહની જોગવાઈઓ સાથે અત્યાધુનિક ગંદાપાણીના શુધ્ધિકરણ પ્રણાલીથી સજ્જ છે.
- તેને CII (Confederation of India Industry) ની ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) તરફથી પ્લેટિનમ સર્ટિફિકેટ મળ્યું છે.

## કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

- કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન અને સ્ટીલ મંત્રીએ દિલ્હીના સફદરજંગ એરપોર્ટ પર એક સંકલિત કાર્યાલય સંકુલ 'ઉડાન ભવન'નું ઉદ્‌ઘાટન કર્યુ છે.
- નવા સંકલિત કાર્યાલય સંકુલમાં જમીનથી ઉપરના ત્રણ સ્તરો અને જમીનની નીચે વધારાના ત્રણ સ્તરોનો સમાવેશ થાય છે. જે 1270 અધિકારીઓ માટે જગ્યા પૂરી પાડે છે.
- આ ઈમારતનો કુલ બાંધકામ વિસ્તાર 71257 ચોરસ મીટર છે અને કુલ 374.98 કરોડના ખર્ચ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

Banking Academy

➲ આ ઉડાન ભવનમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી (BCAS) એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) અને એરપોર્ટ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી (AERA)નો સમાવેશ થાય છે.

➲ GRIHA-5 રેટેડ બિલ્ડિંગમાં અનેક પર્યાવરણ–મૈત્રી પૂર્ણ ટકાઉપણું સુવિધાઓ શામેલ છે.

➲ આ ઈમારત પર્યાવરણને અનુકૂળ બનાવવામાં આવી છે જેમાં ગરમી ઘટાડવા માટે કાર્યક્ષમ LED ફિક્સરનો ઉપયોગ, Double Skin Facude System તેમજ વેસ્ટ વોટર રિસાયકલિંગ અને મેનેજમેન્ટનો સમાવેશ થાય છે.

➲ UDAN (ઉડે દેશકા આમ નાગરિક) એ નાગરિક ઉડ્ડયન મંત્રાલયની પ્રાદેશિક જોડાણ યોજના છે. જેની શરૂઆત વર્ષ 2016માં થઈ હતી.




## પશ્ચિમ બંગાળ સરકારે નવી શિક્ષણ નીતિ જાહેર કરી




➲ પશ્ચિમ બંગાળ સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ની કેટલીક બાબતોને ઘટાડીને વર્ષ 2023 માટે તેની રાજય શિક્ષણ નીતિ જાહેર કરી છે.

➲ કેરળ, કર્ણાટક અને તમિલનાડુ જેવા ઘણા રાજયોએ પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ને સંપૂર્ણપણે અપનાવવાનો ઈનકાર કર્યો છે.

❖ **નીતિની મુખ્ય વિશેષતાઓ**

- પશ્ચિમ બંગાળે પહેલાની જેમ 5 + 4 + 2 + 2 શાળાકીય શિક્ષણ પ્રણાલી જાળવી રાખી છે.
- જયારે નવી શિક્ષણ નીતિએ શાળા પ્રણાલી 5 + 3 + 3 + 4 પેટર્નમાં રાખવા જણાવ્યુ છે.
- 'બાંગ્લા' વિષયનો સમાવેશ કરવો : શિક્ષણનું માધ્યમ બાંગ્લા ન હોય તેવી શાળાઓમાં ધોરણ 1 -12 માં 'બાંગ્લા' વિષયનો સમાવેશ કરવો.
- ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સેમેસ્ટર પ્રણાલી લાવવી : ધોરણ 11 અને 12 માં સેમેસ્ટર દાખલ કરવી જેથી શાળામાંથી વિશ્વવિદ્યાલયમાં સરળતાથી પ્રવેશ મેળવી શકે.
- ત્રણ ભાષા : ધોરણ V થી VIII ના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષાનો જોગવાઈ કરે છે.

## વંદે ભારતમ નૃત્ય ઉત્સવ–2024માં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું

➲ કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા 75માં ગણતંત્ર દિવસ સમારોહનો ભાગ બનવા માટે મહિલા કલાકારોને વંદે ભારતમાં નૃત્ય ઉત્સવ–2024માં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.



➲ વંદે ભારતમ નૃત્ય ઉત્સવમાં ભાગીદારી માટે કલાકારોએ નૃત્યની 3 મિનિટના સમય સુધીની વિડીયો 22 સપ્ટેમ્બરથી 14 ઓકટોબર, 2023 સુધી અપલોડ કરવાનો રહેશે.

❖ **પાત્રતા માનદંડ**

- મહિલા ભાગીદારોની વય 18 થી 35 વર્ષ સુધીની હોવી જોઈએ.
- નૃત્ય શૈલીઓ : લોક / આદિવાસી, શાસ્ત્રીય અને સાંપ્રત / ફ્યુઝનમાં ભાગ લેનાર 8 થી 10 કલાકારોના સમૂહનો વિડીયો મોકલી શકે છે.
- વિડીયોનો સમયગાળો 3 મિનિટથી વધુનો હોવો જોઈએ નહીં.
- પાછલા બે વર્ષના વિજેતા પણ ભાગ લેવા પાત્ર છે.
- એક થી વધુ પ્રવેશ સ્વીકારવામાં આવશે નહીં.

## રાષ્ટ્રીય ચિકિત્સા આયોગે WFME તરફથી માન્યતા મેળવી




➲ ભારતના રાષ્ટ્રીય ચિકિત્સા આયોગે 10 વર્ષના નોંધપાત્ર કાર્યકાળ માટે પ્રતિષ્ઠિત WFME (World Federation for Medical Education) તરફથી માન્યતા મેળવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

➲ WFMEનો માન્યતા કાર્યક્રમ એ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે કે તબીબી સંસ્થા શિક્ષણ અને તાલીમના ઉચ્ચતમ આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરે અને જાળવે છે.

❖ **WFMEની માન્યતાનું મહત્વ :**

- આ માન્યતાના ભાગરૂપે, ભાગમાં હાલની તમામ 706 મેડિકલ કોલેજને WFME તરફથી માન્યતા મળશે.
- આગામી 10 વર્ષમાં સ્થાપિત થનારી નવી મેડિકલ કોલેજોને WFME તરફથી આપોઆપ માન્યતા મળી જશે.
- આ માન્યતા ભારતીય તબીબી સ્નાતકોને અન્ય દેશોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન અને પ્રેક્ટિસ કરવા સક્ષમ બનાવશે જ્યાં WFME માન્યતા જરૂરી છે. જેમ કે યુ.એસ., કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વગેરે.
- તેનાથી ભારતીય મેડિકલ કોલેજો અને વ્યવસાયિકોને આંતરરાષ્ટ્રીય માન્યતા મળશે અને તેમની પ્રતિષ્ઠામાં પણ વધારો થશે.
- તે શૈક્ષણિક સહયોગ અને વિનિમયને સરળ બનાવશે, તબીબી શિક્ષણમાં સતત સુધારણા અને નવીનતાને પ્રોત્સાહન આપશે અને મેડિકલ ફેકલ્ટી અને સંસ્થાઓ વચ્ચે ગુણવત્તાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપશે.
- વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ધોરણો પણ ભારતને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે આર્કષક સ્થળ બનાવશે.


**World Federation for Medical Education (WFME) વિશે....**

- તેની સ્થાપના વર્ષ 1972માં વર્લ્ડ મેડિકલ એસોસિએશન, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, મેડિકલ કોલેજોની પ્રાદેશિક સંસ્થાઓ અને શૈક્ષણિક શિક્ષકો અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ મેડિકલ સ્ટુડન્ટ એસોસિએશન દ્વારા કરવામાં આવી હતી.
- તે વિશ્વભરમાં તબીબી શિક્ષણની ગુણવત્તા વધારવા માટે સમર્પિત વૈશ્વિક સંસ્થા છે.

**વડુમથક** : લંડન, ઈંગ્લેન્ડ

## મધ્યપ્રદેશમાં આદિ શંકરાચાર્યની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું

- મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ઓમકારેશ્વરમાં આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું.
- ઓમકારેશ્વર, નર્મદા નદીના કિનારે ઈન્દોરથી આશરે 80 કિલોમીટરના અંતરે આવેલું છે.
- મુખ્યમંત્રીએ અદ્વેતલોકનું ભૂમિપૂજન કરી શિલાન્યાસ કર્યો હતો.
- આ આદિ શંકરાચાર્યની પ્રતિમામાં 12 વર્ષના આચાર્ય શંકરની ઝલક જોવા મળે છે.
- આ પ્રતિમાને 'Statue of Oneness' (એકાત્મતાની પ્રતિમા) નામ આપવામાં આવ્યું છે.
- આ પ્રતિમાને 88% તાંબુ, 4% જસત અને 8% ટીનના મિશ્રણમાંથી બનાવવામાં આવે છે, જે 11.5 હેકટર જમીન પર સ્થાપિત થયેલ છે.
- તેના આર્કિટેકટ ભગવાન રામપુરે છે અને તેના ચિત્રોના ચિત્રકાર વાસુદેવ કામત છે.
- આ પ્રતિમા આદિ શંકરાચાર્યની આધ્યાત્મિક યાત્રાના શરૂઆતના વર્ષોનું પ્રતિક છે.



- ઓમકારેશ્વરનું મંદિર ભગવાન શિવના 12 જ્યોર્તિલિંગમાંનુ એક છે.
- તેને અદ્વેત વેદાંત દાર્શનિકનું વૈશ્વિક કેન્દ્ર ગણવામાં આવે છે.
- અહીં શંકરાચાર્યએ ગુરુ ગોવિંદ ભગવદપાદના આશ્રય હેઠળ 4 વર્ષ ગાળ્યા હતા.

❖ **આદિ શંકરાચાર્ય**

- તેનો જન્મ 11 મે 788 AD ના રોજ કલાડી, કોચી, કેરળમાં થયો હતો.
- તેઓ શિવના ભકત હતા અને તેમણે સનાતન ધર્મના પ્રચાર–પ્રસાર માટે ભારતના ચાર ખૂણામાં ચાર મઠોની સ્થાપના કરી હતી.
- ચાર મઠો નીચે આપેલ છે :
  - (1) શ્રૃંગેરી શારદા પીઠ : ભારતના દક્ષિણમાં રામેશ્વરમમાં આવેલ છે.
  - (2) ગોવર્ધન મઠ : તે પુરી, ઓરિસ્સામાં આવેલ છે, તે ભગવાન જગન્નાથ મંદિર સાથે સંબંધિત છે.
  - (3) દ્વારકા શારદા મઠ : આ મઠ ગુજરાતના દ્વારકાધામમાં છે.
  - (4) જ્યોર્તિમઠ : ઉત્તરાખંડના બદ્રીનાથમાં આવેલ છે.
- તેમણે સંસ્કૃતમાં વૈદિક સિદ્ધાંતો (ઉપનિષદો, બ્રહ્મસુત્રો અને ભગવદ્ગીતા) પર ઘણા ભાષ્યો લખ્યા છે.
- શંકરાચાર્યએ ઉપદેશ સહસ્ત્રીની પણ રચના કરી હતી, જે તેમની સૌથી મહત્વપૂર્ણ દાર્શનિક કૃતિ છે.
- આ ઉપરાંત તેમણે અદ્વૈતવાદનો સિદ્ધાંત રજૂ કર્યો હતો.

❖ **અદ્વૈતવાદ**

- અદ્વૈતવાદ જીવ (આત્મા) અને બ્રહ્માને બે અલગ–અલગ અસ્તિત્વ તરીકે નહીં પરંતુ એક માને છે.
- આત્મા બ્રહ્માથી અલગ નથી એટલે કે બ્રહ્મા આત્મા છે.
- અદ્વૈતનું ધ્યેય બ્રહ્મ તરીકેની પોતાની સાચી ઓળખની અનુભૂતિ દ્વારા મોક્ષ (મુકિત) પ્રાપ્ત કરવાનું છે.

## સંસદનું વિશેષ સત્ર અને નવા સંસદ ભવનમાં પ્રથમ બેઠક યોજાઈ

- 18 સપ્ટેમ્બર, 2023ના રોજ સંસદના વિશેષ સત્રના પહેલા દિવસે વડપ્રધાન નરેન્દ્ર મોદીએ જૂના સંસદ ભવનમાં છેલ્લુ ભાષણ કર્યું હતું.
- 19 સપ્ટેમ્બર, 2023ના રોજ ગણેશ ચતુર્થીના દિવસે સંસદના બંને ગૃહની બેઠક નવા સંસદ ભવનમાં યોજાઈ હતી.

❖ **સંસદનું વિશેષ સત્ર :**

- બંધારણના અનુચ્છેદ 85માં સંસદીય સત્ર બોલાવવાનો ઉલ્લેખ છે. સામાન્ય રીતે વર્ષમાં ત્રણ વખત બોલાવવાની પરંપરા છે : (1) બજેટ સત્ર, (2) ચોમાસુ સત્ર, (3) શિયાળુ સત્ર




- સંસદ દ્વારા બોલાવવામાં આવતી અનોખી બેઠક જે સામાન્ય સત્ર દરમિયાન થતી નથી તેને 'વિશેષ સત્ર' તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતીય બંધારણમાં 'વિશેષ સત્ર' શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી. પરંતુ તેનો ઉપયોગ ઘણીવાર ચોક્કસ પ્રસંગો અથવા હેતુઓ માટે બોલાવવામાં આવતા સત્રો માટે થાય છે.
- સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ વડાપ્રધાનના નેતૃત્વમાં વિશેષ સત્ર બોલાવવાની તારીખ અને એજન્ડા સુયોજિત કરે છે.
- ત્યારબાદ આ માહિતી અધ્યક્ષને આપવામાં આવે છે.
- ત્યારબાદ કેબિનેટ કમિટીના આ નિર્ણયને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવે છે, રાષ્ટ્રપતિ તેના પર હસ્તાક્ષર કરતાની સાથે જ વિશેષ સત્ર બોલાવતું નોટિફિકેશન બહાર પાડવામાં આવે છે.
- ભારતીય બંધારણમાં વિશેષ સત્રનો કોઈ ઉલ્લેખ નથી, પરંતુ બંધારણના અનુચ્છેદ 352 (કટોકટીની ઘોષણા)માં 'ગૃહની વિશેષ બેઠક'નો ઉલ્લેખ છે.

❖ **સંસદના વિશેષ સત્રને બે ભાગમાં વર્ગીકૃત કરી શકાય છે :**

**(A) ચર્ચાઓ સાથે વિશેષ સત્ર :**

- વર્ષ 1962 : એજન્ડામાં ભારત–ચીન યુદ્ધ પરની સ્થિતિ સામેલ હતી.
- વર્ષ 1997 : ભારતની આઝાદીની 50મી વર્ષગાંઠ નિમિત્તે સંસદ બોલાવવામાં આવી હતી.
- વર્ષ 2015 : ડો.બી.આર. આંબેડકરની 125મી જન્મજયંતિ નિમિત્તે વિશેષસત્ર યોજાયું હતું.

**(B) મધ્યરાત્રિ વિશેષ સત્ર :**

- વર્ષ 1947 : બ્રિટિશ અધિકારીઓ પાસેથી સત્તા હસ્તાંતરણ કરતા પહેલા આઝાદી પૂર્વેની સંધ્યાએ વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું.
- વર્ષ 1972 : ભારતની આઝાદીના 25 વર્ષની ઉજવણી માટે એક સત્ર યોજાયું હતું.
- વર્ષ 2017 : GST અધિનિયમ લાગુ કરવા માટે વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું.

Banking Academy



ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...
પોલીસ
કોન્સ્ટેબલ
ની તૈયારી કરો હવે
આપના વિસ્તારમાં
કતારગામ
PSI/ASI
ટૂંક સમયમાં
જાહેર થનાર
સંભવિત 8000 થી
વધુ જગ્યાઓની
ભરતી
Govt. Jobs
સામાન્ય જ્ઞાન
Maths
Reasoning
કાયદો
જેવા
વિષયોની સંપૂર્ણ
મટીરિયલ્સ સાથે
વિશેષ તૈયારી
Weekly Test
Full Day Faculty
All Day Reading
Facilities
Join
New
Class
ADMISSION
OPEN
તૈયારી
માટેના
નવા વર્ગો
ટૂંક સમયમાં શરૂ
GPSC
તલાટી
બિન સચિવાલય
TET/TAT
જેવી તમામ પરીક્ષાઓની
તૈયારી આજે જ શરૂ કરો
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના)
Ph. : 70461 40555
સુરત (વરાછા)
Ph. : 70464 16555
સુરત (કતારગામ)
Ph. : 70466 31555

# 3 ગુજરાત

## ખેલ મહાકુંભમાં ચાર નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો





- રાજયના રમત – ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ત્રણ મહિના માટે યોજાતો ખેલમહાકુંભ હવેથી 12 મહિના માટે એટલે કે એક વર્ષ માટે આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ નિર્ણય દરેક વયજૂથના સ્પર્ધકો એક થી વધારે રમતોમાં ભાગ લઈ શકે તે માટે કરવામાં આવ્યો છે.
- અત્યાર સુધી તાલુકાથી લઈને રાજયસ્તરે યોજાતા આ રમતોત્સવમાં કુલ 35 રમતો સામેલ હતી.
- જેમાં આ વર્ષે વુડબોલ, સેવક તકટોવ, બીચ વોલીબોલ, અને બીચ હેન્ડબોલ એમ ચાર નવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો.
- અગાઉ ત્રણ જ મહિનામાં ખેલ મહાકુંભ યોજાતો હોવાથી સ્પર્ધકને એક જ રમત પૂરતા મર્યાદિત રહેવાનું થતુ હતું.
- આ વખતે નવી ઉમેરાયેલી 4 રમત સહિત કુલ 39 રમત માટે અલગ અલગ દિવસો નિયત હોવાથી એક થી વધુ રમતોમાં રસ ધરાવતા તમામ વયજૂથના સ્પર્ધકો તેમાં સામેલ થઈ શકે છે. જેના માટે રાજયના તમામ જીલ્લાઓમાં આયોજન થશે.

❖ **ખેલ મહાકુંભ**

- તેની શરૂઆત વર્ષ 2010 માં તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી છે.
- ગુજરાત સરકારના રમત – ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા તેનું આયોજન કરવામાં આવે છે.
- **મુખ્ય સંસ્થા :** Sports Authority of Gujarat
- **ધ્યેયવાકય :** 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 'મેઘ મલ્હાર 2023' નું આયોજન થયું




- સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે મોન્સૂન ફેસ્ટીવલ 'મેઘ મલ્હાર' – 2023 નું આયોજન કરવામાં આવ્યું છે.
- આ ઉત્સવનું આયોજન સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ગુજરાત ટુરીઝમના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.
- ઉત્સવમાં મોન્સૂન વિષય આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમો, રેઈન.રન મેરેથોન સાંસ્કૃતિક કાર્યક્રમો અને મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ વિભાગના મંત્રી મૂળુ બેરાના હસ્તે સાપુતારા ખાતે 'મેઘ મલ્હાર' પર્વની શરૂઆત કરવામાં આવી હતી.
- મેઘ મલ્હાર પર્વ દરમિયાન ડાંગના સારને દર્શાવતી આર્ટ ગેલેરીનું અન્વેષણ, મુખ્ય સર્કલ અને ગવર્નર હીલ પર રોજ સ્થાનિક કલાકારો દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

## ગુજરાતને 'ભૂમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ' એવોર્ડ એનાયત થયો



- કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા મહેસૂલક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભૂમિ સન્માન પુરસ્કાર માટે ગુજરાતના ત્રણ આદિજાતિ જિલ્લાઓ સહિત કુલ (6) જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે.
- રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજયના છ જિલ્લાઓને 'ભૂમિ સન્માન – પ્લેટિનમ સર્ટિફિકેટ' એનાયત કર્યા હતા.
- આ જિલ્લાઓમાં અરવલ્લી, ડાંગ, જામનગર, મહેસાણા, નર્મદા અને સાબરકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે.

Banking Academy

## દીન – દયાળ બંદર પર કન્ટેનર ટર્મિનલ પ્રોજેકટ માટે કરાર થયા

- દીન દયાળ પોર્ટ ઓથોરિટી અને દૂબઈ સ્થિત બહુરાષ્ટ્રીય લોજિસ્ટીક કંપની DP વર્લ્ડે ગુજરાતના તુના (ટયુના) ટેકરા ખાતે મેગા કન્ટેનર ટર્મિનલ પ્રોજેકટ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ પહેલ ભારતના બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- આ પ્રોજેકટ પોર્ટની ક્ષમતા વધારવા, મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ અને વૈશ્વિક જોડાણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે જાહેર – ખાનગી ભાગીદારીના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

**❖ કન્ટેનર ટર્મિનલની મુખ્ય લાક્ષણિકતા :**

- તેની વાર્ષિક કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા (વાર્ષિક માલવાહન ક્ષમતા) 21.90 લાખ TEUs (Twenty foot equivalent unit) જેટલી થઈ શકે છે.
- અને 18000 TEU કરતા વધુ વહન કરતા નવી પેઢીના કન્ટેનર જહાજો પણ કાર્ગો લોડ અને અનલોડ કરવા સક્ષમ હશે.
- આ ટર્મિનલ ઉત્તર, પશ્ચિમ અને મધ્યભારતને વૈશ્વિક બજાર સાથે જોડશે.
- આ પ્રોજેકટ વર્ષ 2047 સુધીમાં પોર્ટ હેન્ડલિંગ ક્ષમતાને ચાર ગણો કરવાના ભારતના વિઝનને અનુરૂપ છે.
- આ પ્રોજેકટ પીએમ ગતિ શકિતને પૂરક બનાવવા માટે રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રકચર પાઈપલાઈનનો ભાગ હશે.


**❖ દીનદયાળ પોર્ટ**




- તેને કંડલા બંદર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે ભારતના 13 મુખ્યબંદરોમાંથી એક છે.
- તે ગુજરાતનું સૌથી મોટું મુક્ત વ્યાપાર ક્ષેત્ર ધરાવતું બંદર છે.
- તેમજ ભારત સરકારે કંડલા બંદરને વર્ષ 1955 થી મહાબંદર જાહેર કરેલ છે.
- વર્ષ 1965 માં કંડલા ભારતનું સૌપ્રથમ SEZ બન્યું હતું.
- ભારતીય અધિનિયમ 1908 હેઠળ 2017 માં કંડલા પોર્ટનું નામ બદલીને દીનદયાળ પોર્ટ રાખવામાં આવ્યું હતું.
- કાર્ગોના સંચાલનની દષ્ટિએ તે ભારતનું સૌથી મોટુ બંદર છે.
- દીનદયાળ પોર્ટની શરૂઆત વર્ષ 1931 માં મહારાવ ખેંગારજી દ્વારા આરસીસી જેટીના બાંધકામ સાથે થઈ હતી.

## કાકરાપાર એટોમિક પાવર પ્રોજેકટનું યુનિટ – 3 સંપૂર્ણક્ષમતા સાથે શરૂ કરવામાં આવ્યું

- ગુજરાતમાં કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન માંડવી તાલુકામાં આવેલું છે. તાજેતરમાં અહિ સંપૂર્ણ સ્વદેશી રીતે વિકસિત 700 મેગાવોટ ઈલેકિટ્રક (MWe) ન્યુકિલઅર પાવર રિએકટરના ત્રીજા યુનિટે સંપૂર્ણક્ષમતા સાથે કામગીરી શરૂ કરી છે.
- તે Pressurised Heavy Water Reactor (PHWR) નું સૌથી મોટું સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવ્યું છે.
- PHWR એક પ્રકારનું પરમાણુ રિએકટર છે, જેનો ઉપયોગ વીજળી ઉત્પાદન માટે થાય છે.



- KAPP-3 (Kakrapar Atomic Power Plant) નેશનલ ગ્રીડ દ્વારા ગુજરાત અને આસપાસના રાજયોને વીજળી પૂરી પાડે છે.
- કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન ગુજરાતના સુરત જિલ્લાના માંડવી તાલુકામાં સ્થિત એક પરમાણુ પાવર પ્લાન્ટ છે અને ભારત સરકારના ઉપક્રમ ન્યુકિલઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIC) દ્વારા સંચાલિત છે.
- KAPP-3 700 મેગાવોટનો પરમાણુ પ્લાન્ટ ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત PHWR અનેક આધુનિક સલામતી સુવિધા ધરાવતો પ્લાન્ટ છે.
- અદ્યતન ટેકનોલોજીની ડિઝાઈનથી સુસજ્જ કાર્યક્ષમ સ્ટેશનનું સુનિશ્ચિત અને અવિરત વીજળી ઉત્પાદન માટે ખૂબ ચોકસાઈ અને સાવચેતીપૂર્વક નિર્માણ કરવામાં આવ્યું છે.
- ગુજરાત કાકરાપાર સાઈટમાં ચાર દબાણયુકત ભારે પાણીના ચાર રિએકટરનો સમાવેશ થાય છે. એટલે કે બે 220 મેગાવોટના કુલ 440 મેગાવોટ અને બે 700 મેગાવોટના એવા 1400 મેગાવોટ પાવરના યુનિટ આવેલા છે.

### Pressurised Heavy Water Reactor (PHWR) વિશે....

**ઈંધણ :** પ્રાકૃતિક યુરેનિયમ **મંદક :** ભારે પાણી ($D_2O$) **શીતક :** ભારે પાણી ($D_2O$)

- ભારતના પરમાણુ કાર્યક્રમના પ્રથમ ચરણ હેઠળ કુદરતી યુરેનિયમનો બળતણ તરીકે ઉપયોગ કરીને દબાણયુક્ત ભારે પાણી (D2O) ના રિએકટર (PHWR) દ્વારા વિદ્યુતઉત્પાદન પ્રાપ્ત કરવામાં આવે છે.
- ભારતે કેનેડા પાસેથી PHWR ટેકનોલોજી મેળવી છે.
- મહારાષ્ટ્રના તારાપુર ખાતે આવેલ તારાપુર પરમાણુ વિદ્યુતમથક એ ભારતનું સૌપ્રથમ પરમાણુ વિદ્યુત મથક છે. જ્યાં વર્ષ 1969 થી વીજ ઉત્પાદન થઈ રહ્યું છે.

## બનાસ ડેરી, NDDB અને સુઝુકી સૌપ્રથમ છાણથી સંચાલિત બાયોગેસ પ્લાન્ટ સ્થાપશે

- NDDB, સુઝુકી R & D સેન્ટર ઈન્ડિયા પ્રાઈવેટ લિ. અને બનાસ ડેરીએ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં CBG (Compress Biomethane Gas) ઉત્પન્ન કરવા માટે છાણથી સંચાલિત થતા ચાર બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે એક ત્રિપક્ષીય કરાર કર્યો.
- આ ચાર બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેના કરાર પર હસ્તાક્ષર જાપાનની રાજધાની ટોક્યોમાં આવેલી ભારતીય દૂતાવાસ ખાતે થયા હતા.
- આ પહેલમાં ઓટોમોબાઈલ અને ડેરી ક્ષેત્ર એક થી વધારે લાભ હાંસિલ કરવા માટે સહયોગ સાધી રહ્યા છે. તે આ પ્રકારની સૌપ્રથમ પહેલ છે.
- જેમ કે છાણના વેચાણ મારફતે ખેડૂતોની આવક વધારવી, વાહનો ચલાવવા માટે છાણ આધારિત બાયોગેસનો ઉપયોગ કરવો. જૈવિક ખાતરોનું ઉત્પાદન કરવું અને આ પ્રક્રિયામાં ડેરી અને ઓટોમોબાઈલ ક્ષેત્રની કાર્બન ફૂટપ્રિન્ટને ઘટાડવામા આવશે.
- SRDI (Soil Resources Development Institute) એ NDDB દ્વારા સ્થાપવામાં આવનારા આ પ્લાન્ટમાં આર્થિક સહાય પૂરી પાડશે.
- બનાસ ડેરી આ પ્રોજેક્ટ માટે જમીનની વ્યવસ્થા કરશે અને આ પ્લાન્ટનું સંચાલન પણ કરશે.
- CBG ઉત્પન્ન કરવા માટે આ પ્લાન્ટ ખાતેથી બાયોગેસનું શુદ્ધિકરણ કરીને તેને કોમ્પ્રેસ કરવામાં આવશે તેમજ વાહનો માટે ખાસ CBG સ્ટેશનો ઉભા કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ બનાસકાંઠા જિલ્લાને એક જૈવિક જિલ્લો બનાવવા અને ઉર્જાના મામલે આત્મનિર્ભર જિલ્લો બનાવવાની દિશામાં નિર્ણાયક પગલું સાબિત થશે.




### National Dairy Development Boad (NDDB) વિશે....

**સ્થાપના** : 16 જુલાઈ 1965

**વડુમથક** : આણંદ, ગુજરાત

- તેના સ્થાપક ડો. વર્ગીસ કુરિયન હતા (તેઓ NDDB ના પ્રથમ અધ્યક્ષ હતા તેમજ તેને ભારતની શ્વેતક્રાંતિના પ્રણેતા પણ કહેવામાં આવે છે.)
- NDDB નો ઉદ્દેશ્ય ઉત્પાદકોની માલિકી અને તેના દ્વારા સંચાલિત સંસ્થાઓને પ્રોત્સાહન અને આર્થિક સહાયતા પૂરી પાડવી અને તેને મજબૂત બનાવવા અનુકુળ હોય તેવી રાષ્ટ્રીય નીતિને સમર્થન આપવાનો છે.

### બનાસ ડેરી વિશે....

**સ્થાપના** : 31 જાન્યુઆરી, 1969

**સ્થાપક** : ગબલાભાઈ નાનજીભાઈ પટેલ

- સૌથી વધારે દૂધ એકત્રિત કરતી ડેરીઓમાં બનાસ ડેરી પ્રથમ સ્થાને છે.

## ગુજરાત સરકાર દ્વારા GSOS ના માળખામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા

- તાજેતરમાં રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા 12 વર્ષ પહેલા રચાયેલા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) ના માળખામાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે.
- પ્રાથમિક શાળા બાદ ભણવાનું છોડી દેનાર વિદ્યાર્થીઓ ધોરણ 10-12 સુધી પહોંચી રોજગારી પ્રાપ્ત કરી શકે એ માટે GSOS ના માળખામાં કેટલાક મહત્વના ફેરફાર સાથે ઠરાવ જાહેર કરવામાં આવ્યો છે.
- જે માટે હાલમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ (GSSB) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ને ધ્યાનમાં રાખીને દરેક તાલુકામાં 'ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ' (GSOS) ની રચના કરવામાં આવશે.



**GSOS ને લગતી મહત્વની બાબતો :**

- નિર્ણય અનુસાર શૈક્ષણિક વર્ષ 2023-24 થી વિદ્યાર્થી ધોરણ – 9 થી 12 માં ઘર બેઠા અભ્યાસ કરી શકે અને તે પછી પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- જે અંતર્ગત હાલમાં ચાલુ વર્ષથી ધોરણ – 10-12 (સામાન્ય પ્રવાહ) માં ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓને GSOS મારફતે પરીક્ષા આપી શકશે.

**GSOS ના રજીસ્ટર્ડ વિદ્યાર્થી તરીકે અભ્યાસ માટેના લાભાર્થી**

- કોઈપણ સરકારી અનુદાનિત કે સ્વનિર્ભર શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે હાલ નોંધાયેલ ન હોય અને માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક (સામાન્ય પ્રવાહ) નો અભ્યાસ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થી.
- શાળાએ ન ગયેલ હોય તેવા અથવા શાળામાં દાખલ થયા પછી અધવચ્ચેથી શાળા છોડી દીધેલ હોય તેવા વિદ્યાર્થી.
- GSOS માં રજિસ્ટ્રેશન માટે કોઈ ફી લેવામાં આવશે નહી. અભ્યાસ માટેની તમામ સેવાઓ નિશુલ્ક રહેશે.
- ગુજરાત રાજયના દરેક તાલુકામાં જેતે તાલુકામાં ચાલતી એક માધ્યમિક શાળાને GSOS સ્ટડી સેન્ટર તરીકે માન્યતા આપવામાં આવશે. તેની પસંદગીમા મોડેલ સ્કૂલ, સરકારી શાળાને પ્રાધાન્ય આપવામાં આવશે.

- જે ગામમાં ધોરણ 9 થી 12 ના GSOS ના નોંધાયેલ વિદ્યાર્થીની સંખ્યા 10 થી વધુ હોય ત્યાં નજીકની અન્ય માધ્યમિક શાળાને અથવા જો નજીકમાં માધ્યમિક શાળા ઉપલબ્ધ ન હોય તો પ્રાથમિક જે તે તાલુકાના સ્ટડી સેન્ટર ઉપરાંત સપોર્ટ સેન્ટર તરીકે માન્યતા અપાશે.
- GSOS ખાતે નોંધાયેલ વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજય પાઠયપુસ્તક મંડળ દ્વારા પાઠયપુસ્તકો અને ગુજરાત એજયુકેશન ટેકનોલજી લિ. દ્વારા ઉપલબ્ધ કરાયેલ જી–શાલા સહિત તમામ ઈ–કન્ટેન્ટ વિના મૂલ્યે પૂરું પાડવામાં આવશે.

❖ **રજીસ્ટ્રેશન માટેની પાત્રતા :**

- ધોરણ 9 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 13 વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી.
- ધોરણ 10 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 14 વષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી
- ધોરણ 11 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ – 10 પાસ કરેલ વિદ્યાર્થી
- ધોરણ 12 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ – 10 પાસ કરેલ હોય તે પરીક્ષા વર્ષથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સુધી બે વર્ષ જેટલો સમયગાળો થતો હોય તેવા વિદ્યાર્થી.

## ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે ડો.કૌશલ્ય જયેન્દ્ર ઠાકરની નિમણૂક થઈ

- ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે ડો. જસ્ટિસ કૌશલ જયેન્દ્ર ઠાકરની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.
- આ નિમણૂક મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની કમિટી દ્વારા કરાયેલી ભલામણ બાદ રાજયપાલ દેવવ્રત આચાર્ય દ્વારા કરાઈ છે.
- આ ઉપરાંત નિવૃત્ત પ્રિન્સિપલ ડિસ્ટ્રિકટ જજ ભરતકુમાર ઉપાધ્યાયની પણ આયોગના સભ્ય તરીકે ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.




### State Human Right Commission (SHRC) વિશે....

- SHRC એક વૈધાનિક સંસ્થા છે.
- તેની રચના માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ 1993 હેઠળ કેન્દ્ર સ્તરે તેમજ રાજય સ્તરે માનવ અધિકાર આયોગની રચના કરવામાં આવી છે.
- આયોગમાં 1 અધ્યક્ષ અને 2 સભ્યો હોય છે.
- અધ્યક્ષ તરીકે ઉચ્ચ ન્યાયાલયના નિવૃત મુખ્ય ન્યાયાધીશ અથવા અન્ય ન્યાયાધીશ હોય છે.
- ઉચ્ચન્યાયાલયમાં કાર્યરત અથવા નિવૃત્ત ન્યાયાધીશ અથવા 7 વર્ષ સુધી જિલ્લા ન્યાયાધીશ રહ્યા હોય તેવો સભ્ય.
- માનવ અકિરનુ જ્ઞાન તથા અનુભવ ધરાવતા સભ્ય.
- આયોગના સભ્યો અને અધ્યક્ષના પગાર ભથ્થા અને સેવાની અન્ય શરતો રાજય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.
- સભ્યો અને અધ્યક્ષની નિમણૂક રાજયપાલ દ્વારા રાજયના મુખ્યમંત્રીની નેતૃત્વવાળી 4 સભ્યોની સમિતિની ભલામણ મુજબ થાય છે. – મુખ્યમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ, રાજય ગૃહવિભાગના જવાબદાર મંત્રી અને વિધાનસભામાં વિપક્ષના નેતા.
- અધ્યક્ષ અને સભ્યોની મુદત 3 વર્ષ અથવા 70 વર્ષની ઉંમરે બે માંથી જે પહેલા પૂરું થાય ત્યાં સુધીની રહે છે.
- આયોગના અધ્યક્ષ અને સભ્યો માત્ર રાષ્ટ્રપતિ દ્વારા જ દૂર કરી શકાય છે.

## ગતિશકિત વિશ્વવિદ્યાલય અને એરબસ વચ્ચે MOU કરવામાં આવ્યા

- રેલવે મંત્રાલય અંતર્ગત કાર્યરત દેશની એકમાત્ર પરિવહન વિશ્વવિદ્યાલય ‘ગતિશકિત વિશ્વવિદ્યાલય’ વડોદરા અને એરબસ વચ્ચે એરોસ્પેસ શૈક્ષણિક અભ્યાસક્રમ, ફેકલ્ટીના વિકાસનો સમાવેશ કરતી સર્વગ્રાહી ભાગીદારી સમજૂતિ માટે MoU કરવામાં આવ્યું છે.
- આ MoU અંતર્ગત ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ, શિષ્યવૃત્તિ કાર્યક્રમો, કૌશલ્ય અભ્યાસક્રમોનો સહ – વિકાસ, સંયુકત સંશોધન અને ઉદ્યોગ અનુભવો જેવા પાસાઓ આવરી લેવામાં આવ્યા છે.
- MoU ને કારણે આગામી સમયમાં ગતિશકિત વિશ્વવિદ્યાલયમાંથી બહાર આવેલા વિદ્યાર્થીઓને 15,000 જેટલી નોકરીની તક ઉભી થશે.




❖ **ગતિશકિત વિશ્વવિદ્યાલય**

- ગતિશકિત વિશ્વવિદ્યાલય (GSV) એ વર્ષ 2022 માં સંસદના અધિનિયમ દ્વારા સ્થાપિત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય છે.

- આ વિશ્વવિદ્યાલયમાં અગાઉ અસ્તિત્વમાં રહેલી NRTI (National Rail adn Transportation Institute ) નો સમાવેશ કરે છે.
- સ્થળ – વડોદરા, ગુજરાત
- GSV એ આ પ્રકારની પ્રથમ યુનિવર્સિટી છે. જે સમગ્ર રેલવે, શિપિંગ, બંદરો, હાઈવે, રસ્તા, જળમાર્ગો અને ઉડ્ડયનમાં રાષ્ટ્રીય વિકાસ યોજનાઓ (PM ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન–2021 અને નેશનલ લોજિસ્ટીક પોલિસી–2022) ના આદેશને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખે છે.

## ગુજરાતમાં WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ – 2023 નું આયોજન થયું

- ગુજરાતમાં ગાંધીનગર ખાતે WHO અને સહયજમાન આયુષમંત્રાલય દ્વારા પરંપરાગત ચિકિત્સા પર વૈશ્વિક સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.



- આ WHO Traditional Medicine Global Summit- 2023 ના પરિણામ દસ્તાવેજ 'ગુજરાત ઘોષણા' (Gujarat Declaration) ના રૂપમાં બહાર પાડયા છે.
- આ ઘોષણાપત્રમાં સ્વદેશીજ્ઞાન, જૈવવિવિધતા અને પરંપરાગત, પુરક અને સંકલિત ચિકિત્સા પ્રત્યે વૈશ્વિક પ્રતિબધ્ધતાની પુનઃપુષ્ટિ કરવામાં આવી હતી.
- આ ઘોષણા જામનગર, ગુજરાત ખાતે WHO ગ્લોબલ ટ્રેડિશિન મેડિસિન સેન્ટરના યજમાન તરીકે ભારત સભ્ય દેશો અને હિતધારકોને સમિટના એકશન એજન્ડા અને અન્ય સંબંધિત પ્રાથમિકતાઓને આગળ વધારવા માટે WHO ની ક્ષમતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- ગુજરાત ઘોષણામાં UHC (Universal Health Covearge) અને સ્વાસ્થ્ય સંબંધિત SDG (Sustainable Development Goal) ના ધ્યેયને ટેકો આપવા માટે પુરાવા – આધીરત TCIM (Traditional Complimentary Integrative Medicine) ના અભિગમોને વધુ અમલમાં મૂકવાના પ્રયાસોને વધારવાની વાત રજૂ કરવામાં આવી છે.
- ઘોષણામાં પ્રમાણિત ડેટા સંગ્રહ અને દેખરેખ માટે TCIM સંદર્ભ કિલનિકલ કેન્દ્રોના વૈશ્વિક નેટવર્કની સ્થાપનાનો સમાવેશની તેમજ તેના અમલીકરણ માટે WHO ICD-11 (International Classification of Disease) કોડિંગના ઉપયોગની વાત કરવામાં આવી છે.
- સમિટમાં ઉન્નત સ્વાસ્થ્ય અને સુખાકારી માટે TCIM ક્ષેત્રમાં ડિજિટલ સ્વાસ્થ્ય સંસાધનોને આગળ વધારવા માટે AI સહિત ડિજિટલ હેલ્થ ટેકનોલોજી વિકસાવવા અને લાગુ કરવાના મહત્વ પર પ્રકાશ પાડયો હતો.

### Global Centre for Traditional Medicine (GCTM) વિશે....

- વિશ્વના સૌપ્રથમ ભારત અને WHO (World Health Organisation) ના સહયોગથી વિકસાવેલ GCTM નો શિલાન્યાસ એપ્રિલ, 2022 માં કરવામાં આવ્યો હતો.
- સ્થળ :– જામનગર, ગુજરાત
- આ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ્ય પરંપરાગત દવાઓની શકયતાઓની તકનીકી પ્રગતિ અને પુરાવા આધારિત સંશોધન સાથે એકીકૃત કરવાનો છે.
- આ કેન્દ્ર વર્ષ 2024 માં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.

## ભાવનગર જિલ્લામાં નકળંગ મેળાનું આયોજન થયું



- ભાવનગર જિલ્લાના કોળિયાક ગામ પાસે આવેલ દરિયાકિનારે નિષ્કલંક મહાદેવ મંદિર ખાતે નકળંગ મેળાનું આયોજન કરવામાં આવે છે.
- આ મેળાનું આયોજન ભાદરવી અમાસના રોજ કરવામાં આવે છે.
- એક દંતકથા મુજબ મહાભારતના યુદ્ધની સમાપ્તિ બાદ પાંડવો માતા કુંતીની આજ્ઞાથી હિમાલયમાં સમાધિષ્ટ થવા જતા હિમાલયે તેઓને કુળબંધુઓનો નાશ કરનાર પાપી કહીને સમાવવાની ના કહેતા પાંડવો ત્યાંથી કાળી ધજા લઈને પોતાના પાપોને નિષ્કલંક કરવા ભ્રમણ કરતાં કરતા ભાવનગરના હાથક ગામે પહોંચ્યા.
- ત્યાં ધજા અડધી સફેદ થતાં પાંડવોને યોગ્ય જગ્યાએ પહોંચવાની ખાતરી થઈ. આમ કોળિયાક પહોચતાં જ આખી ધજા સફેદ થઈ ગઈ. ત્યાં દરિયામાં નિષ્કલંક મહાદેવને સ્થાપિત કર્યા બાદ પૂજા અર્ચના કરી તેઓ નિષ્કલંક થયા.
- આ મહાદેવ નિષ્કલંક (નકળંગ) મહાદેવ તરીકે ઓળખાય છે.
- દર વર્ષે ભાદરવી અમાસના દિવસે જ સમુદ્રની ઓટના થોડા કલાકો દરમિયાન જ દર્શન થાય છે.
- તે સિવાય ભગવાન શિવ સમુદ્રના પાણીમાં સમાયેલા રહે છે. આથી આ દિવસે અહિ મેળો ભરાય છે.
- દરિયાની ભરતી જેવી ઉતરે એટલે કે ઓટ આવે, પાણી ઉતરે અને ભોળાનાથ દર્શન આપે ત્યારે સૌપ્રથમ તેમના પર ધજા ચઢાવવાની પરંપરા કરવામાં આવે છે.
- આ પ્રસંગે અહીં માણસોનો સમૂહ એકઠો થાય છે અને એક મેળા જેવું વાતાવરણ ઊભું કરે છે,આ મેળો નકળંગ મહાદેવના મેળા તરીકે ઓળખાય છે.

## નરસિંહ મહેતા પુરસ્કાર વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી



- નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ દ્વારા નરસિંહ મહેતા પુરસ્કારના વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી છે.
- આ વિજેતાઓમાં સાહિત્યકાર જવાહર બક્ષી (વર્ષ 2020 માટે) રાજેશ વ્યાસ મિસ્કિન (વર્ષ 2021 માટે), યજ્ઞેશ દવે (વર્ષ 2022 માટે) અને ઉદયન ઠક્કર (વર્ષ 2023 માટે) ને એનાયત કરવામાં આવ્યા.
- આ પુરસ્કાર જૂનાગઢમાં ભવનાથ ખાતે આવેલ રૂપાયતન સંસ્થામાં શરદ પૂર્ણિમાની સાંજે મોરારીબાપુના હસ્તે અર્પણ કરવામાં આવ્યા.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂા. 1,51,000 રોકડ રકમ તેમજ નરસિંહ મહેતાની પ્રતિમાનું સ્મૃતિચિન્હ આપવામાં આવે છે.
- દર વર્ષે આ પુરસ્કાર જાહેર કરવામાં આવે છે. પરંતુ કોરોના મહામારીને કારણે છેલ્લા ચાર વર્ષથી વિજેતા જાહેર કર્યા ન હતા.
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ 1999માં કરવામાં આવી હતી. રાજેન્દ્ર શાહ તેના પ્રથમ વિજેતા હતા.

❖ **નરસિંહ મહેતા**

- તેમનો જન્મ ઈ.સ. 1414માં ભાવનગર જિલ્લાના તળાજા ખાતે થયો હતો.
- તેમનું પૂરું નામ નરસિંહ કૃષ્ણ મહેતા છે.
- તેને આદિકવિ, આદ્યકવિ, પદના પિતા, ભકત કવિ, શિરોમણિ તેમજ ઉર્મિકવિ જેવા બિરુદ આપવામાં આવ્યા છે.
- જૂનાગઢને કર્મભૂમિ બનાવીને સમગ્ર જીવન કૃષ્ણભકિતમાં વ્યતિત કર્યું. તેમણે સગુણ ભકિતની સાથોસાથ નિર્ગુણ ભકિતનો મહિમા ગાયો.
- તેમણે જ્ઞાન આધારિત પદોની રચના કરેલી છે. આથી તેમને ભકત અને જ્ઞાનમાર્ગી કવિ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેઓ ઝૂલણા છંદ (37 માત્રા) અને મલ્હાર રાગ ગાવા માટે જાણીતા હતા.

## ગુજરાતના ગાંધીનગર ખાતે પ્રથમ વનપાલ સ્મારકનું લોકાપર્ણ કરવામાં આવ્યું

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 11 સપ્ટેમ્બર ‘રાષ્ટ્રીય વન શહીદ’ દિવસ નિમિત્તે વન ચેતના કેન્દ્ર, ગાંધીનગર ખાતે ગુજરાતના પ્રથમ વનપાલ સ્મારકનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.
- આ સ્મારકનો હેતુ વન અને વન્યજીવોના સંરક્ષણ તથા સંવર્ધન માટે પોતાનું જીવન ન્યોછાવર કરનારા વન શહિદોના સાહસ, શૌર્ય અને બલિદાન ભાવિ પેઢીને પ્રેરણા આપવાનો છે.




- કેન્દ્ર સરકાર દ્વારા વન અને વન્યજીવોના સંરક્ષણ તેમજ સંવર્ધન દરમિયાન ફરજ બજાવતા શહીદ થયેલા વન વિભાગના ફ્રન્ટલાઈન સ્ટાફ જેવા કે, વનરક્ષક, વનપાલ, પરિક્ષેત્ર વન અધિકારીઓ અને અન્ય અધિકારીઓના માનમાં વર્ષ 2013થી દર વર્ષે 11 સપ્ટેમ્બરને રાષ્ટ્રીય વન શહિદ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.
- રાષ્ટ્રીય વન શહિદ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય જંગલની જાળવણી માટે જાગૃતિ લાવવા અને પર્યાવરણના રક્ષણમાં વૃક્ષોના મહત્વને ઉજાગર કરવાનો છે.
- વર્ષ 1970માં આ દિવસના રોજ રાજસ્થાનમાં ખેજર્લી હત્યાકાંડની યાદમાં ભારતના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં પર્યાવરણ બચાવવા માટે ચિપકો આંદોલન, અપ્પિકો આંદોલન, સાયલન્ટ વેલી આંદોલન વગેરે આંદોલનો થયા હતા.

## ગુજરાતના છ શહેરોમાં નવા મેયરોની નિમણૂક



- ગુજરાતના સુરત, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જામનગર અને વડોદરામાં નવા મેયરોની નિમણૂક કરવામાં આવી છે.
- મેયરોના નામની યાદી નીચે પ્રમાણે છે :
  સુરત – દક્ષેશ માવાણી, અમદાવાદ – પ્રતિભા જૈન, રાજકોટ – નયના પેઢ ડિયા, ભાવનગર – ભરત બારડ, વડોદરા – પિંકી સોની અને જામનગર– વિનોદ ખીમસુરિયા

❖ **મહાનગરપાલિકા**

- 74માં બંધારણીય સુધારા, 1992 દ્વારા ભારતમાં શહેરી સ્વરાજની સંસ્થાઓનો બંધારણીય અમલ શરૂ થયો.

Banking Academy

- આ અંતર્ગત બંધારણમાં નગરપાલિકા નામનો ભાગ–9(A) ઉમેરવામાં આવ્યો.
- આ ભાગમાં અનુચ્છેદ 243(Q)(C) અંતર્ગત મોટા શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકાની રચના કરવામાં આવી.
- સામાન્ય રીતે 10,00,000 થી વધુ વસતિ હોય ત્યાં મહાનગરપાલિકા રચાય છે.
- મહાનગરપાલિકા વડા (અધ્યક્ષ)ને 'મેયર' અને ઉપાધ્યક્ષને 'ડેપ્યુટી મેયર' કહે છે.
- મહાનગરપાલિકાના વહીવટી વડા મ્યુનિસિપલ કમિશનર હોય છે.
- પ્રથમ બેઠક મળ્યાની તારીખથી મેયર તથા ડેપ્યુટી મેયરનો કાર્યકાળ 2.5 વર્ષનો હોય છે.
- મહાનગરપાલિકના મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.
- મહાનગરપાલિકના મેયર પોતાનું રાજીનામું મ્યુનિસિપલ કમિશનરને આપે છે.
- જ્યારે ડેપ્યુટી મેયર અને સભ્યો પોતાનું રાજીનામું મેયરને આપે છે.

## ભારત – સાઉદી અરેબિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલની પ્રથમ બેઠક યોજાઈ

- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વચ્ચે હૈદરાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય ચર્ચા થઈ હતી.





- ભારત – સાઉદી અરેબિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલની પ્રથમ બેઠક યોજાઈ – જે દરમિયાન બંને દેશોની વચ્ચે વિવિધ ક્ષેત્રો જેવા કે કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોકેમિકલ અને માનવ સંસાધનના MoU થયા હતા.
- ભારત ભવિષ્યમાં અંડર સી કેબલ દ્વારા સાઉદી અરેબિયાને ઈલેક્ટ્રિસિટી એક્સપોર્ટ કરશે. આ માટે બંને દેશો વચ્ચે અંડર સી કેબલ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- ગુજરાત દરિયાકાંઠાના મુન્દ્રા બંદરથી અરબી સમુદ્રમાં UAEના ફુજેરાહના અમીરાત વચ્ચે 1600 કિમી. લંબાઈનો હશે અથવા વૈકલ્પિક માર્ગ દ્વારા ભારત સાઉદી અરેબિયાને ઈલેક્ટ્રિકસિટી સપ્લાય કરશે. જેનું અંતર 1200 કિમી છે. જે માટે કેબલને દરિયામાં 3.5 કિમીની ઉંડાઈ પર લગાડવામાં આવશે.
- સાઉદી અરેબિયા ગુજરાતના ગિફ્ટ સિટીમાં ઓફિસ ખોલશે. જેનાથી ભારતમાં રોકાણનું પ્રમાણ વધવાની શકયતા છે. તેમજ બંને દેશો મહારાષ્ટ્ર ખાતે 4 લાખ કરોડના વેસ્ટ કોસ્ટ રિફાઈનરી પ્રોજેક્ટના ત્વરિત અમલ કરવા માટે સહમત થાય છે.
- હાઈડ્રોકાર્બન, સંરક્ષણ, સેમિકન્ડકટર અને અંતરિક્ષના ક્ષેત્રોમાં સહકારનો વ્યાપ વધારવા અંગે ચર્ચાઓ થઈ હતી તેમજ થોડા વર્ષોમાં સાઉદી ભારતમાં 8.20 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

❖ **SPC (Strategic Partnership Council) વિશે**

- ઓક્ટોબર 2019માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાઉદી અરેબિયાની મુલાકાત દરમિયાન SPCની સ્થાપના માટે કરાર પર MoU કરવામાં આવ્યા હતા.
- આ પરિષદનો હેતુ ભારત–સાઉદી સંબંધોને આગળ વધારવા માટે ઉચ્ચ સ્તરીય કાઉન્સિલની સ્થાપના કરવાનો હતો.
- પરિષદના બે મુખ્ય સ્તંભો છે. રાજકીય, સુરક્ષા, સામાજિક અને સાંસ્કૃતિક સહકાર અંગેની સમિતિ તેમજ આર્થિક અને રોકાણ અંગેની સમિતિ.

## ગુજરાતમાં ખંભાતના અખાતમાંથી વેનેડિયમ જેવી દુર્લભ ધાતુ મળી આવી

- જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)ને ગુજરાતના અલંગ નજીક ખંભાતના અખાતમાંથી દુર્લભ ધાતુ વેનેડિયમ મળી આવી હતી. જે ભારતના દરિયાકાંઠેથી પ્રથમવાર મળી આવ્યુ છે.




- અગાઉ વર્ષ 2021 માં અરુણાચલ પ્રદેશમાથી વેનેડિયમ મળી આવ્યુ હતું.
- વેનેડિયમની શોધ સ્પેનિશ રસાયણશાસ્ત્રી એન્ડ્રેસ મેન્યુઅલ ડેલ રિયો દ્વારા 1801 માં કરવામાં આવી હતી.
- વેનેડિયમનો ઉપયોગ સ્ટીલ મિશ્રિત ધાતુના ઉત્પાદનમાં થાય છે.
- વેનેડિયમની સંજ્ઞા 'V' છે. તેનો પરમાણુ ક્રમાંક 23 છે.
- વિશ્વમાં વેનેડિયમનું સૌથી વધુ ઉત્પાદન ચીન દ્વારા કરવામાં આવે છે. તેનો પરમાણુભાર 50.9415 AMU છે.
- વેનેડિયમની બનેલી મિશ્ર ધાતુ ખુબ જ મજબુત અને સખત હોય છે. તેથી તેનો ઉપયોગ પિસ્ટન રોડ, ગિયર, એકસેલ તેમજ ઉચ્ચક્ષમતાની સાયકલના બખ્તર બનાવવા માટે થાય છે.
- તે સામાન્ય તાપમાને ઘન સ્થિતિમાં જોવા મળે છે.
- તેનુ ગલનબિંદુ 1910° સેલ્સિયસ (3470° ફેરનહીટ) છે અને તેનુ ઉત્કલનબિંદુ (ઉકળતુ તાપમાન) 3407° સેલ્સિયસ (6165° ફેરનહીટ) છે અને ઉંચા તાપમાને વેનેડિયમ મેટલ ગેસ અવસ્થામાં જોવા મળે છે.

## તરણેતરના મેળામાં 18 મી ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું

- ગુજરાતના સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલ થાનગઢ તાલુકાના તરણેતર મેળામાં Sports Authority of Gujarat (SAG) દ્વારા 18 મી ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું
- આ ગ્રામીણ ઓલિમ્પિકમાં જે તે રમતમાં ગ્રામ્યની તમામ શાળાઓના 16 અને 16 વર્ષથી નાની વયના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.




**❖ ઓલિમ્પિકમાં ઈનામ સ્વરૂપે આપવામાં આવતી રકમ**

- પ્રથમ ક્રમ – રૂા. 1 હજાર – 8 હજાર
- દ્વિતીય ક્રમ – રૂા. 700 – 6 હજાર
- તૃતિય ક્રમ – રૂા. 500 – 5 હજાર

**❖ આ ગ્રામીણ ઓલિમ્પિકમાં ભાઈઓ નીચે દર્શાવેલ રમતમાં ભાગ લઈ શકે**

(1) લાંબી દોડ (4 × 100 મી. રિલે દોડ)
(2) 3000 મીટર દોડ
(3) સ્લો સાયકલિંગ
(4) કબડ્ડી
(5) 100 મીટર દોડ
(6) 800 મીટર દોડ
(7) નારિયેળ ફેંક
(8) સ્ટ્રોંગેસ્ટમેન
(9) 200 મીટર દોડ
(10) લાંબી કૂદ
(11) વોલીબોલ
(12) સાતોડી (નારગોલ)
(13) ખાંડના લાડવા ખાવાની હરીફાઈ

**❖ આ ગ્રામીણ ઓલિમ્પિકમાં બહેનો નીચે દર્શાવેલ રમતમાં ભાગ લઈ શકશે :**

(1) લાંબી દોડ (4 × 100 મી. રિલે દોડ)
(2) 3000 મીટર દોડ
(3) માટલા દોડ હરીફાઈ (450 મીટર અંતર)
(4) 100 મીટર દોડ
(5) 800 મીટર દોડ
(6) વોલીબોલ
(7) 200 મીટર દોડ
(8) દોરડા કુદ (રોપ સ્કીપીંગ)
(9) કબડ્ડી

**❖ તરણેતર મેળો**

- સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ પાસે તરણેતર ગામમાં ત્રિનેશ્વર મહાદેવના મંદિરખાતે આ મેળો ભરાય છે.
- તે ભાદરવા (ભદ્રપદ) સુદ ચોથથી ભાદરવા સુદ છઠ એમ ત્રણ દિવસ માટે ભરવામાં આવે છે.
- આ મેળો ઐતિહાસિક, પૌરાણિક તેમજ ધાર્મિક મહત્વ ધરાવતો ગુજરાતનો સૌથી પ્રખ્યાત અને સૌથી મોટો ભાતીગળ મેળો છે.
- અહિ રાજય સરકાર દ્વારા દર વર્ષે ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવે છે.
- વર્ષ 2008 થી રાજય સરકાર દ્વારા આ મેળામાં પશુ પ્રદર્શન યોજવામાં આવે છે. જેમાં પશુઓના પાલન વિશેનું જ્ઞાન આપવામાં આવે છે.

## નર્મદા નદીનું જળસ્તર માપવા 'ઈ–રેવા' પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવશે

- ભરૂચના ગોલ્ડન બ્રીજના નિર્માણ બાદથી નર્મદા નદીનું જળ સ્તર માપવા 142 વર્ષ જૂની પધ્ધતિનો ઉપયોગ થઈ રહ્યો છે.
- તેના સ્થાન પર હવે કુત્રિમ બુદ્ધિમતા (AI) આધારિત નવી ઈ–રેવા પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવશે.
- જે માટે ગોલ્ડન બ્રિજ પર રડાર આધારિત સેન્સર લગાડવામાં આવ્યું છે. જેની મદદથી નર્મદા નદીની સપાટી સતત નોંધાતી રહેશે અને તેની માહિતી એપ્લિકેશનમાં અપડેટ થતી રહેશે.



- આ AI આધારિત તકનીક પૂર આવતા પહેલા જ માહિતગાર કરશે. આ નવી એપ્લિકેશનમાં અસરગ્રસ્ત એવા 314 જેટલા ગામને આવરી લેવામાં આવ્યા છે.
- ગોલ્ડન બ્રિજ ખાતે નર્મદાનદી જયારે ભયજનક સપાટી વટાવશે ત્યારે તેની આગોતરી જાણકારી તંત્રને આપશે.

**❖ નર્મદા નદી**

- ઉદ્‌ગમ સ્થાન : મધ્યપ્રદેશના અમરકંટકના ઉચ્ચપ્રદેશમાંથી નીકળે છે.
- લંબાઈ – 1312 કિમી.
- ભારતીય નદીઓની કુલ જળરાશીમાં નર્મદા નદીનો હિસ્સો 2.9% છે.
- નર્મદા નદી પર કપિલ ધારા દૂધ ધારા ધોધ, શૂલપાણેશ્વર ધોધ તેમજ નિર્ણય ધોધ જેવા ધોધ આવેલ છે.
- ગુજરાતમા નર્મદા જિલ્લાના હાંફેશ્વર નજીક પ્રવેશે છે.
- આ નદી પર સરદાર સરોવર પરિયોજના આવેલી છે. આ ઉપરાંત નર્મદા સાગર / ઈન્દિરા સાગર, ઓમકારેશ્વર ડેમ વગેરે બાંધવામાં આવ્યા છે.



Banking Academy

## રાષ્ટ્રપતિએ ગુજરાત ઈ– વિધાનસભાનું ઉદ્‌ઘાટન કર્યું




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વન નેશન વન એપ્લિકેશન' કાર્યક્રમ હેઠળ ગુજરાત વિધાનસભાને ડિજિટલ બનાવવાના હેતુથી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા ઈ–વિધાનસભાનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.
- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમજ અન્ય વિધાનસભા સદસ્યોએ ગુજરાત વિધાનસભા ખાતે નેશનલ e વિધાનસભા એપ્લિકેશનની (NeVA) તાલીમ મેળવી હતી.
- તેમજ તેઓએ NeVA (National e-Vidhansabha Application) મારફતે વિધાનસભા કાર્યવાહી સંલગ્ન વિવિધ પ્રક્રિયા કેવી રીતે કરવી તેની જાણકારી મેળવી હતી.
- આ મુલાકાત દરમિયાન તેઓ ગાંધીનગર રાજભવનથી આયુષ્માન ભવઃ એપ્લિશેકનનું પણ લોન્ચિંગ કરશે.
- આ એપ્લિકેશન હેઠળ લાભાર્થીઓ સુધી તમામ આરોગ્યલક્ષી યોજનાઓ અસરકારક રીતે પહોંચી શકે તે માટે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

❖ **NeVA એપ્લિકેશન**

- રાષ્ટ્રીય ઈવિધાન એપ્લિકેશન (NeVA) એ યુનિકોડ સુસંગત સોફટવેર છે જે તમામ કાયદાકીય સંસ્થાઓના કાર્ય અને ડેટાને નાગરીકો અને વિધાનસભ્યો બંને દ્વારા ઉપયોગ માટે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવા માટે વિકસાવવામાં આવ્યું છે.
- NeVA માં વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન પણ શામેલ છે.
- આ સોફટવેર પ્રશ્નોની સૂચિ, વ્યવસાયોની સૂચિ અને અહેવાલો જેવા દસ્તાવેજોની સુલભ કરાવે છે.

## ગુજરાત સરકારે તાર ફેન્સિંગ યોજનામાં મર્યાદા ઘટાડી



- ગુજરાત રાજય સરકાર દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થતું અટકાવવા માટે ખેતરની ફરતે તાર ફેન્સિંગ કરવા 5 હેકટરની મર્યાદા ઘટાડી 2 હેકટર કરવામાં આવી છે.

❖ **તાર ફેન્સિંગ યોજના**

- યોજનાની શરૂઆત 20 મે 2005 ના રોજ કરવામાં આવી હતી.
- આ યોજનાનો હેતુ ખેડૂતોના પાકને જંગલી ભૂંડ ડુક્કર અને નીલ ગાય, હરણથી બચાવવાનો છે. જેથી આ પ્રાણીઓ દ્વારા ઉભા પાકને થતા નુકશાનને ઓછું કરી શકાય..
- આ યોજના હેઠળ શરૂઆતના તબક્કામાં 10 હેકટર ખેતી ધરાવતા ખેડૂતોને સબસિડી આપવામાં આવતી હતી. ત્યારબાદ તે મર્યાદા ઘટાડીને 5 હેકટર કરવામાં આવી અને હવે તે માત્ર 2 હેકટર જ કરવામાં આવી છે.
- 200/- પ્રતિ રનિંગ મીટરની સહાય અથવા લાગત ખર્ચના 50% બેમાંથી જે ઓછુ હોય તે મળવા પાત્ર રહેશે.

## ગુજરાતની પ્રથમ પોપ્યુલેશન કલોક વડોદરામાં લગાવવામાં આવી




- ગુજરાતની પ્રથમ અને દેશની 8મી ડિજિટલ પોપ્યુલેશન કલોકનું વડોદરા શહેરની MS યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના કેમ્પસના આગમન દ્વાર પર ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- આ વસતિ ઘડિયાળમાં દેશ અને ગુજરાતની વસતિના વાસ્તવિક સમયના આંકડા જોવા મળશે.
- આ ઘડિયાળના અભ્યાસ અનુસાર 1 મિનિટમાં દેશમાં 34 લોકોની વસતિનો વધારો થાય છે અને રાજયમાં 1.10 મિનિટમાં 2 લોકોની વસતિનો વધારો થાય છે.
- ડિજિટલ પોપ્યુલેશન કલોક પ્રમાણે ભારત દેશની વસતિ હાલ 1.43 અબજ થી વધારે છે અને ગુજરાતની વસતિ હાલ 7.19 કરોડથી વધુ છે.
- દેશ અને રાજયની વસતિમાં કેટલો વધારો થઈ રહ્યો છે અને લોકોને તેની સતત જાણકારી મળતી રહે આ બાબતે લોકોમાં જાગૃતિ લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં જ્યાં જ્યાં Population Research Centre આવેલા છે, ત્યાં પોપ્યુલેશન કલોક મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ગુજરાતમાં પર્વત પવિત્રતા અભિયાન શરૂ કરવામાં આવ્યું




- રાજ્યના યાત્રાધામોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા 'પર્વત પવિત્રતા અભિયાન' હાથ ધરવામાં આવ્યું.
- જે અંતર્ગત રાજ્યના 8 પવિત્ર યાત્રાધામો પર સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે.
- રાજ્યના આઠ મહત્વના યાત્રાધામો અંબાજી, શામળાજી, ડાકોર, પાવાગઢ, સોમનાથ, દ્વારકા, પાલિતાણા તથા ગિરનાર વગેરેનો સમાવેશ થાય છે.
- આ અભિયાન પર્યાવરણક્ષેત્રે મહત્વનું પગલું છે.
- અભિયાનની શરૂઆત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અંબાજીમાં 23 સપ્ટેમ્બરથી શરૂ થતા ભાદરવી પૂનમના મેળા પહેલા ગબ્બર પર્વત પરથી કરવામાં આવશે તેમજ પાવાગઢ અને ગિરનાર પર્વત સ્થળોએ પણ મોટા પાયે સફાઈ કામગીરી શરૂ કરવામાં આવશે.

## દક્ષિણ ગુજરાતમાં પૂરની સ્થિતિ સર્જાઈ




- નર્મદા તેમજ અન્ય નાની નદીઓને કારણે ગુજરાતમાં મોટા પ્રમાણમાં પૂર આવ્યું છે. રાજ્યના દક્ષિણ અને મધ્ય પ્રદેશોના વિવિધ ગામો મુખ્ય પ્રવાહથી અલગ થઈ ગયા છે.
- નર્મદાનું જળસ્તર ખતરાની નિશાનીથી ઉપર છે અને ભારતીય હવામાન વિભાગ (IMD)એ ગુજરાતના ભાગોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.
- નર્મદા નદીનો મુખ્ય ડેમ સરદાર સરોવર ડેમ છે, જે પાણીના સ્તરમાં વધારો થવાનું એક મુખ્ય કારણ છે.
  - **IMD દ્વારા જાહેર કરાયેલ વિવિધ કલર–કોડેડ ચેતવણીઓ :**
  - લીલો રંગ (All is Well એટલે બધુ બરાબર છે) – કોઈ સૂચનાઓ જાહેર કરવામાં આવતી નથી.
  - પીળો રંગ (Be aware એટલે સાવચેત રહો) – પીળો રંગ ઘણા દિવસો સુધી ચાલતા ગંભીર પ્રતિકૂળ હવામાનને સૂચવે છે. તે એવું પણ સૂચવે છે કે હવામાન બગડી શકે છે, જેના કારણે દૈનિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ આવી શકે છે.
  - નારંગી રંગ (Be Prepared એટલે તૈયાર રહો) – નારંગી રંગ ભારે હવામાન હોવાની ચેતવણી તરીકે આપવામાં આવે છે. જેમ કે રસ્તા રેલ બંધ થવા પાવર આઉટેજ સહિત ટ્રાફિકમાં વિક્ષેપની સંભાવના દર્શાવવામાં આવે છે.
  - લાલ રંગ (Take Action એટલે કાર્યવાહી કરવી) – જ્યારે વાતાવરણ અત્યંત ખરાબ હોય જે મુસાફરીમાં અને પાવર સપ્લાયમાં વિક્ષેપ ઊભા કરે અને જીવન માટે ભય હોય ત્યારે લાલ રંગનું એલર્ટ જાહેર કરે છે.

## સૌરાષ્ટ્રની પ્રથમ વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી




- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા નવી 9 વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.
- આ નવી ટ્રેનો 11 રાજ્યોમાં પરિવહન વધારશે. આ 11 રાજ્યોમાં રાજસ્થાન, ગુજરાત, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, બિહાર, પશ્ચિમ બંગાળ, કેરળ, ઓડિશા અને ઝારખંડનો સમાવેશ થાય છે.
- તેમાંથી એક ટ્રેન ગુજરાતમાં જામનગર–અમદાવાદ વચ્ચે દોડશે.
  - **જામનગર–અમદાવાદ વંદે ભારત ટ્રેન :**
  - આ ટ્રેન આ રૂટની સૌથી ઝડપી ટ્રેન કરતા 60 મિનિટ વહેલી યાત્રા પૂરી કરશે.
  - જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદના ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન તથા પ્રવાસીઓ, વ્યવસાયિકો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને લાભ થશે.
  - જામનગર પેટ્રોકેમિકલ ઉદ્યોગ, રાજકોટમાં ઓટોમોબાઈલ પાર્ટસ, સુરેન્દ્રનગરમાં કપાસ ઉદ્યોગ અને અન્ય ક્ષેત્રો માટે નવા વ્યવસાયિક અવસર વધારશે.
  - **વંદે ભારત એક્સપ્રેસ :**
  - વર્ષ 2019માં દેશની પ્રથમ લોકોમોટિવ વગરની સૌથી ઝડપી ટ્રેન Train-19નું નામ બદલીને 'વંદે ભારત એક્સપ્રેસ' કરવામાં આવ્યું હતું.
  - પ્રથમ વંદે ભારત એક્સપ્રેસનું નિર્માણ ચેન્નાઈની રેલ કોચ ફેક્ટરીમાં 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ કરવામાં આવ્યું હતું.
  - આ સેમી હાઈસ્પીડ ટ્રેનની મહત્તમ ઝડપ 160 કિ.મી. પ્રતિ કલાક છે.

- પ્રથમ વંદે ભારત ટ્રેન વર્ષ 2019માં નવી દિલ્હી અને વારાણસી વચ્ચે શરૂ કરવામાં આવી હતી.
- વર્ષ 2022-23 માટેના કેન્દ્રીય બજેટમાં નાણાકીય મંત્રીએ આગામી ત્રણ વર્ષમાં 400 નવી વંદે ભારત ટ્રેનોના વિકાસ અને નિર્માણનો પ્રસ્તાવ મૂકયો છે.

❖ **ગુજરાતમાં ચાલતી અન્ય વંદે ભારત ટ્રેન :**

- મુંબઈ સેન્ટ્રલ – ગાંધીનગર
- અમદાવાદ – જોધપુર



# 4 આંતરરાષ્ટ્રીય

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા BRICS ના રાષ્ટ્ર અધ્યક્ષોને વિવિધ ભેટ આપવામાં આવી

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહોનિસબર્ગ, દક્ષિણ આફ્રિકામાં આયોજિત 15 મી BRICS સમિટમાં ભાગ લીધો હતો.
- આ સંમેલન દરમિયાન તેમણે BRICS ના રાષ્ટ્રઅધ્યક્ષોને ભારતીય વારસાની વૈવિધ્યતા અને સમૃદ્ધિને પ્રતિબિંબિત કરતી કલાત્મક અને પરંપરાગત વસ્તુઓની ભેટ આપી હતી.



❖ **તેલંગાણાની બિદ્રી (સુરાહી) ની જોડી**

- દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાને આ ભેટ આપી હતી. Bidrivase એ 500 વર્ષ જૂની પર્શિયનની સંપૂર્ણ ભારતીય નવીનતા છે.
- બિદ્રીને ઝીંક, તાબુ અને અન્ય બિનઅયસ્ક ધાતુઓના મિશ્રણમાંથી તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ તેના પર સુંદર રચનાઓ દોરવામાં આવે છે અને તેનામાં શુદ્ધ ચાંદીના તાર જડવામાં આવે છે.

❖ **નાગાલેન્ડની શાલ**

- દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાના પત્ની અને તે દેશની સૌપ્રથમ મહિલાને નાગાલેન્ડની શાલ ભેટમાં આપવામાં આવી હતી.
- આ શાલ નાગાલેન્ડ રાજયના આદિવાસીઓ દ્વારા વણવામાં આવે છે.
- આ શાલ તેમના જીવંત રંગો, જટીલ રચના અને પરંપરાગત વણાટ તકનીકોના ઉપયોગ માટે જાણીતી છે.

❖ **મધ્યપ્રદેશનું ગોંડ ચિત્ર**

- ગોંડ શબ્દ દ્રવિડ શબ્દ ‘કોંડ’ પરથી આવ્યો છે જેનો અર્થ ‘લીલો પર્વત’ થાય છે.
- બિંદુઓ અને રેખાઓ દ્વારા બનાવવામાં આવેલ આ ચિત્રો ગોંડ લોકોના ઘરોમાં દિવાલ અને ભોંયતળિયે દોરવામાં આવે છે.
- તે દરેક ઘરના નિર્માણ તેમજ પુનઃનિર્માણ સમયે તૈયાર કરવામાં આવે છે.
- તેમાં કુદરતી રંગ અને વસ્તુઓ જેમકે ચારકોલ, રંગીન માટી, છોડનો રસ, પાંદડા, ગાયનું છાણ, ચૂનાનો પાવડર વગેરેનો ઉપયોગ થાય છે.

## જળવાયુ પરિવર્તન પર કંપાલા ઘોષણા અપનાવવામાં આવી

- મહાદ્વીપ પર માનવ ગતિશીલતા અને આબોહવા પરિવર્તન વચ્ચેના આંતરસંબંધને સંબોધવા માટે 47 આફ્રિકન દેશો દ્વારા સ્થળાંતરણ, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન પર કંપાલા મંત્રાલયની ઘોષણા (KDMELC) અપનાવવામાં આવી છે.
- આ કંપાલા ઘોષણા પર શરૂઆતમાં 15 આફ્રિકન રાજયો દ્વારા જુલાઈ 2022 માં યુગાન્ડાના કંપાલા ખાતે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- KDMECC – AFRICA પર જ સપ્ટેમ્બર, 2023 ના રોજ નૈરોબીમાં આફ્રિકા કલાઈમેટ સમિટ દરમિયાન સભ્ય દેશો દ્વારા હસ્તાક્ષર થવાની સંભાવના છે.



- આ ઘોષણા એ સૌપ્રથમ વ્યાપક અને ક્રિયાલક્ષી માળખું છે જેનું નેતૃત્વ સભ્ય દેશો દ્વારા કરવામાં આવે છે. જે આબોહવા પ્રેરિત ગતિશીલતાને વ્યવહારુ અને અસરકારક રીતે સંબોધિત કરે છે.
- આબોહવા પરિવર્તનની અસરો માટે આફ્રિકા ખંડ વિશ્વના સૌથી વધુ સંવેદનશીલ ખંડમાંથી એક છે.
- આબોહવા પરિવર્તનને કારણે તીવ્ર હવામાનીય ઘટનાઓની સંખ્યા અને તીવ્રતામાં વધારે થાય છે જેની સીધી અસર સ્થળાંતરણ પર થાય છે.
- ઈન્ટરનલ ડિસ્પલેસમેન્ટ મોનિટરીંગ સેન્ટરના જણાવ્યા અનુસાર માત્ર આગળના વર્ષે જ 7.5 મિલિયન થી વધુ લોકોએ આપત્તિને કારણે આંતરીક સ્થળાંતરણનો સામનો કરવો પડયો હતો.


## ભારત મધ્યપૂર્વ યુરોપ આર્થિક કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી

- નવી દિલ્હી ખાતે G-20 સમિટમાં ભારત – મિડલ ઈસ્ટ યુરોપ આર્થિક કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- તેને ઈન્ડિયા, યુરોપ, મિડલ ઈસ્ટ ઈકોનોમિક કોરિડોર ડીલ કહેવામાં આવે છે.
- આ કોરિડોર 6 હજાર કિ.મી. લાંબો હશે. જેમાં 3500 કિમીનો દરિયાઈ માર્ગ સામેલ છે.
- ભારત, UAE, સાઉદી અરેબિયા, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને યુરોપિયન યુનિયન સહિત કુલ 8 દેશોને આ કોરિડોરનો લાભ મળશે.
- આ કોરિડોરની મદદથી ભારતથી યુરોપ સુધી આયાત – નિકાસ વધુ સરળ બનશે તેમજ ખર્ચમાં ઘટાડા સાથે પરિવહનમાં લગભગ 40% સમયની બચત થશે.

Banking Academy

- હાલમાં ભારતમાંથી કોઈપણ કાર્ગોને શિપિંગ દ્વારા જર્મની પહોંચવામાં 36 દિવસ લાગે છે, આ નવો કોરિડોર તેમાં 14 દિવસની બચત કરશે.

❖ **ભારતને થતા લાભ :**




- એક અહેવાલ અનુસાર ચીન પશ્ચિમ એશિયામાં સતત પોતાનો પ્રભાવ વધારી રહ્યું છે.
- નેતૃત્વમાં સાઉદી અરેબિયા અને ઈરાન તાજેતરમાં થયેલી સમજૂતીએ ભારતની સાથે અમેરિકાને પણ ચોંકાવી દીધુ છે.
- કોરિડોર હેઠળ જો ગલ્ફ અને અરેબિયા વચ્ચેના રેલવે નેટવર્કને દરિયાઈ માર્ગે દક્ષિણ એશિયા સાથે જોડવામાં આવશે તો તેલ અને ગેસ ભારતમાં ઝડપથી અને ઓછા ખર્ચે પહોંચશે.
- આ જોડાણથી ગલ્ફ દેશોમાં રહેતા ભારતના 80 લાખ લોકોને પણ ફાયદો થશે.
- તેનાથી ભારત રેલવે ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિલ્ડર તરીકે બ્રાન્ડ થશે.
- આ કોરીડોર ચીનના બે પ્રોજેક્ટનો પ્રત્યુતર છે. Belt and Road Initiative અને ચાઈના પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર

## અમેરિકન રાજય જ્યોર્જિયાએ ઓકટોબરને 'હિન્દુ હેરિટેજ મહિનો' જાહેર કર્યો

- અમેરિકન રાજય જ્યોર્જિયાના ગવર્નર બ્રાયન કેમ્પે સતાવાર રીતે જાહેર કર્યુ કે ઓકટોબર મહિનો રાજયમાં 'હિન્દુ હેરિટેજ મહિનો' તરીકે ઉજવવામાં આવશે.




- આ ઘોષણા જ્યોર્જિયાને સમગ્ર અમેરિકાના અન્ય રાજયો સાથે સંરેખિત કરે છે. જેમણે હિન્દુ વારસો, સંસ્કૃતિ, મૂલ્યો અને પરંપરાઓને સન્માનિત કરવા અને તેની યાદમાં સમાન પગલા લીધા હતા.
- જ્યોર્જિયા એવા રાજયની સૂચિમાં જોડાયુ છે જેણે હિન્દુ વારસો અને સંસ્કૃતિના મહત્વને માન્યતા આપી છે.
- આ ઉજવણી માટે ઓકટોબરની પસંદગી વિશેષ અર્થ ધરાવે છે. કારણ કે ઓકટોબર મહિનામાં ગાંધી જયંતિ ઉપરાંત મુખ્ય હિંદુ તહેવારો જેમ કે નવરાત્રી દિવાળી વગેરે ઉજવવામાં આવે છે.
- આ ઘોષણા અમેરિકન સમાજમાં હિન્દૂ ધર્મના યોગદાન અને મહત્વની ઉજવણી અને સ્વીકાર કરવાની રીત તરીકે કામ કરે છે.

## આસિયાન – 2026 માટે મ્યાનમારની અધ્યક્ષતાનો અસ્વીકાર કર્યો

- ASEAN (Association of Southeast Asian Nations) ના નેતાઓએ મ્યાનમારને વર્ષ 2026 માં તેમના પ્રાદેશિક જૂથનું ક્રમિક અધ્યક્ષપદ સંભાળવાની તક નકારવાનો નિર્ણય કર્યો છે.




- આ નિર્ણય મ્યાનમારના શાસક સેનાપતિઓ માટે એક મોટો ફટકો છે જેઓ વર્ષ 2021 માં હિંસક રીતે સત્તા પર કબજો કર્યા પછી આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવા માંગે છે.
- ઈન્ડોનેશિયા દ્વારા આયોજિત આસિયાન સંમેલન – 2023 માં ફિલિપાઈન્સ વર્ષ 2026 માં પ્રાદેશિક જૂથનું અધ્યક્ષપદ સંભાળવા સંમત થયું છે.
- આસિયાન રાજદ્વારીઓએ સૂચવ્યુ કે મ્યાનમારનો બહિષ્કાર દેશની અંદર ચાલી રહેલા નાગરિક સંઘર્ષ સાથે સંબધિત છે.
- મ્યાનમારની લશ્કરી આગેવાનીવાળા સરકારને માન્યતા ન આપવાથી અમેરિકા અને યુરોપ સંઘ સહિત અન્ય આંતરરાષ્ટ્રીય અભિકર્તા સાથેના આસિયાનના સંબંધો પર નકારાત્મક અસર પડી શકે છે.

## ભારત અને કેનેડાના રાજદ્વારી સંબધોમાં તણાવ સર્જાયો

- કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કેનેડાની સંસદના નીચેલા ગૃહ હાઉસ ઓફ કોમનમાં આંતકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના જાસુસ હોવાનો દાવો કર્યો હતો.
- આ ઉપરાંત કેનેડાના વિદેશમંત્રી દ્વારા ભારતના એક ઉચ્ચ અધિકારીને ભારત પરત ફરવા કહેવામાં આવ્યું.
- તેના જવાબમાં ભારત સરકારે ભારતમાં સ્થિત કેનેડાના સિનિયર અધિકારી ઓલિવિયર સિલ્વેસ્ટરને 5 દિવસની અંદર ભારત છોડવાનો આદેશ કરી દીધો હતો.

❖ **ખાલિસ્તાનની માંગ**



- વર્ષ 1973 માં અકાલી દળના નેતાઓ ખાલસાનાં સ્થાપક આનંદપુર સાહિબના જન્મસ્થળ પર ભેગા થયા હતા.
- જેમાં તેમની મુખ્ય માંગણી પંજાબ રાજયને સ્વાયત્તતા આપવાની હતી.
- તેમાં એવા પ્રદેશોની ઓળખ કરવામાં આવી હતી જે એક અલગ રાજયનો ભાગ હશે અને તેનું પોતાનું આંતરિક બંધારણ હોય તેવા અધિકાર માંગ્યો હતો.
- અકાલી દળ પંજાબી સુબા ચળવળની સાથે ઉભરી આવેલી સ્વાયત્ત રાજયની વધતી જતી માંગને પહોચી વળવાનો પ્રયાસ કરી રહયુ હતું.
- આ માંગ વર્ષ 1971 સુધીમાં વૈશ્વિક થઈ ગઈ હતી. જયારે The NewYork Times માં ખાલિસ્તાનના ઉદય થવાની જાહેરાત કરવામાં આવી હતી.
- શરૂઆતમાં તેમની માંગણી ભારત અને પાકિસ્તાનમાં રહેલ પંજાબ પ્રાંતમાંથી અલગ ખાલિસ્તાન દેશ બનાવવાની માંગણી કરી હતી. પરંતુ સમય જતાં પાકિસ્તાનની ISIS એજન્સીએ તેમને ભંડોળ આપવાથી તેમની માંગણી ભારત પૂરતી જ સીમિત રહી.
- વર્ષ 1984 માં જરનૈલ સિંહ ભિંડારાવાલે અને તેના આંતકવાદી સાગરીતોને દૂર કરવા માટે લશ્કરી કાર્યવાહી 'ઓપરેશન બ્લૂ સ્ટાર' કરવામાં આવ્યુ હતું.

❖ **ખાલિસ્તાન અને કેનેડા**

- વર્ષ 2021 ની કેનેડિયન વસતિ મુજબ, કેનેડાની વસતિના 2.1% લોકો શીખ છે અને તે દેશનો સૌથી ઝડપથી વિકસતો ધાર્મિક જૂથ છે.
- ભારત પછી કેનેડા વિશ્વમાં સૌથી વધુ શીખ વસતિ ધરાવે છે.
- વર્ષ 2002 માં ટોરોન્ટો સ્થિત પંજાબી ભાષાના સાપ્તાહિક સાંજ સાવરાએ ઈન્દિરા ગાંધીની પુણ્યતિથિ પર તેમની હત્યાના કવર ચિત્ર સાથે શુભેચ્છા પાઠવી હતી.
- આ ઉપરાંત કેનેડાના બ્રેમ્પટન ખાતે શીખ ફોર જસ્ટિસ દ્વારા ખાલિસ્તાન માટે એક રેફરન્ડમ કરવામાં આવ્યો હતો જેને કેનેડાની સરકારે બોલવાની સ્વતંત્રતા હેઠળ તેને મંજૂરી આપી હતી.

## ભારત અને ફ્રાન્સની નૌસેના વચ્ચે વરૂણ યુધ્ધાભ્યાસનું આયોજન થયું

- અરબ સાગરમાં ભારત અને ફ્રાન્સની નૌસેના વચ્ચે વરૂણ યુધ્ધાભ્યાસની 21 મી આવૃત્તિનું દ્વિતીય સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યુ હતું.
- આ અભ્યાસનો મુખ્ય હેતુ સમુદ્રી સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા તેમજ સમુદ્રી ક્ષેત્રે શાંતિ, સુરક્ષા અને સ્થિરતા સ્થાપવાનો છે.



- આ યુધ્ધાભ્યાસમાં ભારતીય નૌ–સેના સ્વદેશી ગાઈડેડ મિસાઈલ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર INS ચેન્નાઈ, ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ INS Teg, મેરિટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટ P-81, ડોર્નિયર એરક્રાફ્ટ, ઈન્ટિગ્રલ હેલિકોપ્ટર MiG29K ફાઈટર એરક્રાફ્ટ જોડાયું હતું.
- ભારત અને ફ્રાન્સ વચ્ચેની સંયુક્ત નૌસેના યુધ્ધાભ્યાસની શરૂઆત વર્ષ 1993 થી કરવામાં આવી હતી.
- વર્ષ 2001 માં તેનુ નામ વરૂણ રાખવામાં આવ્યુ હતું.
- ભારત અને ફ્રાન્સ વચ્ચે યોજાતા સંયુક્ત યુધ્ધાભ્યાસ :
  (1) ડેઝર્ટ નાઈટ અને ગરુડા : વાયુ સેના
  (2) વરૂણ અને La Perouse : નૌસેના
  (3) શકિત : થલસેના

## વડાપ્રધાનએ G-20 સંમેલનના મહેમાનોને વિવિધ ભેટ આપી




- G-20 સંમેલન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતની સમૃધ્ધ સાંસ્કૃતિક પરંપરાને ધ્યાનમાં રાખીને G-20 ના નેતાઓને દેશના કારીગરોએ બનાવેલી હસ્તકલાકૃતિઓ ભેટ આપવામાં આવી.
- આર્જેન્ટિના પ્રમુખના પત્નીને જાળી બોકસમાં મૂકેલી બનારસી સિલ્ક શાલ ભેટમાં આપી હતી.
- ઓસ્ટ્રેલિયા વડાપ્રધાનના પત્નીને કાશ્મીરી પશ્મીના સાલ ભેટમાં આપી હતી.
- બ્રાઝિલના પ્રમુખ લુઈઝ ઈન્સિયા લુલા દા સિલ્વાનાં પત્નીને પણ કાશ્મીરી પશ્મિના શાલ આપવામાં આવી હતી.
- જાપાનના વડાપ્રધાન કિશિદાના પત્નીને જાળી બોકસમાં મૂકેલી કદમના લાકડામાંથી બનેલી આસામી શાલ ભેટમાં આપવામાં આવી હતી.
- મોરેશિયસ વડાપ્રધાનના પત્નીને ટીકવુડ બોકસમાં મૂકેલી ઈકત (ખાસ પ્રકારની વણાટનું કાપડ) આપવામાં આવ્યું હતું.

Banking Academy

- યુ.કે.ના વડાપ્રધાન ઋષિ સુનકના પત્ની અક્ષતા મૂર્તિને કર્ણાટકના કારીગરોએ બનાવેલી બનારસી સાલ ભેટમાં આપી હતી.
- આ ઉપરાંત કાશ્મીરના કેસર, દાર્જિલિંગ અને નીલગિરિની ચા, અરાકુની કોફી, કાશ્મીરની પશ્મિના શાલ, સુંદરવનનું મધ તેમજ ઉત્તર પ્રદેશના કન્નોજના ઝિંઘાણા અત્તરનો સમાવેશ થાય છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક નેતાઓને ખાદીનો સ્કાર્ફ અને G-20 ની સ્મૃતિમાં જાહેર કરાયેલ સિક્કા સાથેનું 'કોઈન બોકસ' પણ ભેટમાં આપ્યુ હતું.

## ભારતીય અર્થશાસ્ત્રી થર્મન શણમુગારત્નમ સિંગાપોરના નવા પ્રમુખ બન્યા

- ભારતીય મૂળના સિંગાપોરમાં જન્મેલા અર્થશાસ્ત્રી થર્મન શણમુગારત્નમે સિંગાપોરના નવમાં પ્રમુખ તરીકે શપથ લીધા.
- ભારતીય મૂળના ચીફ જસ્ટિસ સુંદરેશ મેનન દ્વારા નવા પ્રમુખ થર્મનને ઈસ્તાના ખાતે યોજાયેલ શપથવિધિમાં હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.
- તેઓ વર્તમાન પ્રમુખ હલીમાહ યાકબનું સ્થાન લેશે. જેઓ સિંગાપોરની પ્રથમ મહિલા પ્રમુખ રહ્યા હતા. તેનો કાર્યકાળ 23 સપ્ટેમ્બર 2023 ના રોજ સમાપ્ત થયો છે.
- ત્યાં પ્રમુખનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.
- ઈસ્તાના એ સિંગાપોરના હદયસમા વિસ્તાર ઓકાર્ડ રોડ પર આવેલ 154 વર્ષ જૂનો મહેલ છે. તેમજ સિંગાપોરના પ્રમુખનું સત્તાવાર નિવાસ સ્થાન પણ છે.
- આ ઉપરાંત સિંગાપોરમાં ભારતીય મૂળના બે પ્રમુખ રહી ચૂકયા છે. જેમાં સેલાપન રામનાવન અને ચેંગારા વીટીલ દેવનાપરનો સમાવેશ થાય છે.

**સિંગાપોર વિશે....**

- પાટનગર – સિંગાપોર
- રાષ્ટ્રીય ભાષા – મલય
- પ્રમુખ – થર્મન શણમુગારત્નમ
- વડાપ્રધાન – લી સિએન લૂંગ
- ચલણ – સિંગાપોર ડોલર




## ડેમ સલામતી અંગે આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન

- જળશકિત મંત્રાલયના જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનર્જીવન વિભાગ દ્વારા 14 થી 15 સપ્ટેમ્બર 2023 દરમિયાન જયપુરમાં ડેમ સલામતી પર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.
- પરિષદનું ઉદ્ઘાટન ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીશ ધનખરે કર્યુ હતું.
- પરિષદની થીમ "Safe & Secure Dam Ensure Nation's Prospertiy" હતી.
- આ પરિષદ ભારત અને વિશ્વભરમાંથી ડેમ સુરક્ષાના નિષ્ણાંતો અને નેતાઓને એક સાથે લાવશે.




- પરિષદ ડેમની સલામતી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અદ્યતન વિષયોની ચર્ચા કરે છે. તેમજ ડેમ પુનઃર્વસન અને સુધારણા પ્રોજેકટ તબક્કા II અને III પર પ્રકાશ પાડે છે.
- તેનો ઉદ્દેશ્ય આ વિષયના નિષ્ણાંતો અને નેતાઓને એક સાથે લાવીને સુરક્ષીત ડેમના મહત્વને પ્રોત્સાહન આપવુ તેમજ વૈશ્વિક સ્તરે ડેમની સુરક્ષાને મજબુત કરવી.

## SIMBEX યુદ્ધાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું

- ભારતીય નૌસેના સિંગાપોર ખાતે SIMBEX (Singapore India Maritime Bilateral Exercise)ની 30મી આવૃત્તિમાં જોડાઈ.
- આ યુદ્ધાભ્યાસમાં ભારત તરફથી રણવિજય અને કાવર્તી જહાજ તેમજ સબમરીન INS સિંધુ કેસરીએ ભાગ લીધો.




**SIMBEX કવાયત**

- ભારતીય નૌકાદળ અને રિપબ્લિક ઓફ સિંગાપોર નેવી (RSN) વચ્ચે વાર્ષિક દ્વિપક્ષીય નૌકા કવાયત છે. આ કવાયત વર્ષ 1994થી કરવામાં આવી રહી છે.
- SIMBEX-2023 બે તબક્કામાં યોજાઈ રહ્યું છે.
- સિંગાપોરમાં હાર્બર તબક્કો 21 થી 24 સપ્ટેમ્બર 2023 સુધી ત્યારબાદ સમુદ્ર તબક્કો.
- ભારતીય સેના અને સિંગાપોરની સેના વચ્ચે 'બોલ્ડ કુરુક્ષેત્ર' યુદ્ધાભ્યાસ યોજાઈ છે.

## ભારત–મલેશિયા સંરક્ષણ સહયોગ સમિતિની બેઠક યોજાઈ




- ભારત–મલેશિયા સંરક્ષણ સહયોગ સમિતિની બેઠક (MIDCOM)ની 12મી બેઠક નવી દિલ્હી ખાતે યોજાઈ હતી.
- આ બેઠકમાં બે પેટા સમિતિઓની બેઠકોના પરિણામોની સમીક્ષા કરવામાં આવી હતી, જેમ કે સૈન્ય સહકાર પરની પેટા સમિતિ અને સંરક્ષણ વિજ્ઞાન ટેક્નોલોજી અને ઉદ્યોગ સહકાર પર સંયુક્ત પેટા સમિતિ.
- બંને દેશોના સંરક્ષણ સંબંધોને વિસ્તૃત કરવા માટે SAWG (Strategic Affairs Working Group)ની સ્થાપના કરવામાં આવી.
- ભારતના સંરક્ષણ સચિવે મલેશિયાના સચિવ સાથે 8 મુદ્દાની દરખાસ્ત શેર કરી હતી. આ આઠ મુદ્દાઓમાં સરકાર–થી–સરકાર સ્તરનું જોડાણ, ત્રી–સેવા સહકાર, તાલીમ, UN શાંતિદૂત, દ્વીપક્ષીય સેવાઓની સંલગ્નતા, સંરક્ષણ ઔદ્યોગિક સહકાર સંશોધન અને વિકાસ અને પ્રાદેશિક / પેટા પ્રાદેશિક જોડાણનો સમાવેશ થાય છે.
- બંને દેશોએ પરસ્પર વિશ્વાસ, સામાન્ય હિતો, લોકશાહીના સહિયારા મૂલ્યો અને કાયદાના શાસન પર ભાર મૂકતા ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારીને સંપૂર્ણરીતે અમલમાં મૂકવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરે છે.

## I2U2 જૂથ દ્વારા “Joint Space Venture” પહેલની જાહેરાત કરી

- I2U2 જૂથ (ભારત, ઈઝરાયલ, UAE (સંયુક્ત આરબ અમીરાત) અને અમેરિકા) દ્વારા JSV (Joint Space Venture) પહેલની જાહેરાત કરવામાં આવી છે.
- આ નોંધનીય પહેલની જાહેરાત ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા દરમિયાન કરવામાં આવી હતી.
- ચાર I2U2 ભાગીદાર દેશોના અવકાશ આધારિત અવલોકન ડેટા અને ક્ષમતાઓનો ઉપયોગ કરીને આ સહયોગી પહેલનો ઉદ્દેશ્ય નીતિ નિર્માતાઓ, સંસ્થાઓ અને ઉદ્યોગ સાહસિકો માટે વિશાળ શ્રેણીની એપ્લિકેશનો સાથે અવકાશ આધારિત સાધન બનાવવાનો છે.
- જે પર્યાવરણીય અને આબોહવા પરિવર્તનના પડકારો પર તેમના કાર્યને સક્ષમ કરે છે.




❖ **I2U2 વિશે :**

- ભારત (India), ઈઝરાયલ (Israel), USA અને UAE
- જેને ચર્તુપક્ષીય સુરક્ષા વાર્તા (QSD – Quadrilateral Security Dialogue)ની પેટર્ન પર બનાવવામાં આવ્યું છે.
- તેનું ગઠન ઓક્ટોબર 2021માં કરવામાં આવ્યું હતું.
- I2U2 સમૂહ પહેલા આર્થિક સહયોગ માટેના આંતરરાષ્ટ્રીય મંચ (International Forum for Economic Co-operation) તરીકે ઓળખાતું હતું.
- ભારત વર્ષ 2024માં I2U2 બેઠકની યજમાની કરશે.

Banking Academy

ગુજરાત સરકારની તમામ ભરતીઓની તૈયારી

# હવે વરાછા માં

Govt. Jobs

GPSC

Class-3

PSI

કોન્સ્ટેબલ

તલાટી

બિન સચિવાલય

જુ.કલાર્ક

TET/TAT

2023-2024 માં સંભવિત 20000 થી વધુ ભરતીઓની થનાર જાહેરાત

- નિષ્ણાંત ફેકલ્ટીઓ
- Weekly Test
- Full Day Reading
- સંપૂર્ણ મટીરીયલ્સ
- OMR Mock Test

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

## ટૂંક સમયમાં શરૂ

## ગુજરાતની જૂની અને સૌથી વિશ્વસનીય સંસ્થા

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555 | સુરત (વરાછા) Ph. : 70464 16555 | સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 5 અર્થવ્યવસ્થા


## બેંકિંગ અને નાણાકીય છેતરપિંડી પર સલાહકાર બોર્ડની પુનઃરચના કરવામાં આવી

- કેન્દ્રીય તકેદારી આયોગ (Central Vigilance Commission) એ બેંક છેતરપિંડીના કેસોની તપાસને મજબૂત બનાવવા બેંકિંગ અને નાણાકીય છેતરપિંડી પર સલાહકાર બોર્ડની પુનઃ રચના કરવામાં આવી છે.
- CBI (Central Bureay of Investigation) જેવી તપાસ એજન્સીઓને બેંક છેતરપિંડીનો કેસો મોકલતા પહેલા પ્રાથમિક સ્તરની તપાસ સંસ્થા તરીકે ABBFF (Advisory Board on Banking and Financial Frauds) કાર્ય કરશે.
- ABBFF ને નાણાકીય પ્રણાલીમાં સમયાંતરે છેતરપિંડીનું વિશ્લેષણ કરવા માટે સતા આપવામાં આવી છે.
- પુનઃગઠિત ABBFF બોર્ડમાં અધ્યક્ષ અને ચાર સભ્યોનો સમાવેશ થાય છે.
- તેના સભ્યો અને અધ્યક્ષ બે વર્ષની મુદ્દત માટે હોદ્દો ધરાવે છે.
- તમામ જાહેરક્ષેત્રની બેંકો, વીમા કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓએ રૂ. 3 કરોડથી વધુની છેતરપિંડીના કેસોની ગુનાહીત તપાસ શરૂ કરતા પહેલા તેવા કેસોને ABBFF ને મોકલવા જરૂરી છે.
- ABBFF નું કાર્યક્ષેત્ર CVC અથવા CBI દ્વારા સંદર્ભિત કેસ માટે સલાહકાર સેવા પૂરી પાડવા સુધી વિસ્તરેલ છે.




## દેશના પ્રથમ UPI –ATM નું અનાવરણ કરવામાં આવ્યું

- હિતાચી પેમેન્ટ સર્વિસિસ એ NPCI (National Payment coorporation of India) સાથે મળીને WTA (White Lable ATM) તરીકે દેશનું પ્રથમ UPI – ATM નું અનાવરણ કર્યુ હતું.
- હિતાચી મની સ્પોટ UPI – ATM ગ્રાહકોને એકીકૃત અને સુરક્ષિત વપરાશકર્તા અનુભવ તેમજ કોર્ડ–લેસ રોકડ ઉપાડની સુવિધા આપશે.
- તે એવા ક્ષેત્રોમાં બેંકિંગ સેવાઓની સરળ પહોંચની સુવિધા આપીને નાણાકીય સમાવેશ ને આગળ વધારશે જ્યાં પરંપરાગત બેંકની માળખાગત સુવિધા અને કાર્ડનો પ્રવેશ મર્યાદિત છે.
- UPI- વ્હાઈટ લેબલ ATM ભૌતિક કાર્ડની જરૂરીયાતને દૂર કરીને ગ્રાહક સુરક્ષામાં નોંધપાત્ર વધારો કરે છે.
- હિતાચી પેમેન્ટ સર્વિસિસ એ એક માત્ર વ્હાઈટ લેબલ ATM ઓપરેટર છે જે રોકડ ડિપોઝિટ સૂવિધા આપે છે.
- આ સેવા 3000 થી વધુ ATM સ્થાનો પર મેળવી શકાય છે.
- UPI એપનો ઉપયોગ કરીને એકથી વધુ ખાતામાંથી રોકડ કાઢી શકાય છે.




❖ **White Lable ATM (WTA)**

- નોનબેંકિગ ફાઈનાન્સિયલ સંસ્થાઓની માલિકીની સંચાલિત થતા ATM ને WTA કહેવામાં આવે છે.
- આવા ATM પર બેંકનો કોઈ લોગો હોતો નથી. ATM ની સુવિધાને વ્યાપક અને ઝડપી બનાવવા માટે વિશેષરૂપથી ગ્રામીણ વિસ્તારમાં RBI એ NBFC (Non Banking Financial Company) ને ATM નું સંચાલન કરવાની પરવાનગી આપે છે. આ કંપનીઓ દ્વારા ATM ગ્રામીણ વિસ્તારમાં લગાવવું ફરજિયાત છે.

### National Payment Corporation of India (NPCI) વિશે....

- તે એક સરકારી સંગઠન છે. તેની સ્થાપના વર્ષ 2008 માં થઈ હતી.
- તેની સ્થાપના ભારતીય રિઝર્વ બેંક અને IBA (Indian Bank's Association) દ્વારા કરવામાં આવી હતી.
- NPCI કંપની અધિનિયમ – 2013 માં સૂચિત એક બિનલાભકારી સંગઠન છે.
- તેના દ્વારા આપવામાં આવતી મુખ્ય સેવાઓમાં BHIM (Bharat Interface for money), UPI (Unified Payment Interface), Rupay વગેરેનો સમાવેશ થાય છે.

## રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝરને 'નવરત્ન' નો દરજ્જો આપવામાં આવ્યો

- સાર્વજનિક ઉદ્યમ વિભાગ દ્વારા RCF (Rastriya Chemicals and Fertizers Limited) ને નવરત્નનો દરજ્જો આપ્યો છે.
- RCF એ ભારત સરકારની માલિકીની કંપની છે. જે મુખ્યત્વે રસાયણો અને ખાતરોના ઉત્પાદનમાં રોકાયેલું છે.

- તેનું મુખ્ય – મથક મુંબઈમાં છે.
- વર્ષ 1978 માં RCF ની શરૂઆત Fertilizer Croporation of India ની પુનઃરચના બાદ થઈ હતી.
- તે રસાયણ અને ખાતર મંત્રાલયના વહીવટી કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.
- તે IFFCO, NFL અને KRIBHKO પછીની ભારતની ચોથા ક્રમની સૌથી મોટી યુરિયા ઉત્પાદક કંપની તરીકે સ્થાન ધરાવે છે.
- વર્તમાન અધ્યક્ષ તરીકે એસ.સી. મુડગેરીકર

❖ **નવરત્ન કંપનીનો દરજ્જો મેળવવા માટેના માપદંડ**

- નીચેના (6) માપદડોના કુલ 100 ગુણમાંથી 60 ગુણ મેળવવા ફરજીયાત છે.
  (1) ચોખ્ખો નફો (મહત્તમ 25 અંક)
  (2) ચોખ્ખી મિલકત (મહત્તમ 15 અંક)
  (3) કુલ માનવશકિત પડતર કિંમત (મહત્તમ 15 અંક)
  (4) ઉત્પાદનની કુલ પડતર કિંમત (મહત્તમ 15 અંક)
  (5) શેરદીઠ કમાણી (મહત્તમ 10 અંક)
  (6) ઘસારો, કર, વ્યાજ બાદ કર્યા પહેલાનો નફો (મહત્તમ 20 અંક)
- કંપની મીનીરત્ન હોવી જોઈએ.
- કંપનીના બોર્ડ ઓફ ડિરેકટરમાં ઓછામાં ચાર સ્વતંત્ર ડિરેકટર હોવા જોઈએ.

- રૂા. 1,000 કરોડ અથવા ચોખ્ખી મિલ્કતના 15% સુધી કોઈ એક પ્રોજેકટમાં અથવા આખા વર્ષ દરમિયાન ચોખ્ખી મિલ્કતના 30% સુધી (રૂા.1000 કરોડથી વધુ નહી) રોકાણ સરકારની અનુમતિ વિના જ કરી શકે છે.
- RCF સહિત કુલ 14 કંપનીઓને 'નવરત્ન' શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## SBI એ 'eRupee by SBI' એપ લોન્ચ કરી




- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ RBI (Reserve Bank of India) ની ડિજિટલ કરન્સીને UPI (Unified Payment Interface) સાથે લિંક કરી છે.
- હવેથી SBI ના ગ્રાહકો UPI દ્વારા ડિજિટલ કરન્સી (e₹ ) ની લેવડ – દેવડ કરી શકશે.
- આ માટે SBI દ્વારા 'eRupee by SBI' એપ લોન્ચ કરવામાં આવી.
- SBI પહેલા દેશની છ મોટી બેંકો – યસ બેંક, એક્સિસ બેંક, HDFC બેંક, કેનેરા બેંક, કોટક મહિન્દ્ર બેંક, અને બેંક ઓફ બરોડાએ આ સેવા લાગુ કરી છે.
- RBI એ ડિસેમ્બર 2022 માં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) પ્રોગ્રામ શરૂ કર્યો હતો.

❖ **ડિજિટલ e-Rupee**

- e-Rupee એ કાગળના નાણાનું ડિજિટલ સ્વરૂપ છે, જે ક્રિપ્ટો કરન્સી જેવી બ્લોક ચેન ટેકનોલોજી પર આધારિત છે. તેની કિંમત પણ વર્તમાન કરન્સી જેટલી જ છે.
- 100, 200 કે 500 રૂપિયાની નોટોની જેમ આ પણ સરકારનું લીગલ ટેન્ડર છે, જેને સ્વીકારવા માટે કોઈ ના પાડી શકે નહી.
- e-₹ માત્ર મોબાઈલ વોલેટમાં જ રાખી શકાય છે. તેને રાખવા માટે બેન્ક ખાતાની જરૂર નથી. વોલેટના બે પ્રકાર છે. – CBDC – હોલસેલ (જથ્થાબંધ) અને CBDC – રિટેલ (છૂટક)
- 1 લી નવેમ્બર 2022 ના રોજ RBI દ્વારા ડિજિટલ રૂપીને ચલણ તરીકે પ્રાયોગિક ધોરણે લોન્ચ કરવામાં આવી હતી.
- ભારત સરકારે CBDC ને ચલણમાં મૂકવા માટે ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ – 1934 માં સંશોધન કર્યુ છે.
- હાલમાં ઈ–રૂપીની જથ્થાબંધ (CBDC – W) ભાગમાં શરૂઆત કરી છે.
- e-w (CBDC – W) નો ઉપયોગ આંતર બેંક વ્યવહારોને વધુ કાર્યક્ષમ બનાવશે.
- શરૂઆતમાં e-W ચોક્કસ નાણાકીય સંસ્થાઓ (9 બેંક) સુધી સીમિત રહેશે.

## NPCI દ્વારા UPI પર નવા 5 પેમેન્ટ વિકલ્પો લોન્ચ કર્યા

- NPCI (National Payment Corporation of India) દ્વારા UPI પેમેન્ટ પ્લેટફોર્મ નવા 5 પેમેન્ટ વિકલ્પો લોન્ચ કરવામાં આવ્યા છે.
- આ નવી સુવિધાથી UPI ને દર મહિને 100 બિલિયન વ્યવહારો પ્રાપ્ત કરવા અને એક સમાવિષ્ટ અને સ્થિતિસ્થાપક ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમ બનાવવાનું લક્ષ્ય સિધ્ધ કરવામાં મદદરૂપ થશે.

**(1) HELLO UPI**

- આ સુવિધા ગ્રાહકોને હિંદી અને અંગ્રેજી ભાષામાં વિવિધ એપ્લિકેશન, ટેલિકોમ કોલ્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ મશીનોની મદદથી અવાજ (Voice Enabled) દ્વારા UPI પેમેન્ટ કરી શકશે તેવી સુવિધા આપશે.




- આ ઉપરાંત તેને અન્ય ભાષામાં પણ લોન્ચ કરવામાં આવશે.

**(2) BILL PAY CONNECT**

- આ સુવિધા દ્વારા ગ્રાહકોને એક રાષ્ટ્રીય એકીકૃત નંબર આપવામાં આવશે.
- જેની મદદથી ગ્રાહક સમગ્ર દેશમાં મેસેજિંગ એપ્લિકેશન પર 'HI' મોકલીને બિલ મેળવવા અને તેની મદદથી તે બિલની ચૂકવણી કરવામાં સક્ષમ થશે.
- આ સુવિધા NPCI ની પેટા કંપની ભારત બિલ – પે દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત જે ગ્રાહકો પાસે સ્માર્ટ ફોન નથી અથવા જેના ફોનમાં મોબાઈલ ડેટા એકસેસ ન હોય તેવા લોકો મિસ્ડ કોલ આપીને ચૂકવણી કરી શકશે.
- આ સુવિધા કનેકટ વોઈસ આસિસ્ટેડ બિલ પેમેન્ટની પણ સુવિધા આપે છે.

**(3) Credit line on UPI**

- આ સુવિધાની મદદથી હવેથી બેંકોમાંથી પૂર્વ–મંજૂરી ક્રેડિટ લાઈનને UPI મારફતે ઉપયોગ કરી શકશે.
- આ અગાઉ માત્ર જમાં રકમ (Deposited Amount) નો વ્યવહાર UPI સિસ્ટમ દ્વારા થઈ શકતો હતો.
- અન્ય સુવિધાઓ : બેંકો દ્વારા ડિજિટલ ક્રેડિટ પ્રોડકટનું નિર્માણ : વ્યાજમુકત ક્રેડિટ સમયગાળાની રચના વગેરે.

**(4) UPI – LITE X**

- આ સુવિધા ઓફલાઈન પેમેન્ટ માટે લોન્ચ કરવામાં આવ્યું છે.
- તેને વર્ષ 2022 માં લોન્ચ કરવામાં આવેલ UPI લાઈટ પેમેન્ટ
- તે NFC (Near Field Communication) ને સપોર્ટ કરતા કોઈ પણ સુસંગત ઉપકરણ સાથે પહોંચ ધરાવશે.
- આ સુવિધા અન્ય ચૂકવણી પધ્ધતિઓ કરતા વધુ ઝડપથી ચૂકવણી પ્રદાન કરે છે.

**(5) UPI Tap & Pay**

- QR Code અને NFC ટેક્નોલોજીને અપનાવવા માટે NPCI એ UPI Tap & Pay રજૂ કર્યું.

**❖ UPI વિશે**

- Unified Payment Interface.
- દરેક બેંકે પોતાની મોબાઈલ બેંકિગ માટેની અલગ એપ્લિકેશન તૈયાર કરેલી હોય છે. જેમ કે AXIS PAY, SBI BUDY વગેરે.
- આ એપ શરૂ કરવા માટે એકિકૃત સિસ્ટમ અપનાવવામાં આવે છે જે UPI છે તેને NPCI દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- UPI ને નંદન નિલેકર્ણી (ઈન્ફોસિસના વડા) તથા RBI ના તત્કાલીન ગવર્નર રઘુરામ રાજન દ્વારા મુંબઈમાં 2016 માં લોન્ચ કરવામાં આવી. UPI દ્વારા રૂા. 50 થી લઈને 1,00,000 સુધીની લેવડ–દેવડ થઈ શકે છે.

## કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા નવી પહેલોની શરૂઆત કરવામાં આવી

➲ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા કૃષિ – ધિરાણ અને પાક વિમા પર ધ્યાન કેન્દ્રિત કરતી વિવિધ પહેલો શરૂ કરવામાં આવી છે.




**(1) કિસાન ઋણ પોર્ટલ : (KRP)**

- KRP બહુવિધ સરકારી વિભાગોના સહયોગથી વિકસાવવામાં આવ્યું છે અને કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) હેઠળ ક્રેડિટ સેવાઓને સુલભ કરાવવી.
- આ ડિજિટલ પ્લેટફોર્મ વધુ ધ્યાન કેન્દ્રિત અને કાર્યક્ષમ કૃષિ ધિરાણ માટે બેંકો સાથે અબાધિત એકીકરણને પ્રોત્સાહન આપવુ, ખેડૂતોની માહિતી, લોન વિતરણની માહિતી, વ્યાજ સહાય અને યોજનાની પ્રગતિનું વ્યાપક દૃશ્ય પ્રદાન કરે છે

**(2) ઘર–ઘર KCC અભિયાન**


- જે સમગ્ર ભારતમાં તમામ ખેડૂતોને KCC (Kisan Credit Card) યોજનાનો લાભ પ્રદાન કરવા માટે એક મહત્વાકાંક્ષી અભિયાન છે.
- તેનો ઉદ્દેશ્ય સાર્વત્રિક નાણાકીય સમાવેશને હાંસલ કરવાનો છે તેમજ દરેક ખેડૂતને ધિરાણ સુવિધાઓની અવિરત પહોંચ મળે તે સુનિશ્ચિત કરવાનો છે. જેથી કરીને તેમની કૃષિ કામગીરી એકીકૃત કરી શકાય.

**(3) WINDS માર્ગદર્શિકાનું અનાવરણ**

- જે WINDS (Weather Information Network Data System) પહેલના અમલીકરણને પ્રોત્સાહન આપશે.
- વ્યાપક માર્ગદર્શિકા હિતધારકોને પોર્ટલની કાર્યક્ષમતા, ડેટા અને અસરકારક ઉપયોગ વિશે ઉંડાણપૂર્વકની માહિતી પૂરી પાડે છે.
- ખેડૂતો, નીતિ નિર્માતાઓ અને વિવિધ કૃષિ સંસ્થાઓને સારી રીતે માહિતગાર પસંદગીઓ કરવા માટે સશકિતકરણ કરે છે.
- આ માહિતી આધારિત અભિગમ પાક વ્યવસ્થાપનને વધારશે અને ખેડૂતોને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓની અસર ઘટાડવામાં મદદ કરશે.

# 6 યોજના,પોર્ટલ અને એપ્લીકેશન

## AMBER પ્રોજેક્ટ હેઠળ કૌશલ્યની તાલીમ આપવામાં આવશે




- કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયે જનરેશન ઈન્ડિયા ફાઉન્ડેશન અને Amazon Web Services India Pvt. Ltd., (AWS India) ના સહયોગથી 'AMBER પ્રોજેક્ટ' હેઠળ 1500 લોકોને 'કલાઉડ' કૌશલ્યની તાલીમ આપવાનું જાહેર કર્યુ છે.
- AMBER પ્રોજેક્ટ એ (Accelerated Mission for Better Employment and Retention) એ જનરેશન ઈન્ડિયા ફાઉન્ડેશન (GIF) અને નેશનલ સ્કિલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (NSDC) નો સંયુક્ત પ્રોજેકટ છે.
- આ પહેલ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયના 'SANKLAP' કાર્યક્રમ હેઠળ છે જે TECH ઉદ્યોગ અને વંચિત જૂથોમાં લિંગ વૈવિધ્યતા સુધારવા માટે મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ પ્રોજેકટનો હેતુ 30,000 યુવાનોને તાલીમ આપવાનો છે, જેમાંથી 50% મહિલાઓ હશે. આ બેરોજગાર અને અલ્પરોજગાર માટે કાર્યબળ વિકાસ કાર્યક્રમ છે.
- તેની અંતર્ગત AWS કલાઉડ કૌશલ્ય તેમજ વ્યવહારું કારકિર્દી સૂચનાઓ જેમ કે રિઝ્યુમ લેખન, ઈન્ટરવ્યુ તૈયારી તેમજ વિવિધ તકનીકો જેવી કે લિનકસ, પાયથન, નેટવર્કિંગ અને સિક્યુરિટી શીખવવામાં આવશે.

## પ્રોજેક્ટ નમન શરૂ કરવામાં આવ્યો




- ભારતીય સેના દ્વારા 'પ્રોજેકટ નમન' ની શરૂઆત કરવામાં આવી.
- આ પ્રોજેક્ટ અંતર્ગત લશ્કરના નિવૃત સૈનિકો અને મૃત્યુ પામેલા જવાનોના સંબંધીઓ માટે સુવિધા અને ફરિયાદ નિવારણ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.
- દિલ્હી કેન્ટોનમેન્ટમાં આ પ્રકારનું પ્રથમ કેન્દ્ર ટૂંક સમયમાં સ્થાપિત કરવામાં આવશે.
- તે માટે ભારતીય સેનાએ HDFC બેંક લિમિટેડ અને CSE ઈ–ગવર્નન્સ ઈન્ડિયા લિમિટેડ સાથે 'પ્રોજેક્ટ નમન' માટે એક MOU પર હસ્તાક્ષર કર્યા.
- 'નમન' એક કોમન સર્વિસ સેન્ટર ધરાવશે. જે અનુભવીઓ અને તેમના સંબંધીઓને સુવિધા આપશે.
- તે 'સરકારથી ગ્રાહક' ની સેવાઓ પ્રદાન કરશે અને નિવૃત સૈનિક, નજીકના સંબધીઓ અને આશ્રિતોના SPARSH પોર્ટલ પર પેન્શનરોના ખાતાને અપડેટ કરવાની સુવિધા પણ આપશે.
- જુલાઈ 2021 ના રોજ સંરક્ષણ મંત્રાલયે પેન્શન મંજૂર કરવા અને આપવા માટે વેબ આધારિત SPARSH ની શરૂઆત કરી હતી.

## છઠ્ઠા રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી




- મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2023 નો છઠ્ઠો રાષ્ટ્રીય પોષણ માસ ઉજવવામાં આવ્યો હતો.
  - **પોષણ માસની વિશેષતા :**
    - તેનો હેતું મિશન પોષણ 2.0 ના આધાર પર જીવનચક્રના અભિગમ દ્વારા કુપોષણનો વ્યાપક પણે સામનો કરવાનો છે.
    - તેનું ધ્યાન સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ પોષણને પ્રોત્સાહન આપવા માટે માનવ જીવનના નિર્ણાયક તબક્કાઓ – ગર્ભાવસ્થા, બાલ્યાવસ્થા, અને કિશોરાવસ્થા વિશે સામૂહિક જાગૃતિ લાવવાનું છે.
    - વર્ષ 2023 ની થીમ "સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશકત ભારત" જે એક સ્વસ્થ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં પોષણ, શિક્ષણ અને સશકિતકરણના મહત્વ પર ભાર મૂકે છે.
    - મહિના સુધી ચાલનારા આ કાર્યક્રમમાં સ્તનપાન અને પુરક ખોરાક જેવા મુખ્ય વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરતી ઝુંબેશ દ્વારા પાયાના સ્તરે પોષણ જાગૃતિ વધારવાનો રાષ્ટ્રવ્યાપી પ્રયાસ જોવા મળ્યો હતો.

- આ પ્રયાસોમાં નીચેની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે :
  - (1) સારા પોષણ અને એકંદર સુખાકારી માટે તંદૂરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહિત કરવા માટે બાળ સ્પર્ધા.
  - (2) 'પોષણ ભી પઢાઈ ભી' (પોષણ અને શિક્ષણ, મિશન લાઈફ પર્યાવરણ માટે જીવનશૈલી), પોષણ વિશે આદિવાસી સમુદાયોને સંવેદનશીલ બનાવવું અને ટેસ્ટ, ટ્રીટ, ટોક એનિમિયાને નિયંત્રિત કરીને પોષણમાં સુધારો કરવો.

### ❖ પોષણ અભિયાન

- કુપોષણને વ્યાપકપણે સંબોધવા માટે ભારત સરકારની એક મોટી પહેલ છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય રોગ અને કુપોષણને સબંધિતને વ્યકિતઓના સ્વાસ્થ્ય, સુખાકારી અને રોગપ્રતિકારક શકિતમાં સુધારો કરતી પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે.
- તેમાં સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, કિશોરીઓ, અને 6 વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો સમાવેશ કરાયો છે.

## ASI દ્વારા "એડોપ્ટ અ હેરિટેજ – 2.0" પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવ્યો

- ASI (Archaeology Survey of India) દ્વારા નવી દિલ્હી ખાતે 'એડોપટ અ હેરિટેજ – 2.0' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો.
- આ પ્રોગ્રામ સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાને ટકાવી રાખવા માટે હેરિટેજ સ્થળોએ સમયાંતરે સુવિધાઓ વધારવામાં મદદરૂપ બનશે તેમજ ASI કોર્પોરેટ હિતધારકોને તેમના CSR (Corporate Social Responsibility) ભંડોળનો ઉપયોગ કરીને સ્મારકો પર સુવિધા વધારવા માટે આમંત્રિત કરે છે.
- આ કાર્યક્રમ એ કોર્પોરેટ હિતધારકો સાથેના સહયોગને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે.
- જે માટે હિતધારકોની પસંદગીની પ્રક્રિયા દરેક સ્મારક પર આર્થિક અને વિકાસની તકોનું મૂલ્યાંકન કર્યા પછી હાથ ધરવામાં આવશે.
- પસંદ કરેલ હિતધારકો સ્વચ્છતા, સુલભતા, સલામતી અને જ્ઞાનશ્રેણીઓમાં સુવિધાઓ જાળવશે. આમ કરવાથી તેઓને એક જવાબદાર અને વિરાસત પ્રિય (Heritage – Friendly) કંપની તરીકેની ઓળખ મળશે.
- તેમની નિમણૂકની મુદત શરૂઆતમાં પાંચ વર્ષ માટે હશે, જે આગળ પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવી શકે છે.
- આ ઉપરાંત 'ઈન્ડિયન હેરિટેજ' નામની ઉપભોક્તાને અનુકુળ આવે તેવી મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. જે ભારતના હેરિટેજ સ્મારકોનું પ્રદર્શન કરશે.
- કાર્યક્રમ તબક્કાવાર શરૂ કરવામાં આવશે, તબક્કો – 1 માં ટિકિટવાળા સ્મારકો માટે શરૂ થશે અને ત્યારબાદ બાકીના સ્મારકો માટે લોન્ચ થશે.
- તેમાં ઈ–પરમિશન પોર્ટલ શરૂ કરવામાં આવશે. જે પરવાનગીઓ મેળવવાની પ્રક્રિયાને ઝડપી અને સરળ બનાવશે.




### Archaeological Survey of India (ASI) વિશે....

- તેની સ્થાપના વર્ષ 1861 માં એલેકઝાન્ડર કનિંગહામ દ્વારા કરવામાં આવી હતી.
- તે સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- આ સંસ્થાનો હેતું રાષ્ટ્રની સાંસ્કૃતિક વિરાસતના સંરક્ષણનું તેમજ ભૌતિક અને સ્થાયી વિરાસ્તના સંરક્ષણનું કાર્ય કરે છે.

## UGC દ્વારા માલવિયા મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો

- કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા કૌશલ્યભવન, નવી દિલ્હી ખાતે શિક્ષક તાલીમ કાર્યક્રમ – માલવીયા મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા શિક્ષણ મંત્રાલયના સહયોગથી કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમનો હેતુ શિક્ષણ તાલીમની ગુણવત્તા સુધારવા, શિક્ષકોમાં નેતૃત્વ, કૌશલ્યનું નિર્માણ અને NEP ના લક્ષ્યોને સાકાર કરવામાં મદદ કરવાનો છે. તેમજ શિક્ષકો માટે અનુરૂપ તાલીમ કાર્યક્રમ પ્રદાન કરવાનો અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ફેકલ્ટી સભ્યોની ક્ષમતા નિર્માણ માટે કામ કરવાનો છે.
- બે સપ્તાહનો આ ઓનલાઈન કાર્યક્રમ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ફેકલ્ટી સભ્યોની ક્ષમતા નિર્માણ માટે અભ્યાસક્રમ / સામગ્રી માટે ઓળખવામાં આવેલી વિવિધ થીમ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- તેમજ હોલિસ્ટિક અને મલ્ટિડિસિપ્લિનરી એજયુકેશન, ઈન્ડિયન નોલેજ સિસ્ટમ (IKS), એકેડેમિક લિડરશિપ, ગવર્નન્સ એન્ડ મેનેજમેન્ટ, હાયર એજયુકેશન એન્ડ સોસાયટી, રિસર્ચ એન્ડ




### University Grant Commission (UGC) વિશે....

**વડુમથક** : દિલ્હી

- તેની સ્થાપના 28 ડિસેમ્બર, 1953 ના રોજ તત્કાલીન શિક્ષણમંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદ દ્વારા કરવામાં આવી હતી.
- તે એક વૈદ્યાનિક સંસ્થા છે જેને UGC એકટ – 1956 હેઠળ રચવામાં આવ્યુ છે.
- તેનું મુખ્યકાર્ય ઉચ્ચ શિક્ષણના ધોરણો નક્કી કરવા તેમજ માન્ય યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અનુદાનની વહેંચણી કરવાનું છે.

ડેવલપમેન્ટ, સ્કીલ ડેવલમપેન્ટ, સ્ટુડન્ટ ડાઈવર્સિટી અને ઈન્કલુઝિવ એજ્યુકેશન તથા માહિતી અને દૂરસચાર તકનીકી જેવા વિષયો પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

- કાર્યક્રમમાં સતત વ્યાવસાયિક વિકાસ સુનિશ્ચિત કરશે અને ભારતમાં 111 માલવીય મિશન કેન્દ્રો દ્વારા Higher Education Institution (HEI) ના 15 લાખ શિક્ષકોની ક્ષમતા નિર્માણમાં સમયબદ્ધ રીતે મદદ કરશે.
- આ ઉપરાત માનવ સંશાધન વિકાસ કેન્દ્ર (HRDC) નું નામ બદલીને મદન મોહન માલવિયા શિક્ષક તાલીમ કેન્દ્ર રાખવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

## સ્કિલ ઈન્ડિયા ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું




- કેન્દ્રીય શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા સ્કિલ ઈન્ડિયા ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું.
- આ પ્લેટફોર્મનો ઉદ્દેશ્ય દરેક ભારતીયને ગુણવત્તાયુક્ત કૌશલ્ય વિકાસ સંબંધિત તકો અને ઉદ્યોગ સાહસિક સમર્થન મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

### SID પ્લેટફોર્મ


- આ SID પ્લેટફોર્મ કૌશલ્ય વિકાસ, શિક્ષણ, રોજગાર અને સાહસિકતા ઈકોસિસ્ટમ માટે ભારતના DPI (Digital Public Infrastructure) તરીકે સેવા આપે છે.
- તેનું નિર્માણ NSDC (National Skill Development Corporation) દ્વારા વિવિધ ઉદ્યોગ ભાગીદારો સાથે મળીને બનાવવામાં આવ્યું છે.
- તેને વિશ્વ બેંકના SANKALP પ્રોગ્રામ હેઠળ નાણાકીય સહાયતા આપવામાં આવે છે.
- આ પ્લેટફોર્મ DPI અને ડિજિટલ અર્થતંત્રના નિર્માણ માટે G-20 ફ્રેમવર્કમાં દર્શાવવામાં આવેલ વિઝન સાથે પણ સંરેખિત છે.

### SID ની વિશેષતા

- આ પ્લેટફોર્મની મદદથી દેશભરના 42,623 કેન્દ્રો પરથી 264 થી પણ વધુ કૌશલ્યનો લગતા અભ્યાસક્રમો શીખવવામાં આવશે.
- આ એપ્લિકેશન એપ સ્ટોર અથવા ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે.
- તે બહુવિવિધ ભાષાને સપોર્ટ કરશે તેમજ લોગ ઈન કરવા માટે e-KYC કરાવવુ પડશે.
- કૌશલ્ય અને લાયકાત દર્શાવવા માટે એક સુરક્ષિત DVC (Digital Varified Identify) રજૂ કરશે.
- આ પ્રમાણપત્રોને ઉપયોગકર્તા કોઈપણ જગ્યાએ તેની લાયકાત તરીકે ડિજિટલરૂપમાં કરી શકે છે.

## પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 75 લાખ ગેસ જોડાણ આપવામાં આવશે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં 75 લાખ મહિલાઓને નવા ગેસ કનેકશન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ, નાણાકીય વર્ષ 2023-24 થી 2025-26 સુધીના ત્રણ વર્ષ સુધીમાં 75 લાખથી વધુ ગેસ જોડાણ આપવામાં આવશે.
- જેમાં પ્રથમ રિફિલ નિઃશુલ્ક છે, જેનો ખર્ચ ઓઈલ કંપની દ્વારા ઉઠાવવામાં આવશે.
- કેન્દ્ર સરકારે આ યોજના હેઠળ 75 લાખ ફી જોડાણ માટે 1650 કરોડની ફાળવણી કરી છે.
- આ ઉપરાંત તાજેતરમાં કેન્દ્ર સરકારે ઘરેલુ ગેસ – સિલિન્ડર 14.2 કિ.ગ્રા ના ભાવામાં 200 રૂપિયાનો ઘટાડો કર્યો હતો.

### પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના

- યોજના 1 લી મે 2016 ના રોજ ઉત્તરપ્રદેશના બલિયામાં ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- સ્લોગન "સ્વચ્છ ઈંધણ બહેતર જીવન"
- યોજના પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલય હેઠળ સંચાલિત છે.
- યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ઘરેલુ ઉપયોગ માટે સ્વચ્છ ઈંધણ પ્રદાન કરવાનો છે.
- વિવિધ તબક્કાઓ :

  તબક્કો 1 – 1 લી મે 2016 માં શરૂઆત થઈ. – માર્ચ 2020 સુધીમાં આઠ કરોડ LPG ગેસ જોડાણ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો.
  તબક્કો 2 (ઉજ્જવલા – 2.0) : તેને FY 21-22 ના કેન્દ્રીય અંદાજ પત્રમાં જાહેર કરવામાં આવી હતી.
  – 31 માર્ચ 2022 સુધીમાં વધારાના 1 કરોડ ગેસ જોડાણ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો.

### યોજનાનો લાભ લેવા માટેની લાયકાત :

- અરજદાર સ્ત્રી હોવી જોઈએ.
- મહિલાની ઉંમર 18 કરતા વધારે હોવી જોઈએ.
- મહિલા BPL (Below Poverty Line) પરિવારની હોવી જોઈએ.
- મહિલા પાસે BPL અને રેશન કાર્ડ હોવુ જોઈએ.
- અરજદાર કર્તા પરિવારના કોઈપણ સભયના નામ પર LPG કનેકશન ન હોવુ જોઈએ.

## સ્વચ્છતા હી સેવા – 2023 અભિયાન શરૂ કરવામાં આવ્યું





- કેન્દ્રીય જલ શકિત મંત્રાલય દ્વારા રાજસ્થાનના જયપુરથી અખિલ ભારતીય સ્વચ્છતા પખવાડીયુ ‘સ્વચ્છતા હી સેવા – 2023’ અભિયાનની વર્ચ્યુઅલ શરૂઆત કરવામાં આવી.
- આ અભિયાનની શરૂઆત કેન્દ્રીય પંચાયતી રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય અને કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.
- અભિયાન સ્વચ્છ ભારતના વિઝનને અનુરૂપ શરૂ કરવામાં આવ્યું છે.
- આ સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ માટે એક વ્યાપક સામુદાયિક એકત્રીકરણ અભિયાન છે.
- આ વાર્ષિક અભિયાનના ભાગરૂપે, રાજયો નીચેના ઉદ્દેશ્યો સાથે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરશે.
  (i) સમુદાયની ગતિશીલતા અને ભાગીદારીની ખાતરી કરવી
  (ii) ખુલ્લામાં શૌચ મુક્ત (ODFT) ગામો માટે ‘જનચળવળ’ શરૂ કરવી.
  (iii) ‘સ્વચ્છતા એ દરેકનું કામ છે’ ના ખ્યાલને મજબૂત બનાવવો.
  (iv) ગ્રામ્ય સ્તરે સ્વચ્છ ભારત દિવસ (2 ઓકટોબર) ની ઉજવણી કરવી.
- રાષ્ટ્રીય ઉદ્યાનો, પ્રાણી સંગ્રહાલય, પ્રવાસન સ્થળો, દરિયાકિનારો, રેલવે સ્ટેશન, રાજય કે કેન્દ્રશાસિત પ્રદેશોના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આ પ્રવૃત્તિ હેઠળ કચરો દૂર કરવો, જૂનો કચરો સાફ કરવો, તેમજ ડસ્ટબીન મૂકવા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- સ્વચ્છતા પખવાડાની ઉજવણીના ભાગરૂપે દેશભરના વિવિધ શહેરોમાં સફાઈ મિત્ર સુરક્ષા શિબિરોનું આયોજન કરવામાં આવશે.
- આ શિબિરોનો ઉદ્દેશ્ય સ્વચ્છતા કામદારો અને તેમના આશ્રિતો માટે કલ્યાણકારી યોજનાઓ ચલાવવાનો અને તેમની સુખાકારી અને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો છે.
- 2જી ઓકટોબરે સ્વચ્છતા દિવસ સાથે આ પખવાડિયાનું સમાપન થશે.

## શ્રેયસ યોજનાએ વિદ્યાર્થીઓને સશકત કરવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી

- SHREYAS – (Scholoarship for Higher Education for Young Achievers Scheme) નો ભારતમાં અનુસૂચિત જાતિ (SC) અને અન્ય પછાત વર્ગ (OBC) વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણની પહોંચ પ્રદાન કરવામાં આવેલા પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

**❖ શ્રેયસ યોજના :**

- તે સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય હેઠળની એક વ્યાપક યોજના છે.
- તેનો ઉદ્દેશ્ય અન્ય પછાત વર્ગો અને આર્થિક રીતે પછાત વર્ગો (EBC)ના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત ઉચ્ચ શિક્ષણ અને વિદેશમાં અભ્યાસ કરવા માટેની શૈક્ષણિક લોનપર વ્યાજ સબસિડી મેળવવા માટે ફેલોશિપ (નાણાકીય સહાય) પ્રદાન કરીને શૈક્ષણિક સશકિતકરણ પ્રદાન કરવાનો છે.




**❖ પેટા યોજનાઓ :**

- શ્રેયસની છત્ર યોજનામાં 4 કેન્દ્રીય ક્ષેત્રની પેટા યોજનાઓનો સમાવેશ થાય છે.

**(1) અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગો માટે મફત કોચિંગ યોજના :**

- તેનો ઉદ્દેશ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ટેકનિકલ અને વ્યાવસાયિક સંસ્થાઓમાં નોંધણી માટે આર્થિક રીતે વંચિત અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગોને ઉચ્ચ ગુણવત્તાની કોચિંગ પ્રદાન કરવાનો છે.
- વર્ષ 2014-15 થી વર્ષ 2022-23 સુધીમાં 19995 લાભાર્થીઓએ તેનો લાભ લીધો છે.

**(2) અનુસૂચિત જાતિ (SC) માટે શ્રેષ્ઠ શિક્ષણ :**

- ધોરણ 12 થી આગળના અભ્યાસને આવરી લેતા અનુસૂચિત વિદ્યાર્થીઓમાં ગુણવત્તાયુકત શિક્ષણને ઓળખવા અને પ્રોત્સાહન આપવું.
- વર્ષ 2014-15 થી વર્ષ 2022-23 સુધીમાં 29988 લાભાર્થીઓએ તેનો લાભ લીધો છે.

**(3) અનુસૂચિત જાતિઓ માટે રાષ્ટ્રીય સ્થળાંતરણ યોજના :**

- અનુસૂચિત જાતિઓ માટેની રાષ્ટ્રીય વિદેશી યોજના હેઠળ, અનુસૂચિત જાતિ અને વિમુક્ત, વિચરતી અને અર્ધ–વિચરતી જાતિઓ, ભૂમિહિન ખેતમજૂરો અને પરંપરાગત કારીગર વર્ગના પસંદગીના વિદ્યાર્થીઓને વિદેશમાં અનુસ્નાતક અને પી.એચ.ડી. અભ્યાસક્રમો કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- વર્ષ 2014-15 થી વર્ષ 2022-23 સુધીમાં 950 વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે.



**(4) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય ફેલોશિપ :**

- આ ફેલોશિપ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા માન્ય ભારતીય યુનિવર્સિટીઓ / સંસ્થાઓ / કોલેજોમાં વિજ્ઞાન, માનવતા અને સામાજિક વિજ્ઞાનમાં એમ.ફિલ./પી.એચ.ડી. કરવા માટે છે. ડિગ્રી મેળવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડે છે.
- આ યોજના દર વર્ષે 2000 નવા સ્લોટ પ્રદાન કરે છે. (500 વિજ્ઞાન પ્રવાહ માટે અને 1500 માનવતા અને સામાજિક વિજ્ઞાન માટે)

## રેલ અકસ્માતમાં મૃતકોના પરિવારને આપવામાં આવતી રકમમાં વધારો

- રેલવે બોર્ડે એક પરિપત્ર જાહેર કરીને રેલવે અકસ્માત સંબંધિત સહાયની રકમમાં 10 ગણો વધારો કર્યો છે.
- હવે જો કોઈ ટ્રેન અકસ્માત દરમિયાન મુસાફરનું મૃત્યુ થાય તો તેના પરિવારજનોને 50 હજાર રૂપિયાને બદલે 5 લાખ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવશે.





- આ ઉપરાંત ગંભીર રીતે ઈજાગ્રસ્ત વ્યક્તિને 25 હજાર રૂપિયાને બદલે 2.5 લાખ રૂપિયા આપશે. જ્યારે ઓછી ઈજા થવા પર પણ વ્યક્તિને 5 હજારને બદલે 50 હજાર રૂપિયાનું વળતર ચૂકવવામાં આવશે.
- આતંકવાદી હુમલો, હિંસક હુમલો કે ચોરી જેવી કોઈ અઘટિત ઘટનાના કિસ્સામાં મૃતક, ગંભીર રીતે ઘાયલના પરિજનોને અનુક્રમે રૂા. 1.5 લાખ અને રૂા. 50 હજાર આપવામાં આવશે. પહેલા આ રકમ 50 હજાર, 25 હજારની હતી.
- વધુમાં સરકાર ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખર્ચ પણ આપશે. જ્યાં કોઈ ઈજાગ્રસ્ત હોસ્પિટલમાં 30 દિવસથી વધુ સમય માટે દાખલ રહેશે તો તેનું બિલ સરકાર ચૂકવશે.
- દર્દી કેટલી ગંભીર રીતે ઘાયલ થયા છે તેના આધારે પ્રતિદિન 3000, 1500 અને 750 રૂપિયાની ખર્ચ સહાય મળશે.
- આ ઉપરાંત રેલવેની ભૂલને કારણે જો કોઈનું રેલવે ગેટ પાસે અકસ્માત થાય તો પણ તે વળતર મળવાપાત્ર રહેશે.

❖ **ભારતીય રેલવે બોર્ડ (Indian Railway Board – IRB)**

- IRB એ ભારતીય રેલવેની સર્વોચ્ચ સંસ્થા છે.
- તે રેલવેના સમગ્ર વહીવટ અને સંચાલન માટે જવાબદાર છે.
- બોર્ડનું નેતૃત્વ અધ્યક્ષ કરે છે, જે કેન્દ્રીય કેબિનેટના સભ્ય હોય છે. અન્ય સભ્યોમાં રેલવે મંત્રી, ફાઈનાન્સિયલ કમિશનર, પ્રિન્સિપાલ ચીફ એન્જિનિયર અને પ્રિન્સિપાલ ચીફ એકાઉન્ટ ઓફિસર છે.
- અધ્યક્ષ – જયા વર્મા સિન્હા (પ્રથમ મહિલા અધ્યક્ષ)

## પી.એમ વિશ્વકર્મા યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો




- હાલમાં ભારત સરકાર દ્વારા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MoMJME) હેઠળની ‘પી.એમ વિશ્વકર્મા યોજના’ શરૂ કરવામાં આવી છે.
- તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. જે સંપૂર્ણ રીતે ભારત સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- આ યોજના MoMSME, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય અને નાણાકીય સેવાઓ વિભાગ, નાણા મંત્રાલય દ્વારા સંયુકત રીતે લાગુ કરવામાં આવશે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે કારીગરો સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં સંકલિત કરવા જેથી તેમની બજાર પહોંચ અને તકો વધે. ભારતના પરંપરાગત હસ્તકલાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને પ્રોત્સાહન આપવાનો છે. કારીગરોને સંગઠિત અર્થતંત્રમાં સમાવેશ કરવો અને તેમને વૈશ્વિક મુલ્ય શૃંખલાઓમાં એકીકૃત કરવામાં મદદ કરવાનો છે.

- યોજના લુહાર, સુવર્ણકામ, માટીકામ, સુથારીકામ અને શિલ્પકામ જેવા વિવિધ વ્યવસાયોમાં રોકાયેલ પરંપરાગત કારીગરો અને કારીગરોના ઉત્થાન માટે બનાવવામાં આવી છે.
- યોજનામાં નોંધાયેલા કારીગરોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ આપવામાં આવશે.
- કારીગરોને 5% રાહત દરે રૂા. 1 લાખ (પહેલો હપ્તો) અને રૂા. 2 લાખ (બીજો હપ્તો) સુધીની કોલેટરલ મુકત લોન સહાય માટે પણ પાત્ર બનશે.
- યોજનાને સત્ર 2023-24 થી સત્ર 2027 -28 સુધીના પાંચ નાણાકીય વર્ષ માટે રૂા. 1300 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યુ છે.
- યોજનામાં કૌશલ્ય પ્રશિક્ષણ માટે રૂા. 500 અને આધુનિક સાધનોની ખરીદી માટે રૂા. 15000 નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.
- તેમાં ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં 18 પરંપરાગત વ્યવસાયોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં સુથાર,લુહાર કુંભાર, શિલ્પકારા, મોચી, દરજી, હોડી બાંધનાર અને અન્ય વેપારી નો સમાવેશ થાય છે.



# 7 રિપોર્ટ અને ઈન્ડેક્સ


## શકિતદાંત દાસને વિશ્વના શ્રેષ્ઠ કેન્દ્રીય બેંકના વડા જાહેર કરવામાં આવ્યા

- અમેરિકા સ્થિત ગ્લોબલ ફાયનાન્સ મેગેઝિને વિશ્વના શ્રેષ્ઠ કેન્દ્રીય બેંક વડા તરીકે શકિતકાંત દાસને જાહેર કરવામાં આવ્યા.
- વર્ષ 2023 નો ગ્લોબલ ફાયનાન્સ સેન્ટ્રલ બેન્કર રિપોર્ટ કાર્ડ અનુસાર દાસને 'A પ્લસ' રેટ આપવામાં આવ્યો છે.
- ત્રણ કેન્દ્રીય બેન્કના વડાને આ રેટિંગ આપવામાં આવ્યું છે. તેમાં RBI ના ગવર્નર શકિતકાંત દાસ, સ્વિત્ઝર્લેન્ડ અને વિયેતનામની કેન્દ્રીય બેંકના ગવર્નર અનુક્રમે થોમસ જે જોર્ડન અને ન્યુએનથી હોંગનો પણ સમાવેશ થાય છે.
- આ માન્યતા ગવર્નર દાસની વિશ્વની સૌથી પ્રભાવશાળી અને અસરકારક કેન્દ્રીય બેંક નેતાઓમાંની એક એક તરીકેની સ્થિતિને મજબૂત બનાવે છે.

**Reserve Bank of India (RBI) વિશે....**

**વડુમથક :** મુંબઈ, મહારાષ્ટ્ર

- તેની સ્થાપના 1 એપ્રિલ 1935 ના રોજ થઈ હતી.
- તેનું વર્ષ 1949 માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતું.
- તેના પ્રથમ ગવર્નર સર ઓસ્બોન સ્મિથ હતા.
- શક્તિકાંત દાસ તેના વર્તમાન ગવર્નર છે.



# 8 પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

## ગગનયાનમાં મહિલા રોબોટ વ્યોમમિત્રાને અવકાશમાં મોકલવામાં આવશે

- ગગનયાન મિશનના બીજા તબક્કામાં ભારત એક મહિલા રોબોટ 'વ્યોમમિત્રા' મોકલશે તેવું કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું.
- વૈજ્ઞાનિક પ્રયોગો કરવા માટે વ્યોમમિત્રની રચના કરવામાં આવી છે જેથી અવકાશમાં મનુષ્ય કેવી રીતે કાર્ય કરશે તેવી માહિતી મેળવી શકાય છે.
- ઓક્ટોબર માસના પહેલા અને બીજા સપ્તાહમાં પ્રથમ ટ્રાયલ મિશનનું આયોજન કરવામાં આવશે ત્યારબાદ આ ટ્રાયલના બીજા તબક્કામાં એક મહિલા રોબોટને અવકાશમાં મોકલવામાં આવશે.





❖ **વ્યોમમિત્ર :**

- તે બે સંસ્કૃત શબ્દોનું સંયોજન છે. વ્યોમનો અર્થ 'અંતરિક્ષ' અને મિત્રનો અર્થ 'સાથે' થાય છે.
- તે અર્ધમાનવ રોબોટ છે. જે બે ભાષા બોલી (હિન્દી અને અંગ્રેજી) શકે છે.
- તે અંતરીક્ષમાં માણસો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ અને પ્રયોગોની નકલ કરી શકે છે.
- ગગનયાન મિશન પહેલા વ્યોમમિત્ર રોબોટને અવકાશમાં મોકલવામાં આવશે.

❖ **ગગનયાન :**

- ભારત Indian Human Space Flight Programme હેઠળ તેના સૌપ્રથમ સમાનવ અવકાશ મિશન ગગનયાનને લોન્ચ કરશે.
- આ મિશન GSLV MK-III પ્રક્ષેપણયાનની મદદથી આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્પેસ સ્ટેશનથી લોન્ચ કરવામાં આવશે.
- જો આ મિશન સફળ થાય તો ભારત કોઈ માણસને અવકાશમાં મોકલનાર અમેરિકા, ચીન અને રશિયા બાદ ચોથો દેશ બનશે.
- આ મિશનનો ઉદ્દેશ્ય દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ, યુવાનોને પ્રોત્સાહન, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન, સમાજકલ્યાણ માટે ટેકનોલોજીનો વિકાસ કરવાનો છે.
- આ મિશનનો અંદાજીત ખર્ચ 10,000 કરોડ જેટલો છે.
- આ અવકાશયાનને પૃથ્વીની 300-400 કિ.મી. ઉંચાઈ પરની કક્ષામાં સ્થાપિત કરશે.
- ત્રણ અવકાશયાત્રીને અંતરિક્ષમાં 5 થી 7 દિવસ માટે મોકલવામાં આવશે.
- મિશન ત્રણ તબક્કામાં પૂર્ણ થશે :
  (1) પ્રથમ તબક્કો :– તેમાં માનવરહિત સ્પેસ ક્રાફ્ટ ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવશે.
  (2) દ્વિતીય તબક્કો :– વ્યોમમિત્ર રોબોટની સાથે સ્પેસ ક્રાફ્ટનું ફ્લાઈટ ટેસ્ટ કરવામાં આવશે.
  (3) ત્રીજો તબક્કો :– તેમાં માનવસહિત અવકાશયાનને લોન્ચ કરવામાં આવશે.

## ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર વિવિધ ખનીજ તત્વની શોધ થઈ



- ચંદ્રયાન – 3 ના રોવર પ્રજ્ઞાનના નવા અને અતિ મહત્વના સંશોધન દ્વારા ચંદ્રની ધરતીમાં વિવિધ પ્રકારના અને બહુ મૂલ્યવાન કહી શકાય તેવાં ખનીજ તત્વો હોવાની માહિતી આપી છે.
- પ્રજ્ઞાન રોવરના LIBS (Laser Induced Breakdown Spectroscopy) પેલોડએ દક્ષિણ ધ્રુવની નજીક ચંદ્રની સપાટીમાં સલ્ફરની હાજરી સ્પષ્ટ પણે શોધી હતી.
- સલ્ફર (S) અને ઓક્સિજન (O) ઉપરાંત પ્રજ્ઞાન રોવરના LIBS પેલોડએ ચંદ્રની સપાટી પર હાજર અન્ય કેટલાક તત્વોની ઓળખ કરી છે.
- જેમાં એલ્યુમિનિયમ (Al), કેલ્શિયમ (Cu), આર્યન (Ee), ક્રોમિયમ (Cr), ટાઈટેનિયમ (Ti) મેંગેનીઝ (Mn) સિલિકોન (Si) નો સમાવેશ થાય છે.

❖ **ચંદ્રની સપાટી પર અલગ– અલગ તાપમાનની ઓળખ**

- ChaSTE (Chandra's Surface Thermophysical Experiment) પેલોડ અનુસાર ચંદ્રની સપાટી પર અને વિવિધ ઉંડાઈએ તાપમાનમાં ઘણો તફાવત જોવા મળ્યો છે.
- ચંદ્રના દક્ષિણ ધ્રુવની સપાટી પરનું તાપમાન લગભગ 50° C છે, જ્યારે 80 MM ની ઉંડાઈએ – 10° C છે.
- ChaSTE માં 10 ટેમ્પરેચર સેન્સર છે, જે 10 CM એટલે કે 100 MM ની ઉંડાઈ સુધી પહોંચી શકે છે.

Banking Academy

## ભારત BRIGHT STAR -23 યુધ્ધાભ્યાસમાં જોડાયું

- ભારતીય વાયુ સેનાએ ઈજિપ્તના કેરો ખાતે આયોજિત BRIGHT STAR – 23 ક્વાયતમાં સૌપ્રથમવાર ભાગ લીધો હતો.
- BRIGHT STAR -23 એ દ્વિવાર્ષિક યુધ્ધાભ્યાસ છે.
- આ બહુરાષ્ટ્રીય ક્વાયત 1980 માં ઈજિપ્ત અને ઈઝરાયેલ વચ્ચે અમેરિકાની મધ્યસ્થીમાં શાંતિ સંધિના ભાગરૂપે શરૂ કરવામાં આવી હતી.
- આ ક્વાયતમાં ભારતના પાંચ મિગ– 29, બે IL – 78, બે C – 130 અને બે C – 17 હવાઈજહાજ જોડાશે.
- અમેરિકા, સાઉદી અરેબિયા, ગ્રીસ અને કતાર ક્વાયતના સહભાગી દેશો છે.
- આ ક્વાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત કામગીરીના આયોજન અને અમલીકરણનો અભ્યાસ કરવાનો છે. તેની સાથે સરહદો પારના દેશો સાથે સહયોગ વધારવાનો છે. જે સહભાગી દેશો વચ્ચેની વ્યુહાત્મક ભાગીદારી પણ વધારશે.




**ઈજિપ્ત વિશે....**

- **રાજધાની :** કેરો
- **ચલણ :** ઈજિપ્તીયન પાઉન્ડ
- **વડાપ્રધાન :** મુસ્તફા મદબૌલી
- **રાષ્ટ્રપતિ :** અબ્દેલ ફતાહ અલસીસી
- ઉત્તર–પૂર્વ આફ્રિકાને મધ્યપૂર્વ સાથે જોડતો દેશ છે.

## ડાઈવિંગ સપોર્ટ ક્રાફટ 'DSC -A20' નું જલાવરણ કરવામાં આવ્યું

- TRSL (Titagarh Rail System Ltd.), કોલકત્તા દ્વારા બનાવવામાં આવેલ (5) Diving Support Craft (DSC) પ્રોજેક્ટનું પ્રથમ જહાજ DSC-A20 (YARD 325) ભારતીય નૌકાદળ માટે ટીટાગઢ, કોલકત્તા ખાતેથી હુગલી નદીમાં જલાવરણ કરવામાં આવ્યુ હતું.
- વર્ષ 2021 માં TRSL અને રક્ષામંત્રાલય વચ્ચે (5) DSC બનાવવા માટે કરાર કરવામાં આવ્યો હતો.
- આ કરારનું મૂલ્ય 175 કરોડ છે.
- આ જહાજો બંદર અને દરિયાકાંઠાના પાણીમાં ઓપરેશનલ / પ્રશિક્ષણ ડાઈવિંગ કામગીરી હાથ ધરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે.
- તમામ DSC નાણાકીય વર્ષ 2024-25 માં ભારતીય નૌકાદળને સોંપવામાં આવશે.
- DSC એ એક અદ્યતન શિપ છે જે કોઈપણ વાતાવરણમાં નેવિગેશનની સુવિધા માટે અદ્યતન તકનીકી ક્ષમતાઓથી સજ્જ છે.
- આ જહાજો સંબંધિત નૌકાદળના નિયમો અને ઈન્ડિયન રજિસ્ટ્ર ઓફ શિપિંગ (IRS) ના નિયંત્રણ હેઠળ સ્વદેશી રીતે તૈયાર કરવામાં આવ્યા છે.
- આ જહાજોનું હાઈડ્રોડાયનામિક વિશ્લેષણ / મોડલ પરિક્ષણ Naval Science and Technological Laboratory (NSTL) વિશાખાપટ્ટનમ ખાતે કરવામાં આવ્યું હતું.
- DSC ને ગોતાખોરીના અત્યાધુનિક ઉપકરણ અને સાધનોથી સુસજ્જ કરવામાં આવ્યા છે.
- DSC એ એક પ્રકારનું જહાજ છે, જેનો ઉપયોગ સમુદ્રમાં ડાઈવિંગ પ્રોજેક્ટ માટે બેઝ તરીકે થાય છે.




## સુપર બ્લુ મૂન

- 30 ઓગસ્ટ, 2023 ના રોજ રાત્રિનું આકાશ એક દુર્લભ ઘટના, સુપર બ્લુ મૂનનું સાક્ષી બન્યુ હતું.
- જો કે તેનું નામ 'બ્લુ મૂન' હોવા છતા, આ પૂર્ણ ચંદ્ર ન તો વાદળી રંગનો હતો કે ન તો કદમાં મોટો હતો.
- NASA (National Aeronaztics and Space Administration) અનુસાર છેલ્લો સુપર બ્લુ મૂન વર્ષ 2009 માં જોવા મળ્યો હતો અને તે હવે વર્ષ 2037 માં જોવા મળશે.




❖ **સુપર બ્લુ મૂન**

- બ્લુ મૂન અને સુપર મૂન બંને મળી આકાશને મોટા અને તેજસ્વી ચંદ્ર વડે પ્રકાશિત કરે છે.
- સુપર મૂન ત્યારે થાય છે જયારે ચંદ્ર તેની ભ્રમણકક્ષા દરમિયાન પૃથ્વીની નજીક આવે છે, જેનાથી તે મોટો અને તેજસ્વી દેખાય છે.
- આ સંરેખણ જેને પેરીજી (Perigee) કહેવાય છે, એપોજી (Apogee)ની વિરુદ્ધ થાય છે. જયારે ચંદ્ર પૃથ્વીની આસપાસ તેની લંબગોળ ભ્રમણકક્ષામાં સૌથી દૂર હોય છે, જયારે ક્ષિતિજની નજીક તફાવત સૂક્ષ્મ હોય છે, એક ઓપ્ટિકલ ઈલ્યુઝન તેને વધુ મોટું બનાવી શકે છે.

- 'સુપર મૂન' શબ્દ વર્ષ 1979 માં જયોતિષી રિચાર્ડ નોલ દ્વારા બનાવવામાં આવ્યો હતો.
- જયારે કેલેન્ડર મહિનામાં બે પૂર્ણિમાં હોય છે, ત્યારે બીજી પૂર્ણિમાંના ચંદ્રને 'બ્લુ મૂન' કહેવામાં આવે છે.
- તેનું નામ બ્લુ મૂન હોવા છતાં, ચંદ્ર વાદળી દેખાતો નથી પરંતુ એક મહિનામાં બીજી પૂર્ણિમાનું પરંપરાગત નામ છે.
- કેટલીકવાર હવામાં ધુમાડો અથવા ધૂળના કણો પ્રકાશની લાલ તરંગલંબાઈને વેર વિખેર કરી શકે છે, પરિણામે ચંદ્ર કેટલીક જગ્યાએ સામાન્ય કરતા વાદળી દેખાય છે, પરંતુ તેને 'વાદળી' ચંદ્ર નામ સાથે કોઈ લેવા દેવા નથી.
- સુપર મૂન દરમિયાન, ચંદ્રનું ગુરુત્વાકર્ષણ ખેંચાણ ભરતીને અસર કરે છે, જેના કારણે દરિયાકાંઠાની ઉચી અને નીચી ભરતીમાં થોડી વધઘટ થાય છે.

## ભારતના સૌપ્રથમ AI આધારિત 'ઈન્દ્રજાલ' એન્ટિ ડ્રોન પ્રણાલીનો શુભારંભ કરવામાં આવ્યો

- હેદરાબાદ સ્થિત Grene Robotics અને ભારત ઈલેકટ્રોનિકસ લિ. દ્વારા સંયુક્ત રીતે ભારતનું પ્રથમ કુત્રિમ બુધ્ધિમતા (AI) તથા મશીન લર્નિંગ (ML) આધારિત 'ઈન્દ્રજાલ' એન્ટિ ડ્રોન પ્રણાલીની શરૂઆત કરવામાં આવી.
- આ પ્રણાલીનું અનાવરણ ઉતરાખંડના ગવર્નર ગુરમીત સિંહ દ્વારા કરવામાં આવ્યું.
- 'ઈન્દ્રજાલ' ડ્રોન ડિફેન્સ સિસ્ટમની સરખામણી ઈઝરાયલની આર્યન ડોમ નામની મિસાઈલ ડિફેન્સ સાથે કરવામાં આવે છે.




**❖ ઈન્દ્રજાલ**

- આ ડ્રોન કુત્રિમ બુધ્ધિમતા (AI) આધારીત ગ્રીન OS દ્વારા કામ કરે છે.
- તે વિશ્વની એક માત્ર C-UAS (Counter Unmanned Aircraft System) છે. જે સ્વાયત ડ્રોનના તમામ સ્તરો સામે રક્ષણ કરી શકે છે.
- તે ચોક્કસ લક્ષ્યાંકો પર હૂમલો કરવા માટે ઈન્ફ્રારેડ અને લેસરથી સુસજ્જ છે.
- તે એકોસ્ટિક સેન્સર્સ, એકિટવ રેડિયો ફ્રિકવન્સી (RF), પેસિવ RF, થર્મલ સેન્સર્સ વગેરે સાથે મલ્ટિસ્પેક્ટ્રલ ડિટેકશનનો ઉપયોગ કરે છે.
- ઈન્દ્રજાલ સ્વાયત ડ્રોન સહિત તમામ કદના ડ્રોનથી રક્ષણ આપે છે.
- આ ડ્રોન AI નો ઉપયોગ કરીને સંભવિત જોખમોનું મૂલ્યાંકન કરવા અને શમન માટે યોગ્ય પગલાની ભલામણ કરે છે.
- તે 4000 ચો.કિ.મી. સુધીના વિસ્તારોમાં 360 સુરક્ષા પ્રદાન કરી શકે છે.
- હાલમાં જ ભારતીય સશસ્ત્ર દળોમાં ભારતનું પ્રથમ સ્વદેશી રૂપથી વિકસાવેલું એન્ટિ ડ્રોન સિસ્ટમ D-4 એન્ટિ ડ્રોન સામેલ કરવામાં આવ્યું હતું.
- D-4 એન્ટિ ડ્રોન પ્રણાલીનો ઉપયોગ પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન તેની સુરક્ષા માટે કરવામાં આવ્યો હતો.

## ભારતીય વાયુ સેનાને પ્રથમ C-295 ટ્રાન્સપોર્ટ પ્લેન મળ્યું

- યુરોપિયન કંપની એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ દ્વારા ભારતને પ્રથમ C-295 ટેકિટકલ મિલિટરી એર લિફટ પ્લેન સોંપવામાં આવ્યું છે.
- C-295 નું નિર્માણ ખાનગીક્ષેત્રમાં ભારતના પ્રથમ 'મેક ઈન ઈન્ડિયા' એરોસ્પેસ પ્રોગ્રામ હેઠળ સ્પેનના સેવિલે પ્લાન્ટમાં કરવામાં આવ્યું છે.
- ભારતીય વાયુસેનામાં તેનો સમાવેશ હિંડન એરબેઝ ખાતે થયો.
- એરબસ અને ટાટાના હેદરાબાદ અને નાગપુર પ્લાન્ટમાં 14000 થી વધુ સ્વદેશી ભાગોનું ઉત્પાદન કરવામાં આવશે અને અંતિમ એસેમ્બલિંગ માટે વડોદરા મોકલવામાં આવે છે.
- C-295નું ઉત્પાદન અને એસેમ્બલ TASL (Tata Advance System Limited) વડોદરા ખાતે કરવામાં આવશે.



- પ્રથમ મેડ ઈન ઈન્ડિયા C-295 એરક્રાફટ વડોદરા ખાતે વર્ષ 2026 સુધીમાં તૈયાર થઈ જશે. જે ભારતીય એરોસ્પેસ ઉદ્યોગ માટે સીમાચિહ્નરૂપ હશે.
- પ્રથમ C-295 ટ્રાન્સપોર્ટ એરક્રાફટ આગ્રા એરબેઝ પર તૈનાત કરવામાં આવશે. જ્યાં તેના પાઈલોટનું તાલીમ કેન્દ્ર વર્ષ 2024 સુધીમાં તૈયાર કરવામાં આવશે.
- આ એરક્રાફટને છેલ્લા ત્રણ દાયકાથી સેવામાં રહેલા ટ્રાન્સપોર્ટ એરક્રાફટ એવરો–748ને બદલવા માટે લાવવામાં આવી રહ્યું છે.

**❖ એરક્રાફટ C-295**

- આ એરક્રાફટ માત્ર 320 મીટરના અંતરે જ ટેક–ઓફ અને લેન્ડિંગ કરી શકે છે.
- આ એરક્રાફટ 11 કલાક સુધીની ઉડાન ક્ષમતા ધરાવે છે, તેમજ તમામ હવામાન પરિસ્થિતિઓમાં બહુવિધ કાર્યો કરી શકે છે. જે લદાખ, કાશ્મીર, આસામ અને સિક્કિમ જેવા પહાડી વિસ્તારોની કામગીરીમાં મદદરૂપ થશે.
- તે 7050 કિગ્રા.ના વજનનું વહન કરી શકે છે. તે એક સમયે 71 સૈનિકો, 44 પેરાટ્રુપર્સ, 24 સ્ટ્રેચર અથવા 5 કાર્ગો પેલેટ લઈ જઈ શકે છે.

## સોનાલી ઘોષ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનના સૌપ્રથમ મહિલા ક્ષેત્ર નિર્દેશક બન્યા

- વિશ્વ વિખ્યાત કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન અને વાઘ આરક્ષિત ક્ષેત્રની જવાબદારી સાંભળવા માટે આસામમાં Chief Conservation of Forest ની જવાબદારી નિભાવી રહેલા સોનાલી ઘોષની પ્રથમ વખત મહિલા ક્ષેત્ર નિર્દેશક (Field Director) તરીકે પસંદગી કરવામાં આવી છે.



- આ ઉદ્યાનમાં સૌપ્રથમવાર ક્ષેત્ર નિર્દેશકના પદ માટે કોઈ મહિલાની નિયુક્તિ થઈ છે.
- સોનાલી વર્ષ 2000-2003 ની બેચના IFS (Indian Forest Service) ટોપર છે. અને તેમની પાસે આ વિષયની અનેક ઉપાધીઓ છે.
- તેઓ ગુવાહટીમાં Research Education and Working Plan division Chief Conservator of Forest ના પદ પર જવાબદારી નિભાવી ચૂક્યા છે.

❖ **કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન**

- કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન એક શિંગડાવાળા ગેંડાઓ માટે પ્રખ્યાત છે.
- આ ઉદ્યાન આસામ રાજયના નગાંવ, ગોલાઘાટ, કાર્બી આંગલોંગ, સોનિતપૂર અને બિશ્વનાથ જિલ્લામાં ફેલાયેલું છે.
- કાઝીરંગા નામ મહિલા શાસક કાર્બીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ ઉદ્યાનમાં એક શિંગડાવાળા ગેંડા સિવાય વાઘ, હાથી, દિપડા, રીંછ અને વિવિધ પક્ષીઓ જોવા મળે છે.
- આ રાષ્ટ્રીય ઉદ્યાનને 1908 માં આરક્ષિત જંગલ તરીકે જાહેર કરવામાં આવ્યો અને 1916 માં તેને અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું.
- તેને વર્ષ 1974 માં રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર થયુ અને વર્ષ 1985 માં UNESCO એ તેને વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કર્યુ.

## નાસાએ K-2-18B બાહ્ય ગ્રહની શોધ કરી




- અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા NASA (National Aeronautics and Space Administration) ના અત્યાધુનિક જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે (JWST) અનંત બ્રહ્માંડમાં પ્રથમવખત પ્રવાહી જળ હોવાની શકયતા ધરાવતો બાહ્ય ગ્રહ શોધ્યો છે.
- K-2-18B સંજ્ઞા ધરાવતો આ એક્ઝોપ્લેનેટ પૃથ્વીથી 120 પ્રકાશવર્ષ દૂરના અંતરે છે.
- સૂર્યમંડળની બહારના ગ્રહને એક્ઝોપ્લેનેટ કહેવાય છે.

❖ **K-2-18B**

- આ ગ્રહ તેના પિતૃતારા K-2-18 ની ફરતે ગોળ ફરે છે. આ પિતૃતારો કદમાં નાનો અને ઠંડો છે.
- આ એક્ઝોપ્લાનેટની ત્રિજયા પૃથ્વીની ત્રિજયા કરતા 2.6 ગણી વધુ મોટી છે. ઉપરાંત તે પૃથ્વી કરતા 8 ગણો વધુ મોટો છે.
- K-2-18B એક્ઝોપ્લેનેટ પ્રવાહી જળથી ઘેરાયેલો વિશાળ મહાસાગર છે.
- ઉપરાંત આ બાહ્યગ્રહની વિશિષ્ટતા પણ છે કે તેના વાતાવરણમાં કાર્બનયુક્ત સુક્ષ્મ કણો, મિથેન અને કાર્બન ડાયોકસાઈડ છે. સાથોસાથ તેના વાતાવરણમાં હાઈડ્રોજન પણ ભરપૂર હોવાની સંભાવના છે.
- આ બાહ્યગ્રહ તેના પિતૃતારા K-2-18 થી હેબિટેબલ ઝોન (જીવન પાંગરવાની શકયતા ધરાવતો વિસ્તાર) માં છે.
- કેમ્બ્રીજ યુનિવર્સિટીના સંશોધન મુજબ સૂર્યમંડળ બહારના આ નવા ગ્રહના વાતાવરણમાં ડાયમિથાઈલ સલ્ફાઈડ (DMS) નામનું વિશિષ્ટ તત્વ પણ છે. સાથોસાથ તેના વાતાવરણમાં મિથેન અને કાર્બન ડાયોકસાઈડ પણ ભરપૂર માત્રામાં છે.
- પૃથ્વીના વાતાવરણમાં DMS હોવાથી અહિ જીવસૃષ્ટિ શકય બની છે. પૃથ્વીના DMS નો મોટો ભાગ દરિયાઈ વાતાવરણના ફાયટોપલાંકટોન (Phytoplankton)માંથી ઉત્સર્જિત થાય છે.

**National Aeronautics and Space Administration (NASA) વિશે....**

**સ્થાપના** : 29 જુલાઈ, 1958
**મુખ્યાલય** : વોશિંગ્ટન, અમેરિકા

- તે અમેરિકન સરકારની અંતરિક્ષ સંસ્થા છે જે દેશના જાહેર અંતરિક્ષ કાર્યક્રમોનું સંચાલન કરે છે.

## કેરળ રાજ્યમાં નિપાહ વાઈરસના કેસ નોંધાયા

- ભારતના કેરળ રાજ્યમાં ફરીથી નિપાહ વાઈરસનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને તેના કારણે બે લોકોના મૃત્યુ થયા છે.
- વર્ષ 2021 (COVID-19 દરમિયાન) બાદ ભારતમાં નિપાહ વાઈરસનો આ પ્રથમ પ્રકોપ છે.

❖ **નિપાહ વાઈરસ :**

- તે એક ઝૂનોટિક વાઈરસ છે. (પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાય છે.)
- નિપાહ વાઈરસ એન્સેફાલીટીસ માટે જવાબદાર સજીવ પેરામિકસોવિરિડે કેટેગરી અને હેનીપા વાઈરસ જાતિનો RNA અથવા રિબોન્યુકિલક એસિડ વાઈરસ છે અને તે હેન્ડ્રા વાઈરસ સાથે નજીકથી સંબંધિત છે.

- નિપાહ સૌપ્રથમ 1998 અને 1999માં મલેશિયા અને સિંગાપોરમાં જોવા મળ્યું હતું.
- આ રોગનું નામ મલેશિયાના એક ગામ સુંગાઈ નિપાહના નામ પરથી રાખવામાં આવ્યું છે, જ્યાં તે પ્રથમ વખત જોવા મળ્યું હતું.
- તે સૌપ્રથમ ઘરેલું ડુક્કરમાં જોવા મળ્યું હતું અને તે કૂતરા, બિલાડી, બકરી, ઘોડા અને ઘેટા સહિત ઘરેલું પ્રાણીઓની ઘણી પ્રજાતિઓમાં જોવા મળે છે.




❖ **રોગનો ફેલાવો :**

- આ રોગ પીટેરોપસ જાતિના 'ફ્રુટ બેટ' અથવા 'ફલાઈંગ ફોક્સ' દ્વારા ફેલાય છે, જે નિપાહ અને હેન્દ્રા વાઈરસના કુદરતી સ્ત્રોત છે.
- વાઈરસ ચામાચીડિયાના પેશાબમાં અને સંભવિતપણે ચામાચીડિયાના મળ, લાળ અને જન્મના પ્રવાહીમાં હાજર હોય છે.

❖ **રોગના લક્ષણો :**

- તાવ, માથાનો દુખાવો, સુસ્તી, દિશાહિનતા, માનસિક મૂંઝવણ, કોમા અને સંભવિત મૃત્યુ દ્વારા વર્ગીકૃત થયેલ એન્સેફાલીટીસ સિન્ડ્રોમમાં માનવચેપ પરિણમે છે.

❖ **રોગનું નિવારણ :**

- હાલમાં મનુષ્ય અને પ્રાણીઓ બંને માટે કોઈ રસી ઉપલબ્ધ નથી. નિપાહ વાઈરસથી સંક્રમિત લોકોને સઘન સંભાળની જરૂર હોય છે.

## ઉત્તરી આફ્રિકાના મોરોક્કોમાં 6.8ની તીવ્રતાનો ભૂકંપ સર્જાયો




- મોરોક્કોમાં 6.8ની તીવ્રતાના આ વિનાશક ભૂકંપમાં 2200 લોકોનું મૃત્યુ થયું જ્યારે 1000થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.
- મોરોક્કોના રાજા મોહમ્મદ ચતુર્થએ સમગ્ર દેશમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો.
- US જિયોલોજિકલ સર્વે મુજબ ભૂકંપનું કેન્દ્ર મરાકેશથી દક્ષિણ–પશ્ચિમ દિશામાં 71 કિમી (44 માઈલ) અને 18.5 કિમીની ઉંડાઈએ આવેલું છે.
- મારકેશ એપ્લાસ પર્વતોની તળેટીની પશ્ચિમે આવેલું છે.
- આ ભૂકંપને પર્વતીય પ્રદેશમાં અત્યાર સુધીનો તમામ ભૂકંપોમાં સૌથી વિનાશક માનવામાં આવે છે.
- મોરોક્કો આફ્રિકા અને યુરેશિયા ભૂ–તકિતની સીમા પર આવેલું છે. આ બંને ભૂ–તકિતઓ સક્રિય હોવાથી તેમની હિલચાલ ભૂકંપીય પ્રવૃત્તિમાં પરિણમે છે.
- ભૂકંપ : પૃથ્વીના આંતરિક તથા બાહ્ય બળોને કારણે ઊર્જા છૂટી પડવાથી તરંગો ઉત્પન્ન થાય છે. આ તરંગો તમામ દિશામાં ફેલાઈને પૃથ્વી પર કંપન પેદા કરે છે જેને ભૂકંપ કહે છે.

**મોરોક્કો વિશે....**

**રાજધાની** : રાબત
**ચલણ** : મોરોક્કન દિરહામ (M & D)
**ભાષા** : અરબી અને અમેઝીગ (તમઝાઈટી)
**રાજા** : મોહમ્મદ VI
**મુખ્યપર્વત માળાઓ** : એપ્લાસ અને રિફ પર્વત

## લદાખના ન્યોમામાં વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ બનાવવામાં આવશે

- BRO (Border Road Organisation) દ્વારા લદાખ સ્થિત ન્યુમોમામાં વિશ્વના સૌથી ઊંચા ફાઈટર એરફિલ્ડના નિર્માણની પહેલ શરૂ કરવામાં આવી છે.
- આ એરફિલ્ડનું નિર્માણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે કારણકે તે સરહદી ક્ષેત્રમાં ભારતની સંરક્ષણ ક્ષમતાઓ, માળખાકીય સુવિધાઓ, જોડાણ અને સુરક્ષામાં સુધારો કરશે.
- ન્યોમાએ ભારતના લદાખના દક્ષિણ વિસ્તારમાં આવેલું એક મુખ્ય ગામ છે. આ ઉપરાંત લેહ જિલ્લામાં ઈન્ડિયન એરફોર્સ મથક પણ આવેલું છે.
- ન્યોમા ખાતે વર્ષ 1962માં ALG (Advance Landing Ground) ની સ્થાપના કરવામાં આવી હતી.
- ન્યોમા દરિયાની સપાટીથી 4180 મીટર (13,710 ફૂટ)ની ઊંચાઈ પર આવેલ છે, જે તેને આ પ્રદેશમાં સૌથી વધુ ઊંચાઈવાળા સ્થળોમાનું એક બનાવે છે.




**Border Road Organisation (BRO) વિશે....**

**સ્થાપના** : 6 મે, 1960
**વડુમથક** : નવી દિલ્હી
**મુખ્ય નિદેશક** : લેફ્ટનન્ટ જનરલ રાજીવ ચૌધરી

- તે કેન્દ્રીય રક્ષા મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- તેનું મુખ્ય કાર્ય ભારતના સીમાવર્તી પ્રદેશોના રસ્તાઓની દેખરેખ અને સારસંભાળ કરવાનું છે.

Banking Academy

## 450 વર્ષ બાદ નીશીમુરા નામનો ધૂમકેતુ પૃથ્વીની નજીક દેખાયો

- 12 સપ્ટેમ્બરના રોજ લીલા રંગનો નીશીમુરા નામનો ધૂમકેતુ 437 વર્ષ બાદ પૃથ્વીની નજીક આવ્યો હતો.
- નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (JPL)ની ગણતરી અનુસાર આ ધૂમકેતુને સૂર્યની પરિક્રમા પૂર્ણ કરતા આશરે 435 વર્ષનો સમય લાગે છે.
- આ ધૂમકેતુ 17 સપ્ટેમ્બરે સૂર્યની સૌથી નજીક પહોંચી જશે.
- આ સ્થિતિને ખગોળશાસ્ત્રની ભાષામાં પેરીહેલિયન કહેવાય છે. તમામ ધૂમકેતુઓ સૂર્યની પ્રદક્ષિણા કરતા કરતા એક તબક્કે પૃથ્વીની નજીકથી પસાર થાય છે.
- નીશીમુરા 437 વર્ષ બાદ પૃથ્વીની નજીકથી પસાર થઈ રહ્યો છે, જે દર્શાવે છે કે તેને સૂર્યની એક પ્રદક્ષિણા પૂર્ણ કરતા 437 વર્ષ જેટલો લાંબો સમય થાય છે.
- નીશીમુરા અગાઉ 1586માં પૃથ્વી નજીકથી પસાર થયો હતો.
- હાલ તે પૃથ્વીથી આશરે 12.50 કરોડ કિ.મી.ના અંતરેથી પસાર થઈ રહ્યો છે.
- લીલા રંગનો આ મનમોહક ધૂમકેતુ અંતરિક્ષમાં 3,86,000 કિમીની તીવ્ર ગતિએ પ્રવાસ કરી રહ્યો છે.



❖ **ધૂમકેતુ**

- સૌરમંડળના કિનારે અરબો નાના–નાના પીંડો / ધૂમકેતુ આવેલા છે.
- ધૂમકેતુ વાયુ અને ધૂળના બનેલા હોય છે.
- ધૂમકેતુ લાંબી પ્રકાશિત પૂછડીવાળા પ્રકાશના ચળકતા ગોળાના રૂપમાં આકાશમાં દેખાય છે.
- તેની પૂછડી હંમેશા સૂર્યની વિરુદ્ધ દિશામાં હોય છે.

## મેકિસકોની સાંસદમાં એલિયનના 1000 વર્ષ જૂના મૃતદેહ પ્રદર્શિત કરવામાં આવ્યા

- મેકિસકો વિધાનસભાના એક કાર્યક્રમ દરમિયાન બે મૃતદેહ જાહેર જનતા માટે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.
- જેના માટે માનવામાં આવી રહ્યું છે કે તે માનવના નથી પરંપુ પરગ્રહવાસી (એલિયન) પ્રજાતિના છે.
- આ કાર્યક્રમનું નેતૃત્વ મેકિસકન પત્રકાર અને યુફોલોજિસ્ટ જેઈમ મોંસન દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ મૃતદેહો પેરુની એક ખીણમાંથી મળી આવ્યા છે, જે લગભગ 1000 વર્ષ જૂના છે.
- મૃતદેહોને 3 આંગળીઓ હતી અને કોઈ દાંત ન હતા. તેને મમીફાઈડ એલિયન્સને લાકડાના બોકસમાં રાખવામાં આવ્યા હતા.



- મેકિસકોની Autonomus Universityમાં UFO (Unidentified Flying Object) પર એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. અહીં વૈજ્ઞાનિકોએ રેડિયો કાર્બન ડેટિંગથી DNAનું વિશ્લેષણ કરવામાં આવ્યું.
- વિશ્વમાં ઘણા દેશો (અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને ચિલિ સહિત) UFO પર વૈજ્ઞાનિક અભ્યાસ કરી રહ્યા છે.

## ભારતીય સેનામાં વિભવ એન્ટિટેન્ક માઈનનો સમાવેશ કરવામાં આવ્યો

- ભારતીય સેનાએ 600 સ્વદેશી રીતે વિકસિત એન્ટી ટેન્ક માઈનને તેના શસ્ત્રાગારમાં સામેલ કરી છે. જેને વિભવ તરીકે ઓળખવામાં આવે છે.
- તેને ભારતીય સેના દ્વારા DRDO (Defence Research and Development Organisation) ના સહયોગથી વિકસિત કરવામાં આવી છે.
- આ એન્ટિટેન્ક માઈન તમામ પ્રકારના દુશ્મન વાહનો સામે રક્ષણ પૂરું પાડવા બનાવવામાં આવી છે.
- વિભવનું નિર્માણ આધુનિક પ્લાસ્ટિક મટિરિયલમાંથી કરવામાં આવ્યું છે, જે સ્ટોરેજ, હેન્ડલિંગ અને વિવિધ ક્ષેત્રની પરિસ્થિતિઓમાં ઉપયોગ માટે ટકાઉ પણ પ્રદાન કરે છે.




- માઈનમાં ઈલેક્ટ્રોનિક એન્ટિ–હેન્ડલિંગ અને એન્ટિ લિફ્ટ ડિવાઈસ (EAHALD) સામેલ છે. જે એકવાર સશસ્ત્ર થયા પછી 120 દિવસ સુધી સક્રિય રહે છે.
- તેની સ્ટોરેજ ક્ષમતા 10 વર્ષ છે અને તે વધારાના સલામતી અને સુરક્ષા માપદંડ તરીકે કાર્ય કરે છે.

Banking Academy

## ભારતીય સેના દ્વારા MULE નું અનાવરણ કરવામાં આવ્યું




- ભારતીય સેનાના ઉત્તરીય કમાન્ડ, સોસાયટી ઓફ ઈન્ડિયન ડિફેન્સ મેન્યુફેકચર (SIDM) અને IIT- જમ્મુ દ્વારા સંયુક્ત રીતે જમ્મુ ખાતે North Tech Symposium – 2023 નું આયોજન કરવામાં આવ્યુ હતું.
- જેમાં ભારતીય સેનાએ જમ્મુમાં MULE (Multi Utility Legged Equipment) નું અનાવરણ કર્યુ.
- તે સેના માટે વિકસાવેલુ એક સ્વાયત લોડ – બેરિંગ રોબોટ છે.
- તેનો ઉપયોગ આંતકવાદીઓને શોધી તેમને ખતમ કરવા તેમજ માનવ હસ્તક્ષેપનો ઘટાડો કરવાનો છે.

❖ **MULE ની વિશિષ્ટતા**

- તે 360° કેમેરા અને રડાર જેવા ઉપકરણો ધરાવે છે. જે સંચાલકને કોઈ પણ ખતરાને શોધવામાં મદદ કરશે અને તેને લક્ષ્ય બનાવવા ફાયરિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરશે.
- તે એક એનાલોગ ફેસ મશીન છે અને 12 કિલોની વહનક્ષમતા છે.
- તેને રિમોટ કંટ્રોલ દ્વારા સરળતાથી સંચાલિત કરી શકાય છે.
- જે Wi-Fi અથવા લોંગ –ટર્મ ઈવોલ્યુશન (LTE) થી સંચાલિત થઈ શકે છે, જે તેને સ્થાનથી 10 કિ.મી. સુધીના અંતર માટે કાર્યક્ષમ બનાવે છે.
- તે 45° નો ઢાળવાળા પર્વતો પર સરળતાથી ચઢી શકે છે તેમજ 18 સેમીના પગથિયા પણ ચઢી શકે છે.
- તે Pre-fad Mission સાથે કામ કરવા સક્ષમ છે. તમામ પ્રકારના ભૌગોલિક પ્રદેશોનાં તેના ઉપયોગ થઈ શકે છે.

## ભારતીય વાયુસેના 100 LCA માર્ક 1A ફાઈટર જેટ ખરીદશે

- ભારતીય વાયુસેના HAL (Hindustan Aeronautics Limited) પાસેથી 100 LCA માર્ક 1A ફાઈટર જેટ ખરીદશે.
- વાયુસેનાના વડા (Chief of air staff) ની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠક બાદ 100 LCA Mark 1A લડાકુ વિમાન ખરીદવાનો નિર્ણય કર્યો છે.



- LCA Mark 1A એ તેજસ વિમાનની આધુનિક આવૃત્તિ છે.
- તે અપગ્રેડેડ એવિઓનિકસ અને રડાર સિસ્ટમથી સજ્જ છે.
- આ લડાકુ વિમાન ખરીદવાનો ભારતીય વાયુસેનાનો હેતું જૂના મિગ–21 ને નિવૃત્ત કરવાનો છે.

❖ **MiG-21**

- વર્ષ 1940 માં સોવિયેત સંઘે MiG-21 નું નિર્માણ કર્યુ.
- એપ્રિલ 1963 માં તેને ભારતીય વાયુસેનામાં દાખલ કરવામાં આવ્યું.
- તેની ઝડપ :– 2229 કિમી પ્રતિ કલાક
- વહનક્ષમતા :– 10.100 કિગ્રા
- તેને ભારતીય વાયુ સેનામાં સૌથી લાંબા સમય સુધી સેવા આપતું ફાઈટર એરક્રાફ્ટ પણ કહેવામાં આવે છે.

❖ **LCA તેજસ**

- LCA (Light Combat Aircraft) એ ભારતનું પ્રથમ સ્વદેશી હલકું વિમાન છે.
- તે એક સીટ અને એક જેટ એન્જિન (Single Jet Engine) ધરાવતું વિશ્વનું સૌથી નાનું સુપરસોનિક વિમાન છે.
- તેને DRDO ની ADA (Aeronautical Development Agency) અને હિંદુસ્તાન એરોનોટીકલ લિમિટેડ (HAL) દ્વારા બનાવવામાં આવ્યુ છે.
- LCA તેજસ નામ તેને તત્કાલીન પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી દ્વારા આપવામાં આવ્યુ હતું.
- તેજસની ચોથી પેઢીનું લડાકુ વિમાન મહત્તમ 1350 કિ.મી/ કલાકની ઝડપે 4000 કિ.ગ્રા.ના વજન સાથે ઉડી શકે છે.
- તેજસના જુદા – જુદા સંસ્કરણોમાં તેજસ MK I, તેજસ MK 1A, તેજસ MK2 NAVY, તેજસ MK2 નો સમાવેશ થાય છે.


## NASA ના MOXIE ઉપકરણે મંગળગ્રહ પર ઓકિસજનનું નિર્માણ કર્યુ

- નાસાએ પર્સિવરેન્સ માર્સ રોવર પર લગાવેલ ઉપકરણ MOXIE (Mars Oxygen In-situ Resuorce Utilizaion Experiment) ની સફળતાપૂર્વક પૂર્ણતાની જાહેરાત કરી છે.
- MOXIE ની સફળતા એ અવકાશયાત્રીઓને તેમના પોતાના ઓકિસજન અને રોકેટ પ્રોપેલન્ટનું ઉત્પાદન કરીને લાલ ગ્રહ પર લાંબાગાળાના સંશોધન અને ટકાઉપણાને તક આપીને મંગળ પર 'જમીનની બહાર રહેવા' સક્ષમ કરવા તરફનું પગલું છે.

❖ **MOXIE શું છે?**

- MOXIE નું નામ (Mars Oxygen In-Situ Resource Utilization Experiment)


- આ ઉપકરણનું કદ લગભગ માઈક્રોવેવ ઓવન જેટલું જ છે.
- તેમણે મંગળ પર કાર્બન ડાયોકસાઈડ ($CO_2$) ને ઓકિસજનમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા દર્શાવી છે.
- આ તકનીકિ પ્રગતિ મંગળ પરના ભાવિ માનવ મિશનમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે, જે શ્વાસ લઈ શકાય તેવી હવા અને રોકેટ પ્રોપેલન્ટનો ટકાઉ સ્ત્રોત પૂરો પાડે છે.
- MOXIE એ મંગળ પર તેના ઓપરેશન બાદ કુલ 122 ગ્રામ ઓકિસજન ઉત્પન્ન કર્યો છે, નાસાના લક્ષ્યાંક કરતા વધુ છે.
- તેની ટોચની કાર્યક્ષમતા પર તે પ્રતિ કલાક 12 ગ્રામ ઓકિસજન ઉત્પન્ન કરે છે, જે પ્રારંભિક લક્ષ્ય કરતા બમણુ છે.
- તે મંગળના પાતળા વાતાવરણમાંથી પમ્પ કરાયેલા કાર્બનડાયોકસાઈડના દરેક પરમાણુમાંથી એક ઓકિસજન અણુ અલગ કરીને મોલેકયુલર ઓકિસજન ઉત્પન્ન કરે છે.




### ❖ પર્સિવરન્સ રોવર (Perserverance Rover)

- પર્સિવરન્સ રોવર એ ખગોળિય વિજ્ઞાનનું એક મિશન છે, જે નાસાના મંગળ 2020 મિશનના ભાગરૂપે મંગળ પર સંશોધન કરવા રચાયેલ છે.
- આ મિશન મંગળના ભૂસ્તરશાસ્ત્રને વધુ સારી રીતે સમજવા અને પ્રાચીન જીવનના ચિન્હો શોધવા માટે રચાયેલ છે.
- તે મંગળના ખડક, તુટેલા ખડક અને ધૂળને એકત્રિત કરવા માટેનું આ પ્રથમ મિશન છે.
- મિશનના ઉદ્દેશ્ય – મંગળની વસવાટ ક્ષમતાનો અભ્યાસ કરવો, મંગળ પર ભૂતકાળના સુક્ષ્મજીવાણુઓના ચિન્હ્ શોધવા, નમૂનાઓ એકઠા કરવા અને મંગળ પરના ભાવિ માનવ મિશન માટે તૈયાર કરવા.
- તે મંગળના ભૂસ્તરશાસ્ત્ર અને ભૂતકાળની આબોહવાનું મૂલ્યાંકન કરવા લક્ષિત સ્થળ જેઝેરો ક્રેટરની નજીકના વિસ્તારોમાં શોધ કરવી.
- અત્યાર સુધીમાં છ દેશો – અમેરિકા, UAE, રશિયા, ચીન, યુરોપિયન સંઘ અને ભારત મંગળની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક પહોંચી ચૂકયા છે.

## XPoSat મિશન લોન્ચ કરવામાં આવશે




- ISRO એ સૂર્ય અને ચંદ્રના અભ્યાસ હેતુના સફળ પરિક્ષણ બાદ પોલારીમેટ્રી મિશન માટે કાર્ય શરૂ કર્યુ છે.
- આ મિશન ISRO એ રમન રિસર્ચ ઈન્સ્ટિટયૂટની ભાગીદારી સાથે XPosat બનાવવામાં આવશે.
- આ મિશનનો હેતું અવકાશી પદાર્થોની પ્રકૃતિ અને વર્તન પર મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરવી તેમજ આત્યંતિક સ્થિતિમાં (Extreame Condition) માં ખગોળીય સ્ત્રોતોની વિવિધ ગતિશીલતાનો અભ્યાસ કરવાનો છે.
- આ મિશન ભારતનું પ્રથમ અને વિશ્વનું બીજુ મિશન હશે. જે સંપૂર્ણ પોલારીમેટ્રી મિશનને સમર્પિત હશે.
- જયા વિશ્વનું પ્રથમ મિશન નાસાએ વર્ષ 2021 માં ઈમેજિંગ x-ray પોલારીમેટ્રી એકસપ્લોરર લોન્ચ કર્યુ હતું.
- પોલારીમેટ્રી એક સાધન છે જે ખગોળશાસ્ત્રીઓને ધૂમકેતુઓથી લઈને દૂરની ગેલેકસી સુધી રહેલા વિવિધ અવકાશી પદાર્થો જેમ કે બ્લેક હોલ, ન્યુટ્રોન તારા અને પલ્સર વાઈન્ડ નેબ્યુલા વગેરેની માહિતીનું અનુમાન કરવા માટે મદદ કરે છે.

**Indian Space Research Organisation (ISRO) વિશે....**

**સ્થાપના** – 15 ઓગસ્ટ, 1969
**વડુમથક** – બેંગ્લોર, કર્ણાટક
**અધ્યક્ષ** – શ્રીધરા પાનીકર સોમનાથ

- XPoSat માં બે વૈજ્ઞાનિક પેલોડ હશે.
- પોલારીમીટર ઈન્સ્ટ્રુમેન્ટ ઈન એકસ – રે (POLIX) અને એક્સ – રે સ્પેકટ્રોસ્કોપી એન્ડ ટાઈમિંગ (XSPECT) આં બંને પેલોડને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે.
- POLIX એ ખગોળીય પદાર્થોમાંથી ઉદ્દભવતા 8-30 Kev ફોટોનની મધ્યમ X-Ray રેન્જમાં ડિગ્રી અને પોલારીઝેશનનો ખુણો જેવા ધ્રુવીકરણ પરિમાણોનું માપન માટે સક્ષમ કરશે. જયારે SPECT પેલોડ XRAY ફોટોનની 0.8 – 15 Kev ની ઉર્જા શ્રેણીમાં સ્પેકટ્રોસ્કોપિક માહિતી પ્રદાન કરશે.

## મધ્યપ્રદેશમાં નવા વીરાંગના દુર્ગાવતી વાઘ આરક્ષિત ક્ષેત્ર બનાવવાની જાહેરાત થઈ

- મધ્યપ્રદેશ સરકાર દ્વારા રાજ્યમાં સાતમું અને દેશમાં 54મું વાઘ આરક્ષિત ક્ષેત્ર તરીકે વીરાંગના દુર્ગાવતી વાઘ આરક્ષિત ક્ષેત્રની સ્થાપનાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.
- NTCA (National Tiger Conservation Authority) દ્વારા આ નવા વાઘ આરક્ષિત ક્ષેત્રની રચના માટે પ્રાથમિક મંજૂરી આપવામાં આવી હતી.
- મધ્યપ્રદેશમાં આ સાથે વાઘ આરક્ષિત ક્ષેત્રની સંખ્યા 7 થઈ છે. આ ઉપરાંત બીજા 6 આરક્ષિત ક્ષેત્રોમાં કાન્હા, બાંધવગઢ, પન્ના, પેંચ, સંજય ડુબરી અને સાતપુડાનો સમાવેશ થાય છે.
- આ વાઘ આરક્ષિત ક્ષેત્રોમાં 1414 કિમી. વર્ગ વિસ્તારને મુખ્ય ક્ષેત્ર (Care Area) અને 925 કિમી. વર્ગ વિસ્તારને બફર ક્ષેત્ર હશે.

Banking Academy

- આ નવા જાહેર વાઘ આરક્ષિત ક્ષેત્રમાં નોરાદેહી અને વીરાંગના દુર્ગાવતી અભયારણ્યની અંદરના વિસ્તારોને આવરી લેવામાં આવશે.
- આ જાહેરાત વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ–1972ની કલમ 38V ની પેટાકલમ (IV) હેઠળ કરવામાં આવી છે.
- નોરાદેહી અને દુર્ગાવતી વન્યજીવ અભયારણ્યને સૂચિત કરીને રચવામાં આવેલ આ સંરક્ષિત વિસ્તારમાં બે મુખ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.
- જેમાં મુખ્ય વિસ્તાર 2.1 એ 1390 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે, જ્યારે મુખ્ય વિસ્તાર–2 એ 23.97 ચોરસ કિલોમીટરનો સમાવેશ થાય છે.
- નવો સ્થપાયેલ વીરાંગના દુર્ગાવતી વાઘ આરક્ષિત ક્ષેત્ર 2339 ચોરસ કિલોમીટરના વ્યાપક વિસ્તારને આવરી લે છે.
- તે નરસિંહ પૂર, સાગર અને દમોહ એમ ત્રણ જિલ્લાઓમાં ફેલાયેલ છે.



**વાઘ પરિયોજના વિશે....**

- આ યોજનાની શરૂઆત વર્ષ 1973માં કરવામાં આવી.
- દેશમાં વાઘની સંખ્યા વર્ષ 1972માં 1872 હતી. જે વાઘ વસતી ગણતરી–2018 અનુસાર વધીને 2967 થઈ.
- વાઘની સૌથી વધુ વસતી મધ્યપ્રદેશ રાજ્યમાં 785 છે.
- માર્ચ 2023ની સ્થિતિએ દેશમાં 18 રાજ્યોમાં કુલ 54 વાઘ આરક્ષિત ક્ષેત્રો આવેલા છે.

## મિનિટમેન – 3 મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ થયું



- યુ.એસ. હવાઈદળે કેલિફોર્નિયામાં વેન્ડેનબર્ગ એરફોર્સ બેઝ પરથી મિનિટમેન – 3 ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) નું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યુ હતું.
- જો કે પરિક્ષણ નિયમિત હતું. પરતું યુ.એસ અને ઉત્તર કોરિયા વચ્ચે વધતા તણાવો વચ્ચે તેના સમયની ટીકા કરવામાં આવી હતી.
- મિનિટમેટ 3 મિસાઈલ પરિક્ષણ યુ.એસ ઓપરેશનલ તૈયારીની પૃષ્ટિ કરે છે.
- આ પરિક્ષણો સંભવિત પ્રતિસ્પર્ધીઓ માટે અમેરિકાની વિશ્વસનીય પરમાણુશકિતનો સંકેત આપતા અવરોધકની વિશ્વસનીયતા જાળવી રાખે છે.
- આ પરિક્ષણ અમેરિકાની વ્યુહાત્મક સ્થિરતા જાળવી રાખવાની ક્ષમતા દર્શાવે છે.
- તે આક્રમકતાના ઉંચા ખર્ચ પર ભાર મૂકે છે, વૈશ્વિક પરમાણુ પ્રતિરોધકતા વધારવા અને પરમાણુ શસ્ત્રોના ઉપયોગને અટકાવે છે.

Banking Academy

ગુજરાત સરકારની તમામ ભરતીઓની તૈયારી

# હવે Govt. Jobs કતારગામ માં

GPSC
Class-3
PSI
કોન્સ્ટેબલ
તલાટી
બિન સચિવાલય
જુ.કલાર્ક
TET/TAT

2023-2024 માં સંભવિત 20000 થી વધુ ભરતીઓની થનાર જાહેરાત

- નિષ્ણાંત ફેકલ્ટીઓ
- Weekly Test
- Full Day Reading
- સંપૂર્ણ મટીરીયલ્સ
- OMR Mock Test

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

ટૂંક સમયમાં શરૂ

ગુજરાતની જૂની અને સૌથી વિશ્વસનીય સંસ્થા

નવા વર્ગોની માહિતી માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 9 રમત-જગત

## રાજયમાં મહિલા અને પુરુષ ખેલાડીઓને સમાન પુરસ્કાર આપવામાં આવશે

➲ અમદાવાદ ખાતે ગુજરાત રાજય વોલીબોલ એસોસિયેશનમાં યોજાયેલા અભિવાદન સમારંભમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા મહિલા અને પુરુષ ખેલાડીઓને સમાન પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી.

| | સુવર્ણ | રજત | કાસ્ય |
|---|---|---|---|
| ઓલમ્પિક રમત | 5 કરોડ | 3 કરોડ | 2 કરોડ |
| એશિયન રમત | 2 કરોડ | 1 કરોડ | 50 લાખ |
| કોમનવેલ્થ રમત | 1 કરોડ | 50 લાખ | 25 લાખ |


➲ બે ખેલાડીઓની ટીમમાં વિજતો થનારને વ્યકિતગત રોકડ પુરસ્કારની 50% રકમ અને ટીમ ઈવેન્ટમાં વ્યકિતગત રોકડ પુરસ્કારની 33% રકમ આપવામાં આવશે.

❖ **મૂળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે**

- ઓલમ્પિક રમતોત્સવના કોઈપણ મેડલ વિજેતા તેમજ એશિયન રમતના સુવર્ણપદક વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ – 1 અધિકારી તરીકે નિમણૂક કરશે.
- જયારે ઐશયન રમતમાં સિલ્વર અથવા બ્રોન્ઝ મેડલ વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ – 2 અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવે છે.
- આ સિવાય સરકારમાં થતી ગ્રુપ C ની કુલ ભરતીમાં લાયકાત વાળા ખેલાડીઓ માટે 2% અનામત રાખવામાં આવેલ છે.

## નીરજ ચોપડા વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં સુવર્ણ પદક જીતનાર સૌપ્રથમ ભારતીય બન્યા

➲ ભારતીય રમતવીર નીરજ ચોપરાએ હંગેરીના બુડાપેસ્ટ ખાતે આયોજિત વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં 88.17 મીટર દૂર ભાલો ફેંકીને સુવર્ણ પદક જીત્યો.




➲ પાકિસ્તાનના અર્ષદ નદીમે 87.82 મીટર દૂર ફેંકીને રજત પદક અને ચેક રિપબ્લિકના જાકુબ વાડ્લાજેકને 88.67 મીટર ભાલો ફેંકીને કાંસ્ય પદક મેળવ્યો હતો.

➲ આ ઉપરાંત ભારતના કિશોર જેનાએ 87.77 મીટર અને ડી.પી. મનુનએ 84.14 મીટર દૂર ભાલો ફેંકીને અનુક્રમે પાંચમો અને છટ્ઠા ક્રમે રહયા હતા.

➲ આ સાથે જ નીરજ વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપના 40 વર્ષના ઈતિહાસમાં સુવર્ણપદક જીતનાર સૌપ્રથમ ભારતીય એથ્લીટ બની ગયો છે.

➲ ભારતને આ સાથે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના ઈતિહાસનો ત્રીજો મેડલ મળ્યો છે, જયારે નીરજ ચોપડાએ વર્લ્ડ એથ્લેટિકમાં એક થી વધુ મેડલ જીતનારા સૌપ્રથમ ભારતીય તરીકે પણ રેકોર્ડ બુકમાં સ્થાન મેળવ્યું છે.

➲ આ સાથે જ નીરજ ઓલિમ્પિક અને વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપ એમ બંનેમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય રમતવીર બન્યાં છે.

| વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં મેડલ જીતનાર ભારતીય | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **મેડલ** | **એથલીટ** | **વર્ષ** | **રમત** |
| (1) | કાંસ્ય | અંજૂ બોબી જોર્જ | 2003 પેરિસ | મહિલા લાંબી કુદ |
| (2) | રજત | નીરજ ચોપડા | 2022 યુઝીન | પુરુષ ભાલા ફેંક |
| (3) | સુવર્ણ | નીરજ ચોપડા | 2023 બુડાપેસ્ટ | પુરુષ ભાલા ફેંક |

❖ **આ ઈવેન્ટમાં ભારતીય પુરુષોની 4 × 400 M રિલેટીમ મોહમ્મદ અનસ, અમોજ જેકોબ, મોહમ્મદ અજમલ અને રાજેશ રમેશ એ 2 મિનિટ 59.05 સેકન્ડમાં રેસ પૂર્ણ કરી એશિયાનો રેકોર્ડ તોડયો હતો.**

- આ સાથે જ ભારતીય પુરુષ રિલે ટીમ ઈતિહાસમાં પહેલીવાર 4 × 400 મીટરની રિલેની ફાઈનલમાં ભાગ લીધો હતો.
- આ અગાઉ આ રેકોર્ડ જાપાનની ટીમે વર્ષ 2022 માં યુજિન અમેરિકા ખાતે આયોજિત વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં 2 મિનિટ 59.51 સેકન્ડમાં એશિયન રેકોર્ડ સર્જયો હતો.

## મહિલા હોકી 5S એશિયા કપમાં ભારતની ટીમ વિજેતા બની




- ભારતે ઓમાનના સલાલાહમાં આયોજિત ટૂર્નામેન્ટની ફાઈનલમાં થાઈલેન્ડને 7-2 થી હરાવીને મહિલા હોકી 5S એશિયા કપમાં વિજેતા બની.
- આ પહેલા ભારતીય મહિલા ટીમ એ ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં મલેશિયાને 9-5 થી હરાવ્યું હતું.
- આ સાથે ભારતે આગામી મહિલા હોકી 5S વર્લ્ડ કપ 2024 માં પણ તેનુ સ્થાન સુરક્ષિત કર્યુ છે.
- ભારત માટે મારિયાના કુજુરે બીજી અને આઠમી મિનિટે બે ગોલ કર્યા હતા. સાતમી મિનિટે દિપી મોનિકા ટોપોએ 10 મી અને 27 મી મિનિટે જ્યોતિ, 23 મી મિનિટે સુકાની નવજોત કૌરએ અને 29 મિનિટે મહિમા ચૌધરીએ ગોલ કર્યા હતા.

## IBSA વિશ્વ રમત – 2023 નું આયોજન કરવામાં આવ્યું




- ઈંગ્લેંડના બર્મિંગહામ ખાતે ઈન્ટરનેશનલ બ્લાઈન્ડ સ્પોર્ટ ફેડરેશન (IBSA) વિશ્વ રમત – 2023 નું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતીય મહિલા 'દ્દષ્ટિ બાધિત' ક્રિકેટ ટીમએ ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવીને સુવર્ણ પદક જીત્યો હતો.
- પ્રથમ વખત IBSA વિશ્વ રમતમાં દ્દષ્ટિબાધિત ક્રિકેટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમા ભારતની મહિલા બ્લાઈન્ડ ક્રિકેટ ટીમે પ્રથમ આવૃત્તિમાં સુવર્ણ પદક જીતીને ઈતિહાસ રચ્યો હતો.
- જયારે IBSA વિશ્વ રમત – 2023 માં પુરુષોની T-20 ક્રિકેટ રમતની ફાઈનલમાં પાકિસ્તાન સામેથી હાર બાદ ભારતીય પુરુષ દષ્ટ્રિ બાધિત (Visually Challenged) ક્રિકેટ ટીમએ રજત પદક જીત્યો.

## UWW દ્વારા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાનું સભ્યપદ સસ્પેન્ડ કરવામાં આવ્યું

- રેસલિંગની રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થા Wrestling Federation of India (WFI) ને UWW (United World Wrestling) દ્વારા સમયસર ચૂંટણી ન યોજવા બદલ અસ્થાયીરૂપે સસ્પેન્ડ કરવામાં આવ્યું.
- તેનાથી ભારતીય કુસ્તીબાજો પર ગંભીર અસર પડશે જેઓ સર્બિયામાં આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.
- UWW એ તેના બંધારણના ઉલ્લંઘનના આધારે WFI ને સસ્પેન્ડ કર્યુ છે, જે તમામ સભ્ય ફેડરેશનોને દર ચાર વર્ષે પોતાની ચૂંટણીઓ યોજવાનું ફરજિયાત કરે છે.
- WFI ની ચૂંટણી ફેબ્રુઆરી 2023 માં યોજવાની હતી પરંતુ WFI ના પ્રમુખ અને સામે કેટલા અગ્રણી કુસ્તીબાજો દ્વારા જાતીય સતામણી, વહીવટી વિક્ષેપ વગેરે જેવા વિવિધ આરોપોના કારણે વિલંબ થયો છે.
- WFI એ ભારતમાં કુસ્તીનું સંચાલન કરતી સંસ્થા છે. તેનું મુખ્યમથક નવી દિલ્હીમાં આવેલું છે.
- UWW એ કુસ્તીની રમત માટેનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે. તે ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કુસ્તી પર દેખરેખ રાખે છે.
- UWW નું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના કોર્સિયર – સુર – વેવેમાં સ્થિત છે.

## ડુરાન્ડ કપ – 2023 નું આયોજન કરવામાં આવ્યું

- બંગાળના કોલકતામાં આવેલ સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે ડુરાન્ડ કપ – 2023 ની 132 મી આવૃતિની ફાઈનલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સ્પધામાં મોહન બગાન સુપર જાયન્ટ ઈમામી ઈસ્ટ બંગાળને હરાવી વર્ષ 2023 નો કપ જીત્યો.
- આ સાથે મોહન બગાન સુપર જાયન્ટ ટીમ 17 વખત આ ટાઈટલ જીતનાર પ્રથમ ટીમ બની છે.
- વર્ષ 2023 ની ટૂર્નામેન્ટનું આયોજન કોલકાતા, ગુવાહાટી અને કોકરાઝાર એમ ત્રણ શહેરોમાં કરવામાં આવ્યું હતું.

- આ ટુર્નામેન્ટનું આયોજન ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) ભારતીય સશસ્ત્ર દળોના પૂર્વ કમાન્ડર અને પશ્ચિમ બંગાળ અને આસામના સહયોગથી કરવામાં આવ્યુ હતું.
  - ❖ ડુરાન્ડ કપ
  - આ કપની શરૂઆત વર્ષ 1888 માં હિમાચલ પ્રદેશના શિમલા ખાતે થઈ હતી.
  - આ સ્પર્ધા એશિયાની સૌથી જૂની અને વિશ્વની ત્રીજી સૌથી જૂની ફૂટબોલ ટૂર્નામેન્ટ છે.
  - આ કપ શરૂઆતમાં માત્ર સશસ્ત્ર સેનાઓ દ્વારા જ રમવામાં આવતો હતો. પરતું પછીના વર્ષોમાં આ ટુર્નામેન્ટને સત્તાવાર રીતે વ્યવસાયિક ફૂટબોલ કબલ માટે ખૂલ્લી મૂકવામાં આવી હતી.
  - આ કપનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે.

## જર્મની FIBA વર્લ્ડ કપ–2023ની ફાઈનલ જીત્યું



- ફિલિપાઈન્સના મનિલામાં આયોજિત ઈન્ટરનેશનલ બાસ્કેટબોલ ફેડરેશન (FIBA) બાસ્કેટબોલ વર્લ્ડકપ–2023ની ફાઈનલમાં જર્મન પુરુષોની બાસ્કેટબોલ ટીમે સર્બિયાને હરાવીને આ ટાઈટલ જીત્યું છે.
- આ જર્મનીનું પ્રથમ FIBA બાસ્કેટબોલ વર્લ્ડ કપ ટાઈટલ છે.
- સર્બિયા અને કેનેડા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા હતા.
- ઓસ્ટ્રેલિયાના જોશ ગિડેને FIBA બાસ્કેટબોલ વર્લ્ડકપ 2023માં વાન્ડા રાઈઝિંગ સ્ટાર એવોર્ડ મેળવ્યો.
- FIBA બાસ્કેટબોલ વર્લ્ડકપ–2023 કપ પુરુષોની રાષ્ટ્રીય બાસ્કેટબોલ ટીમો માટેની 19મી ટુર્નામેન્ટ હતી. તેની યજમાન દેશો ફિલિપાઈન્સ, જાપાન અને ઈન્ડોનેશિયામાં પ્રથમ વખત યોજાઈ હતી.
- આ સ્પર્ધામાં 32 દેશોની ટીમોએ ભાગ લીધો હતો.

**International Basketball Federation / Federation International de Basketball (FIBA) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1932
**વડુમથક** : જિનીવા, સ્વિટ્ઝર્લેન્ડ
**પ્રમુખ** : હમાને નિયોગ

## ભારત SAFF U-16 ચેમ્પિયનશિપ–2023નું વિજેતા બન્યું




- આઠમી SAFF (South Asian Football Federation) U-16 ચેમ્પિયનશિપ–2023માં ભારત બાંગ્લાદેશને હરાવી વિજેતા બન્યું.
- આ સ્પર્ધાનું આયોજન ભૂટાનમાં કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચનું આયોજન તેની રાજધાની થિમ્પુના ચાંગલિમિથાંગ સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું હતું.
- ભારત વર્ષ 2023નું ટાઈટલ સહિત કુલ પાંચ વખત વિજેતા બન્યો.
- આ ચેમ્પિયનશિપમાં 6 દેશો ભૂટાન, બાંગ્લાદેશ, ભારત, નેપાળ, માલદિવ અને પાકિસ્તાને ભાગ લીધો હતો.

**South Asian Football Federation (SAFF) વિશે....**

**સ્થાપના** : વર્ષ 1997
**વડુમથક** : ઢાંકા (બાંગ્લાદેશ)
- SAFFમાં દક્ષિણ એશિયાના ફૂટબોલ સંઘ દેશો ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, માલદીવ, નેપાળ, પાકિસ્તાન તેમજ શ્રીલંકાનો સમાવેશ થાય છે.

## યુ.એસ. ઓપન–2023માં નોવાક જોકોવિચ તેનું 24મું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યો



- ન્યૂયોર્કના આર્થર એશ સ્ટેડિયમમાં આયોજિત યુ.એસ. ઓપનની ફાઈનલમાં અમેરિકાની 19 વર્ષની કોકો ગોફે ફાઈનલમાં બેલારુસની અરીના સબાલેન્કોને હરાવીને યુ.એસ. ઓપન મહિલા એકલનો ખિતાબ જીતી.
- 1999 બાદ તે યુ.એસ. ઓપન જીતનારી પહેલી ટીનેજર ખેલાડી બની છે. આ પહેલા આ રેકોર્ડ પૂર્વ ચેમ્પિયન સેરેના વિલિયમ્સના નામે હતો.
- જ્યારે ન્યૂયોર્કના માર્ગારેટ કોર્ટમાં રમાયેલી ફાઈનલમાં સર્બિયાના નોવાક જોકોવિચે રશિયાના ડેનિલ મેદવેદેવને હરાવીને પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- નોવાક જોકોવિચનું આ ચોથું US ઓપન પુરુષ એકલ ટાઈટલ હતું. આ સાથે જ પુરુષ એકલમાં સૌથી વધુ ટાઈટલ જીતનાર ખેલાડી બની ગયો.
- રોહન બોપન્ના ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં પહોંચનાર સૌથી વયસ્ક ખેલાડી બન્યો.

- ભારતના રોહન બોપન્નાએ યુ.એસ. ઓપનની પુરુષ ડબલ ફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો હતો.
- બોપન્ના 43 વર્ષ અને 6 મહિનાની ઉંમરે ઓપન એરામાં ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં પ્રવેશનાર સૌથી વયસ્ક ખેલાડી બન્યો.
- આ અગાઉ કેનેડાના ડેનિયલ નેસ્ટરનો (43 વર્ષ 4 મહિના) ફાઈનલમાં પ્રવેશનાર સૌથી વયસ્ક ખેલાડીનો રેકોર્ડ તોડયો હતો.

❖ **વિશ્વમાં યોજાતી ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટની યાદી**

| ગ્રાન્ડસ્લેમ | ઓસ્ટ્રેલિયન ઓપન | ફ્રેન્ચ ઓપન | વિમ્બલ્ડન ઓપન | યુ.એસ. ઓપન |
|---|---|---|---|---|
| કોર્ટનો પ્રકાર | હાર્ડ કોર્ટ | કલે કોર્ટ (લાલ માટી) | ગ્રાસ કોર્ટ | હાર્ડ કોર્ટ |
| આયોજન સ્થળ | મેલબોર્ન | પેરિસ | લંડન | ન્યૂયોર્ક |
| સમયગાળો | જાન્યુઆરી | મે–જૂન | જૂન–જુલાઈ | ઓગસ્ટ–સપ્ટેમ્બર |
| શરૂઆત | 1905 | 1891 | 1877 | 1881 |

## ઈન્ડોનેશિયા માસ્ટર્સ–2023માં કિરણ જ્યોર્જ પુરુષ એકલનો ખિતાબ જીત્યો

- ઉત્તર સુમાત્રાના મેડાનમાં આયોજિત ઈન્ડોનેશિયા માસ્ટર્સ–2023માં પુરુષ સિંગલ્સનો ખિતાબ ભારતીય બેડમિન્ટન ખેલાડી કિરણ જ્યોર્જ જીત્યો.
- કિરણ એ જાપાનના કૂ તાકાહાશીને હરાવીને ઈન્ડોનેશિયા માસ્ટર્સ ખિતાબ પોતાના નામે કરી લીધો છે.
- કિરણ જ્યોર્જ એકમાત્ર ભારતીય હતો જે ઈન્ડોનેશિયા માસ્ટર્સ 2023માં ફાઈનલમાં પહોંચ્યો હતો.
- આ ઉપરાંત કિરણ જ્યોર્જએ ઓડિશા ઓપન પણ જીતી છે. તેમજ તેઓ વર્ષ 2022માં ડેનમાર્ક માસ્ટર્સમાં ઉપવિજેતા રહ્યા હતા.




## એશિયન રમતમાં હવે વિડીયો ગેમ અને બ્રેક ડાન્સમાં પણ પદક આપવામાં આવશે

- ચીનના હેન્ગઝાઉ ખાતે 23મી સપ્ટેમ્બરથી 8મી ઓકટોબર, 2023 સુધી યોજાઈ રહેલી 19મી એશિયન રમત 2022માં આ વખતથી જુદી જુદી સાત વિડીયો ગેમનો પણ મેડલ ઈવેન્ટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.
- એશિયન રમતમાં ઈ–સ્પોર્ટસ હેઠળ સાત વિડીયો ગેમનો સમાવેશ કરવામાં આવ્યો જે નીચે મુજબ છે :
  Dota 2, FIFA Online 4, Leaque of Legend, Arena of Valour, Dream Three Kingdom, PUBG Mobile and Street Fighter 5.
- ભારતમાં PUBG પર પ્રતિબંધ લાદવામાં આવેલ છે.
- આ ઉપરાંત આવતા વર્ષના પેરિસ ઓલિમ્પિક અગાઉ આ વખતની એશિયન રમતમાં બ્રેકડાન્સને પણ મેડલ ઈવેન્ટ તરીકે સામેલ કરવાનો નિર્ણય લેવાયો છે.
- બ્રેકડાન્સના નર્તકો કે સ્પર્ધકોને બ્રેકર્સ તરીકે ઓળખવામાં આવે છે અને તેને 'બ્રેકિંગ' રમત તરીકેનું નામ આપવામાં આવ્યું છે.
- હાલમાં ભારત સરકારે આ રમતમાં કોઈ ખેલાડી ન મોકલવાનો નિર્ણય કર્યો છે.
- પાંચ વર્ષ અગાઉ 2018માં જકાર્તા–પાલેમબાગમાં એશિયન ગેમ્સનું આયોજન થયું હતું.
- તેમા ઈ–સ્પોર્ટસ તરીકે કેટલીક વિડીયો ગેમ્સની સફળતાને ધ્યાનમાં રાખીને આ વખતે સાત રમતોને મેડલ ઈવેન્ટ તરીકે સામેલ કરવામાં આવી છે.



- આ ઉપરાંત એશિયન રમતના ઈતિહાસમાં પહેલીવાર મેરેથોન સ્વિમિંગની મેડલ ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવશે.
- આ રમતમાં ખેલાડીએ ઓપન વોટર મેરેથોન સ્વિમિંગમાં 10 કિલોમીટરનું અંતર કાપવાનું હોય છે.
- 19માં એશિયન રમતના ઉદ્‌ઘાટન સમારંભમાં ભારતીય દળના ધ્વજવાહક તરીકે હોકી કેપ્ટન હરમનપ્રીત સિંઘ અને બોકસર લવલીના બોર્ગોહેનની પસંદગી કરવામાં આવી છે.

## ICC વર્લ્ડ કપનું ઓફિશિયલ થીમ સોંગ લોન્ચ કરવામાં આવ્યું

- ICC એક દિવસીય ક્રિકેટ વર્લ્ડ કપ 2023નું ઓફિશિયલ થીમ સોંગ 'દિલ જશ્ન બોલે' લોન્ચ કરવામાં આવ્યું છે.
- ગીતના કવર પર રણવીર સિંહ જોવા મળી રહ્યા છે.
- આ ગીતને દિગ્દર્શક પ્રીતમ ચક્રવર્તીએ સંગીત આપ્યું છે.
- આ વર્લ્ડ કપ ગીતના ગાયક પ્રીતમ, નકાશ અઝીઝ, શ્રીરામ ચંદ્ર, અમિત મિશ્રા, જોનીતા ગાંધી, આકાશ અને ચરણ છે.

- આ વર્લ્ડ કપનો શુભંકર – મહિલા બોલર અને પુરુષ બેટર છે. જેમાં પુરુષ તેના હાથમાં બેટ સાથે અને મહિલાના હાથમાં દડો બતાવવામાં આવ્યો છે.
- આ એક દિવસીય ક્રિકેટ વર્લ્ડ કપ ભારતમાં 5 ઓક્ટોબરથી 19 નવેમ્બર સુધી રમાડવામાં આવશે.

**International Cricket Council (ICC) વિશે....**

| | | |
|---|---|---|
| **સ્થાપના** | : | જૂન 1986 |
| **વડુમથક** | : | દુબઈ , UAE |
| **ધ્યેય વાક્ય** | : | Cricket For Good |
| **CEO** | : | જ્યોફ એલાર્ડિસ |
| **ચેરમેન** | : | ગ્રેગ બાર્કલે |
| **સભ્યદેશ** | : | 108 |




## ભારતીય ટીમ 16મો એશિયા કપ – 2023 જીતી

- એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) દ્વારા 16માં એશિયા કપનું આયોજન પાકિસ્તાન અને શ્રીલંકામાં કરવામાં આવ્યું.
- એશિયા કપની ફાઈનલ મેચ ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ભારતીય ક્રિકેટ ટીમે શ્રીલંકાની ટીમને હરાવીને આઠમી વખત એશિયા કપ વિજેતા રહ્યું છે.
- ભારતીય ટીમના ખેલાડી કુલદીપ યાદવને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' અને મોહમ્મદ સિરાજને 'પ્લેયર ઓફ ધ મેચ'નો ખિતાબ આપવામાં આવ્યો છે.




❖ **એશિયા કપ**

- એશિયા કપ એ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) દ્વારા વન–ડે (ODI) અને ટી–20 ફોર્મેટમાં રમાતી પુરુષોની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
- સૌપ્રથમ એશિયા કપ વર્ષ 1984માં UAE ખાતે રમાડવામાં આવ્યો હતો.
- એશિયા કપનું આયોજન દર બે વર્ષે કરવામાં આવે છે.
- આ અગાઉ એશિયા કપ માત્ર ODI ફોર્મેટમાં રમાતો હતો, પરંતુ વર્ષ 2016 થી વારાફરતી ODI અને T-20 ફોર્મેટમાં રમાડવામાં આવે છે.
- આ એશિયા કપ માટે કુલ સભ્ય દેશોની સંખ્યા 26 છે, જેના અધ્યક્ષ (હાલના) જય શાહ છે અને તેનું વડુમથક કોલંબો, શ્રીલંકા ખાતે આવેલ છે.

## નીરજ ચોપડા ડાયમંડ લીગ–2023માં રજત પદક જીત્યો

- અમેરિકાના ઓરેગન ખાતે યોજાયેલી ડાયમંડ લીગની ફાઈનલમાં નીરજ ચોપડાએ 83.80 મીટરનો બેસ્ટ થ્રો ફેંકીને રજત પદક મેળવ્યો છે.
- આ ઈવેન્ટમાં ચેક રિપબ્લિકના જાકુબ વાદલેજચ 84.24 મીટરના થ્રો સાથે પ્રથમ ક્રમાંકે રહ્યા હતા.
- હાલમાં જ નીરજ ચોપડાએ હંગેરીના બુડા પેસ્ટમાં આયોજિત વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં 88.17 મીટરના અંતર સુધી ભાલો ફેંકી ગોલ્ડ મેડલ મેળવ્યો છે.




❖ **ડાયમંડ લીગ**

- એથ્લેટિક્સ સાથે સંકળાયેલી આ લીગની શરૂઆત વર્ષ 2010માં કરવામાં આવી હતી.
- તેમાં કુલ 32 રમતોનો સમાવેશ કરવામાં આવે છે.
- ડાયમંડ લીગ અગાઉ વર્લ્ડ એથ્લેટિક્સ તરીકે ઓળખાતી હતી.

## આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કરવામાં આવ્યો

- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વારાણસીની મુલાકાત લીધી હતી.
- તે મુલાકાત દરમિયાન વારાણસીમાં તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ અને કાશી સંસદ સાંસ્કૃતિક મહોત્સવ 2023ના સમાપન સમારોહમાં ભાગ લીધો હતો.
- મહોત્સવ દરમિયાન તેમણે સમગ્ર ઉત્તરપ્રદેશમાં બનેલા 16 અટલ આવાસ વિદ્યાલયનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.



❖ **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ :**

- વારાણસીના ગંજરી, રાજતલબમાં બનાવવામાં આવનાર આધુનિક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ આશરે 450 કરોડ રૂપિયાના ખર્ચે 30 એકરથી વધુ વિસ્તારમાં વિકસાવવામાં આવશે.
- આ સ્ટેડિયમની થીમ ભગવાન શિવ આધારિત રાખવામાં આવી છે.
- જેમાં અર્ધચંદ્રાકાર આકારની છત, ત્રિશુઈ આકારની ફલડ લાઈટ, ઘાટની સીડીઓ આધારિત બેઠક વ્યવસ્થા, બિલીપત્ર આકારની ધાતુની ચાદર જેવી ડિઝાઈનમાં વિકસાવવામાં આવી છે.
- આ સ્ટેડિયમની ક્ષમતા 30,000 પ્રેક્ષકોની છે.

## ઈલાવેનિલ વાલારિવાન ISSF વર્લ્ડ કપમાં ગોલ્ડ મેડલ જીતી



- બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં આયોજિત ISSF વર્લ્ડ કપમાં મહિલાની 10મી એર રાઈફલ સ્પર્ધામાં ગુજરાતની ઈલાવેનિલ વાલારિવાનએ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- જ્યારે ફ્રાન્સની ઓસિએન મ્યૂલર બીજા ક્રમાંકે અને ચીનની ઍંગ જિયાલ ત્રીજા ક્રમાંકે રહ્યા.
- ઈલાવેનિલ વાલારિવાનનો આ બીજો વ્યકિતગત ISSF વર્લ્ડ કપ મેડલ હતો.
- તેણીએ વર્ષ 2019માં રીયોમાં 10 મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- અન્ય ભારતીય શૂટરોમાં નર્મદા નીતિન રાજુ 22માં ક્રમે અને આયુષી પોડર 32માં ક્રમે રહ્યા હતા.

**International Shooting Sports Federation (ISSF) વિશે....**

| | | |
|---|---|---|
| **વર્ષ** | : | વર્ષ 1907 |
| **વડુમથક** | : | મ્યુનિચ, જર્મની |
| **અધ્યક્ષ** | : | લુસિયાનો રોસી |

Banking Academy

# 10 નિમણૂક, વ્યક્તિ, પુસ્તક અને નિધન


## આર. માધવનની FTII ના પ્રમુખ તરીકે નિયુક્તિ કરવામાં આવી

- માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા અભિનેતા આર. માધવનનો FTII (Film and Television Institute of India) ના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.




- તેઓ ફિલ્મ મેકર શેખર કપૂરનું સ્થાન લેશે.
- ભારત સરકાર દ્વારા 1960માં પૂણેમાં પૂર્વ પ્રભાત સ્ટુડિયોના પરિસરમાં FTIIની સ્થાપના કરવામાં આવી હતી.
- તે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળની અને સરકાર દ્વારા સહાયિત એક ફિલ્મ સંસ્થા છે.
- FTII અભિનય, ફિલ્મ નિર્માણ, વિડિયો, એડિટિંગ, નિર્દેશન તથા ઉત્પાદન વગેરેમાં પ્રશિક્ષણ પ્રદાન કરે છે.
- તેના અધ્યક્ષ ટેલિવિઝન તથા ફિલ્મ ઉદ્યોગ કે ટેકનીશિયન અભિનેતા તથા નિર્દેશક વગેરે બને છે.

## ISROના વૈજ્ઞાનિક એન. વાલમર્થીનું નિધન થયું



- શ્રી હરિકોટામાં રૉકેટ પ્રક્ષેપણ માટે કાઉન્ટડાઉનમાં પોતાનો અવાજ આપનાર ISROના વૈજ્ઞાનિક એન.વાલમર્થીનું 64 વર્ષની વયે નિધન થયું છે.
- ચંદ્ર પર ઐતિહાસિક ઉતરાણ કરનાર ચંદ્રયાન–3ના પ્રક્ષેપણની કાઉન્ટડાઉન જાહેરાત દરમિયાન તેમણે તેનો છેલ્લો અવાજ સંભળાવ્યો હતો.
- તેમનો જન્મ 31 જુલાઈ, 1959ના રોજ તમિલનાડુના અરિયાલુરમાં થયો હતો.
- વૈજ્ઞાનિક તરીકે તેઓ વર્ષ 1984માં ISROમાં જોડાયા હતા.
- ISROના ઘણા અભિયાનોમાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામના સન્માનમાં તમિલનાડુ સરકાર દ્વારા 2015માં સ્થાપિત કરાયેલ અબ્દુલ કલામ એવોર્ડ મેળવનાર તે પ્રથમ વ્યકિત હતા.
- તેઓ ભારતના પ્રથમ સ્વદેશી રીતે વિકસિત Radar Imaging Satellite (RIS) અને દેશના બીજા એવા ઉપગ્રહ RISAT-1 પ્રોજેકટના નિર્દેશક પણ રહ્યા હતા.
- શ્રી હરિકોટામાં રૉકેટ પ્રક્ષેપણ માટે કાઉન્ટડાઉનમાં પોતાનો અવાજ આપવા માટે જાણીતા હતા.

## રાહુલ નવીનની EDના નિદેશક તરીકે નિમણૂક કરવામાં આવી

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ દ્વારા 1993 બેચના ભારતીય મહેસૂલ સેવા (IRS) અધિકારી રાહુલ નવીનને ED (Enforcement Directorate) ના વચગાળાના નિદેશક તરીકે નિમણૂક કરવામાં આવી છે.





- તેઓ હાલમાં EDના મુખ્યાલયમાં વિશેષ નિદેશક – મુખ્ય તકેદારી અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે.
- તેઓ સંજય કુમાર મિશ્રાનું સ્થાન લેશે.

❖ **Enforcement Directorate – ED વિશે**


- તેનું વડુમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.
- ED એ ભારતની ઈકોનોમિક ઈન્ટેલિજન્સ એજન્સી છે.
- તેનું મુખ્ય કાર્ય આર્થિક ગુનાઓ અટકાવવાનું તથા આર્થિક કાયદાઓ લાગુ કરવાનું છે.
- આ સંસ્થા સરકારના નાણા મંત્રાલયના રાજસ્વ વિભાગ હેઠળ કાર્ય કરે છે.

## દેવ આનંદની 100મી જન્મ જયંતિ




- સદાબહાર અભિનેતા તરીકે જાણીતા દેવ આનંદનો જન્મ 26 સપ્ટેમ્બર 1923ના રોજ પંજાબના ગુરુદાસપુરમાં શકરગઢ ખાતે થયો હતો. આ વર્ષે તેમની 100મી જન્મજયંતિ છે. તેઓ દિગદર્શક અને નિર્માતા પણ હતા.
- તેમનું મૂળનામ ધરમદેવ પીશોરીમલ આનંદ હતું.
- તેમણે વર્ષ 1946માં આનંદપ્રભાતની ફિલ્મ હમ એક હે માં મુખ્ય અભિનેતા તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેમણે દિગ્દર્શક તરીકેની શરૂઆત પ્રેમ પૂજારી ફિલ્મથી કરી હતી.
- તેમને ભારતીય સિનેમાના ઈતિહાસના સૌથી પ્રભાવશાળી અભિનેતાઓમાના એક તરીકે ગણવામાં આવે છે.
- તેમણે 100થી વધુ મોશન સિનેમામાં પાંચ દાયકાથી વધુ સમય સુધી અભિનય કર્યો હતો. તેમને ફિલ્મ નિર્માણ કંપની નવકેતન ઈન્ટરનેશનલ ફિલ્મના વડા તરીકે કાર્ય કર્યું હતું.
- તેમની આત્મકથાનું નામ રોમાંસિંગ વિથ લાઈફ (Romancing with Life) છે.
- તારીખ 3 ડિસેમ્બર, 2011ના રોજ લંડન ખાતે તેનું નિધન થયું હતું.
- વર્ષ 2001માં પદ્મભૂષણ અને વર્ષ 2002માં દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વિઠ્ઠલભાઈ પટેલની 150મી જન્મજયંતિ



- ભારતના અગ્રણી રાષ્ટ્રીય નેતા વિઠ્ઠલભાઈ પટેલની આ વર્ષે 150મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ 27 સપ્ટેમ્બર 1873ના રોજ ગુજરાતમાં નડિયાદ ખાતે થયો હતો.
- તેમણે વર્ષ 1895માં વકીલાતની પરીક્ષા પાસ કરી અને પંચમહાલ જિલ્લાના ગોધરામાં વકીલાત શરૂ કરી હતી.
- વર્ષ 1918માં તેઓ મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય અને ગુજરાતી અધ્યક્ષ બન્યા. હિંદુઓમાં થતા આંતરજ્ઞાતીય લગ્નોને કાયદા દ્વારા માન્યતા આપવા મધ્યસ્થ ધારાસભામાં ખરડો રજૂ કર્યો હતો.
- વર્ષ 1929માં ભગતસિંહે અંગ્રેજ સરકારનો વિરોધ કરવા કેન્દ્રીય ધારાસભામાં બોમ્બ ફેંકયો, ત્યારે તેઓ ધારાસભાના અધ્યક્ષ હતા.
- તેમના સન્માનમાં ગુજરાતના વિધાનસભા ગૃહને વિઠ્ઠલભાઈ ભવન નામ આપવામાં આવ્યું છે.
- તેમણે વર્ષ 1922માં ચિતરંજનદાસ, મોતીરામ નેહરુ, મદન મોહન માલવિયા વગેરે સાથે મળીને સ્વરાજ પક્ષની રચના કરી.
- તેમની 100મી જન્મજયંતિ નિમિત્તે લોકસભા દ્વારા પ્રસિદ્ધ કરાયેલ પુસ્તિકામાં ભૂતપૂર્વ અધ્યક્ષ એમ.એ. આયંગરે તેમને ભારતીય સંસદના પિતા ગણાવ્યા હતા.

Banking Academy



ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...
પોલીસ
કોન્સ્ટેબલ
PSI/ASI
ની તૈયારી કરો હવે
આપના વિસ્તારમાં
વરાછા
ટૂંક સમયમાં
જાહેર થનાર
સંભવિત 8000 થી
વધુ જગ્યાઓની
ભરતી
Govt. Jobs
સામાન્ય જ્ઞાન
Maths
Reasoning
કાયદો
જેવા
વિષયોની સંપૂર્ણ
મટીરિયલ્સ સાથે
વિશેષ તૈયારી
Weekly Test
Full Day Faculty
All Day Reading
Facilities
Join New Class
ADMISSION OPEN
તૈયારી
માટેના
નવા વર્ગો
ટૂંક સમયમાં શરૂ
GPSC
તલાટી
બિન સચિવાલય
TET/TAT
જેવી તમામ પરીક્ષાઓની
તૈયારી આજે જ શરૂ કરો
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના)
Ph. : 70461 40555
સુરત (વરાછા)
Ph. : 70464 16555
સુરત (કતારગામ)
Ph. : 70466 31555

# 11 એવોર્ડ અને પુરસ્કાર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગ્રીસના બીજા સર્વોચ્ચ પુરસ્કારથી સન્માનિત કરાયા




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રીસની મુલાકાત લીધી હતી. 40 વર્ષમાં ભારતના વડાપ્રધાનની ગ્રીસમાં આ પ્રથમ મુલાકાત હતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગ્રીસના રાષ્ટ્રપતિ દ્વારા બીજા સર્વોચ્ચ સન્માન 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ મુલાકાત દરમિયાન ગ્રીસના વડાપ્રધાન કિરિયાકોસ મિત્સોટાકિસની પત્નીને મેઘાલયની શાલ ભેટમાં આપી હતી.
- મેઘાલયની શાલ મૂળ ખાસી અને જૈનતિયા રાજવીઓ માટે વણાઈ હતી, જેઓ તેમને તેમની શકિત અને દરજ્જાનું પ્રતિક માનતા હતા.
- તેમા ચિત્રિત વાઘ અને હાથી જેવા પ્રાણીઓ શકિતના પ્રતિક તેમજ ફૂલોની આકૃતિ સુંદરતા અને કૃપાના પ્રતિક તરીકે દોરવામાં આવે છે.

## વર્ષ 2022ના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર વિજેતાની યાદી જાહેર કરવામાં આવી

- વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન બદલ દેશના અલગ-અલગ શ્રેણીના કુલ 12 પ્રખ્યાત વૈજ્ઞાનિકોના નામ વર્ષ 2022ના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર માટે જાહેર કરવામાં આવ્યા.
- આ પુરસ્કાર માટેના નામ કેન્દ્રીય વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ (Council of Scientific and Industrial Research – CSIR)ના 82માં સ્થાપના દિવસે જાહેર કરવામાં આવ્યા.

| ક્રમ | વિજેતા | શ્રેણી | ક્રમ | વિજેતા | શ્રેણી |
|---|---|---|---|---|---|
| 1 | ડૉ. અશ્વિનીકુમાર | જૈવિક વિજ્ઞાન | 7 | ડૉ. રજનીશ કુમાર | ઈજનેરી વિજ્ઞાન |
| 2 | ડૉ. એમ. મદિકા સુબ્બા રેડી | જૈવિક વિજ્ઞાન | 8 | ડૉ. અપૂર્વ ખરે | ગાણિતીક વિજ્ઞાન |
| 3 | ડૉ. અક્કટ્ટુ બીજ | રસાયણ વિજ્ઞાન | 9 | ડૉ. ગાંગુલી દિપ્યમન | મેડિકલ વિજ્ઞાન |
| 4 | ડૉ. દેવબ્રત મૈતી | રસાયણ વિજ્ઞાન | 10 | ડૉ. અનિન્ધ દાસ | ભૌતિક વિજ્ઞાન |
| 5 | ડૉ. વિમલ મિશ્રા | પૃથ્વી, વાતાવરણ, મહાસાગર અને પ્લેનેટરી વિજ્ઞાન | 11 | ડૉ. બાસુદેવ દાસગુપ્તા | ભૌતિક વિજ્ઞાન |
| 6 | ડૉ. દિપ્તી રંજન સાહુ | ઈજનેરી વિજ્ઞાન | 12 | ડૉ. નીરજ કાયલ | ગાણિતીક વિજ્ઞાન |

❖ **શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર**




- તેની શરૂઆત વર્ષ 1957માં થઈ હતી.
- જે વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોમાં ઈ.સ. 1958થી CSIR દ્વારા પ્રતિવર્ષે 28 ફેબ્રુઆરીના રોજ નેશનલ સાયન્સ ડે પર આપવામાં આવે છે.
- આ પુરસ્કારમાં 5 લાખ રૂપિયાનું રોકડ ઈનામ, એક પ્રશસ્તિ પત્ર અને સ્મૃતિ ચિહ્ન આપવામાં આવે છે.
- CSIR દ્વારા આ પુરસ્કાર વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે 45 વર્ષથી ઓછી ઉંમરના વૈજ્ઞાનિકોને નીચે જણાવેલ કુલ સાત શ્રેણીમાં આપવામાં આવશે.
- જેમાં જૈવિક વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, ઈજનેર વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, મેડિસિન વિજ્ઞાન, ગાણિતિક વિજ્ઞાન તેમજ પૃથ્વી, વાતાવરણીય, મહાસાગર અને ગ્રહોનું વિજ્ઞાનનો સમાવેશ થાય છે.
- શાંતિ સ્વરૂપ ભટનાગર ભારતના પ્રથમ વૈજ્ઞાનિક તથા રસાયણશાસ્ત્રના પ્રધ્યાપક હતા.
- તેઓ CSIR (Council of Scientific and Industrial Research) ના પ્રથમ મહાનિર્દેશક હતા.
- ભટનાગરને 'સંશોધન પ્રયોગશાળાઓના પિતા' તરીકે ઓળખવામાં આવે છે.

## સંગીત નાટક અકાદમી અમૃતપુરસ્કાર એનાયત કરવામાં આવ્યા

- ભારતની આઝાદીને 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત માત્ર એક વખત માટે (વન ટાઈમ) કુલ 84 કલાકારોને સંગીત નાટક અકાદમી અમૃત પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે.

- આ પુરસ્કાર માટે એવા લોકોની પસંદગી કરવામાં આવી છે જેમની વય 75 વર્ષથી વધુ હોય અને જેમને પ્રદર્શન કલાના ક્ષેત્રમાં કોઈ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો નથી.
- આ પુરસ્કાર માટેના કુલ 84 કલાકારોમાંથી ગુજરાતના ત્રણ કલાકારો છે. જેમા સ્મિતા રાજેશભાઈ શાસ્ત્રી, ડાયાભાઈ નાથાભાઈ નકુમ અને જનક દવેનો સમાવેશ થાય છે.
- આ પુરસ્કાર વિજેતાઓને તામ્રપત્ર તથા શાલ સાથે 1 લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.




❖ **જનક દવે :**
- ગુજરાતી રંગમંચના જાણીતા કલાકાર છે.
- તેઓ બાળકોમાં જનક દાદા તરીકે પ્રખ્યાત હતા.
- તેમણે ચિલ્ડ્રન થિયેટર ક્ષેત્રમાં 'રંગલો ચાલ્યો ફરવા' (1989), 'નાટક ખેલે બાલ ગોપાલ' (1997) અને 'બાલનાઢય દિગદર્શન કળા' (1997) જેવા પુસ્તકો લખ્યા છે.

❖ **ડાયાભાઈ નકુમ :**
- તેમણે ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના લોકપ્રિય લોકનૃત્ય ભવન બેડાના કલાકાર તરીકે ખ્યાતિ મેળવી છે.
- તેમણે ભવન બેડા રાસ જૂથની સ્થાપના કરી છે જે 'અંબાવાડી કલાવૃંદ' તરીકે ઓળખાય છે.

❖ **સ્મિતા રાજેશ શાસ્ત્રી :**
- ગુજરાતમાં કૂચીપુડી અને ભરતનાટ્યમ જેવા શાસ્ત્રીય નૃત્યોને લોકપ્રિય બનાવવામાં મહત્વનું યોગદાન છે.
- વર્ષ 1971માં તેમણે નૃત્યભારતી નામની સંસ્થાની સ્થાપના કરી હતી.

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળપુરસ્કારનું વિતરણ કરવામાં આવ્યું

- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા બાળકોની ઊર્જા ક્ષમતા, ઉત્સાહ અને નિર્ણાયકતાની ઉજવણી કરવા માટે દર વર્ષે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારનું આયોજન કરે છે. 15 સપ્ટેમ્બર નામાંકન ભરવાની છેલ્લી તારીખ છે.
- પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારની કુલ બે શ્રેણીઓ છે :




**(1) બાળ શકિત પુરસ્કાર :**
- નવીનતા, શૈક્ષણિક સિદ્ધિઓ, સમાજસેવા, કલા અને સંસ્કૃતિ, રમતગમત અને બહાદુરીમાં બાળકોની અસાધારણ સિદ્ધિઓને માન્યતા આપવા માટે આપવામાં આવે છે.
- આ પુરસ્કાર માટે બાળક ભારતીય નાગરીકતા અને ભારતમાં રહેતુ હોવું જોઈએ તેમજ તેની ઉંમર 5 – 18 વર્ષની વચ્ચે હોવી જોઈએ.
- તેમાં એક મોડલ 100000 રૂપિયાનું રોકડ પુરસ્કાર, 10000 રૂપિયાના બુક વાઉચર્સ, પ્રમાણપત્ર તેમજ પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ 1996માં કરવામાં આવી હતી.

**(2) બાલ કલ્યાણ પુરસ્કાર :**
- તે એવા વ્યકિતઓ અને સંસ્થાઓના સન્માનમાં આપવામાં આવે છે જેમણે બાળ વિકાસ, બાળ સંરક્ષણ અને બાળ કલ્યાણના ક્ષેત્રમાં બાળકોની સેવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે.
- પાત્રતા ધરાવતી વ્યકિત : જે ભારતની નાગરિક છે અને ભારતમાં રહે છે અને તેની ઉંમર 18 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ. તેણે ઓછામાં ઓછું 7 વર્ષ સુધી બાળકોના કલ્યાણ માટે કાર્ય કર્યું હોવું જોઈએ.
- પુરસ્કારમાં 1,00,000/- નું વ્યકિતગત રોકડ પુરસ્કાર અને રૂા. 5,00,000/- નું સંસ્થાકીય રોકડ પુરસ્કારનો સમાવેશ થાય છે.
- તેની શરૂઆત વર્ષ 1979માં કરવામાં આવી હતી.

## ભારત સરકારે રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર જાહેર કર્યા

- ભારત સરકારે વિજ્ઞાન ટેક્નોલોજી અને ઈનોવેશન ક્ષેત્રે રાષ્ટ્રીય પુરસ્કારોનો નવો સેટ રજૂ કર્યો છે.
- આ પુરસ્કારોનો હેતુ વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોમાં, વ્યકિતગત રીતે કે સમૂહમાં, વૈજ્ઞાનિકો, તકનીકી વિશેષજ્ઞ અને સંશોધકો દ્વારા અપાયેલ અસાધારણ યોગદાનને સ્વીકારવાનો છે.
- તે સરકારી, ખાનગીક્ષેત્રની સંસ્થાઓ અથવા સ્વતંત્ર રીતે કામ કરતી વ્યકિતઓ તેમજ વિદેશમાં રહેતા ભારતીય મૂળના લોકો માટે ખુલ્લુ છે. જેમના યોગદાનથી ભારતીય સમાજને ફાયદો થયો છે.

❖ **આ પુરસ્કારો નીચે પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવે છે :**

1. **વિજ્ઞાન રત્ન (VR) પુરસ્કાર :** વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં જીવનકાળની સિદ્ધિઓ અને યોગદાનને માન્યતા આપવી.

Banking Academy

2. **વિજ્ઞાન શ્રી (VS) પુરસ્કાર :** વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાનને સ્વીકારવું.
3. **વિજ્ઞાન યુવા શાંતિ સ્વરૂપ ભટનાગર (VY – SSB) પુરસ્કાર :** વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપનાર 45 વર્ષથી ઓછી વયના યુવા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા.
4. **વિજ્ઞાન ટીમ (VT) પુરસ્કાર :** ત્રણ કે તેથી વધુ વૈજ્ઞાનિકો અથવા સંશોધકોનો સમાવેશ કરતી ટીમોને આપવામાં આવે છે જેમણે વિજ્ઞાન અને ટેક્નોલોજીના કોઈપણ ક્ષેત્રમાં સહયોગી રીતે કામ કરતી વખતે અસાધારણ યોગદાન આપ્યું હોય.

❖ **આ પુરસ્કારો 13 વિવિધ ક્ષેત્રોમાં આપવામાં આવશે :**



- ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જૈવિકવિજ્ઞાન, ગણિત અને કમ્પ્યૂટર વિજ્ઞાન, અર્થવિજ્ઞાન, દવા, એન્જિનિયરિંગ વિજ્ઞાન, કૃષિ વિજ્ઞાન, પર્યાવરણ વિજ્ઞાન, અણુ ઊર્જા, અવકાશ વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા તેમજ અન્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે.
- રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કારો માટે પ્રાપ્ત થયેલ તમામ નામાંકનો ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારની અધ્યક્ષતાવાળી રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર સમિતિ (RVPC) સમક્ષ મૂકવામાં આવશે.
- જેમાં વિજ્ઞાન વિભાગના સચિવો, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ અકાદમીઓના સભ્યોનો સમાવેશ થાય છે.
- આ પુરસ્કાર માટે નામાંકનની શરૂઆત દર વર્ષે 14 જાન્યુઆરીથી 28 ફેબ્રુઆરી (રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ) સુધી શરૂ રાખવામાં આવશે.
- તેમજ 11 મે (રાષ્ટ્રીય તકનીકી દિવસ)ના રોજ વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવશે.
- અલગ અલગ શ્રેણીના પુરસ્કાર 23 ઓગસ્ટ (રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ)ના રોજ એનાયત કરવામાં આવશે.

## રેમન મેગ્સેસે એવોર્ડ–2023 જાહેર કરવામાં આવ્યા

- વર્ષ 2023માં રેમન મેગ્સેસે એવોર્ડ માટે કુલ 4 વ્યકિતઓની પસંદગી કરવામાં આવી છે.
- આ વર્ષે 65મી વખત આ પુરસ્કારોની વિજેતા યાદી જાહેર કરવામાં આવી હતી.
- <u>વિજેતા યાદી :</u>

| ક્રમ | નામ | દેશ | વિશેષતા |
|---|---|---|---|
| 1 | કોરવી રક્ષંદ | બાંગ્લાદેશ | વર્ષ 2007માં JAAGO ફાઉન્ડેશનની સ્થાપના કરી, જેમાં 30000 બાળકોને નિઃશુલ્ક, સરકાર માન્યતા પ્રાપ્ત અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવામાં આવ્યું છે. |
| 2 | યુજેનિયો લેમોસ | તિમોર લેસ્ટ, દક્ષિણ પૂર્વ–એશિયાઈ દેશ | કૃષિ અને પ્રકૃતિની જાળવણી કરવી |
| 3 | મિયન કોરોનેલ–ફેરર | ફિલિપાઈન્સ | તેમણે યુદ્ધ વિવાદો ઉકેલવા અને દેશના લશ્કરી શાસનનો પ્રતિકાર કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. |
| 4 | ડૉ. આર.રવિ કન્નન | ભારત | આસામ સ્થિત કચર કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (CCHRC)ના નિદેશક તરીકે સેવા આપે છે. તેમને આસામમાં લોકો કેન્દ્રિત અને ગરીબી તરફી આરોગ્ય સંભાળ અભિગમ દ્વારા કેન્સરની સારવારમાં ક્રાંતિ લાવવાનો શ્રેય આપવામાં આવે છે. |

❖ **રેમન મેગ્સેસે એવોર્ડ**




- આ એવોર્ડ એશિયાનો સૌથી વધુ પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ એવોર્ડ છે.
- તેને એશિયાના નોબેલ પુરસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ફિલિપાઈન્સના સાતમાં રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેની યાદમાં ફિલિપાઈન્સ સરકાર દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. તેમના શાસનને 'સુવર્ણ વર્ષો' તરીકે વર્ણવામાં આવે છે.
- એવોર્ડની સ્થાપના એપ્રિલ 1957માં ન્યૂયોર્ક સિટી સ્થિત રોકફેલર બ્રધર્સ ફંડના ટ્રસ્ટીઓ દ્વારા ફિલિપાઈન્સ સરકારની સંમતિથી કરવામાં આવી હતી.
- રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ દ્વારા આ વાર્ષિક પુરસ્કાર વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે.
- તે સૌપ્રથમ વખત વર્ષ 1958માં એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં ભારતના વિનોબા ભાવેનો પણ સમાવેશ થયો હતો.

Banking Academy

## ભારતીય વૈજ્ઞાનિકને પ્રતિષ્ઠિત નોર્મન બોર્લોગ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

- વર્લ્ડ ફૂડ પ્રાઈઝના પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સન્માન નોર્મન બોર્લોગ એવોર્ડ ડૉ. સ્વાતિ નાયકને આપવામાં આવ્યો.
- ડૉ. નોર્મન બોર્લોગને વિશ્વમાં હરિયાળી ક્રાંતિના જનક માનવામાં આવે છે. આ એવોર્ડ તેમના નામે આપવામાં આવે છે.




- તેમને નોબલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભૂખમરો દૂર કરે એવા તથા પોષણયુકત આહારને વિકસાવવાના ક્ષેત્રમાં કામગીરી કરતા 40 વર્ષથી ઓછી વયના અપવાદરૂપ વૈજ્ઞાનિકોની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવે છે.
- વર્ષ 1960ના દશકની શરૂઆતમાં વિશ્વભરમાં કૃષિક્ષેત્રમાં અમુક નવી તકનીકો દ્વારા હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ હતી.
- હરિયાળી ક્રાંતિમાં સૌથી મોટો ફાળો અમેરિકા કૃષિ વૈજ્ઞાનિક નોર્મન બોર્લોગનો હતો. તેમને 'Father of Green Revolution' તરીકે ઓળખવામાં આવે છે.
- જેમણે 1960ના દશકની શરૂઆતમાં મેકિસકોમાં બ્રિટીશ રોકફલોર ફાઉન્ડેશન સ્કોલરશીપમાં સંશોધન કર્યુ હતું. બોર્લોગ દ્વારા વિકસાવેલી ઉન્નત પ્રકારના ઘંઉના બીજોથી ઉત્પાદકતા 200% વધી ગઈ.

Banking Academy

# 12 મહત્વના દિવસો

## 1 to 7 – સપ્ટેમ્બર : રાષ્ટ્રીય પોષણ સપ્તાહ (National Nutrition Week)

- દર વર્ષે 1 થી 7 સપ્ટેમ્બર દરમિયાન સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહ (National Nutrition Week) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ સપ્તાહ ઉજવવાનો ઉદ્દેશ્ય લોકોમાં પોષણ સંબધિત શિક્ષણ, શારીરિક અને માનસિક વિકાસ તેમજ પોષણના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા પોષણ સંબંધિત શિક્ષણ દ્વારા સારા સ્વાસ્થ્ય અને આરોગ્યમય જીવનને પ્રોત્સાહિત કરવા વર્ષ 1982 થી 1-7 સપ્ટેમ્બર દરમિયાન રાષ્ટ્રીય પોષણ સપ્તાહ ઉજવવાની જાહેરાત કરી હતી.
- ભારતમાં વર્ષ 2018 થી દર વર્ષે સપ્ટેમ્બર માસને રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવણી કરવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા પોષણ માટે પોષણ અભિયાન, સંકલિત બાળવિકાસ યોજના (ICDS), પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, અને અંત્યોદય અન્ન યોજના જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.




## 2 – સપ્ટેમ્બર : વિશ્વ નાળિયેર દિવસ (World Coconut Day)

- દર વર્ષે સમગ્ર વિશ્વમા 2 સપ્ટેમ્બરના રોજ વિશ્વ નાળિયેરદિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ “Sustaining Coconut Sector for the Present and Future Generation” છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ઉદ્યોગો માટે કાચા માલ તરીકે નાળિયેરના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો તેમજ નાળિયેરના સ્વાસ્થ્યને લગતા લાભો અંગે જાગૃતિ લાવવાનો છે.
- એશિયન એન્ડ પેસિફિક કોકોનટ કોમ્યુનિટી (APCC) ના સ્થાપના દિવસની યાદમાં મનાવવામાં આવે છે.
- સૌપ્રથમ વિશ્વ નાળિયેર દિવસ વર્ષ 2009 માં ઉજવવામાં આવ્યો હતો.
- ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને ભારત સૌથી વધુ નાળિયેર ઉત્પાદનમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમાંકે છે.




- ભારતમાં સૌથી વધુ નાળિયેર ઉત્પાદક રાજયમાં કેરળ, કર્ણાટક અને તમિલનાડુ અનુક્રમે પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમાંકે આપે છે.

## Google નો 25 મો સ્થાપના દિવસ




- દર વર્ષે 4 સપ્ટેમ્બરના રોજ ગૂગલ (Google) નો સ્થાપના દિવસ મનાવવામાં આવે છે. આ વર્ષે ગૂગલનો 25 મો સ્થાપના દિવસ છે.
- ગૂગલની સ્થાપના 4 સપ્ટેમ્બર, 1998 ના રોજ સ્ટેનફોર્ડ યુનિવિર્સિટીના પી.એચ.ડી.ના વિદ્યાર્થી લેરી પેજ અને સર્ગેઈ બ્રિન દ્વારા કરવામાં આવી હતી. તેથી 4 સપ્ટેમ્બરને ગૂગલનો સ્થાપના દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- ગૂગલ શબ્દ Google પરથી આવ્યો છે જે આંકડાનું નામ છે. જેમાં 1 ની પાછળ 100 શૂન્ય હોય છે.
- તે અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપની છે. તેનુ વડુંમથક અમેરિકાના કેલિફોર્નિયામાં માઉન્ટેનવ્યુ ખાતે આવેલું છે.
- શરૂઆતમાં આ સર્ચ એન્જિન બેકલિંક પર સાઈટનું મૂલ્યાકન કરતું હોવાથી તેનું નામ બેકરબ રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ તેનું નામ ગૂગલ રાખવામાં આવ્યું હતું.
- ગૂગલ ઈન્ટરનેટ સાથે જોડાયેલ સર્ચ, ઈમેઈલ, ઓનલાઈન જાહેરાત, ગૂગલ ક્રોમ, ગૂગલ બ્રાઉઝર, યુટયુબ, બ્લોગસ્પોટ, મેથ્સ, સમાચાર, પુસ્તકો, ગૂગલ પ્લસ, ગૂગલ પ્લે, અનુવાદ (ગૂગલ ટ્રાન્સલેટ) વગેરે સેવાઓનો સમાવેશ થાય છે.
- ગૂગલ પ્રતિ સેકન્ડ 40,000 સર્ચ કરે છે. ફોર્બ્સના આંકડા પ્રમાણે, ગૂગલ પર પ્રતિદિવસ 3.5 અબજ લોકો સર્ચ કરે છે.
- ગૂગલના વર્તમાન CEO સુંદર પિચાઈ (ભારતીય) છે.

Banking Academy

- ખોજ ભારતનું પહેલું લોકલ સર્ચ એન્જિન છે. જે સંપૂર્ણપણે ભારતના ડેટાબેઝ પર આધારિત છે. ખોજને ભારતનાં લોકલ ગાઈડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## 5 – સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય દાન દિવસ (International Day of Charity)

- દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય દાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દાન પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો, જરૂરીયાત મંદોને મદદરૂપ થવાનો અને વંચિત લોકોને તેમના અધિકાર માટે પ્રોત્સાહન આપવાનો છે.




- હંગેરીમાં યોજાયેલ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા સૌ પ્રથમવાર વર્ષ 2012 માં 5 સપ્ટેમ્બરને ‘આંતરરાષ્ટ્રીય દાન દિવસ’ તરીકે ઉજવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો, જેનું તમામ દેશોએ સમર્થન કર્યુ હતું. વર્ષ 2013 માં પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- સમાજમાંથી ગરીબી દૂર કરવા, જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા અને તેમની તકલીફોને દૂર કરવાના કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરનાર મધર ટેરેસાની પુણ્યતિથિના દિવસ 5 સપ્ટેમ્બરને ‘આંતરરાષ્ટ્રીય દાન દિવસ’ તરીકે પસંદ કરાયો છે.
- મધર ટેરેસાએ 45 વર્ષ સુધી રક્તપિત્ત અને ક્ષય તથા ગરીબ, અનાથ, અને જરૂરિયાતમંદ લોકો માટે દવાખાના, ઘર, અનાથાશ્રમ, શાળાઓ અને સલાહકેન્દ્રો જેવી સંસ્થાઓ શરૂ કરી હતી.
- વર્તમાનમાં 123 દેશોમાં આવા 610 કરતા વધુ મિશનો ચાલી રહયા છે.
- મધર ટેરેસાને તેમની ઉમદા સેવા બદલ વર્ષ 1980 માં ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## 5 – સપ્ટેમ્બર : રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day)

- દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.




- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વ્યકિતત્વ તથા સમાજના ઘડતરમાં શિક્ષકોના અમૂલ્ય પ્રદાન બદલ તેમના મહત્વને સન્માનિત કરવાનો છે. સમગ્ર દેશની શાળા અને કોલેજોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા 5 સપ્ટેમ્બર 1962 ના રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના 77 માં જન્મદિવસથી ‘રાષ્ટ્રીય શિક્ષક દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના પહેલા ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ હતા. તેઓ એક મહાન શિક્ષક તત્વચિંતક અને વિદ્વાન હતા.
- 5 સપ્ટેમ્બર 2023 ના રોજ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા દેશના 75 શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ 75 શિક્ષકોમાં ગુજરાતના દિપક જેઠાલાલ મોટા (શ્રી હંટ્રાઈબાગ પ્રાથમિક શાળા – કચ્છ), ડૉ. રીટાબેન નિકેશચંદ્ર ફૂલવાળા (શેઠ પી. એચ. બચકાની વાલા વિદ્યામંદિર – સુરત) ઝંખના દિલીપભાઈ મહેતા (સરકારી પોલિટેકનીક – અમદાવાદ) ઈન્દ્રનાથ સેનગુપ્તા (IIT ગાંધીનગર) સત્ય રંજન આચાર્ય (ભારતીય ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થા – ભાટ, ગાંધીનગર) નો સમાવેશ થાય છે.

## 7 – સપ્ટેમ્બર : વાદળી આકાશ માટે સ્વચ્છ હવાનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Clean air for Blue Sky)


- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 7 સપ્ટેમ્બરના રોજ વાદળી આકાશ માટે સ્વચ્છ હવાનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.




- આ વર્ષે આ દિવસની થીમ “Together for Clean Air”
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વમાં વાયુ પ્રદૂષણ અટકાવવાનો અને અશ્મિભૂત ઈંધણનો વપરાશ ઘટાડી પર્યાવરણ નીતિઓને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ 19 ડિસેમ્બર, 2019 ના રોજ સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના 74 માં સત્રમાં 7 સપ્ટેમ્બરને ‘વાદળી આકાશ માટે સ્વચ્છ હવાનો આંતર–રાષ્ટ્રીય દિવસ’ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- હવાનું પ્રદૂષણ એ માનવ સ્વાસ્થ્ય માટેનું સૌથી મોટું પર્યાવરણીય જોખમ છે. સમગ્ર વિશ્વમાં અંદાજિત 6.5 મિલિયન મૃત્યુ ઘરની અંદર અને ઘરની બહાર વાયુ પ્રદૂષણને કારણે થાય છે.

Banking Academy


## 8 – સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ (International Literacy Day)




- દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Promoting Literacy for a world in transition: Building the foundation for sustainbale and peaceful societies."
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમા સાક્ષરતાનો પ્રસાર અને પ્રચાર કરવાનો તેમજ દરેક વ્યકિત સાક્ષર બની પોતાનો સ્વવિકાસ કરવાનો છે.
- UNESCO (United Nations Educational, Scientific and Cultural Organisation) ની સામાન્ય સભા દ્વારા 17 નવેમ્બર 1966 ના રોજ 8 સપ્ટેમ્બર ને 'આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1977 માં 8 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવ્યો હતો.

## 14 - સપ્ટેમ્બર : રાષ્ટ્રીય હિન્દી દિવસ (National Hindi Day)

- ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દેશમાં હિન્દી ભાષાનો પ્રચાર અને પ્રસાર થાય તેમજ હિન્દી ભાષા પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.
- હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા માટે લાંબા સમય સુધી સંઘર્ષ કરનાર હિન્દી ભાષાના સાહિત્યકાર બ્યોહાર રાજેન્દ્ર સિંહાનો 14 સપ્ટેમ્બર, 1949ના રોજ 50મો જન્મદિવસ હતો.





- તેમના જન્મદિવસની યાદમાં 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં લખાતી હિન્દી ભાષાને રાજભાષા તરીકે માન્યતા આપી.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 343(1) મુજબ સંઘની સત્તાવાર ભાષા દેવનાગરી લિપીવાળી હિન્દી રહેશે.
- અનુચ્છેદ 346 અને 347ની જોગવાઈઓ અનુસાર કોઈ રાજ્યવિધાન મંડળ તે રાજ્યમાં વપરાતી એક કે તેથી વધારે ભાષાઓને અથવા હિન્દીને રાજ્યના તમામ અથવા કોઈ સત્તાવાર હેતુ માટે ઉપયોગમાં લેવાતી ભાષા અથવા ભાષાઓ તરીકે સ્વીકારી શકે છે.
- સંસદ કાયદો બનાવીને જોગવાઈ ન કરે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની ભાષા અંગ્રેજી રહેશે તથા સંસદ અને રાજ્ય વિધાનસભા દ્વારા પસાર થયેલા કાયદા અંગ્રેજીમાં રહેશે.
- ભારતમાં સત્તાવાર રીતે હિન્દી અને અંગ્રેજી ભાષા રાજકીય કાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

❖ **વિશ્વ હિન્દી સંમેલન :**

- દર ત્રણ વર્ષે તેનું આયોજન થાય છે. સૌપ્રથમવાર વર્ષ 1975માં નાગપુર ખાતે તેનું આયોજન થયું હતું.
- વર્ષ 2021માં 12માં વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન ફિજીના નાદી ખાતે થયું હતું.
- ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બર થી 21 સપ્ટેમ્બર સુધી રાજભાષા સપ્તાહ અથવા હિન્દી અઠવાડીયું તરીકે ઉજવવામાં આવે છે.
- વિશ્વમાં અંગ્રેજી અને ચીનની મેન્ડેરીન પછી ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા હિન્દી છે.

Banking Academy

## 15 - સપ્ટેમ્બર : રાષ્ટ્રીય ઈજનેર દિવસ (National Engineer's Day)




- દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય ઈજનેર દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Engineering for a Sustainable Future"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ભારત દેશના ઈજનેરો દ્વારા દેશની આર્થિક પ્રગતિ અને વિકાસ તેમજ વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ તેમની સિદ્ધિઓને બિરદાવવાનો છે.
- ભારતના મહાન ઈજનેર એમ. વિશ્વેશ્વરૈયાના જન્મદિવસ નિમિત્તે ભારત સરકાર દ્વારા વર્ષ 1968થી દર વર્ષે 15 સપ્ટેમ્બરને ઈજનેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- તેમણે આપેલ મહત્વના યોગદાન બદલ તેમને વર્ષ 1955માં દેશના સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- સિંચાઈ માટે લોકિંગ સિસ્ટમ વિકસાવી અને પૂર નિયંત્રણ માટે સ્વયં સંચાલિત પૂર નિયંત્રણ દરવાજાઓ બ્લોક સિસ્ટમની રચના કરી હતી.
- તેમણે કાવેરી નદી પર 'કૃષ્ણ રાજ સાગર' બંધનું નિર્માણ કરાવ્યું હતું.

## 15 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ (International Day of Democracy)

- દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Empowering the next Generation" છે.




- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વમાં લોકશાહીની સ્થિતિ, તેની સમસ્યાઓ અને તેનુ નિરાકરણ લોકશાહી ઢબે કરવું તેમજ તેના સિદ્ધાંતોનું સમર્થન અને તે અંગે પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભા દ્વારા વર્ષ 2007માં ઠરાવ પસાર કરીને 15 સપ્ટેમ્બર, 2008ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- લોકશાહીના ઈતિહાસ મુજબ ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં ગ્રીસના એથેન્સમાં લોકશાહીનો ઉદ્ભવ થયો હોવાનું માનવામાં આવે છે.
- ડેમોક્રેસી શબ્દ પ્રાચીન ગ્રીક શબ્દ ડેમોક્રેસિયા (Demokratia) પરથી આવેલો છે. જે બે ગ્રીક શબ્દો ડેમોસ જેનો અર્થ લોકો થાય અને ક્રેટોસ જેનો અર્થ સત્તા થાય તેનાથી બનેલ છે. આમ ડેમોક્રેસી (લોકશાહી)નો અર્થ લોકોના હાથમાં સત્તા હોય એવી શાસન વ્યવસ્થા છે.

## 16 - સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિવસ (World Ozone Day)

- દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Montreal Protocol : Fixing the ozone layer and reducing climate change" છે.




- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ઓઝોન સ્તરના સંરક્ષણ માટે તેમજ તેના મહત્વ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- ઓઝોન સ્તરના સંરક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભા દ્વારા 19 ડિસેમ્બર, 1994ના રોજ 16 સપ્ટેમ્બરના દિવસને વિશ્વ ઓઝોન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1995માં ઉજવવામાં આવ્યો હતો.
- 16 સપ્ટેમ્બર, 1987માં ઓઝોન સ્તરના સંરક્ષણ માટે કેનેડામાં મોન્ટ્રીયલ પ્રોટોકોલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રોટોકોલનો ઉદ્દેશ્ય ઓઝોન સ્તરને નુકસાન કરનારા પદાર્થોના ઉત્પાદન અને વપરાશ પર નિયંત્રણ મૂકવા માટેનો હતો.
- ઓઝોન સ્તરના સંરક્ષણ માટે મોન્ટ્રિયલ પ્રોટોકોલ, કિગાલી પ્રોટોકોલ અને વિયેના કન્વેન્શન જેવી સમજૂતીઓ વૈશ્વિક સ્તરે કરવામાં આવી છે.

## 17 - સપ્ટેમ્બર : વિશ્વ દર્દી સલામતી દિવસ (World Patient Safety Day)

- દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ વિશ્વ દર્દી સલામતી દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Engaging Patients for Patient Safety" છે.





- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય દર્દીઓની આરોગ્ય સંભાળ, સલામતી અને સાવચેતી અંગે વૈશ્વિક જાગૃતિ લાવવા તેમજ દર્દીને યોગ્ય સારવાર પૂરી પાડવા માટે નીતિ–નિર્માતાઓ અને વિવિધ હિતકર્તાઓની વચ્ચે સંકલન સાધવાનો છે.
- મે 2019માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) દ્વારા આયોજિત 72મી વિશ્વ આરોગ્ય સભામાં દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દર્દી સલામતી દિવસ' ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- સૌપ્રથમવાર 17 સપ્ટેમ્બર 2019ના રોજ વિશ્વ દર્દી સલામતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની ઉજવણી WHO દ્વારા 'Elevated The Voice of Patients'ના ધ્યેયવાકય અને 'Working togater to make healthcare safer'ના વૈશ્વિક અભિયાન હેઠળ કરવામાં આવી હતી.

Banking Academy


## 18 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ (International Equal Pay Day)

- દર વર્ષે 18 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમાન કામ માટે સમાન વેતન દ્વારા જાતિ સમાનતા, મહિલા સશક્તિકરણ અને ટકાઉ વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરવાનો છે.
- વર્ષ 1996માં NCPE (National Committee on Pay Equity) દ્વારા પુરુષો અને મહિલાઓના વેતન વચ્ચેના અંતરને દર્શાવવા માટે જાહેર જાગૃતિના કાર્યક્રમ તરીકે કરવામાં આવી હતી. વર્ષ 1998થી નેશનલ પે ઈક્વિટી અવેરનેસ ડે ને બદલે સમાન વેતન દિવસ તરીકે ઉજવાય છે.
- 15 નવેમ્બર, 2019ના રોજ સંયુક્ત રાષ્ટ્ર (UN)ની સામાન્ય સભા દ્વારા 18 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.





## 18 - સપ્ટેમ્બર : વિશ્વ વાંસ દિવસ (World Bamboo Day)

- દર વર્ષે 18 સપ્ટેમ્બરના રોજ વિશ્વ વાંસ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય કુદરતી સંસાધનો અને પર્યાવરણની રક્ષા કરવાનો અને વિશ્વમાં વાંસની ખેતીને પ્રોત્સાહન આપી આર્થિક વિકાસ માટે વાંસથી સંબંધિત ઉદ્યોગને વેગવંતો કરવાનો છે.
- 18 સપ્ટેમ્બર 2009ના રોજ થાઈલેન્ડના બેંગકોંક ખાતે વિશ્વ વાંસ સંગઠન દ્વારા આયોજિત 8મી વિશ્વ વાંસ કોંગ્રેસ અધિવેશનમાં 18 સપ્ટેમ્બરના રોજ વિશ્વ વાંસ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- વિશ્વ વાસ સંગઠનની સ્થાપના વર્ષ 2005માં થઈ હતી. તેનું વડુમથક બેલ્જિયમના એન્ટવર્પ ખાતે આવેલું છે.
- વિશ્વમાં વાંસના કુલ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો 4% છે.
- ભારતમાં વાંસ સંસાધનોમાં 50% ભાગ ઉત્તરપૂર્વના રાજ્યો અને પશ્ચિમ બંગાળનો છે.




## 21 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ (International Day of Peace)

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 21 સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Action for Peace : Our Ambition for the # Global Goals."
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં શાંતિ અને સદ્ભાવનાનો સંદેશો ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 1981માં સૌપ્રથમવાર આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2001 સુધી સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારને આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ તરીકે ઉજવવામાં આવતો હતો. ત્યારબાદ આ ઠરાવમાં સુધારણા કરીને વર્ષ 2001 થી 21 સપ્ટેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય મથક ન્યૂયોર્ક ખાતે વિશ્વ શાંતિ બેલ રાખવામાં આવ્યો છે. આ દિવસની ઉજવણીની શરૂઆત આ બેલ વગાડીને કરવામાં આવે છે.
- આ દિવસને આંતરરાષ્ટ્રીય યુદ્ધ વિરામ દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.




## 21 - સપ્ટેમ્બર : વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer's Day)

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 21 સપ્ટેમ્બરને વિશ્વ અલ્ઝાઈમર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Never Too Early Never Too Late"
- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ્ય વિશ્વમાં અલ્ઝાઈમર અને ડિમેન્શિયાનો રોગ અને તેના સામાન્ય લક્ષણો તેમજ જોખમી પરિબળો વિશે જાગૃતિ લાવવાનો અને આ રોગને અટકાવવાનો છે.

- અલ્ઝાઈમર ડિસીઝ ઈન્ટરનેશનલ (ADI) વૈશ્વિક સંસ્થા દ્વારા અલ્ઝાઈમર રોગ અંગેની આંતરરાષ્ટ્રીય ઝુંબેશના ભાગરૂપે વર્ષ 2012થી દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને વિશ્વ અલ્ઝાઈમર મહિના તરીકે ઉજવવામાં આવે છે.




❖ **અલ્ઝાઈમરના લક્ષણો :**
- વ્યકિતની સ્મૃતિ (યાદશકિત) અને સમજણમાં મુશ્કેલી આવવી, રોજિંદા કાર્યમાં ભૂલ થાય, વ્યવહારમાં પરિવર્તન, શરીરની વિવિધ ક્રિયાઓમાં અડચણ, આ ઉપરાંત વ્યકિત અનિદ્રા, ચિંતા જેવી સમસ્યાઓનો શિકાર બને છે.

❖ **અલ્ઝાઈમરના કારણો :**
- ઉંમર વધવાની સાથે અલ્ઝાઈમર થવાની શકયતા વધે છે. ઘણા કિસ્સામાં વંશ પરંપરાગત પણ થાય છે. હાઈબ્લડપ્રેશર, ડાયાબિટિસ, માનસિક દબાણ અને વ્યસનના કારણે આ રોગ થઈ શકે છે.

❖ **અલ્ઝાઈમર રોકવાના ઉપાયો :**
- શરીરને સ્વસ્થ રાખવા કસરત કરવી, ભોજનમાં સમતોલ આહાર લેવો, જંકફૂડ નહિવત લેવું, મગજને સતત નવુ શીખવા માટે તૈયાર રાખવું.


## 22 - સપ્ટેમ્બર : વિશ્વ ગેંડા દિવસ (World Rhino Day)




- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 22 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ગેંડા દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ગેંડાની સુરક્ષા વધુ દ્દઢ કરવાનો તથા સંવર્ધન કરવા અને ગેંડાની વસતિમાં થતા ઘટાડાને રોકવા માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ (WWF) દક્ષિણ આફ્રિકા દ્વારા વર્ષ 2010માં દર વર્ષે 22 સપ્ટેમ્બરને વિશ્વ ગેંડા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- એક શિંગી ગેંડો એ ભારતીય ગેંડા તરીકે પણ ઓળખાય છે. તે કદમાં ગેંડાઓની અન્ય પ્રજાતિઓની સરખામણીમાં સૌથી મોટી છે. તેના માથા પર કાળા રંગની એક મજબૂત શિંગ હોય છે.
- સૌથી વધુ એકશિંગી ગેંડા ભારતમાં જોવા મળે છે. ભારતમાં પણ તે સૌથી વધુ ભારત–નેપાળ સરહદ, પશ્ચિમ બંગાળ અને આસામના ઉત્તરીય ભાગમાં જોવા મળે છે.
- તે સસ્તનવર્ગનું શાકાહારી પ્રાણી છે.
- Rhino Cerous શબ્દ ગ્રીક શબ્દ Rhino (નાક) અને Ceros (શિંગ) પરથી આવ્યો છે.
- વિશ્વમાં ગેંડાની પાંચ પ્રજાતિઓ જોવા મળે છે. જેમાં સફેદ ગેંડો (White Rhino), કાળો ગેંડો (Black Rhino), જવાન ગેંડો (Javan Rhino), સુમાત્રન ગેંડો (Sumatran Rhino) એક શિંગી ગેંડો (Greator One-Horned Rhino)નો સમાવેશ થાય છે.

## 23 - સપ્ટેમ્બર : આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Sign Language Day)

- દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "A World where Deaf People Every where can sign Anywhere !"




- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય બોલી અને સાંભળી નહીં શકનારા લોકોને શરીરના હાવ–ભાવથી વાતચીત કરતા શીખવવાનો તેમજ તેમના માનવઅધિકાર જાળવવાનો અને સંસ્કૃતિનું રક્ષણ કરવાનો છે.
- આ માટે વિશ્વ સ્તરે World Federation of Deaf (WFD) સંસ્થા કાર્યરત છે.
- વિશ્વ બધિર મહાસંઘની સ્થાપના 23 સપ્ટેમ્બર 1951ના રોજ થઈ હતી, તેથી સંયુકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ 19 ડિસેમ્બર, 2017ના રોજ 23 સપ્ટેમ્બરને આંતરરારાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ જાહેર કર્યો હતો.
- સૌપ્રથમવાર વર્ષ 2018માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## 26 - સપ્ટેમ્બર : પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for the The total Elimination of Nuclear Weapon)




- દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ પરમાણુશસ્ત્રોની સંપૂણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.
- વર્ષ 2013માં સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા 26 સપ્ટેમ્બરને પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- સૌપ્રથમવાર વર્ષ 2014માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- પરમાણુ શસ્ત્રો દ્વારા માનવજીવનને થતા વ્યાપક નુકસાન અંગે જાગૃતતા લાવી અને તેની સંપૂર્ણ નાબૂદી માટેની આવશ્યકતા વિશે જન જાગૃતિ વધારવાનો છે.

Banking Academy

# 13 Current Affairs Booster

**1. તાજેતરમાં વડાપ્રધાન દ્વારા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિને આપવામાં આવેલી ભેટ બિદરી (સુરાહી) કયા રાજયની પ્રખ્યાત છે?**
(A) મધ્યપ્રદેશ (B) બિહાર (C) તેલંગાણા (D) મહારાષ્ટ્ર

**2. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિને ભેટમાં શું આપ્યુ હતુ?**
(A) બિદરી (સુરાહી) (B) ગોંડ પેઈન્ટિંગ (C) નાગાલેન્ડ શાલ (D) આપેલ તમામ

**3. 'ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ કોન્ટેસ્ટ – 2022' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું હતુ.
(2) રાષ્ટ્રીય સ્માર્ટ શહેર પુરસ્કાર શ્રેણીમાં પ્રથમ ક્રમાંક પર ઈન્દોર રહયુ હતું.
(3) રાષ્ટ્રીય સ્માર્ટ શહેર પુરસ્કાર શ્રેણીમાં સુરત બીજા ક્રમાંક પર રહયુ હતું.
(4) રાજય પુરસ્કાર શ્રેણીમાં તમિલનાડુ પ્રથમ ક્રમાંક પર રહયુ હતુ.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 2, 3, 4 (D) માત્ર 1, 3, 4

**4. ઈન્ડિયા સ્માર્ટ સિટી એવોર્ડ કોન્ટેસ્ટ – 2022 માં કયા કેન્દ્રશાસિત પ્રદેશને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે?**
(A) પોંડીચેરી (B) ચંદીગઢ (C) દિલ્હી (D) દીવ – દમણ

**5. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કયા દેશના 'ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ ઓનર' થી સન્માનિત કરવામાં આવ્યા હતા?**
(A) રશિયા (B) બ્રાઝિલ (C) સાઉથ આફ્રિકા (D) ગ્રીસ

**6. વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશિપમાં સૌપ્રથમ મેડલ જીતનાર ભારતીય ખેલાડી કોણ છે?**
(A) નીરજ ચોપડા (B) મેરી કોમ (C) અંજૂ બેબી જયોર્જ (D) સુશીલ કુમાર

**7. ભારતના ભાલાફેંક ખેલાડી 'નીરજ ચોપડા' વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશીપમાં એક થી વધુ મેડલ જીતનાર ભારતના એકમાત્ર ખેલાડી છે.
(B) ઓલિમ્પિક અને વર્લ્ડ એથ્લેટિક ચેમ્પિયનશીપ એમ બંનેમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય રમતવીર છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**8. ભારતના ગગનયાન મિશન વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) ઈન્ડિયન હયુમન સ્પેસ ફલાઈટ પ્રોગ્રામ હેઠળ સૌપ્રથમ સમાનવ અવકાશ મિશન ગગનયાન લોંચ કરવામાં આવશે.
(2) આ મિશનના પ્રથમ તબક્કામાં વ્યોમમિત્ર રોબોટને અવકાશમાં મોકલવામાં આવશે.
(3) આ મિશન કુલ ત્રણ તબક્કાઓમાં પૂર્ણ કરવામાં આવશે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) માત્ર 1, 3

**9. ગુજરાત સરકાર દ્વારા વિજેતા ખેલાડીઓને આપવામાં આવતા પુરસ્કાર વિશે કઈ જોડ યોગ્ય નથી?**
(1) ઓલિમ્પિક રમતમાં સુવર્ણપદક વિજેતા – 5 કરોડ રૂા. (2) ઓલિમ્પિક રમતમાં રજતપદક વિજેતા – 3 કરોડ રૂા.
(3) ઓલિમ્પિક રમતમાં કાસ્યપદક વિજેતા – 2 કરોડ રૂા. (4) એશિયન રમતમાં સુવર્ણપદક વિજેતા – 3 કરોડ રૂા.
(A) માત્ર 1, 2 (B) માત્ર 4 (C) માત્ર 2, 3 (D) માત્ર 3

**10. મુળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે સરકારમાં થતી ગ્રૂપ C ની ભરતીમાં કેટલા ટકા અનામત રાખવાની જાહેરાત કરવામાં આવી છે?**
(A) 3% (B) 2% (C) 4% (D) 5%

**11. IBSA વિશ્વ સમત – 2023 માં મહિલા બ્લાઈન્ડ ક્રિકેટમાં કયા દેશે સુવર્ણપદક જીત્યો છે?**
(A) ભારત (B) ઓસ્ટ્રેલિયા (C) પાકિસ્તાન (D) ઈંગલેન્ડ

**12. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી દ્વારા લોન્ચ કરવામાં આવેલી વિશ્વની સૌપ્રથમ EFFV કાર વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) તેને ટોયોટો કિર્લોસ્કર મોટર દ્વારા વિકસિત કરવામાં આવી છે.
(2) તે વિશ્વનું પ્રથમ BS-6 સ્ટેજ – II EFFV છે.
(3) આ વાહન 85% સુધી ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી પણ ચલાવી શકાય છે. તેમાં ઈલેક્ટ્રિક પાવરટ્રેન છે.
(A) માત્ર 1 (B) માત્ર 1, 3 (C) માત્ર 2 (D) આપેલ તમામ

**13. હાલમાં ચર્ચામાં રહેલા EFFV નું પૂરુ નામ જણાવો.**
(A) Engeneering Framwork on Faster Vehicle (B) Electrified Flex Fuel Vehicle
(C) Emergy and Faster Fuel Verified. (D) એક પણ નહી.

**14. BS-6 (Bharat Stage – 6) વિશે કયુ વિધાન સત્ય છે ?**
(A) ભારત સરકાર દ્વારા મોટર વાહનોમાંથી થતા વાયુ પ્રદુષકોના ઉત્સર્જનને નિયંત્રિત કરવા માટે સ્થાપવામાં આવેલ ઉત્સર્જન ધોરણ છે.
(B) કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ આ ધોરણોને લાગૂ કરે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**15. 'BRIGHT STAR-23 યુધ્ધાભ્યાસ વિશે અસત્ય વિધાન જણાવો.**
(A) ઈજિપ્તના કૈરો ખાતે BRIGHT STAR – 23 યુધ્ધાભ્યાસનું આયોજન થયુ હતુ.
(B) આ એક બહુરાષ્ટ્રીય ક્વાયત છે જેમા ભારતે પ્રથમવાર ભાગ લીધો હતો.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**16. તાજેતરમાં ચર્ચામાં રહેલા AMBER પ્રોજેક્ટ વિશે સત્ય વિધાન કયુ છે?**
(1) AMBER પ્રોજેક્ટ એ જનરેશન ઈન્ડિયા ફાઉન્ડેશન અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનો સંયુક્ત પ્રોજેક્ટ છે.
(2) તાજેતરમાં આ પ્રોજેક્ટ હેઠળ AMAZON Web Services India Pvt. Ltd. ના સહયોગથી 1500 લોકોને ક્લાઉડ કૌશલ્યની તાલીમ આપવાનું જાહેર કર્યુ છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**17. નીચે આપેલા પૈકી કઈ નવી રમતોનો ખેલ મહાકુંભમાં સમાવેશ કરવામાં આવ્યો છે?**
(1) વુડબોલ (2) તકટોવ (3) બીચ વોલીબોલ (4) બીચ હેન્ડબોલ
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3, 4 (D) આપેલ તમામ

**18. તાજેતરમાં 'મેઘ મલ્હાર – 2023' નું આયોજન કયાં કરવામાં આવ્યુ હતું?**
(A) મોઢેરા (B) વડનગર
(C) સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર (D) સાબરમતી રીવરફ્રન્ટ, અમદાવાદ

**19. 'મહિલા હોકી 5S એશિયા કપ' વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) આ ટુર્નામેન્ટનું આયોજન ઓમાનના સલાલાહ ખાતે કરવામાં આવ્યુ હતુ.
(B) આ ટુનામેન્ટની ફાઈનલમાં ભારત થાઈલેન્ડને હરાવીને વિજેતા રહયુ હતુ.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**20. તાજેતરમાં કયા રાજય દ્વારા પાલિકા પંચાયતોમાં OBC અનામત 10% થી વધારી 27% કરવામાં આવી છે?**
(A) રાજસ્થાન (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) પંજાબ

**21. તાજેતરમાં ગુજરાતના સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં OBC અનામતમાં વધારો કયા કમિશનની ભલામણથી કરવામાં આવ્યો છે?**
(A) કે.એસ. ઝવેરી (B) એમ.પી. દેસાઈ (C) રવિ ઉપાધ્યાય (D) રાજેશ ચૌધરી

**22. પ્રજ્ઞાન રોવર દ્વારા ચંદ્રની સપાટી પર કયા ખનીજ તત્વોની શોધ કરવામાં આવી છે?**
(1) ઓક્સિજન (2) સલ્ફર (3) એલ્યુમિનિયમ (4) કેલ્શિયમ (5) સિલિકોન
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 1, 3, 4, 5 (C) માત્ર 2, 4, 5 (D) આપેલ તમામ

**23. નીચે આપેલા પૈકી કયુ વિધાન અસત્ય છે?**
(A) કોઈપણ સંજોગોમાં SC/ST/OBC માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં અનામત 50% થી વધે નહી તે રીતે આપવાની જોગવાઈ છે.
(B) PESA વિસ્તારમાં પણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં OBC સમુદાયને 27% અનામત આપવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**24. 'આંતરરાષ્ટ્રીય દાન દિવસ' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ આ દિવસ ઉજવાય છે.
(B) મધર ટેરેસાની પુણ્યતિથિના દિવસે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**25. આંતરરાષ્ટ્રીય સઠાક્ષરતા દિવસ કયારે ઉજવવામાં આવે છે?**
(A) 18 ઓગસ્ટ (B) 22 સપ્ટેમ્બર (C) 6 જાન્યુઆરી (D) 8 સપ્ટેમ્બર

**26. રાષ્ટ્રીય શિક્ષક દિવસ – 2023 ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા દેશના કેટલા શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા?**
(A) 75 (B) 51 (C) 65 (D) 85

**27. ગુજરાતના કયા શિક્ષકોને રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે?**
(A) દિપક મોટા (B) રીટાબેન ફુલવાલા (C) A અને B બંને (D) એક પણ નહી.

**28. દર વર્ષે સમગ્ર વિશ્વમાં 'વિશ્વ નાળિયેર દિવસ' કયારે ઉજવાય છે?**
(A) 1 સપ્ટેમ્બર (B) 2 સપ્ટેમ્બર (C) 3 સપ્ટેમ્બર (D) 4 સપ્ટેમ્બર

Banking Academy

**29. ભારતમાં નાળીયેરનું ઉત્પાદન કયા રાજયમાં સૌથી વધુ થાય છે?**
(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) કેરલ

**30. ભારતમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી ક્યારે કરવામાં આવે છે?**
(A) 1 થી 7 ઓગસ્ટ (B) 1 થી 7 જુલાઈ (C) 1 થી 7 સપ્ટેમ્બર (D) 1 થી 7 ઓક્ટોબર

**31. તાજેતરમાં વર્ષ 2023 માં Google નો કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો?**
(A) 20 મો (B) 25 મો (C) 28 મો (D) 22 મો

**32. સંપૂર્ણપણે ભારતના ડેટાબેઝ આધારિત ભારતનું પહેલુ લોકલ સર્ચ એન્જિન કયુ છે?**
(A) ભારતી (B) નિર્દેશ (C) પ્રત્યુષ (D) ખોજ

**33. વાદળી આકાશ માટે સ્વચ્છ હવાનો આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે ઉજવવામા આવે છે?**
(A) 7 સપ્ટેમ્બર (B) 7 ઓક્ટોબર (C) 7 નવેમ્બર (D) 7 ડિસેમ્બર

**34. બેંકિગ અને નાણાકિય છેતરપિંડી પર સલાહકાર બોર્ડની પુનઃરચના કરવામાં આવી છે. તેના વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) તેનું કાર્યક્ષેત્ર CVC અથવા CBI દ્વારા સંદર્ભિત કેસ માટે સલાહકાર સેવા પુરી પાડવા સુધી વિસ્તરેલ છે.
(B) આ પુનઃગઠિત બોર્ડમાં અધ્યક્ષ અને ચાર સભ્યોનો સમાવેશ થાય છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**35. વર્ષ 2023 માં ભારતમાં કેટલામાં રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી?**
(A) છઠ્ઠા (B) સાતમા (C) આઠમા (D) નવમાં

**36. રાષ્ટ્રીય પોષણ માસ વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) વર્ષ 2023 ની થીમ'સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશક્ત ભારત' છે.
(B) સમગ્ર ભારતમાં શ્રેષ્ઠ પોષણને પ્રોત્સાહન આપવા માટે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં ઉજવવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**37. તાજેતરમાં ગુજરાતના છ જિલ્લાઓને 'ભુમિ સન્માન પ્લેટિનમ સર્ટિફિકેટ' એર્વોડ એનાયત કરવામાં આવ્યા તે કયા ક્ષેત્ર માટે આપવામાં આવ્યા છે?**
(A) જમીનનું કુદરતી ધોવાણ અટકાવવા બદલ (B) મહેસુલ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ
(C) પાકૃતિક ખેતીના વિસ્તારમાં વધારા બદલ (D) આપેલ તમામ

**38. G20 અંતર્ગત બિઝનેસ 20 (B-20) સમિટનું આયોજન કયાં કરવામાં આવ્યુ હતુ?**
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) બેંગલુરુ (D) પૂણે

**39. બિઝનેસ – 20 (B-20) વિશે કયુ વિધાન અસત્ય છે?**
(A) B-20 એ સત્તાવર G20 સંવાદ મંચ છે. જેમાં વૈશ્વિક વેપારી સમુદાય સામેલ છે.
(B) G20 પ્રેસિડેન્સી દ્વારા દર વર્ષે B-20 અધ્યક્ષની નિમણૂક કરવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**40. તાજેતરમાં ચર્ચામાં રહેલ ડાઈવિંગ સપોર્ટ ક્રાફ્ટ 'DSC A20' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) તે ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યુ છે.
(2) ભારતીય નૌકાદળ માટે હુગલી નદીમાં તેનુ જલાવરણ કરવામાં આવ્યુ છે.
(3) TRSL અને રક્ષામંત્રાલય વચ્ચે 10 DSC બનાવવા માટેના કરાર થયેલા છે.
(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 2 (D) આપેલ તમામ

**41. તાજેતરમાં કઈ સાર્વજનિક કંપનીને 'નવરત્ન' નો દરજ્જો આપવામાં આવ્યો છે?**
(A) રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (B) ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ લિમિટેડ
(C) ઈન્ડિયન કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર્સ ઈન્ડસ્ટ્રિઝ (D) ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ લિમિટેડ

**42. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર્સ' એકમનું મુખ્ય મથક કયાં આવેલું છે?**
(A) કલકત્તા (B) મુંબઈ (C) વડોદરા (D) ચેન્નઈ

**43. માયલારા પંથના અસ્તિત્વ અંગેની પૃષ્ટિ કરતી બે પ્રાચીન મૂર્તિઓ કયા રાજયમાંથી મળી આવી છે?**
(A) આંધ્રપ્રદેશ (B) કર્ણાટક (C) બિહાર (D) ઓરિસ્સા

**44. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કંપાલા ઘોષણા' એ કયા ક્ષેત્ર સાથે સબંધિત છે?**
(A) પર્યાવરણ અને આબોહવા પરિવર્તન (B) વૈશ્વિક વેપાર અને બજાર
(C) પુનઃપ્રાપ્ત ઉર્જા સ્ત્રોતો (D) આપેલ તમામ

**45. G20 ની સંસ્કૃતિ મંત્રી સ્તરીય બેઠકનું આયોજન કયાં કરવામાં આવ્યુ હતુ?**
(A) નવી દિલ્હી (B) ઉજ્જૈન (C) વારાણસી (D) તિરુવનંતપુરમ્

Banking Academy

**46. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(1) દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને દુબઈ સ્થિત બહુરાષ્ટ્રીય લોજિસ્ટિક કંપની DP વર્લ્ડે મેગા કન્ટેનર ટર્મિનલ પ્રોજેક્ટ માટે કરાર કર્યા છે.
(2) આ કન્ટેનર ટર્મિનલ ગુજરાતના તુના (ટયુના) ટેકરા ખાતે આકાર પામશે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**47. હાલમાં ચર્ચામાં રહેલ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તાજેતરમાં સમયસર ચૂંટણી ન યોજવા બદલ અસ્થાયીરૂપે United world wrestling દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યુ છે.
(B) તે ભારતમાં કુસ્તીનું સંચાલન કરતી મુખ્ય સંસ્થા છે.
(C) તેનું વડુમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
(D) એક પણ નહી

**48. UWW (United World Wrestling) નું મુખ્યમથક કયાં આવેલું છે?**
(A) લુઝાન, સ્વિત્ઝર્લેન્ડ (B) કોર્સિયર – સુર – વેવે, સ્વિત્ઝરલેન્ડ
(C) ઝયુરિચ, સ્વિત્ઝર્લેન્ડ (D) ડબલિન, આયર્લેન્ડ

**49. 'સુપર બ્લુ મૂન' ખંગોળીય ઘટના વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) બ્લુ મૂન અને સુપર મૂન બંને મળી આકાશને મોટા અને તેજસ્વી ચંદ્ર વડે પ્રકાશિત કરે છે.
(2) સુપર મુન ત્યારે થાય છે જયારે ચંદ્ર તેની ભ્રમણકક્ષા દરમિયાન પૃથ્વીની નજીક આવે છે.
(3) જયારે એક કેલેન્ડર મહિનામાં બે પૂર્ણિમા હોય છે ત્યોર બીજી પૂર્ણિમાના ચંદ્રને બ્લૂ મુન કહે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**50. નીચે આપેલા પૈકી સત્ય વિધાન જણાવો.**
(1) તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યુ કે તમામ લગ્નોને જાહેર ઘોષણા અથવા સમારંભની જરૂર નથી.
(2) સુપ્રીમ કોર્ટે તમિલનાડુના કાયદાને મંજૂરી આપી હતી જે 'સ્વ–સન્માન' લગ્નોને મંજૂરી આપે છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**51. કોઈપણ બહારની વ્યકિતના દખલ વિના જીવનસાથી પસંદ કરવાનો અધિકાર બંધારણના કયા અનુચ્છેદ પ્રમાણે મળે છે?**
(A) અનુચ્છેદ 15 (B) અનુચ્છેદ 21 (C) અનુચ્છેદ 19 (D) અનુચ્છેદ 22

**52. 'અડોપ્ટ અ હેરીટેજ – 2.0' પ્રોગ્રામ કોના દ્વારા શરૂ કરવામાં આવ્યો છે?**
(A) FSSAI (B) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
(C) બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (D) ઓર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા

**53. ભારતના વિરાસત સ્મારકોને પ્રદર્શિત કરતી કઈ મોબાઈલ એપ્લિકેશન ASI દ્વારા લોન્ચ કરવામાં આવી છે?**
(A) ઈંડિયન હેરિટેજ (B) ઈંડિયન સ્મારક (C) ભારત સંસ્કૃતિ (D) ઈંડિયન કલ્ચર

**54. ગ્લોબલ ફાયનાન્સ મેગેઝિન દ્વારા વિશ્વના શ્રેષ્ઠ કેન્દ્રીય બેંક વડા તરીકે કોને જાહેર કરવામાં આવ્યા છે?**
(A) થોમસ જે જોર્ડન (B) શક્તિકાંત દાસ (C) ન્યુએન થી હોંગ (D) રોર્બટ ફૂમાને

**55. તાજેતરમાં કાકરાપાર ઓટોમિક પાવર પ્રોજેક્ટનું યુનિટ – 3 શરૂ કરવામાં આવ્યુ તે કયા જીલ્લામાં આવેલું છે?**
(A) તાપી (B) સુરત (C) નર્મદા (D) નવસારી

**56. તાજેતરમાં ચર્ચામાં રહેલા કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે ભારત સરકારના ઉપક્રમ ન્યુક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા સંચાલિત છે.
(2) ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત Pressurised Heavy Water Reactor (PHWR) છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**57. તાજેતરમાં UGC દ્વારા કઈ સંસ્થાને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે?**
(A) AIIMS (B) AICTE (C) NCERT (D) એક પણ નહી

**58. હાલમાં ચર્ચામાં રહેલ NCERT સંસ્થા વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તેની સ્થાપના વર્ષ 1971 માં સોસાયટી એક્ટ હેઠળ શાળા શિક્ષણના ક્ષેત્રમાં માર્ગદર્શન માટે કરવામાં આવી હતી.
(B) ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો મળતા હવે સ્નાતક, અનુસ્નાતક અને ડોકટરેટની પદવી પણ આપી શકશે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**59. UGC વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) તેને UGC Act 1956 અંતર્ગત બનાવવમાં આવી હતી. (B) તેનુ વડુમથક દિલ્લી ખાતે આવેલું છે.
(C) તેનો પાયો તત્કાલીન શિક્ષણમંત્રી મૌલાના આઝાદે નાખ્યો હતો. (D) આપેલ તમામ

**60. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (FTII) ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) શેખર કપૂર (B) આર માધવન (C) પરેશ રાવલ (D) અમિતાભ બચ્ચન

**61. ચર્ચામાં રહેલા ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (FTII) વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) તે ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
(B) વર્ષ 1960 માં પુણે ખાતે તેમની સ્થાપના કરવામાં આવી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી

**62. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બાળકોની સર્જનાત્મક અભિવ્યકિત વિકસાવવા માટે કઈ કંપની સાથે કરાર કર્યા છે?**
(A) Google (B) Amazon (C) Apple (D) Adobe

**63. ભારતનું પ્રથમ UPI-ATM કઈ કંપની દ્વારા લોંચ કરવામાંઆવ્યુ છે?**
(A) પે – પલ પેમેન્ટ સર્વિસિસ (B) હિતાચી પેમેન્ટ સર્વિસિસ (C) પેટીએમ પેમેન્ટ સર્વિસિસ (D) અમેઝોન પે

**64. તાજેતરમાં ચર્ચામાં રહેલ વ્હાઈટ લેબલ એટીએમ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) નોન – બેંકિગ ફાઈનાન્સિયલ સંસ્થાઓની માલિકીથી સંચાલિત થતા ATM ને વ્હાઈટ લેબલ એટીએમ કહે છે.
(B) આ પ્રકારના ATM પર બેંકનો કોઈ લોગો હોતો નથી
(C) A અને B બંને (D) એક પણ નહી

**65. UPI – ATM વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) આ પ્રકારના ATM માંથી UPI એપનો ઉપયોગ કરીને પૈસા ઉપાડી શકાય છે.
(B) તેમાંથી રોજ રૂા. 20,000 સુધીનો રોકડ રકમ ઉપાડી શકાય છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**66. ભારત દ્વારા બનાવવામાં આવેલી વિશ્વની સૌપ્રથમ પોર્ટેબલ ડિઝાસ્ટર હોસ્પિટલને શું નામ આપવામાં આવ્યુ છે?**
(A) આરોગ્યમ મંગલમ્ (B) ભારત આરોગ્યસેતુ (C) આરોગ્ય મૈત્રી કયુબ (D) આરોગ્ય નિર્માણ

**67. 'આરોગ્ય મૈત્રી કયુબ' પોર્ટેબલ ડિઝાસ્ટર હોસ્પિટલ વિશે સત્ય વિધાન કયુ નથી?**
(A) તેને પ્રોજેક્ટ BHISHM (Bharat Health Initiative For Sahyog Hita and Maitri) હેઠળ સ્વદેશી રીતે વિકસાવવામાં આવ્યુછે.
(B) તે કુલ 72 ક્યુબમાં આવશ્યક સાધનો અને પુરવઠાથી સમાવિત છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**68. તાજેતરમાં G-20 સમિટની સુરક્ષા અને સલામતી માટે ભારતીય વાયુસેના દ્વારા કયુ એરક્રાફ્ટ તૈનાત કરવામાં આવ્યુ હતું?**
(A) નેત્ર (B) વિક્રમ (C) પ્રહર (D) આકાશ

**69. 'નેત્ર – એરક્રાફ્ટ' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) નેત્ર સ્વદેશી રીતે બનાવેલુ સર્વેલન્સ અને મોનિટરીંગ એરક્રાફ્ટ છે.
(2) તેમા Airborne Warning and Control System લગાડવામાં આવેલી છે. જે ભારત અને ફ્રાંસના સહયોગથી તૈયાર થયેલી છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**70. ઐતિહાસિક મહત્વ ધરાવતા શિવાજીનો 'વાઘ નખ' કયા દેશમાંથી ભારત પરત લાવવામાં આવશે?**
(A) ફ્રાંસ (B) પોલેન્ડ (C) આર્થલેન્ડ (D) ઈંગ્લેન્ડ

**71. 'ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ' (GSOS) વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) પ્રાથમિક શાળા બાદ ભણવાનું છોડી દેનાર વિદ્યાર્થીઓ ધોરણ 10-12 સુધી અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થા છે.
(B) ગુજરાત સરકાર દ્વારા દરેક તાલુકામાં ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલની રચના કરવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**72. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાં રજીસ્ટ્રેશન માટેની પાત્રતા વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) ધોરણ 9 માટે જે તે શૈક્ષણિક વર્ષની પહેલી જૂનના રોજ 15 વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી માન્ય ગણાશે.
(B) ધોરણ 11 (સામાન્ય પ્રવાહ) માટે ધોરણ 10 પાસ કરેલ વિદ્યાર્થી માન્ય ગણાશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**73. નવી દિલ્હી ખાતે આયોજીત G-20 સમિટ દરમિયાન રાખેલા પ્રદર્શન વિશે સત્ય વિધાનો જણાવો.**
(1) ભારત મંડપમની એક દિવાલને 'India : Wall of Democracy' નામ આપવામાં આવ્યુ હતુ.
(2) જેમા સ્ક્રીન પેનલની મદદથી ભારતનો ઈતિહાસ દર્શાવ્યો હતો.
(3) Digital India Experience Zone માં ભારતની ડિજીટલ ટ્રાન્સફોર્મેશનની તસવીર રજૂ કરાઈ હતી.
(4) 'ગીતા AI' ટૂલ ને પ્રદર્શનના અંતે કિઓસ્ક પર મૂકવામાં આવ્યુ હતુ.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 4 (D) આપેલ તમામ

**74. છાણથી સંચાલિત બાયોગેસ ઉત્પન્ન કરવા માટેના પ્લાન્ટ સ્થાપવા માટે કઈ કંપની વચ્ચે કરાર કરવામાં આવેલો છે?**
(1) બનાસ ડેરી (2) નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ
(3) સુઝુકી R & D સેન્ટર ઈન્ડિયા
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3 (C) માત્ર 2, 3 (D) આપેલ ત્રણેય

**75. સૌપ્રથમ છાણથી સંચાલિત બાયોગેસ પ્લાન્ટ કયાં સ્થાપવામાં આવશે?**
(A) જુનાગઢ (B) બનાસકાંઠા (C) મહેસાણા (D) રાજકોટ

**76. 'ઈન્દ્રજાલ' એન્ટિ ડ્રોન પ્રણાલી વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે AI આધારીત સંપૂર્ણ રીતે સ્વદેશી વિકસિત પ્રણાલી છે.
(2) તે વિશ્વની એકમાત્ર સ્વાયત ડ્રોનના તમામ સ્તરો સામે રક્ષણ કરતી પ્રણાલી છે.
(3) તે ચોક્કસ લક્ષ્યાંકો પર હુમલો કરવા માટે ઈન્ફ્રારેડ અને લેસરથી સજ્જ છે.
(4) તે 4000 વર્ગ કિમીના વિસ્તારમાં સુરક્ષા કરી શકે છે.
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 4 (D) આપેલ તમામ

**77. AI આધારીત એન્ટિ ડ્રોન પ્રણાલી 'ઈન્દ્રજાલ' નો વિકાસ કઈ સંસ્થાએ કર્યો છે?**
(A) ગ્રેન (Grene) રોબોટિક્સ (B) સ્કાયરૂટ એરોસ્પેસ (C) DRDO (D) અગ્નિકુલ કોસમોસ

**78. 'પ્રોજેક્ટ નમન' વિશે અસત્ય વિધાન કયુ છે?**
(A) ભારતીય સેના દ્વારા પ્રોજેક્ટ નમનની શરૂઆત કરવામાં આવેલી છે.
(B) તેની અંતર્ગત લશ્કરના નિવૃત્ત સૈનિકો અને મૃત્યુ પામેલા જવાનોના સંબંધીઓ માટે સુવિધા અને ફરિયાદ નિવારણ કેન્દ્રોની સ્થાપન કરવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**79. ગતિશકિત વિશ્વવિદ્યાલયે એરોસ્પેસ શૈક્ષણિક અભ્યાસક્રમના વિકાસ માટે કઈ સંસ્થા સાથે MoU કર્યા છે?**
(A) બોઈંગ (B) એરબસ (C) જેટ એરવેઝ (D) એતીહાદ એરવેઝ

**80. ગતિશકિત વિશ્વવિદ્યાલય બાબતે અસત્ય વિધાન કયુ છે?**
(A) વર્ષ 2022 માં સંસદના અધિનિયમ દ્વારા સ્થાપિત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય છે.
(B) તે ભારત સરકારના ગતિશકિત મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**81. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(1) ગાંધીનગર ખાતે WHO અને આયુષ મંત્રાલય દ્વારા પરંપરાગત ચિકિત્સા પર વૈશ્વિક સમિટનું આયોજન થયુ હતું.
(2) આ સમિટના પરિણામ દસ્તાવેજને 'ગુજરાત ઘોષણા' નામ આપવામાં આવ્યુ છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી

**82. વિશ્વના સૌપ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનની સ્થાપના કયાં કરવામાં આવેલી છે?**
(A) નવી દિલ્હી (B) ગાંધીનગર (C) ભોપાલ (D) જામનગર

**83. તાજેતરમાં કઈ બેંક દ્વારા ડિજીટલ કરન્સી eRupee માટે એપ્લિકેશન લોન્ચ કરવામાં આવેલી છે?**
(A) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (B) યુનિયન બેંક ઓફ ઈન્ડિયા (C) સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા (D) એક પણ નહી.

**84. ડિજિટલ કરન્સી eRupee વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) તે ક્રિપ્ટો કરન્સી જેવી બ્લોકચેન ટેકનોલોજી પર આધારિત છે.
(B) eRupee માત્ર વોલેટમાં જ રાખી શકાય છે તેને રાખવા માટે બેન્ક ખાતાની જરૂર નથી.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**85. RBI દ્વારા eRupee ચલણ તરીકે કયારે લોન્ચ કરવામાં આવી હતી?**
(A) 1 નવેમ્બર 2022 (B) 1 ડિસેમ્બર 2022 (C) 1 જાન્યુઆરી 2023 (D) 26 જાન્યુઆરી 2023

**86. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનના સૌપ્રથમ મહિલા ક્ષેત્ર નિર્દેશક કોણ બન્યા છે?**
(A) પ્રિયંકા ઝા (B) અવંતિકા સિંઘ (C) સોનાલી ઘોષ (D) અવની ચતુર્વેદી

**87. તાજેતરમાં NPCI દ્વારા UPI પર લોન્ચ કરવામાં આવેલા નવા વિકલ્પો પૈકી સત્ય વિકલ્પો પસંદ કરો.**
(1) Hello UPI (2) Bill Pay Connect
(3) UPI Tap & Pay (4) UPI Lite X
(5) Credit line on UPI
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 2, 3, 5 (C) માત્ર 1, 3, 4, 5 (D) આપેલ તમામ

**88. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) Credit line on UPI ની મદદથી હવે બેંકોમાંથી પૂર્વ મંજૂરી ક્રેડિટ લાઈનને UPI મારફતે ઉપયોગ કરી શકાશે.
(B) Hello UPI ની મદદથી વિવિધ ભાષામાં અવાજની મદદથી UPI પેમેન્ટ કરી શકાશે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**89. તાજેતરમાં UPI માટે જાહેર થયેલી UPI-LITE X સુવિધા વિશે કયુ વિધાન ખોટુ છે?**
(A) આ સુવિધા ઓફલાઈન પેમેન્ટ માટે લોન્ચ કરવામાં આવી છે.
(B) તે NFC (Near Field Communication) ટેક્નોલોજીની સહાયથી કાર્ય કરશે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**90. 'માનવ સંસાધન વિકાસ કેન્દ્ર' નુ નામ બદલીને શું રાખવાની જાહેરાત કરવામાં આવી છે?**
(A) અબુલ કલામ શિક્ષક વિકાસ કેન્દ્ર (B) ડો. રાધાકૃષ્ણ માનવ સંસાધન વિકાસ કેન્દ્ર
(C) અટલ શિક્ષક તાલીમ કેન્દ્ર (D) મદન મોહન માલવિયા શિક્ષક તાલીમ કેન્દ્ર

**91. UGC દ્વારા શરૂ કરવામાં આવેલા માલવિયા મિશનના હેતુઓ કયા છે?**
(1) શિક્ષણ તાલીમની ગુણવત્તા સુધારવા
(2) શિક્ષકોમાં નેતૃત્વ, કૌશલ્યોનું નિર્માણ
(3) NEP ના લક્ષ્યોને સાકાર કરવા
(A) માત્ર 1 (B) માત્ર 1, 2 (C) માત્ર 2, 3 (D) આપેલ તમામ

**92. ડુરાન્ડ કપ – 2023 વિશે અસત્ય વિધાન પસંદ કરો.**
(A) આ સ્પર્ધામાં મોહન બાગાન સુપર જાયન્ટ વિજેતા રહ્યુ હતું.
(B) મોહન બાગાન સુપર જાયન્ટ 17 વખત આ ટાઈટલ જીતનાર પ્રથમ ટીમ બની છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**93. તાજેતરમાં કયા રાજ્યના કોરાપુટ કાલાજીરા ચોખાને GI ટેગ આપવામાં આવ્યો?**
(A) ઓરિસ્સા (B) પશ્ચિમ બંગાળ (C) આંધ્રપ્રદેશ (D) બિહાર

**94. તાજેતરમાં GI ટેગ આપવામાં આવેલા 'સાલેમ સાગો' કયા રાજ્ય સાથે સંબંધિત છે?**
(A) કેરલ (B) કર્ણાટક (C) તમિલનાડુ (D) તેલંગાણા

**95. ગુજરાત રાજય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) રાહુલ શર્મા (B) ડો. કૌશલ જયેન્દ્ર ઠાકર (C) ડો. અંકિતા ગોસ્વામી (D) ડો. અનિરુધ્ધ ચુડાસમા

**96. તાજેતરમાં ગુજરાત રાજય માનવ અધિકાર આયોગમાં સભ્ય તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) ભરતકુમાર ઉપાધ્યાય (B) કૌશલ્ય ઠાકર (C) રમેશ કથીરીયા (D) ભગવાનલાલ દવે

**97. હાલમાં ચર્ચામાં રહેલ રાજય માનવ અધિકાર આયોગ વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(1) તેની રચના માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ 1993 હેઠળ કરવામાં આવે છે.
(2) આયોગમાં 1 અધ્યક્ષ અને 4 સભ્યો હોય છે.
(3) આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
(4) આયોગના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ 3 વર્ષ અથવા 70 વર્ષ બંનેમાંથી જે પહેલા પૂર્ણ થાય ત્યાં સુધી હોય છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**98. તાજેતરમાં ભારત અને કયા દેશની નૌ સેના વચ્ચે વરુણ યુધ્ધાભ્યાસનું આયોજન થયુ હતુ?**
(A) અમેરીકા (B) બેલ્જિયમ (C) ફ્રાંસ (D) જર્મની

**99. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(1) તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાતની ઈ– વિધાનસભાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યુ હતુ.
(2) NeVA (National e Vidhansabha Application ) એ વડાપ્રધાનના 'વન નેશન વન એપ્લિકેશન' કાર્યક્રમ અંતર્ગત બનાવવામાં આવેલી છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**100. તાજેતરમાં તરણેતરના મેળામાં કેટલામા ગ્રામીણ ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યુ હતુ?**
(A) 15 મા (B) 16 મા (C) 17 મા (D) 18 મા

**101. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થતુ અટકાવવા માટેની તાર ફેન્સિંગની યોજના વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તાજેતરમાં તાર ફેન્સિંગ કરવા માટે 5 હેકટરની ખેતરની મર્યાદા ઘટાડી 2 હેક્ટર કરવામાં આવી છે.
(B) 200 રૂ. પ્રતિ રનિંગ મીટરની સહાય અથવા લાગત ખર્ચના 50% બેમાંથી જે ઓછુ હોય તે સહાય આ યોજના હેઠળ મળવાપાત્ર છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**102. યુ.એસ. ઓપન – 2023 વિજેતાઓ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) મહિલા એકલનો ખિતાબ કોકો ગોફે એ જીત્યો છે. (B) પુરુષ એકલનો ખિતાબ ડેનિલ મેદવેદેવ એ જીત્યો છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**103. ટેનિસ ગ્રાન્ડસ્લેમ ફાઈનલમાં પંહોચનાર સૌથી વયસ્ક ખેલાડી કોણ બન્યો છે?**
(A) લિએન્ડર પેસ (B) મહેશ ભૂપતિ (C) રોહન બોપન્ના (D) સોમદેવ દેવબર્મન

Banking Academy

**104. સૌથી વધુ પુરુષ એકલનો ગ્રાન્ડસ્લેમ ખિતાબ જીતનાર ખેલાડી કોણ છે?**
(A) રાફેલ નડાલ (B) નોવાક જોકોવિચ (C) રોજર ફેડરર (D) કાર્લોસ અલ્કારાજ

**105. તાજેતરમાં કયા દેશ સાથે ભારતના સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલની પ્રથમ બેઠક યોજાઈ હતી?**
(A) UAE (B) સાઉદી અરેબીયા (C) કુવૈત (D) ફિલિપાઈન્સ

**106. ભારત – સાઉદી અરેબિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલની બેઠકમાં થયેલા કરાર વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) ભારત અંડર સી કેબલ દ્વારા સાઉદી અરેબિયાને ઈલેક્ટ્રિસિટી એક્સપોર્ટ કરશે.
(2) સાઉદી અરેબિયા ગિફ્ટ સીટી ખાતે પોતાની ઓફિસ શરૂ કરશે.
(3) મહારાષ્ટ્ર ખાતે વેસ્ટ કોસ્ટ રિફાઈનરી પ્રોજેક્ટના અમલીકરણ માટે સહમતી કરવામાં આવી છે.
(A) માત્ર 2 (B) માત્ર 1, 3 (C) માત્ર 1, 2 (D) આપેલ તમામ

**107. તાજેતરમાં ઉત્તરી આફ્રિકાના કયા દેશમાં વિનાશક ભૂકંપ આવેલો હતો?**
(A) મોરક્કો (B) ઈજીપ્ત (C) લિબીયા (D) સુડાન

**108. વર્ષ 2022 ના શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર વિવિધ શ્રેણીઓમાં કેટલા વૈજ્ઞાનિકોને આપવામાં આવશે?**
(A) 14 (B) 12 (C) 16 (D) 8

**109. શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસકાર વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તેની શરૂઆત વર્ષ 1957 માં થઈ હતી.
(2) વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ તે આપવામાં આવે છે.
(3) આ પુરસ્કારમાં 10 લાખ રૂ. રોકડા અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
(4) કેન્દ્રીય વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરીષદ (SIR) દ્વારા વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવે છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 3, 4 (C) માત્ર 1, 2, 4 (D) માત્ર 2, 3, 4

**110. બેડમિન્ટનની ઈન્ડોનેશિયા માસ્ટર્સ – 2023 માં પુરુષ એકલનો ખિતાબ કોણ જીત્યુ છે?**
(A) લક્ષ્ય સેન (B) શ્રીકાંત કિદાંબી (C) કિરણ જ્યોર્જ (D) ક્રિષ્ના નાગર

**111. ગુજરાતના પ્રથમ વનપાલ સ્મારકનું લોકાર્પણ કયાં કરવામાં આવેલું છે?**
(A) જૂનાગઢ (B) ગીર સોમનાથ (C) પંચમહાલ (D) ગાંધીનગર

**112. કેન્દ્ર સરકાર દ્વારા 'રાષ્ટ્રીય વન શહિદ દિવસ' તરીકે ક્યારે ઉજવવામાં આવે છે?**
(A) 11 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 22 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર

**113. તાજેતરમાં અમદાવાદના નવા મેયર તરીકે કોની નિમણૂક થઈ છે?**
(A) દક્ષેશ માવાણી (B) પ્રતિભા જૈન (C) ભરત બારડ (D) પિંકી સોની

**114. 12 સપ્ટેમ્બર, 2023 ના રોજ કયો ધૂમકેતુ 450 વર્ષ બાદ પૃથ્વીની નજીકથી પસાર થયો હતો?**
(A) નીશીમુરા (B) બોરોલી (C) 81P/wild (D) 144P / kushida

**115. BRO દ્વારા વિશ્વનું સૌથી ઊંચું ફાઈટર એરફિલ્ડ ન્યોમા એ કયા રાજયમાં બનાવવામાં આવશે?**
(A) જમ્મુ કાશ્મીર (B) લદ્દાખ (C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ

**116. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા 'પોઈલા બૈ શાખ' ને રાજય સ્થાપના દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે?**
(A) ઓરિસ્સા (B) પશ્ચિમ બંગાળ (C) બિહાર (D) પંજાબ

**117. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) 'બાંગ્લાર માટી બંગ્લાર જોલ' ને રાજયગીત તરીકે મનાવવા માટે પ. બંગાળ વિધાનસભામાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો.
(B) આ ગીતની રચના બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા કરવામાં આવી હતી.
(C) A અને B બંને
(D) એક પણ નહી

**118. FIBA વર્લ્ડકપ – 2023 વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) આ ટુર્નામેન્ટની ફાઈનલમાં જર્મનીની ટીમ વિજેતા રહી હતી.
(B) આ ટુર્નામેન્ટનું આયોજન ફિલિપાઈન્સ, જાપાન અને ઈન્ડોનેશિયા ખાતે કરવામાં આવ્યુ હતુ.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**119. તાજેતરમાં ચર્ચામાં રહેલા એરક્રાફ્ટ C-295 વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) યુરોપિયન કંપની એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ દ્વારા ભારતને પ્રથમ C-295 એરક્રાફ્ટ સોંપવામાં આવ્યુ છે.
(2) C-295 નું ઉત્પાદન અને એસેમ્બરલ ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ, વડોદરા ખાતે કરવામાં આવશે.
(3) તે માત્ર 320 મીટરના અંતરે જ ટેક ઓફ અને લેન્ડિંગ કરી શકે છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**120. નીચે આપેલા પૈકી કયુ વિધાન અસત્ય છે?**
(A) તાજેતરમાં કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં 75 લાખ મહિલાઓને પ્રધાનમંત્રી ઉજવલ્લા યોજના હેઠળ નવા ગેસ કનેકશન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
(B) આ લક્ષ્યાંક નાણાકિય વર્ષ 2023-24 થી 2024 -25 સુધીના બે વર્ષમાં પુરો કરવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**121. તાજેતરમાં ભાદરવી અમાસના રોજ કયા મેળાનું ભાવનગર જિલ્લામાં આયોજન કરવામાં આવ્યુ હતુ?**
(A) તરણેતરનો મેળો (B) રસરંગ મેળો (C) નકળંગનો મેળો (D) ગોપનો મેળો

**122. SAFF (South Asian Football Federation) U – 16 ચેમ્પિયનશીપ 2023 વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) આ ચેમ્પિયનશિપમાં ભારત બાંગ્લાદેશને હરાવીને વિજેતા રહ્યુ હતું.
(B) આ ચેમ્પિયનશિપનું આયોજન નેપાળ ખાતે કરવામાં આવ્યુ હતું.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**123. તાજેતરમાં કયા દેશની સંસદમાં એલિયનના 1000 વર્ષ જુના મૃતદેહ પ્રદર્શિત કરવામાં આવ્યા.**
(A) અમેરિકા (B) બ્રાઝિલ (C) આર્જેન્ટિના (D) મેક્સિકો

**124. તાજેતરમાં નરસિંહ મહેતા પુરસ્કારના વિજેતાઓની જાહેર કરેલી યાદી પૈકી કઈ જોડ યોગ્ય છે?**
(1) વર્ષ 2020 – જવાહર બક્ષી (2) વર્ષ 2021 – રાજેશ વ્યાસ મિસ્કિન
(3) વર્ષ 2022 – અનિલ ચાવડા (4) વર્ષ 2023 – ઉદયન ઠક્કર
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 2, 4 (D) માત્ર 1, 3, 4

**125. નરસિંહ મહેતા પુરસ્કાર વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ દ્વારા તેના વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવે છે.
(2) આ પુરસ્કાર અંતર્ગત વિજેતાઓને 1, 51,000 રૂા. રોકડા અને સ્મૃતિચિહ્ન આપવામાં આવે છે.
(3) આ પુરસ્કારની શરૂઆત વર્ષ 1999 માં કરવામાં આવી હતી.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) આપેલ તમામ

**126. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) ભારતમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચુંટણી માટે અલગ અલગ મતદાર યાદીઓ છે.
(B) કાયદા પંચ અને ચુંટણી પંચે એક મતદાર યાદી બનાવવા માટેની ભલામણ કરેલી છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**127. પ્રધાનમંત્રી દ્વારા G20 પ્રેસિડેન્સીની યાદમાં બહાર પાડવામાં આવેલા સિક્કાઓ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) પ્રધાનમંત્રી દ્વારા 75 અને 100 ના બે સિક્કા બહાર પાડવામાં આવ્યા છે.
(B) તે ભારતની આઝાદીના 75 વર્ષની 100 વર્ષ તરફથી યાત્રાનો સંકેત આપે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**128. ભારતના સૌરમિશન 'આદિત્ય L-1' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ મિશનને PSLV – C57 રોકેટ દ્વારા લોંચ કરવામાં આવ્યુ હતુ.
(2) વિક્રમ સારાભઈ સ્પેસ સેન્ટર, તિરુવનંતપુરમ ખાતેથી તેને લોન્ચ કર્યુ હતુ.
(3) તે પૃથ્વી – સુર્ય પ્રણાલીના લાગ્રેન્જિયન પોઈન્ટ – L1 થી સૂર્યનો અભ્યાસ કરવા માટેનું મિશન છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 3 (C) માત્ર 1, 3 (D) 1, 2, 3

**129. લાગ્રાન્જિયન બિંદુ (Lagrangian Point) વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) આ બિંદુઓ પર મુકવામાં આવેલી કોઈ પણ વસ્તુ પૃથ્વી અને સુર્યની તરફ સમાન રીતે ખેંચાતી અનુભવાશે અને પૃથ્વી સાથે સુર્યની આસપાસ ફરશે.
(B) NASA નું James Webb ટેલિસ્કોપ એ પૃથ્વી અને સુર્ય વચ્ચેના LI બિંદુ પર આવેલુ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**130. તાજેતરમાં કયા બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રુઝ ટર્મિનલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ છે?**
(A) કોચી (B) ચેન્નાઈ (C) વિશાખાપટ્ટનમ (D) તુતીકોરીન

**131. તાજેતરમાં અમેરિકાના કયા રાજયએ ઓક્ટોબર મહિનાને 'હિન્દુ હેરિટેજ મહિનો' જાહેર કર્યો છે?**
(A) ટેક્સાસ (B) જ્યોર્જિયા (C) ન્યુ જર્સી (D) કેલિફોર્નિયા

**132. તાજેતરમાં ASEAN સંગઠનના નેતાઓ દ્વારા વર્ષ 2026 ની ASEAN અધ્યક્ષતા માટે કયા દેશનો અસ્વીકાર કર્યો છે?**
(A) મ્યાનમાર (B) ફિલિપાઈન્સ (C) ઈન્ડોનેશિયા (D) કંબોડિયા

**133. તાજેતરમાં નિધન પામેલા એન. વાલમર્થી એ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?**
(A) સમાજસેવા (B) શાસ્ત્રીય નૃત્ય (C) રમત ગમત (D) વૈજ્ઞાનિક

**134. ISRO ના વૈજ્ઞાનિક એન. વાલમર્થી વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) શ્રી હરીકોટા રોકેટ પ્રક્ષેપણ માટે કાઉન્ટ ડાઉનમાં પોતાનો અવાજ આપવા માટે જાણીતા હતા.
(B) તમિલનાડુ સરકાર દ્વારા અપાતો અબ્દુલ કલામ એવોર્ડ મેળવનાર તે પ્રથમ વ્યકિત હતા.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**135. રેમન મેગ્સસે એવોર્ડ – 2023 વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) વર્ષ 2023 ના રેમન મેગ્સસે એવોર્ડ માટે ભારતના ડો. રવિ કન્નનની પસંદગી થઈ છે.
(B) તેઓ આસામ સ્થિત કચર કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર ના નિર્દેશક તરીકે સેવા આપે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**136. રેમન મેગ્સસે એવોર્ડ વર્ષ – 2023 માટે પસંદગી પામેલા વ્યકિતઓ અને તેને સબંધિત દેશની કઈ જોડ ખોટી છે?**
(1) કોરવી રક્ષંદ – બાંગ્લાદેશ (2) યુજેનિયો લેમોસ – તિમોર લેસ્ત
(3) મરિયમ કોરોનેલ ફેરર – ફિલિપાઈન્સ (4) ડો. રવિ કન્નન – ભારત
(A) માત્ર 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1 (D) એક પણ નહી

**137. 'વિશ્વ દર્દી સલામતી દિવસ' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) દર વર્ષે 17 સપ્ટેમ્બરના રોજ વિશ્વ દર્દી સલામતી દિવસ ઉજવવામાં આવે છે.
(B) WHO દ્વારા સૌપ્રથમ વાર વર્ષ 2019 માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
(C) A અને B બંને (D) એક પણ નહી

**138. 'વિશ્વ ઓઝોન દિવસ' વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ઓઝોન દિવસ ઉજવવામાં આવે છે.
(B) વર્ષ 2023 માં તેની થીમ – 'મોન્ટ્રિયલ પ્રોટોકલ : ફિકિસંગ ધ ઓઝોન લેયર એન્ડ રિડયુસિંગ કલાઈમેટ ચેન્જ' હતી.
(C) A અને B બંને
(D) એક પણ નહી

**139. ઓઝોન સ્તરના સંરક્ષણ માટે નીચે આપેલા પૈકી કઈ સમજૂતીઓ વૈશ્વિક સ્તરે કરવામાં આવેલી છે?**
(1) કિગાલી પ્રોટોકલ (2) મોન્ટ્રિયલ પ્રોટોકલ (3) વિયેના કન્વેન્શન
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**140. 'રાષ્ટ્રીય ઈજનેર દિવસ' વિશે અસત્ય વિધાન કયુ છે?**
(A) દર વર્ષે 15 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય ઈજનેર દિવસ તરીકે ઉજવાય છે.
(B) વર્ષ 2023 માં તેની થીમ 'Engineering for a sustainble future' ' હતી.
(C) ભારતના મહાન ઈજનેર એમ. વિશ્વેશ્વરૈયાના જન્મદિવસ નીમિતે તેની ઉજવણી થાય છે.
(D) એક પણ નહી.

**141. 'રાષ્ટ્રીય હિન્દી દિવસ' વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે?**
(A) ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસ ઉજવવામાં આવે છે.
(B) હિન્દી સાહિત્યકાર બ્યોહાર રાજેન્દ્રસિંહાએ હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા માટે સંઘર્ષો કર્યા હતા.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**142. 'આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ' કયારે ઉજવવામાં આવે છે?**
(A) 1 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર (C) 7 સપ્ટેમ્બર (D) 23 સપ્ટેમ્બર

**143. હાલમાં ચર્ચામાં રહેલા 'એક રાષ્ટ્ર એક ચુંટણી' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) કેન્દ્ર સરકારે આ વિષયમાં સંભવિતતાની ખાતરી કરવા માટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે.
(2) ગૃહમંત્રી અમિત શાહ અને ન્યાયશાસ્ત્રી હરિશ સાલ્વે આ સમિતીના અન્ય સભ્યો છે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહી.

**144. National Judicial Data Grid પોર્ટલ વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલય પણ આ પોર્ટલમાં જોડાય ગઈ છે.
(2) NJDG એ ભારતમાં e court પ્રોજેકટ હેઠળ બનાવવામાં આવેલ ઓનલાઈન પ્લેટફોર્મ છે.
(3) તે વ્યાપક માહિતી સંગ્રહક છે જેમા દેશની તમામ ઉચ્ચ અદાલતોના કેસોની માહિતીનો સમાવેશ થાય છે.
(4) હાલમાં તેમા જિલ્લા અદાલતો અને ગૌણ અદાલતોનો સમાવેશ થતો નથી.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 2, 3 (D) માત્ર 1, 4

**145. તાજેતરમાં ભારતીય મૂળના થર્મન શણમુગારત્નમ એ કયા દેશના પ્રમુખ બન્યા છે?**
(A) મોરેશિયસ (B) સુરીનામ (C) સેશેલ્સ (D) સિંગાપોર

**146. સ્કિલ ઈન્ડિયા ડિજિટલ પ્લેટફોર્મ વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) તે કૌશલ્ય વિકાસ, શિક્ષણ, રોજગાર અને સાહસિકતા ઈકોસિસ્ટમ માટે ભારતના DPI (Digital Public Infrastructure) તરીકે સેવા આપે છે.
(B) તેને વિશ્વ બેંકના SANKALP પ્રોગ્રામ હેઠળ નાણાકીય સહાયતા આપવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**147. સ્કિલ ઈન્ડિયા ડિજીટલ પ્લેટફોર્મ વિશે અયોગ્ય વિધાન પસંદ કરો.**
(A) તે માત્ર હિંદી અને અંગ્રેજી ભાષાને સપોર્ટ કરશે તેમજ લોગ ઈન કરવા માટે e – kyc કરાવવું પડશે.
(B) કૌશલ્ય અને લાયકાત દર્શાવવા માટે એક સુરક્ષિત DVC (Digital Varified Identity) રજૂ કરશે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**148. તાજેતરમાં સમાચારમાં રહેલ K-2-18B શું છે?**
(A) એક્ઝોપ્લેનેટ (B) મેડીકલ ડ્રોન (C) સબમરીન (D) ફૂગની પ્રજાતિ

**149. હાલમાં શોધાયેલા બાહયગ્રહ K-2-18B વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) NASA ના જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા તેની શોધ કરવામાં આવી છે.
(B) અનંત બ્રહમાંડમાં પ્રથમ વખત પ્રવાહી જળ હોવાની શકયતા ધરાવતો આ બાહયગ્રહ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**150. ભારતીય સેના દ્વારા અનાવરણ કરવામાં આવેલ MULE (Multi Utility Legged Equipment) વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે સેના માટે વિકસાવેલું એક સ્વાયત લોડ – બેરિંગ રોબોટ છે.
(2) તેનો ઉપયોગ આતંકવાદીઓને શોધી ખતમ કરવા માટે માનવ હસ્તક્ષેપ ઘટાડવાનો છે.
(3) તે 360° ડિગ્રી કેમેરા અને રડાર જેવા ઉપકરણો ધરાવે છે.
(4) તેને રિમોટ કંટ્રોલ દ્વારા સરળતાથી સંચાલિત કરી શકાય છે.
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 2 (D) આપેલ તમામ

**151. નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) સાઉદી અરેબિયાના રિયાધ ખાતે UNESCO વિશ્વ વિરાસતનું 45 મું સંમેલન યોજાયુ હતુ.
(2) આ સંમેલનમાં બંગાળના શાંતિનિકેતન અને કર્ણાટકના હોયસાલા મંદિરને વિશ્વ વિરાસત યાદીમાં સામેલ કરવામાં આવ્યા.
(3) આ સાથે ભારતમાં કુલ 44 વિશ્વ વિરાસત સ્થળો થયા છે.
(A) માત્ર 2 (B) માત્ર 1 (C) માત્ર 1, 2 (D) આપેલ તમામ

**152. વિશ્વ વિરાસત સ્થળની યાદીમાં સ્થાન પામેલા 'શાંતિનિકેતન' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) શાંતિ નિકેતન ગૃહની સ્થાપના વર્ષ 1863 માં દેવેન્દ્રનાથ ટાગોર દ્વારા કરવામાં અવી હતી.
(B) જેને વર્ષ 1921 માં વિશ્વભારતી વિશ્વવિદ્યાલયનો દરજ્જો પ્રદાન કરવામાં આવ્યો હતો.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**153. વિશ્વ વિરાસત યાદીમાં સમાવેશ કરવામાં આવેલા હોયસાલા મંદિરો વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ યાદીમાં કુલ ત્રણ ચેન્નાકેશવ મંદિર, હોયસાલેશ્વર મંદિર અને કેશવ મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો છે.
(2) આ ત્રણેય મંદિરોની જાળવણી ASI દ્વારા કરવામાં આવે છે.
(3) આ મંદિરો આઠમી અને નવમી સદીમાં બંધાયેલા છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**154. વડાપ્રધાન દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલા 'યશોભૂમિ' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે નવી દિલ્હીના દ્વારકા ખાતે નિર્માણ પામેલ એકિઝબિશન હોલ છે.
(2) તેમા ગંદા પાણીના પુનઃ ઉપયોગ અને વરસાદી પાણીના સંગ્રહની સુવિધાઓ છે.
(3) તેને ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ તરફથી પ્લેટિનમ સર્ટિફિકેટ મળ્યુ છે.
(A) માત્ર 1 (B) માત્ર 2, 3 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**155. નર્મદા નદીનું જળસતર માપવા માટે કુત્રિમ બુધ્ધિમતા (AI) આધારીત કઈ પ્રણાલીનો વિકાસ કર્યો છે?**
(A) ઈ – નર્મદા (B) ઈ – રેવા (C) ઈ – ધારા (D) ઈ – જલસંપર્ક

**156. 'સ્વચ્છતા હી સેવા – 2023' અભિયાનની વર્ચ્યુઅલ શરૂઆત કયાંથી કરવામાં આવી છે?**
(A) ભુવનેશ્વર (B) રાંચી (C) ઓરંગાબાદ (D) જયપુર

**157. 'સ્વચ્છતા હી સેવા – 2023' વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) કેન્દ્રીય જલશકિત મંત્રાલય દ્વારા અખિલ ભારતીય સ્વચ્છતા પખવાડીયુનું આયોજન કરવામાં આવ્યુ છે.
(B) આ સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ માટે એક વ્યાપક સામુદાયિક એકત્રીકરણ અભિયાન છે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**158. નીચે આપેલા પૈકી અસત્ય વિધાનો પસંદ કરો.**
(1) તાજેતરમાં ભારતીય વાયુસેનાએ 50 LCA માર્ક 1A ફાઈટર જેટ ખરીદવાનો નિર્ણય કર્યો છે.
(2) LCA માર્ક 1A એ તેજસ વિમાનની અત્યાધુનિક આવૃત્તિ છે.
(3) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા LCA માર્ક 1A બનાવવામાં આવશે.
(A) માત્ર 3 (B) માત્ર 1 (C) માત્ર 1, 2 (D) માત્ર 2, 3

**159. એશિયા કપ – 2023 વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) આ કપનું આયોજન શ્રીલંકા ખાતે કરવામાં આવ્યુ હતુ. (B) ભારત આ કપમાં આઠમી વાર વિજેતા બન્યુ હતુ
(C) આ કપનુ આયોજન એશિયન ક્રિકેટ કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.
(D) એક પણ નહી.

**160. એશિયા કપ – 2023 ના સંદર્ભે કયુ વિધાન સત્ય છે?**
(A) આ ટુર્નામેન્ટમાં શુભમન ગિલને પ્લેયર ઓફ ટુર્નામેન્ટ નો ખિતાબ આપવામાં આવ્યો હતો.
(B) આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં મોહમ્મદ સિરાજને 'પ્લેયર ઓફ ધ મેચ' નો ખિતાબ આપવામાં આવ્યો હતો.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**161. અમેરીકામાં યોજાયેલી ડાયમંડ લીગ – 2023 માં નીરજ ચોપડાએ કયો પદક જીત્યો છે?**
(A) સુવર્ણ પદક (B) રજત પદક (C) કાંસ્ય પદક (D) એક પણ નહી

**162. નીચે આપેલા પૈકી સત્ય વિધાન કયુ છે?**
(A) ISSF વર્લ્ડ કપમાં મહિલાની 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં ઈલાવેનિલ વાલારિવાનએ ગોલ્ડ મેડલ જીત્યો છે.
(B) ઈલાવેનિલ વાલારિવાન એ ગુજરાત રાજયના શૂટર ખેલાડી છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**163. તાજેતરમાં Enforcement Directorate (ED) ના નિર્દેશક તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) સંજયકુમાર મિશ્રા (B) હિતેષ પંડયા (C) રાહુલ નવીન (D) યોગેશ ચૌહાણ

**164. ED (એન્ફોર્સમેન્ટ ડિરોકટોરેટ) વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) તે ભારત સરકારના નાણા મંત્રાલયના રાજસ્વ વિભાગ હેઠળ કાર્ય કરે છે.
(B) તેનુ મુખ્ય કાર્ય આર્થિક ગુનાઓ અટકાવવાનું તથા આર્થિક કાયદાઓ લાગુ કરવાનું છે.
(C) A અને B બંને (D) એક પણ નહી

**165. તાજેતરમાં ભારતના વડાપ્રધાને ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે કયા સંમેલનમાં ભાગ લીધો હતો?**
(A) 20 મી ASEAN – ભારત શિખર સંમેલન (B) 18 મુ પૂર્વ એશિયા શિખર સંમેલન
(C) A અને B બંને (D) એક પણ નહી.

**166. જુનુ સંસદભવન હવેથી કયા નામથી ઓળખવામાં આવશે?**
(A) આઝાદી ભવન (B) સંવિધાન સદન (C) ભારત ભવન (D) લોકભવન

**167. તાજેતરમાં જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાને ખંભાતના અખાતમાંથી કઈ દુર્લભ ધાતુ મળી આવી હતી?**
(A) વેનેડિયમ (B) ટાઈટેનિયમ (C) પેલેડિયમ (D) ગેલિયમ

**168. તાજેતરમાં ચર્ચામાં રહેલ વેનેડિયમ ધાતુ વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) તેનો પરમાણુ ક્રમાંક 23 છે.
(B) વેનેડિયમની શોધ સ્પેશિ રસાયણશાસ્ત્રી એન્ડ્રેસ મેન્યુઅલ ડેલ રીયો દ્વારા કરવામાં આવી હતી.
(C) વિશ્વમાં તેનુ સૌથી વધુ ઉત્પાદન ચીન દ્વારા કરવામાં આવે છ.
(D) આપેલ તમામ

**169. પી.એમ. યોજના વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) તે કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. જેમાં સંપૂર્ણ ભંડોળ ભારત સરકાર દ્વારા પુરુ પાડવામાં આવશે.
(2) આ યોજના માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય નોડલ મંત્રાલય છે.
(3) આ યોજનામાં નોંધાયેલા કારીગરોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ આપવામાં આવશે.
(4) આ યોજનામાં 18 પ્રકારના પારંપારીક વ્યવસાયોને સામેલ કરવામાં આવ્યા છે.
(A) માત્ર 1, 2 (B) માત્ર 1, 3, 4 (C) માત્ર 2, 3, 4 (D) આપેલ તમામ

**170. પ્રધાનમંત્રી – વિશ્વકર્મા યોજના વિશે અસત્ય વિધાન કયુ છે?**
(A) આ યોજના હેઠળ કૌશલ્ય પ્રશિક્ષણ માટે રૂા. 500 પ્રતિદિવસ આપવામાં આવશે.
(B) લાભાર્થીઓને આધુનિક સાધનોની ખરીદી માટે 25000 રૂા. સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**171. વર્ષ 2023 માં કયા રાજયમાં નિપાહ વાયરસના કેસ જોવા મળ્યા છે?**
(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) કેરલ



Banking Academy

**172. તાજેતરમાં ભારતીય સેનામાં એન્ટિ ટેન્ક માઈનનો સમાવેશ કરવામાં આવ્યો છે તેને કયા નામે ઓળખવામાં આવે છે?**
(A) નિશીથ (B) નિર્યાપ્ત (C) <u>વિભવ</u> (D) શક્તિ

**173. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિશે સત્ય વિધાન જણાવો.**
(A) કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા દર વર્ષે આ પુરસ્કાર આપવામાં આવે છે.
(B) આ પુરસ્કારની કુલ બે શ્રેણીઓ છે. બાળ શક્તિ પુરસ્કાર અને બાળ કલ્યાણ પુરસ્કાર
(C) <u>A અને B બંને</u> (D) એક પણ નહી.

**174. ASEAN સંગઠન વિશે અસત્ય વિધાન પસંદ કરો.**
(A) તે દસ દેશોનો સમુહ છે. ભારત આ સંગઠનનો સભ્ય નથી. (B) તેનુ વડુ મથક જકાર્તા ઈન્ડોનેશિયા ખાતે આવેલુ છે.
(C) A અને B બંને (D) <u>એક પણ નહી</u>

**175. પૂર્વ એશિયા સમુહ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) તેમા કુલ ભારત સહિત 18 સભ્ય દેશો છે. (B) આ સંગઠનનું વડુમથક કુલાલામ્પુર, મલેશિયા ખાતે આવેલું છે.
(C) <u>A અને B બંને</u> (D) એક પણ નહી

**176. તાજેતરમાં ચર્ચામાં રહેલા નિપાહ વાયરસ વિશે અયોગ્ય વિધાન કયુ છે?**
(A) <u>સૌપ્રથમ 1998 અને 1999 માં તે દક્ષિણ આફ્રિકાના નિપાહ ગામમાં જોવા મળ્યો હતો.</u>
(B) તે એક ઝૂનોટિક વાયરસ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**177. ગ્લોબલ બાયોફ્યૂઅલ એલાયન્સ વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) નવી દિલ્હીમાં G20 શિખર સંમેલન પર ભારતની અધ્યક્ષતામાં શરૂ કરવામાં આવ્યું છે.
(B) ટકાઉ બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ વૈશ્વિક બાયોફ્યુઅલના વેપારને સરળ બનાવવો એ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય છે.
(C) <u>A અને B બંને</u> (D) એક પણ નહી

**178. G20 સંમેલન, 2023 વિશે નીચે આપેલા પૈકી યોગ્ય વિધાનો પસંદ કરો.**
(1) આ સંમેલનમાં ઈન્ડિયા – મિડલ ઈસ્ટ – યુરોપ કોરીડોર સ્થાપિત કરવા સહમતી આવી હતી.
(2) આફ્રિકન યુનિયનનો G-20 ના કાયમી સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો.
(3) કુલ 19 સ્થાપક દેશો દ્વારા ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સની સ્થાપના કરવામાં આવી છે.
(A) માત્ર 1 (B) <u>માત્ર 1, 2</u> (C) માત્ર 3 (D) આપેલ તમામ

**179. G20 સમિટમાં સ્થાપેલી નટરાજની મૂર્તિ વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) ભારત મંડપમ ખાતે સ્થાપિત આ પ્રતિમાની ઉંચાઈ 18 ફૂટ છે.
(B) <u>તમિલનાડુના કારીગરો દ્વારા તે તાંબુ અને એલ્યુમિનિયમના મિશ્રણમાંથી બનાવવામાં આવી હતી.</u>
(C) A અને B બંને
(D) એક પણ નહી

**180. વર્ષ 2024 માં G20 સંમેલનની અધ્યક્ષતા કયા દેશ દ્વારા કરવામાં આવશે?**
(A) ઈન્ડોનેશિયા (B) આર્જેન્ટિના (C) <u>બ્રાઝિલ</u> (D) મેક્સિકો

**181. તાજેતરમાં ડેમ સલામતી અંગે આંતરરાષ્ટ્રીય પરીષદનું આયોજન કયાં કરવામાં આવ્યુ હતુ?**
(A) નવી દિલ્હી (B) ગાંધીનગર (C) લખનઉ (D) <u>જયપુર</u>

**182. તાજેતરમાં કયા રાજય સરકારે તેની રાજય શિક્ષણ નીતિ જાહેર કરેલી છે?**
(A) <u>પશ્ચિમ બંગાળ</u> (B) બિહાર (C) અસમ (D) ઓરિસ્સા

**183. તાજેતરમાં કૃષિ ધિરાણ અને પાક વીમા પર ધ્યાન કેન્દ્રિત કરતી કઈ પહેલો શરૂ કરવામાં આવી છે?**
(A) કિસાન ઋણ પોર્ટલ (B) ઘર ઘર KCC અભિયાન (C) WINDS માર્ગદર્શિકા (D) <u>આપેલ તમામ</u>

**184. XPoSat મિશન વિશે નીચે આપેલા પૈકી સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ મિશન ISRO એ રમન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની ભાગીદારી સાથે કરશે.
(2) આ વિશ્વનું સૌપ્રથમ પોલારીમેટ્રી મિશન હશે.
(3) આ મિશન અવકાશી પદાર્થોની પ્રકૃત્તિ અને વર્તન પર માહિતી મેળવવા માટેનું છે.
(4) XPoSat માં કુલ બે વૈજ્ઞાનિક પેલોડનો સમાવેશ કરવામાં આવશે.
(A) માત્ર 1, 2, 3 (B) માત્ર 2, 3, 4 (C) <u>માત્ર 1, 3, 4</u> (D) આપેલ તમામ

**185. તાજેતરમાં મિનિટમેન – 3 નામની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કયા દેશ દ્વારા કરવામાં આવ્યુ છે?**
(A) રશિયા (B) ફ્રાંસ (C) જાપાન (D) <u>અમેરીકા</u>

**186. NASA દ્વારા ખગોળીય વિજ્ઞાનના અભ્યાસ માટે પર્સિવરન્સ રોવર કયાં મોકલવામાં આવેલું છે?**
(A) ચંદ્ર (B) <u>મંગળ</u> (C) શુક્ર (D) સુર્ય

**187. તાજેતરમાં ચર્ચામાં રહેલા NASA ના MOXIE ઉપકરણ વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) NASA ના આ ઉપકરણે મંગળ ગ્રહ પર કાર્બન ડાયોકસાઈડને ઓક્સિજનમાં રૂપાંતરીત કરવાની ક્ષમતા દર્શાવી છે.
(B) તે NASA ના પર્સિવરન્સ રોવર પર લગાડવામાં આવેલું છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**188. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ કઈ જગ્યાએ નવા કાર્યાલય 'ઉડાન ભવન' નું ઉદ્ઘાટન કર્યુ છે?**
(A) છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ, મુંબઈ (B) કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ, બેંગલોર
(C) સફદરજંગ એરપોર્ટ, ન્યુ દિલ્હી (D) રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, હૈદરાબાદ

**189. તાજેતરમાં આદિ શંકરાચાર્યની 108 ફૂટ ઉંચી પ્રતિમાનું અનાવરણ કયાં કરવામાં આવ્યુ છે?**
(A) ગ્વાલિયર (B) ઓમકારેશ્વર (C) ઉજ્જૈન (D) જબલપુર

**190. તાજેતરમાં સ્થાપિત કરવામાં આવેલી 'આદિ શંકરાચાર્ય'ની પ્રતિમા વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) આ પ્રતિમાને 'Statue of Oneness' તરીકે ઓળખવામાં આવે છે.
(B) આ પ્રતિમા તાંબુ, જસત અને ટીનના મિશ્રણથી બનાવવામાં આવેલી છે.
(C) આ પ્રતિમાના મુખ્ય આર્કિટેકટ ભગવાન રામપૂરે છે. (D) આપેલ તમામ

**191. આદિ શંકરાચાર્ય વિશે નીચે આપેલા પૈકી કયુ વિધાન સત્ય છે?**
(A) તેમનો જન્મ ઈ.સ. 788 માં કાલડી, કેરળ ખાતે થયેલ હતો. (B) તેઓએ અદ્વૈતવાદનો સિધ્ધાંત રજૂ કરેલો છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**192. ગુજરાતની પ્રથમ ડિજિટલ પોપ્યુલેશન કલોક કયાં લગાવવામાં આવેલી છે?**
(A) એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા (B) નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
(C) IIT, ગાંધીનગર (D) IIM, અમદાવાદ

**193. તાજેતરમાં સ્વચ્છતા માટે 'પર્વત પવિત્રતા અભિયાન' કોના દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ?**
(A) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (B) ખાદી અને ગ્રામઉદ્યોગ વિકાસ બોર્ડ
(C) ગુજરાત પાણી પુરવઠા બોર્ડ (D) એક પણ નહી.

**194. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) રેલવે બોર્ડની જાહેરાત મુજબ ટ્રેન અકસ્માત દરમિયાન મુસાફરનું મૃત્યુ થાય તો પાંચ લાખ રૂા. ની આર્થિક સહાય આપવામાં આવશે.
(B) ગંભીર રીતે ઈજાગ્રસ્ત વ્યકિતને 2.5 લાખ રૂા. સુધીનું વળતર આપવામાં આવશે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**195. સંગીત નાટક અકાદમી દ્વારા એનાયત કરવામાં આવનાર અમૃત પુરસ્કાર વિશે સત્ય વિધાન કયુ છો**
(1) આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત માત્ર એક જ વખત કુલ 84 કલાકારોને આપવામાં આવશે.
(2) જેમની વય 75 વર્ષ ક રતા વધુ અને કોઈ રાષ્ટ્રીય પુરસ્કાર ન મળ્યો હોય તેવા લોકોની જ પસંદગી કરવામાં આવશે.
(3) આ પુરસ્કાર અંતર્ગત તામ્રપત્ર, શાલ તથા એક લાખ રૂા. આપવામાં આવશે.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 1, 3 (D) આપેલ તમામ

**196. નીચે આપેલા પૈકી ગુજરાતના કયા કલાકારોને અમૃત પુરસ્કાર એનાયત કરવામાં આવશે?**
(1) સ્મિતા શાસ્ત્રી (2) ડાહયાભાઈ નકુમ (3) જનક દવે (4) અંબાલાલ શાહ
(A) માત્ર 1, 2 (B) માત્ર 2, 3, 4 (C) માત્ર 1, 3, 4 (D) માત્ર 1, 2, 3

**197. વર્લ્ડ ફૂડ પ્રાઈઝના પ્રતિષ્ઠિત 'નોર્મન બોર્લોગ એવોર્ડ' થી કોને સન્માન્નિત કરવામાં આવ્યા છે?**
(A) ડો. અનિતા કુમારી (B) ડો. સ્વાતિ નાયક (C) ડો. હિંમાશુ જરીવાલા (D) ડો. આનંદ તિવારી

**198. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ ઉજવવામાં આવે છે.
(B) વિશ્વ બધિર મહાસંઘની સ્થાપના 23 સપ્ટેમ્બર 1951 ના રોજ થઈ હતી.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**199. તાજેતરમાં આયોજીત SIMBEX યુધ્ધાભ્યાસ વિશે કયુ વિધાન અસત્ય છે?**
(A) ભારત અને સિંગાપોર દેશોની નૌસેના વચ્ચે સિંગાપોર ખાતે તેનુ આયોજન થયુ હતું.
(B) આ યુધ્ધાભ્યાસમાં ભારત તરફથી રણવિજય અને કાવર્તી જહાજ તેમજ સબમરીન INS સિંધુ કેસરીએ ભાગ લીધો હતો.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**200. દર વર્ષે સમગ્ર વિશ્વમાં 'વિશ્વ ગેંડા દિવસ' કયારે ઉજવવામાં આવે છે?**
(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર

**201. 'આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) દર વર્ષે સમગ્ર વિશ્વમાં 11 સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
(B) UN ના મુખ્યમથક ન્યુયોર્ક ખાતે વિશ્વ શાંતિ બેલ રાખવામાં આવ્યા છે, જેને વગાડીને આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવે છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**202. અલ્ઝાઈમર રોગ વિશે જાગૃતિ લાવવા અને અટકાવવા માટે 'વિશ્વ અલ્ઝાઈમર દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે.**
(A) 11 સપ્ટેમ્બર (B) 17 જાન્યુઆરી (C) 19 જુલાઈ (D) 21 સપ્ટેમ્બર

**203. ICC વર્લ્ડ કપ 2023 વિશે સત્ય વિધાન કયુ છે?**
(A) તાજેતરમાં આ વર્લ્ડકપનું ઓફિશિયલ થીમ સોંગ 'દિલ જશ્ન બોલે' લોન્ચ કરવામાં આવ્યુ છે.
(B) આ ગીતને દિગ્દર્શક પ્રીતમ ચક્રવર્તીએ સંગીત આપ્યુ છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**204. નીચે આપેલા પૈકી સત્ય વિધાન પસંદ કરો.**
(A) તાજેતરમાં ભારતના રાષ્ટ્રીય ચિકિત્સા આયોગને 5 વર્ષ માટેના કાર્યકાળ માટે WFME (World Fedration For Medical Education) તરફથી માન્યતા મળી છે.
(B) WFME સંસ્થાનું વડુ મથક લંડન ખાતે આવેલુ છે.
(C) A એ B બંને (D) એક પણ નહી.

**205. શ્રેયસ (SHREYAS) યોજના વિશે સત્ય વિધાન પસંદ કરો.**
(A) તે સામાજીક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હેઠળની એક વ્યાપક યોજના છે.
(B) શ્રેયસની છત્ર યોજનામાં કેન્દ્રીય ક્ષેત્રની 4 પેટા યોજનાઓનો સમાવેશ થાય છે.
(C) A અને B બંને (D) એક પણ નહી.

**206. નીચે આપેલા પૈકી કઈ યોજનાનો સમાવેશ શ્રેયસ યોજના અંતર્ગત થાય છે?**
(1) અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગ માટે મફત કોચિંગ યોજના
(2) અનુસૂચિત જાતિ માટે શ્રેષ્ઠ શિક્ષણ
(3) અનુસૂચિત જાતિ માટે રાષ્ટ્રીય સ્થળાંતરણ યોજના
(4) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય ફેલોશિપ
(A) માત્ર 1, 3 (B) માત્ર 2, 4 (C) માત્ર 1, 2, 4 (D) 1, 2, 3, 4

**207. 'આંતરરાષ્ટ્રીય સમાન વેતન દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે?**
(A) 18 સપ્ટેમ્બર (B) 21 સપ્ટેમ્બર (C) 8 ઓગસ્ટ (D) 12 જુલાઈ

**208. વાંસની ખેતીને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 'વિશ્વ વાંસ દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે?**
(A) 5 ઓક્ટોબર (B) 15 સપ્ટેમ્બર (C) 18 સપ્ટેમ્બર (D) 14 જુલાઈ

**209. ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા 'રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર' વિશે સત્ય વિધાનો પસંદ કરો.**
(1) આ પુરસ્કાર ભારતમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સર્વોચ્ચ માન્યતાઓમાંનો એક હશે.
(2) તે સરકારી કે ખાનગીક્ષેત્રની સંસ્થાઓ અથવા સ્વતંત્ર રીતે કામ કરતી વ્યક્તિઓને પણ આપવામાં આવશે.
(3) દર વર્ષે 23 ઓગસ્ટ (રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ) ના રોજ વિવિધ શ્રેણીમાં પુરસ્કારો એનાયત કરવામાં આવશે.
(4) આ પુરસ્કારો કુલ ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવેલા છે.
(A) માત્ર 1, 2, 4 (B) માત્ર 1, 2, 3 (C) માત્ર 1, 3, 4 (D) આપેલ તમામ

**210. 'રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર' ની વિવિધ કેટેગરી પૈકી કયુ યોગ્ય નથી?**
(A) વિજ્ઞાન રત્ન (VR) પુરસ્કાર વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાનને માન્યતા આપશે.
(B) વિજ્ઞાન શ્રી (VS) પુરસ્કાર વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈ પણ ક્ષેત્રમાં આજીવન સિદ્ધિઓ અને યોગદાનને માન્યતા આપશે.
(C) A અને B બંને
(D) એક પણ નહી.

**211. ભારત – મલેશિયા સંરક્ષણ સહયોગ સમિતિની 12 મી બેઠક કયાં યોજાઈ હતી?**
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) જયપુર (D) વારાણસી

**212. તાજેતરમાં સૌરાષ્ટ્રને જાડતી પ્રથમ વંદે ભારત ટ્રેન કયા સ્ટેશનો વચ્ચે શરૂ કરવામાં આવી છે?**
(A) રાજકોટ થી સુરત (B) ઓખા થી અમદાવાદ (C) જામનગર થી અમદાવાદ (D) જુનાગઢ થી બાંદ્રા

**213. ભગવાન શિવની થીમ આધારીત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડીયમનો શિલાન્યાસ કયાં કરવામાં આવ્યો છે?**
(A) ઉજ્જૈન (B) વારાણસી (C) પ્રયાગરાજ (D) નાસિક

**214. કયા રાજયમાં વીરાંગના દુર્ગાવતી વાઘ આરક્ષિત ક્ષેત્ર બનાવવાની જાહેરાત કરવામાં આવેલી છે?**
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ

Banking Academy

**215. તાજેતરમાં કયા ગ્રુપ (સંગઠન) દ્વારા 'Joint Space Venture' પહેલની જાહેરાત કરવામાં આવી છે?**
(A) QUAD (B) G-20 (C) NATO (D) <u>I2U2</u>

**216. 'પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ' કયારે ઉજવવામાં આવે છે?**
(A) <u>26 સપ્ટેમ્બર</u> (B) 27 સપ્ટેમ્બર (C) 21 સપ્ટેમ્બર (D) 22 સપ્ટેમ્બર

**217. વર્ષ 2023 માં 100 મી જન્મજયંતિ હતી તેવા અભિનેતા દેવા આંનદ વિશે કયુ વિધાન સત્ય છે?**
(A) તેમની આત્મકથાનું નામ 'રોમાંસિગ વીથ લાઈફ' છે.
(B) તેમને પદ્મભૂષણ અને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માતિ કરવામાં આવ્યા હતા.
(C) <u>A અને B બંને</u> (D) એક પણ નહી

**218. હાલમાં ચર્ચામાં રહેલા 'સંસદનું વિશેષ સત્ર' વિશે કયુ વિધાન સત્ય નથી?**
(A) સંસદ દ્વારા બોલાવવામાં આવતી અનોખી બેઠક જે સામાન્ય સત્ર દરમિયાન થતી નથી તેને વિશેષ સત્ર તરીકે ઓળખવામાં આવે છે.
(B) ભારતીય બંધારણમાં 'વિશેષ સત્ર' શબ્દ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી.
(C) <u>સામાન્ય રીતે વર્ષમાં સંસદના ચાર વખત સત્ર બોલાવવાની પરંપરા રહેલી છે.</u> (D) એક પણ નહી.

Banking Academy

# 14 Facts.... Inshort

1. રિલાયન્સ JIO એ Airfiber લોન્ચ કર્યુ છે. તે શું છે? – **જે 5G આધારિત ફિક્સ વાયરલેસ બ્રોડબેન્ડ સેવા છે જે આગામી ત્રણ વર્ષમાં લગભગ 200 મિલિયન ગ્રાહકોને આકર્ષવાની સંભાવના ધરાવે છે.**
2. શિક્ષણ મંત્રાલય દ્વારા 'Lates Move Forward' પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ પુસ્તક કોના દ્વારા વિકસાવવામાં આવ્યું છે? – **NCERT અને UNESCO દ્વારા પુસ્તક વિકસાવવામાં આવ્યું છે.** તે કોમિક બુક છે. તેમાં SHWP (School Health and Wellness Programme) ની 10 થીમ આધારિત ઘટકો સંબંધિત માહિતી સામેલ છે. તે હિન્દી, અંગ્રેજી, આસામી, બંગાળી, ગુજરાતી, કન્નડ, મલયાલમ, મરાઠી, ઉડીયા, તમિલ અને તેલુગુમાં પણ ઉપલબ્ધ છે.
3. INCN ના SSC (Special Survival Commission) અને સંયુકત રાષ્ટ્ર જૈવ વિવિધતા સંસ્થાએ 'વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ (Flora, Fauna) માં કયા શબ્દને ઉમેરવાની વિનંતી કરે છે? – **ફુગ (Funga) હવેથી Fauna, Flora and Funga નો ઉપયોગ થશે. કારણકે પૃથ્વી પર ફુગ વિના કોઈ જીવનનું અસ્તિત્વ રહી શકે નહી.**
4. ગુજરાત સરકારે રાજયના મહિલા ધારાસભ્યોને લોકહિતના કામો માટે મળતી નિયમિત ગ્રાન્ટમાં 2023 – 24 ના વર્ષ માટે વધારાની કેટલી ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે? – **1.25 કરોડ**
5. થાઈલેન્ડમાં નવા વડાપ્રધાન તરીકે કોન ચુંટાયું છે? – **સ્ત્રેથા થવીસિન**, તેઓ થાઈલેન્ડની મુખ્ય રિયલ એસ્ટેટ ડેવલપેમન્ટ કંપનીના ભૂતપૂર્વ અધ્યક્ષ હતા.
6. કંબોડિયાના વડાપ્રધાન તરીકે કોની નિમણૂક થઈ છે? – **હુન માનેટ**, તેઓ પૂર્વ વડાપ્રધાન હુન સેનના પુત્ર છે. શાસક કંબોડિયન પીપલ્સ પાર્ટી (CPP) ના સભ્ય હુન માનેટ ઈગ્લેંડમાંથી અર્થશાસ્ત્રની ડિગ્રી ધરાવે છે અને વેસ્ટ પોઈન્ટ ખાતે યુએસ મિલિટરી એકેડેમીમાં સ્નાતક થયા છે.
7. ગુજરાતમાં કયા 155 વર્ષ જૂની ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ્ર મેઘાણી પ્રાથમિક શાળા ખાતે રૂ.50 લાખના ખર્ચે તૈયાર થયેલ સ્મૃતિ સ્થળનું તાજેતરમાં મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું? – **રાજકોટ**
8. ગુજરાતનું પ્રથમ એગ્રોરેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ કયા સ્થાપવામાં આવ્યું છે? – **બાવળા**
9. ગુજરાતમાં પ્રથમ U-20 મેમોરિયલ પાર્ક કયા નિર્માણ પામશે? – **અમદાવાદ**
10. 'રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નાબૂદી મિશન – 2047' નો કયા રાજયમાંથી પ્રારંભ કરવામાં આવ્યો હતો? – **મધ્યપ્રદેશ**
11. હાલમાં રાજય સરકારે રીંછડીયા મહાદેવ મંદિરના પરિસરનો કાયાકલ્પ કરવાનો નિર્ણય કર્યો છે. આ મંદિર કયા આવેલું છે? – **અંબાજી નજીક રીંછડી ગામે**
12. સંગીત દ્વારા એકતાના અદભૂત પ્રદર્શનમાં G-20 Orchestra, જેમાં G20 સભ્ય દેશોના 101 સંગીતકારો અને ગાયકો આમંત્રિત હતા. તેમણે ભારતના વારણસીમાં કયા પ્રદર્શનથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા? – **સુર વસુધા**
13. વિશ્વના પ્રથમ નિષ્કલંક જિરાફ (Spotless giraffe) નો જન્મ કયા દેશમાં થયો હતો? – **અમેરિકા**
14. કયા રાજય અને કેન્દ્ર શાસિત પ્રદેશએ મુખ્યમંત્રી નાસ્તા યોજના લાગુ કરી છે? – **તમિલનાડુ**
15. ફોક્સકોનના સ્થાપક ટરીગોએ કયા રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે? – **તાઈવાન**
16. ઈન્ડોનેશિયાએ કયા શહેરમાં સ્કાય ટ્રેન શરૂ કરી છે? – **જકાર્તા**
17. કઈ રાજય સરકાર 'નોલેજ હબ' શરૂ કરશે? – **આસામ**
18. અમેરિકાએ કયા પશ્ચિમ મહાસાગરમાં સ્થિત દેશ સાથે દરિયાઈ વ્યવસ્થાપનને વધારવા માટે વિસ્તૃત કાયદા અમલીકરણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે? – **રિપબ્લિક ઓફ પલાઉ**
19. આસામ રાજયના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાં એ આસામના કયા સૌથી લાંબા ફ્લાયઓવરનું અનાવરણ કર્યુ છે. – **નિલાચલ (2.63 કિ.મી.)**
20. Asian Development Bank (AOB) ની ભાગીદારીમાં ભારત કયા શહેરમાં 'કલાઈમેટ ચેન્જ એન્ડ હેલ્થ હબ' શરૂ કરશે? – **નવી દિલ્હી**
21. ગુમ થયેલા બાળકોને શોધવા માટેનું ઓપરેશન 'મુસ્કાન' કયા શહેરમાં શરૂ કરવામાં આવ્યું છે? – **મુંબઈ**
22. કયું રાજય 'લાડલી બહના યોજના' લાગુ કરી રહ્યું છે? – **મધ્યપ્રદેશ**
23. કયા દેશમાં પુરાતત્વવિદોએ પાદરીઓની 3000 વર્ષ જૂની કબર શોધી કાઢી છે? – **પેરૂં**
24. DRDO દ્વારા વિકસાવેલુ કયા માનવરહિત હવાઈ વાહનનું ટેકનિકલ ખામીને કારણે પરિક્ષણ ઉડાન દરમિયાન કર્ણાટક જિલ્લાના ચિત્રદુર્ગ જિલ્લાના એક ગામમાં ક્રેશ થઈને પડયું હતું? – **TAPAS 07 – AIG** (Tacticle Airborne Platform for Aerial Surveillance Beyound Horizon)

25. ચાઈનાના હેન્ગઝાઉ ખાતે આયોજિત એશિયન ગેમ્સ – 2022 માં ભારતીય ટીમનું સ્પોન્સર કોણ બન્યું છે? – **Amul (અમુલ)**
26. ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશનની (ITF) પ્રતિષ્ઠિત ITF-J30 ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કયા કરવામાં આવ્યું? – **અમદાવાદ, ગુજરાત**
27. ગોવા શિપયાર્ડ લિમિટેડ શિપ ડિઝાઈન અને બાંધકામ ક્ષમતા નિર્માણ અને સહકાર માટે કયા દેશ સાથે MOU પર હસ્તાક્ષર કર્યા છે? – **કેન્યા**
28. એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) કયા રાજયમાં 25 મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ બનાવવા જઈ રહી છે? – **તમિલનાડુ**
29. કયા રાજયએ 'મુખ્યમંત્રી મેરિટ છાત્ર પ્રોત્સાહન યોજના' શરૂ કરી છે? – **ઓડિશા**
30. "Global Finance Central Banker Report Cards - 2023" માં કયા દેશની કેન્દ્રીય બેંકના ગવર્નર ટોચ પર છે? – **ભારત**
31. 'International Aerspace Conference' નું આયોજન કયા કરવામાં આવ્યુ હતું? – **ગ્વાલિયર**
32. ઉમિયામ તળાવ જે તાજેતરમાં સમાચારોમાં હતું, તે કયા રાજયમાં આવેલું છે? – **મેઘાલય**
33. "કેસીસ ફોર ફિશરિઝ પર નેશનલ કોન્ફરન્સ" કયા શહેરમાં યોજાઈ હતી? – **મુંબઈ**
34. કયા શહેરની મેટ્રો રેલવે એ 'ટૂરિસ્ટ સ્માર્ટ કાર્ડ' લોન્ચ કર્યુ છે? – **દિલ્હી**
35. એશિયા પેસિફિકની રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓ (NHRI) ની દ્વિવાર્ષિક પરિષદ ભારતના કયા શહેરમાં યોજાઈ હતી ? – **દિલ્હી**
36. ભારત અને કયા દેશે તાજેતરમાં ન્યાયિક સહયોગ માટેની સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા? – **સિંગાપોર**
37. તાજેતરમાં ADB (Asian Development Bank) દ્વારા પ્રાદેશિક સહકાર અને એકીકરણ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે કયાં યોજાઈ હતી? – **ત્બિલિસી, જ્યોર્જિયા**
38. G-20 સુરક્ષા વ્યવસ્થા પર દિલ્હી પોલીસની સત્તાવર વાતચીત કયા ભારતીય ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ એપ થઈ હતી? – **સુરક્ષા**
39. હાલમાં TIME મેગેઝિન દ્વારા "2023 TIME 100 Next : The Emerging Leaders Shaping th World" યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં કયા ત્રણ ભારતીયોનો સમાવેશ કરવામાં આવ્યો છે? – **હરમનપ્રીત કૌર, નંદિતા વેંકટેશન, વિનુ ડેનિયલ**
40. ભારતનું કયુ શહેર હાલમાં 'ટ્રાફિક લાઈટ ફ્રી સિટી' બન્યુ છે? – **કોટા, રાજસ્થાન ('ટ્રાફિક લાઈટ ફ્રી સિટી' બનવામાં તે વિશ્વનું બીજુ શહેર છે, જયારે ભુતાનની રાજધાની થિમ્પુ પ્રથમ ક્રમાંકે છે.)**
41. ISSF (International shooting spiort Federation) વર્લ્ડ કપ – 2023 માં મહિલાઓની 50 મીટર રાઈફલમાં ભારતની કઈ ખેલાડીએ રજત પદક જીત્યો છે? – **નિશ્ચલ**
42. દેશના કયા શહેરમાં ટ્રાન્સજેન્ડર માટે સમર્પિત ભારતની પ્રથમ ઓપીડી કયા ખુલ્લી મૂકવામાં આવી છે? – **દિલ્હી**
43. કોના વરદ હસ્તે ભારતની G-20 અધ્યક્ષતા પર "પીપલ્સ G20" નામના પુસ્તકનું અનાવરણ કરવામાં આવ્યુ છે? – **અપૂર્વ ચંદ્રા**
44. કયા રાજયની સરકારએ "Adopt a School" યોજનાને શરૂ કરવા માટેની સૂચના જાહેર કરી છે? – **મહારાષ્ટ્ર**
45. કયા રાજયની સરકારે અભિનેત્રી મિતા વરિષ્ઠને મનોરંજન નીતિ પરિષદના અધ્યક્ષના રૂપમાં નિમણૂક કરી છે? – **હરિયાણા**
46. કયા રાજયના રાજયપાલ દ્વારા સરપંચ સંવાદ મોબાઈલ એપ્લિકેશનનું અનાવરણ કરવામાં આવ્યુ છે? – **આસમ**
47. મદનલાલ રૈગરની કયા દેશમાં ભારતના રાજદૂત તરીકે નિમણૂક કરવામાં આવી છે? – **કોંગો ગણરાજય**
48. કઈ રાજય સરકારે સંપતિ સંબંધી સમસ્યાઓને ઓછી કરવા માટે ગિફ્ટ ડીડ યોજના શરૂ કરી છે? – **ઉત્તરપ્રદેશ**
49. કયા રાજયની ટીમએ પાંચમી વખતે રાષ્ટ્રીય વ્હીલ એચ રગ્બી ચેમ્પિયનશિપમાં જીત મેળવી છે? – **મહારાષ્ટ્ર**
50. હાલમાં રાષ્ટ્રપતિ દ્રોપદિ મુર્મુએ ખેડૂતોના અધિકારો પર પ્રથમ વૈશ્વિક બેઠકનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું છે? – નવી દિલ્હી
51. સૌથી ઝડપી 150 ODI વિકેટ લેવાવાળા ભારતીય સ્પિનર કોણ બન્યા છે? – **કુલદીપ યાદવ**
52. હાલમાં ઈયાન વિલ્મુટનું નિધન થયુ છે તેઓ કયા ક્ષેત્ર સાથે જોડાયેલા હતા? – **વિજ્ઞાન**
53. IGBC (India Green Building Council) દ્વારા આંધ્રપ્રદેશના કયા રેલવે સ્ટેશનને પ્લેટિનમ રેટિંગ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે? – **વિજયવાડા રેલવેસ્ટેશન** (રેટિંગ IGBC દ્વારા વ્યાખ્યાયિત છ પર્યાવરણીય શ્રેણીઓ પર આધારિત છે. જેમાં ટકાઉ સ્ટેશન સુવિધા, આરોગ્ય સ્વચ્છતા, ઉર્જા કાર્યક્ષમતા, પાણીની કાર્યક્ષમતા, સ્માર્ટ અને ગ્રીન પહેલ નવીનતા અને વિકાસનો સમાવેશ થાય છે.
54. ગુજરાતના કયા શહેરમાં 'રસરંગ' લોકમેળાની ઉજવણી કરવામાં આવે છે? આ મેળો તે શહેરની આગવી ઓળખ બની ચૂકયો છે. – **રાજકોટ**
55. World Best Countries Ranking – 2023 માં પ્રથમ ક્રમાંકે કોણ છે અને ભારતનો ક્રમાંક કેટલો છે? – **87 દેશોની યાદીમા સ્વિત્ઝર્લેન્ડ સતત બીજી વખત પ્રથમ ક્રમાંકે જયારે ભારત 30 માં ક્રમાંકે રહયુ છે.** (આ રેન્કિંગમાં ગતિશીલતા, સુરક્ષા, આર્થિક સ્થિરતા અને સામાજીક ન્યાય પ્રત્યેની પ્રતિબધ્ધતા જેવી 73 માનકોના આધારે મૂલ્યાંકન કરવામાં આવે છે.)
56. મધ્યપ્રદેશ સરકારે અંત્યોદય આવાસ યોજનાનું નામ બદલીને શું કર્યુ છે? – **મુખ્યમંત્રી લાડલી બહેના આવાસ યોજના**
57. કયા દેશે "ખાદ્ય સુરક્ષા અને પોષણ પર ડેક્કન ઉચ્ચ સ્તરીય સિંધ્ધાંતો" શરૂ કર્યા છે? – **ભારત**
58. કઈ સંસ્થાએ ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલમાં 'ફેસ ઓથેન્ટિકેશન સિસ્ટમ' લોન્ચ કરી છે? – **UIDAI**

59. તાજેતરમાં કયા શહેરમાં 'ગાંધી વાટીકા' સાથે મહાત્મા ગાંધીની 12 ફૂટ ઊંચી પ્રતિમાનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું? – **નવી દિલ્હી**
60. કયુ શહેર 'ભારત ડ્રોન શકિત – 2023' નું યજમાન છે? – **ગાઝિયાબાદ**
61. હાલમાં કયા રાજયએ મોબ લિચિંગ પીડિત વળતર યોજનાને મંજૂરી આપી છે? – **મધ્યપ્રદેશ**
62. કયા રાજયએ 'નંદિની કૃષક સમૃધ્ધિ યોજના' શરૂ કરી છે? – **ઉત્તરપ્રદેશ**
63. તાજેતરમાં કયા રાજયના 'અત્રેયપુરમ પુથારેકુલા' ને GI ટેગ એનાયત કરવામાં આવ્યો છે? – **આંધ્રપ્રદેશ**
64. કયા દેશ દ્વારા તેના અત્યાધુનિક AI સંચાલિત યુધ્ધ ટેંક બરાકનું અનાવરણ કરવામાં આવ્યું હતું? – **ઈઝરાયલ**
65. કયા શહેરમાં રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે? – **લખનૌ**
66. કઈ બેંક દ્વારા MSME માટેની નિઓ ફોર બિઝનેસ બેન્કિંગ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે? – **AXIS Bank**
67. આંતરરાષ્ટ્રીય વકીલ સંમેલનનું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું? – **નવી દિલ્હી**
68. હાલમાં કયુ રાજય ઈ–કેબિનેટ વાળુ દેશનું ચોથુ રાજય બન્યું છે? – **ત્રિપુરા**
69. હાલમાં સિંધુ જળ વિવાદ પર ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા શહેરમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું? – **વિયેના**
70. ઓગસ્ટ 2023 'Player of the Month' કોણ બન્યું છે? – **આર્લીન કેલી (આયર્લેન્ડ – મહિલા ક્રિકેટર) અને બાબર આઝમ (પાકિસ્તાન – પુરૂષ ક્રિકેટર)**
71. ભારતમાં કયા સ્થળેથી વિશ્વનું સૌથી જૂનું દેવદાર વૃક્ષ મળી આવ્યાનો દાવો કરવામાં આવ્યો છે? – **જમ્મુ અને કાશ્મીર**
72. OECD એ નાણાકીય વર્ષ 2024 માં ભારતનો વિકાસ દર કેટલા ટકા રહેવાનો અનુમાન લગાવ્યો છે? – **6.3%**
73. કયા રાજયના મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી કૃષક મિત્ર યોજના શરૂ કરી છે? – **મધ્યપ્રદેશ**
74. કોને ફ્રાન્સના શેવેલિયર ડી એલ ઓડ્રે ડેસ આર્ટસ એટ ડે લેટ્રસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે? – **રાહુલ મિશ્રા**
75. ભારતની કઈ IIT એ સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ICICI બેન્ક સાથે ભાગીદારી નોંધાવી છે? – **IIT કાનપુર**
76. ભારત કયા દેશનો સૌથી મોટો નિકાસકર્તા દેશ બની ગયો છે? – **બાંગ્લાદેશ**
77. ભારતીય ફૂટબોલ ટીમની અધિકારીક એરલાઈન કઈ બની છે? – **Indigo**
78. કયા દેશે વિશ્વની સૌથી મુકત અર્થવ્યવસ્થાના રૂપમાં હોંગકોંગને પાછળ છોડયું છે? – **સિંગાપોર**
79. કયા દેશે રેલવેના સિંગ્નલિંગ્સ સિસ્ટમનો વિકાસ કરવા માટે ભારતની ઈરકોન ઈન્ટરનેશનલ સાથે કરાર કર્યા છે? – **શ્રીલંકા**
80. હાલમાં BCCI એ કોની ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે અધિકારીક ભાગીદારના રૂપમાં પસંદગી કરી છે? – **SBI LIFE**
81. વિશ્વનો પ્રથમ નેનો DAP (પ્રવાહી) પ્લાન્ટ કયાં નિર્માણ પામશે? – **કંડલા**
82. વિદેશી પ્રવાસીઓની મુલાકાતની દષ્ટિએ કયા રાજયએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ ? – **ગુજરાત**
83. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે તેની પ્રથમ "ઈન્વેસ્ટમેંટ ફોરમ – 2023" નું આયોજન કર્યુ હતું? – **સાઉદી અરેબિયા**
84. ભારતનું કયુ શહેર Workshop on Business Responsibility and Susteainbility Reporting (BRSR) નું યજમાન છે? – **મુંબઈ**
85. કયા રાજયએ કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે 'મોબાઈલ વેન' પ્રોગ્રામ શરૂ કર્યો છે? – **હિમાચલ પ્રદેશ**
86. કોના દ્વારા દેશના પશ્ચિમ દરિયા કિનારે 'ઓપરેશન સજગ' હાથ ધરવામાં આવ્યુ હતું? – **ભારતીય કોસ્ટ ગાર્ડ**
87. કઈ નવી ટેકનોલોજી વિકસાવવામાં આવી છે જે લિથિયમના નિષ્કર્ષણને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરશે? – **સ્ટ્રિંગ**
88. તમિલનાડુ પછી કયા ભારતીય રાજયએ વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં મફત નાસ્તો યોજના શરૂ કરી છે? – **તેલંગાણા**
89. કયા રાજયએ 'ગૃહઆધાર' અને 'ચાવથ અને બજાર' પહેલ શરૂ કરી છે? – **ગોવા**

Banking Academy

# Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી


બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## COMBO BOOKS SET

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

### VARACHHA (Surat)

4th Floor, "Silver Business Hub",
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha,
Surat PH: 70464 16555

### KATARGAM (Surat)

422, 4th Floor, KBC -Kedar Business Hub,
Katargam Dabholi BRTS Road,
Near Bapa Sitaram Chowk, Katargam,
Surat PH: 70466 31555